

ધોરણ
3
કુમાર

Upamiti Bhavaprapancha Kathasaroddhar

[Vol. 3 : Parts 6-7-8]

by

Acharya Shree Devendrasuriji



Translated in Gujarati

by

Muni Kshamasagarji

The disciple of

Revered Acharya Shree Kailassagarsuriji

કાંઈક

ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્થાન સંસ્કૃત સાહિત્યમાં ઉચ્ચ અને આગવું છે. શ્રી સિદ્ધર્ષિની કલમે આલેખાએલી એ કથાનો રસાસ્વાદ લેવો એ એક સૌભાગ્ય છે એમ રસિકોને લાગ્યા વગર રહેતું નથી. એ કથાના અનુકરણો વિશિષ્ટ થયા છે. ભાષાન્તરોની સફળતા અને સાર્થકતા અંગે વિદ્વાનોમાં દ્વૈધીભાવ રહે છે—રહેવાનો જ. છતાં પણ જેમ મૂળ વ્યક્તિનું પ્રતિબિંબ સુંદર આવ્યું હોય તો ઓળખાણ થયા વગર રહેતી નથી. તેમ ભાષાન્તર પણ સુંદર થયું હોય તો ભાવ જગવ્યા વગર રહેતું નથી.

ભવ નિર્વેદને જન્માવતું સાહિત્ય જયવંત વર્તો એ જ અભિલાષા.

શ્રી શત્રુંજય વિહાર,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)
તા. ૩-૨-૧૯૬૮.



વિજયધુરંધરસૂરિ



॥ णमो वीयरागाणं ॥

શ્રી ઉપમિતિ ભવપ્રપંચ કથા સારોદ્ધાર

નું

ગુજરાતી અવતરણ

[ભાગ ૩ :: પ્રસ્તાવ ૬-૭-૮]

શ્રી સાવરકુંડલા વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક
જૈન સંઘના જ્ઞાન ખાતા તરફથી
હસ્તે શેઠ શાન્તિદાસ ધર્મદાસની પેઢી
મુ. સાવરકુંડલા (સૌરાષ્ટ્ર)

: પ્રેરક :

પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્યદેવશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી
મહારાજના શિષ્યરત્ન ત્યાગમૂર્તિ પંન્યાસપ્રવર

શ્રી મંગળવિજયજી ગણીન્દ્ર

પ્રકાશક :–
શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય વતી

અધ્યાપક :–
જેશીંગભાઈ ચુનીલાલ શાહ
મુ. પો. **શિવગંજ** (રાજસ્થાન)

*

અવતરણકાર :–
પરમપૂજ્ય પ્રવચનકાર આચાર્યદેવ
શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીના શિષ્ય
મુનિ ક્ષમાસાગરજી

*

પ્રથમાવૃત્તિ : ૧૧૫૦
વીર સં. ૨૪૯૩
વિક્રમ સં. ૨૦૨૩

*

મૂલ્ય : રૂપીઆ ચાર

*

મુદ્રક :–
મહેતા અમરચંદ બહેચરદાસ
શ્રી બહાદુરસિંહજી પ્રીન્ટીંગ પ્રેસ
મુ. પો. પાલીતાણા (સૌરાષ્ટ્ર)

પ્રાપ્તિસ્થાનો :–

૧ **શ્રી શાંતિલાલ જગજીવન**
ઠે. માણેકચોક, સાંકડી શેરીના
નાકે, યુનાઇટેડ બેંક નીચે,
મુ. અમદાવાદ

૨ **સરસ્વતી પુસ્તક ભંડાર**
ઠે. હાથીખાના, રતનપોળ
મુ. અમદાવાદ

૩ **રતિલાલ બાદરચંદ શાહ**
ઠે. દોશીવાડાની પોળ
મુ. અમદાવાદ

૪ **સોમચંદ ડી. શાહ**
મુ. પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૫ **શ્રી વર્ધમાન જૈ. ત. પ્ર. વિદ્યાલય**
મુ.પો. **શિવગંજ** (રાજસ્થાન)

*



આચાર્ય વિજય નીતિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર આચાર્ય
વિજય હર્ષસૂરીશ્વરજીના શિષ્યરત્ન પંન્યાસ મંગલવિજય ગણીવર

નૈવેદ્ય

જે મહાત્માની ચંદ્રસમી
શાંત આંતરજ્યોતિએ મને
પ્રવ્રજ્યાના પંથે આણ્યો
એ પૂજ્યપાદ મધુર
પ્રવચનકાર આચાર્ય ભગવંત
ગુરુદેવશ્રી
કૈલાસસાગરસૂરિજીના
કરકમલોમાં
ભાવભીની સ્નેહાંજલિરૂપે
આ નૈવેદ્ય ધરું છું.

ભવદીય
ક્ષમાસાગર



પ્રકાશકીયમ્

જડવાદના જડબામાં જકડાએલી જનતાને જગાડવા અમારી સંસ્થા પ્રભુશ્રી મહાવીર ભગવંતે પ્રકાશિત કરેલા તત્ત્વોના સાહિત્યને લોકભાષામાં રજુ કરે છે.

આ સંસ્થા પાછળ કોઇ બળ કામ કરતું હોય તો એ છે ત્યાગમૂર્તિ પન્યાસ પ્રવર શ્રી મંગળવિજયજી મહારાજના પવિત્ર આશીર્વાદ. એ વિના આ સંસ્થા જ્યોતિ વિહૂણા દીપક જેવી હોત.

એ સ્વનામધન્ય પુરૂષે અમને રાહ ચિંધ્યો. અમે એ સ્વીકાર્યો, એટલે આટલું કાર્ય થઈ શકયું છે. શ્રી ઉપદેશ પ્રાસાદ ભાગ ૫ હિન્દી, શ્રી શાન્તસુધારસ ભાગ ૨ ગુજરાતી અને ઉચ્ચપ્રકાશના પંથે પ્રકાશિત કર્યા બાદ એ ગુણશીલ ગુરુદેવે મુનિવરશ્રી ક્ષમાસાગરજી દ્વારા અવતરણ કરાવી આપેલ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધારને ત્રણ ભાગમાં આ સંસ્થા રજુ કરે છે.

પૂ. અવતરણકાર મુનિની અમે અનુમોદના કરીએ છીએ.

આ પ્રકાશનમાં કયાંય ક્ષતિ જણાય તો એની જાણ કરવા આપને વિનંતિ કરીએ છીએ. જેથી દ્વિતીયાવૃત્તિમાં એનું પરિમાર્જન થઈ શકે.

જૈન તત્ત્વજ્ઞાનનું સાહિત્ય પ્રકાશિત કરવાનુ અમને નીતિપૂર્વકનું બળ મળો એ જ મુનિભગવંતોના આશીર્વચનને અમે ઇચ્છીએ છીએ.

વિ. સં. ૨૦૨૩
ભાદરવા વદ ૧૨

લી. અધ્યાપક
જેશીંગલાલ ચુનીલાલ શાહ

શ્રી શ્રુતજ્ઞાન ભક્તિનો લાભ લેનારા મહાનુભાવોની

: શુભ નામાવલી :



૧૦૦૦) ગુસા પારેખની પોળના જ્ઞાનખાતાના અમદાવાદ

૧૦૦૦) પાદરલી જૈન સંઘ જ્ઞાનખાતાના પાદરલી (રાજસ્થાન)

૨૫૦) શ્રી સાવરકુંડલા વિશાશ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના જ્ઞાનખાતા તરફથી હસ્તે શેઠ શાંતિદાસ ધર્મદાસની પેઢી. સાવરકુંડલા (સૌરાષ્ટ્ર)

શેઠ મૂલચંદ હરિલાલ મુંબઈ, સંઘવી વોરીદાસ પ્રતાપજી વાંકલી, શાહ સરદારમલ જુહારમલ પાદરલી, શાહ ત્રીકમચંદ હીરાચંદ બેલગામ, શાહ કુંટરમલ હીરાચંદ ચાંદરાઈ, શાહ નંદલાલ મોહનલાલ ફોજદાર વિ. મહાનુભાવોએ "ઉપમિતિ કથા સારોદ્ધાર"નાં ત્રણે ભાગોમાં આર્થિક દાન દ્વારા ભક્તિ કરી છે એ બદલ સૌને ધન્યવાદ ઘટે છે.

—પ્રકાશક



અનુક્રમણિકા

				પૃષ્ઠ
નિવેદન	...	...	...	૧૧
પ્રસ્તાવના	...	...	...	૧૫
કથાસાર	...	...	...	૨૨

ષષ્ઠ પ્રસ્તાવ

છઠ્ઠા પ્રસ્તાવના પાત્રો	...	...	૨
પ્રકરણ પહેલું ધનશેખર	...	...	૫
પ્રકરણ બીજું હરિકુમાર	...	...	૧૯
પ્રકરણ ત્રીજું શ્રી ઉત્તમસૂરિજી	...	...	૪૫
પ્રકરણ ચોથું છ રાજ્યોની વ્યવસ્થાનો હેવાલ	...		૫૯
પ્રકરણ પાંચમું હરિકુમાર અને ધનશેખર	...		૯૩

સપ્તમ પ્રસ્તાવ

સાતમા પ્રસ્તાવના પાત્રો	...	...	૧૦૦
પ્રકરણ પહેલું ધનવાહન	...	...	૧૦૩
પ્રકરણ બીજું ચાર મિત્રો	....	...	૧૨૯
પ્રકરણ ત્રીજું સંસાર બજાર	...	...	૧૪૩
પ્રકરણ ચોથું મહામોહ અને મહાપરિગ્રહ	...		૧૬૫
પ્રકરણ પાંચમું ભવભ્રમણ અને વિકાસ	...		૧૮૮

પ્રસ્તાવ આઠમો

આઠમા પ્રસ્તાવના પાત્રો ૨૦૮

પ્રકરણ પહેલું ગુણધારણ અને મદનમંજરી ૨૧૨

પ્રકરણ બીજું રાજ્ય અને ધર્મ ૨૩૧

પ્રકરણ ત્રીજું ઉન્નતિ અને અવનતિ ૨૪૫

પ્રકરણ ચોથું ચક્રવર્તી ચોર ૨૬૫

પ્રકરણ પાંચમું અનુસુંદરનું ઉત્થાન ૨૯૪

પ્રકરણ છટ્ઠું મોક્ષગમન ૩૧૨

પ્રશસ્તિ ૪૨૩

નિવેદન

શ્રી સર્વજ્ઞ જિનેશ્વર પ્રભુના શાસનમાં પ્રભાવક મહાપુરૂષો સિદ્ધાંતના તત્ત્વોને વિશ્વના ઉદ્ધાર માટે ઉચ્ચ કોટિના ગ્રંથોમાં ગૂંથી પરમ તારક બન્યા છે. શ્રી ઉમાસ્વાતિજી રચિત "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" અને ચિરંતનાચાર્ય રચિત "પંચસૂત્ર" ગ્રંથો છે. આ ગ્રંથોમાં તત્ત્વ ઘણું સમાએલું છે.

એ રીતે શ્રી સિદ્ધર્ષિ ગણી દ્વારા વિરચિત શ્રી "ઉપમિતિ ભવપ્રપંચા કથા" ગ્રંથ પણ અગાધ છે. એ દુષમકાળમાં પણ સુષમ કાળના સમયના સ્વાદને ચખાવે છે.

આ ગ્રંથ કથાનુયોગનો હોવા છતાં, એમાં દ્રવ્યાનુયોગનું સુંદર વર્ણન, શબ્દોની વ્યાખ્યા, કથાની રસધારા છે. આ ગ્રંથ જૈન અને જૈનેતરોમાં પણ સુપ્રસિદ્ધિને વરેલો છે. આ ગ્રંથ સોળ હજાર શ્લોકના પ્રમાણનો છે. આચાર્ય દેવેન્દ્રસૂરીશ્વરજીએ એમાં સંક્ષેપ કરી "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" ગ્રંથ રચ્યો. એનું પ્રમાણ છ હજાર શ્લોક જેટલું છે. એ દ્વારા "ટુંકું ને ટચ" જાણવાની ઇચ્છાવાળા ભવ્યો ઉપર સુંદર ઉપકાર કર્યો ગણાય.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત "વૈરાગ્ય કલ્પલતા" ગ્રંથ પણ પ્રસ્તુત ગ્રંથનું રૂપાંતર છે. શ્રી "ભુવનભાનુ કેવલી" ચરિત્રમાં પણ આની ઘણી છાયા દેખાય છે. શ્રીયુત્ મોતીલાલ ગીરધરચંદ કાપડીયાએ ઉપમિતિ ગ્રંથ ઉપર સુંદર અને સરલ વર્ણન કર્યું છે.

જૈનેતરોમાં શ્રી હર્મન જેકોબી અને પીટરસન જેવા પાશ્ચાત્યોએ આ ગ્રંથની મુક્ત કંઠે પ્રશંસા કરી છે, એ વિદ્વાનો પણ આ રચના માટે મસ્તક નમાવે છે.

આજના યુગમાં જીવન જીવી રહેલો અને ભરપૂર ઉપાધિમાં અટવાઈ ગયેલો માનવ એ મહાગ્રંથને સ્વતઃ વાંચે એ શક્ય નથી. કદાચ વાંચવા જાય તો એને રસ ન આવે, કાં સમજાય નહિ એટલા ખાતર "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" ઉપર ગુજરાતી અવતરણ લખવાની ભાવના થઈ. એ અવતરણ કરવું મારે માટે અશક્યપ્રાય હતું.

એ કાર્ય કોને સોંપવું? આમાં ઘણો સમય ગયો. સંવત ૨૦૨૦ નું ચાતુર્માસ અમારું સિદ્ધક્ષેત્રની છત્રછાયામાં થયું. ત્યાં એ વર્ષે શાસનરાગી શાંતમૂર્તિ ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી મહારાજ પણ ચાતુર્માસ હતા એમના શિષ્ય મુનિશ્રી ક્ષમાસાગરજી મહારાજને મેં આ કાર્ય કરવા જણાવ્યું. એમણે જીવનમાં વિશિષ્ટ લેખનકાર્ય કરેલ નહિ એટલે કાર્ય સ્વીકાર માટે સંકોચ અનુભવતા હતા. છતાં મારી લાગણી એમણે સ્વીકારી અને અવતરણ લખવાનું કાર્ય ચાલુ કર્યું.

અવતરણ શાસ્ત્ર રહસ્યજ્ઞ ઉપાધ્યાયજી શ્રી કૈલાસસાગરજી મહારાજે વાંચ્યું અને યોગ્ય પણ લાગ્યું એટલે છપાવવાનો નિર્ણય કર્યો. જોકે ધાર્યા કરતાં અવતરણનું કદ મોટું થયું પણ સરસ હોવાથી તેમ જ સંક્ષેપ કરવામાં પાછો ઘણો સમય આપવો પડે અને એમ કરવા જતાં રસધારા તૂટવાની આછી આછી સંભાવના જણાતી હતી, એટલે એ અવતરણ મુદ્રિત કરવાનું નક્કી કર્યું.

મૂળ ગ્રંથકારે કથાપાત્રો અને કથાઓનો ભાવ એટલો સરસ આલેખ્યો છે કે જેને વાંચતા આપણું હૈયું ડોલી ઉઠે. પ્રથમ પ્રસ્તા-

વમાં નિષ્પુણ્યક દ્રમકની વાત વાંચીએ ત્યારે આપણને આપણો આત્મા કેવો દ્રમક છે એનો ખ્યાલ આવી જાય છે. બીજા પ્રસ્તાવમાં આત્મા નિગોદથી નીકળી કયા ક્રમે ઉન્નતિ પામે છે એની વિગત રમૂજી ભાષામાં લખી છે. અને ત્રીજા પ્રસ્તાવથી હિંસા–વૈશ્વાનર–સ્પર્શનાદિને લગતી વાતો ચાલુ થાય છે.

ચોથા પ્રસ્તાવનું તત્વજ્ઞાન એટલે કર્મસાહિત્યનો ભંડાર. મોહાદિ આઠ રાજવીઓ એ મોહનીયાદિ કર્મોના પ્રતીકો બતાવી ગ્રંથકારે પોતાની શક્તિનો અપૂર્વ પરિચય બતાવ્યો છે. પાંચમા–છઠ્ઠા–સાતમા પ્રસ્તાવ સુધી સંસારભ્રમણનું ભાન કરાવી આઠમાં પ્રસ્તાવમાં આત્માની સિદ્ધ દશાનો ખ્યાલ અને પ્રાપ્તિ એ ખૂબ મજેદાર છે.

આ રીતે આઠ પ્રસ્તાવોમાં જીવ નિગોદથી નીકળી મોક્ષે જાય ત્યાં સુધી સ્વચ્છ (યથાર્થ) ઇતિહાસ રજુ થાય છે. આ ગ્રંથ ખરી રીતે આત્મદર્શનનો નિર્મળ આરીસો છે. એમાં આપણા જીવનની અવનતિ અને ઉન્નતિનો ઇતિહાસ પ્રતિબિંબિત થએલો જણાય છે આત્માની વિભાવદશામાં થતાં મનોવિકારો, કષાયો, તૃષ્ણાઓ અને એના કારણે થતી યાતનાઓ વિગેરે હૂબહૂ જણાવ્યા છે.

આ ગ્રંથના અવતરણનું કાર્ય વડિલોના આશીર્વાદના કારણે મુનિ ક્ષમાસાગરજીએ પૂર્ણ કર્યું છે, એ અનુમોદનાપાત્ર છે. સાથે એઓને અનેક આવા શાસનની સેવાના અને સુરક્ષાના કાર્યો કરવાનું બળ મળે એવી ભાવના રાખું છું.

આ ગ્રંથની ઉપયોગિતા અને લોકપ્રિયતા કેવી બને છે, એનો ખ્યાલ અમુક સમયના વહી ગયા પછી આવશે.

કથાનુયોગની ઉપયોગિતા, આર્ષ સાહિત્યકારો અને આર્ષ સાહિત્યની ઉચ્ચતા મૂળ ગ્રંથની ઉપાદેયતા વિગેરે બાબતો ઉપર

અવતરણકારે પ્રસ્તાવનામાં ઘણો પ્રકાશ પાડેલો છે એટલે અત્ર વધુ લખતો નથી. ગચ્છમાં વ્યવસ્થા અને સંરક્ષણની ઘણી જવાબદારીઓ હોવાથી વિશેષ લખવા માટેનો બહોળો સમય પણ નથી.

અંતમાં મરુધરની ભૂમિ ઉપર શાસનરત્ન શ્રી ગોમરાજજી ફતેચંદજી સંઘવી આદિ પુણ્યવાનો દ્વારા શિવગંજમાં સંસ્થાપિત "શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય" દ્વારા અનેક અભ્યાસીઓ તૈયાર કરાય છે તેમજ ધર્મશ્રદ્ધાનાં હેતુભૂત-વૈરાગ્યમય તત્ત્વજ્ઞાનના ગ્રંથો પણ પ્રકાશિત થાય છે.

ઉપદેશપ્રસાદ ગ્રંથનો હિન્દી અનુવાદ કરાવી પાંચ ભાગો બહાર પાડયા. શ્રી મો. ગી. કાપડીયાના વિવેચનવાળા શાન્ત સુધારસનું તૃતીય મુદ્રણ કરાવ્યું. પંચસૂત્રનું (ઉચ્ચ પ્રકાશના પંથે) પુસ્તક દ્વિતીય આવૃત્તિમાં છપાવ્યું. અને આ શ્રા "ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર" અવતરને ત્રણ ભાગમાં પ્રકાશિત કરે છે. એટલે ભવ્યાત્માઓને મુમુક્ષુ કરવા અને જૈનશાસનમાં જ્ઞાનપ્રભાવનાની લાગણી માટે આ સંસ્થાના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે.

આ સંસ્થા ઉત્તરોત્તર સારા તત્ત્વજ્ઞાનના સારા પુસ્તકોને પ્રકાશિત કરે, એ જ શાસનદેવ પ્રતિ અભ્યર્થના.

વિક્રમ સં. ૨૦૨૩
શ્રાવણ વદ ૧૨
સુહારની પોળ, જૈન ઉપાશ્રય
અમદાવાદ

લી૦
પં૦ મંગળવિજયજી ગણી.

પ્રસ્તાવના

અનેક આત્માઓના અથવા દરેક આત્માઓના જીવનમાં કદિને કદિ અનુભવમાં આવી ચૂકેલ ઘટનાઓને શબ્દો દ્વારા આવરી લેનારી "ઉપમિતિ ભવપ્રપંચા કથા" છે.

સિદ્ધ થએલા આત્માઓએ આ અનુભવી ચૂકેલી વાત છે. અલ્પકાળ પછી સિદ્ધ થનારા આત્માઓમાં અનુસુંદર ચક્રવર્તીના ભવની અન્તિમ વખતનો ભાવ ભજવાતો હોય છે અને સામાન્યજન માટે નંદિવર્ધનના ભવથી અનુસુંદરના પૂર્વભવ સુધીની વાતો અનુભવોમાં આવી રહેલી માની શકાય છે.

ક્રોધ, હિંસા અને સ્પર્શન. માન, મૃષા અને રસના માયા, સ્તેય અને ઘ્રાણ. લોભ મૈથુન અને ચક્ષુ. મોહ, પરિગ્રહ અને શ્રુતિ એમ ત્રણ ત્રણ આંતર શત્રુઓનું જુદાજુદા ભવોમાં આત્મા ઉપર દબાણ છે, એવું આ કથામાં બતાવવામાં આવ્યું છે, છતાં આ ક્રમમાં અનુક્રમ, વ્યુત્ક્રમ કે પશ્ચાનુક્રમ પણ હોઇ શકે છે. સૌ માટે આ નિયત ક્રમ નથી.

કથાની સુસંયોજના અને સરલ સમજુતી ખાતર, તેમ જ રસધારા જમાવી રાખવા આ ક્રમ લીધો હોય, છતાં જ્યાં હિંસા, ક્રોધ, સ્પર્શનનું જોર હોય ત્યાં ગૌણતાએ અલ્પાંશે કે મહદંશે મૃષા, ચૌર્ય, મૈથુન, પરિગ્રહ, માયા, માન, લોભ, રસના, શ્રોત, ચક્ષુ મહા-મોહ, રાગ, દ્વેષ, અજ્ઞાન વિગેરેનું પણ વર્ચસ્વ હોય છે. જ્યાં મહા-મોહરાજાનો સામાન્ય કક્ષાનો એક સૈનીક હોય ત્યાંય બીજા

સૈનીકો પણ હાજરીમાં હોય છે જ. મોહરાજા પણ ત્યાં હોય છે જ. માત્ર પોતપોતાના વર્ચસ્વને જમાવવાના અવસરની પ્રતીક્ષા કરતા હોય છે.

આપણે સૌ આપણા જીવનમાં આવી સંવેદનાઓ, ઉર્મિલતાઓ, ભાવાવેશો, આકાંક્ષાઓ, તન્મયતાઓ, વિગેરે મનની વૃત્તિઓમાંથી કોઇને કોઇ વૃત્તિને અનુભવતા હોઇએ છીએ. એવો કોઇ દિવસ નહિ હોય, કે પ્રહર નહિ હોય, કોઇ ઘડી નહિ હોય કે કોઇ ક્ષણ નહિ હોય કે જેમાં આપણે આપણાં મનમાં મોહમહિપતિના કે ધર્મરાજના ભાવોની અનુભૂતિ કરતા ન હોઇએ. બહુલતાએ મોહમહિપતિનાં ભાવોની હારમાળાઓ જ રમતી હોય છે. આત્મા એની સંતાકુકડીમાંથી ઉંચો નથી આવતો. જો એ ત્યાંથી છટકે તો પછી મોક્ષ દૂર ન દેખાય. પણ છટકવા માટે ભગીરથ પુરૂષાર્થની પરમ આવશ્યકતા રહે છે.

ઉપમિતિમાં આવતાં પાત્રોની સાથે આપણે આધુનીક કેટલીક ઘટનાઓનો મેળ મેળવીએ કે જેથી એ રચનાની વિશદતાનો ખ્યાલ આવે.

૧ જર્મનીના સરમુખત્યાર હિટલરના વફાદાર ગણાતા "આઇકમેન" નામના વડાએ યહુદી કોમ ઉપરની દુશ્મનાવટના કારણે પચાસ લાખ જેટલી મહાસંખ્યામાં યહુદીઓને જુદી જુદી રીતિએ મોતના ઘાટે ઉતાર્યા છે. "ગેસચેંબર" માં ૨૫–૨૫ હજાર યહુદીઓને ભેગા કરી, બારણા બંધ કરાવી ઝેરી ગેસ દ્વારા કેટલીય વાર માર્યા છે. ૫૦–૫૦ હજાર માનવીઓને ભેગા કરી કેરોસીન કે પેટ્રોલ વિગેરે છાંટી જીવતાને જીવતા હોળી કરી નાખી છે. આખરે કેટલીય રાજકીય ક્રાંતિ પછી "ઇઝરાઇલ" માં પકડાયો અને અંતે દેહાન્તદંડની સજા થઇ.

આ આઇકમેનને ઉપમિતિમાં આવતા નંદિવર્ધન સાથે સરખાવી જુવો તો ? શું નંદિવર્ધનનું પાત્ર આઇકમેને બરોબર નથી ભજવ્યું ?

ક્રૂરચિત્ત વડા આઇકમેને નતા ખાધાં? ક્રોધ અને હિંસાદેવીએ પોતાનું વર્ચસ્વ કે પોતાનો પ્રભાવ બરોબર નથી પાથર્યો, એવું લાગે છે?

૨ અમેરીકાના "ઇલિનોઇસ" શહેરની "સ્વાન્કી સ્ટાવર્ડ રોક લોજ" માં ઉચ્ચ ખાનદાન અને નમીરા કુટુંબની "મિસીસ મિલ્ડ્રેડ, મિસીસ લીલીયન અને ફ્રાન્સીસ મર્ફી" નામની રૂપવતી અને યૌવનવતી નારીઓ આરામ માટે આવેલા. ભોજનથી નિવૃત્ત થઇ ફરવા માટે બગીચામાં ગયા. જે લોજમાં ઉતરેલાં ત્યાંનો રસોઇઓ "ચેસ્ટર વેજર" એ નારીઓની પાછળ પાછળ ગયો. રૂપ અને યૌવનથી આકર્ષાઇ વેજરે એ નારીઓ ઉપર બલાત્કારનો પ્રયત્ન કર્યો. અનુકૂળ ન થવાના કારણે ત્રણે નારીઓની નિર્દય રીતે હત્યાઓ કરી નાખી. "વેરન" નામના વકીલે એને પકડ્યો. ન્યાયાલયમાં જન્મકેદની સજા થઈ.

આ ઘટના ઇ. સ. ૧૯૬૦ ના માર્ચ મહિનાની પંદરમી તારીખની બનેલી છે.

ઉપમિતિમાં રપર્શનને આધીન બનેલા બાલની સાથે સરખાવી શકાય એવી આ ઘટના છે. મદનકંદલીને જોઇ બાલને જે ભાવો થયા એ આમાં જોઇ શકાય છે. રપર્શનની આધીનતા, મકરધ્વજના બાણોનો માર, રૂપની ઘેલછા વિગેરે અનેક અંતરંગ પાત્રોનો મેળો જામેલો જોઇ શકાય છે.

૩ વિક્રમચરિત્રમાં રત્નમંજરીની વાત આવે છે. એ નારી બ્રહ્મચર્યના પાલન માટે સ્વેચ્છાએ વૃદ્ધ અને પિતાતુલ્ય વ્યક્તિ સાથે સંભોગ કરે છે. વ્યવહારમાં પતિ-પત્ની ગણાય પણ આચારમાં પિતા-પુત્રી જેવું વર્તન હતું. એકવેળા ક્રોધ કુદરો ચોર ઘરમાં ચોરી કરવા આવ્યો. રૂપદર્શન થતાં રત્નમંજરી પાગલ બની ગઇ. સંભોગની

પ્રાર્થના કરી. ચોરે કહ્યું કે તારો પતિ જીવે ત્યાં સુધી એ ન બને. વાસનાભૂખ્યો એ નારીએ પતિદેવની ક્રૂર હત્યા કરી. ચોરને કહ્યું: હવે શાંતિ? ચોરે કહ્યું હું આવતી કાલે આવીશ. એમ કહી ઘર બહાર નિકળવા જતાં દરવાજે પડ્યો અને મર્મસ્થળે લાગતા યમધામ પહોંચી ગયો. મંજરી મુંઝાણી.

આ ઘટના ભીખારીના વેશમાં રાત્રીચર્યા જોવા નીકળેલા વિક્રમાદિત્ય જોઈ જાય છે. પ્રાતઃ કાળે મંજરીએ જાહેર કર્યું કે ચોરે મારા પતિને મારી નાખ્યા. હું સતી થઇશ. ધામધૂમથી પતિની શબવાહિની પાછળ ચાલે છે. સૌને મોં માગ્યા આશીર્વાદ આપે છે. સ્મશાનભૂમિમાં વિક્રમે મંજરીના કાનમાં કહ્યું: તું કયાં સતી છે? પતિની હત્યા અને ચોર સાથેની વાત ભૂલી ગઇ?

મંજરીએ જનસમૂહને કહ્યું: આ વિક્રમ મને પોતાની સાથે પરણવાનું કહે છે. છે કાંઇ નફટાઇની દશા? હું તો સતી થઇશ. આખર એ બળી મરી.

આ મંજરીમાં મૃષાવાદ, સ્પર્શન, માયા, મૈથુન, હિંસા, મહામોહ, મકરધ્વજ, વિગેરે અન્તરંગ વ્યક્તિઓનો કેવો શંભુમેળો જામ્યો છે?

૪ મોડાસા ગામનો એક યુવક વાસનાને પરાધીન હતો. ગામની ઘણી યુવતીઓની અને બાળીકાઓની શીયળમર્યાદા લૂંટતો. માથાભારે હોવાથી કોઇ એને કાંઇ કહી શકતુ ન હતું. હોળીના દિવસોમાં આ યુવકે કોઇ બાળાની છેડતી કરી, ગામના યુવકો ઉશ્કેરાયા અને ભડભડ બળતી હોળીમાં એ વ્યભિચારી યુવકને હોમી દીધો.

મકરધ્વજના પડખે ચડનારની અવદશાનો ચિતાર આ ઘટનામાં નથી દેખાતો?

૫ ઉત્તરપ્રદેશના એક કૃષિકારણી પત્નીએ બે તોલા સોના ખાતર છ માસના ઝૂલે ઝૂલતા ભાણીયાની છરાથી ક્રૂર હત્યા કરી. નાના નાના કકડા કરી લોટમાં ભેળવી ઉંટને ખવરાવી દીધા.

સાગર, લોભ, હિંસા, માયા, પરિગ્રહ, જ્ઞાનસંવરણ મિથ્યાત્વ, વિગેરે બધાનું મિલન આમાં જણાય છે.

આવી આવી અનેક ઘટનાઓને, બીજા શબ્દોમાં કહીએ તો દરેક ઘટનાઓને આ મહાકથામાં આવતા પાત્રો દ્વારા સરખાવી શકીએ છીએ. આ છે આ મહાકથાની વિશિષ્ટતા. આ મહાકથાની સ્વતંત્ર પ્રતિભાને કોઇ આંબી શકે એમ છે? આ કથાકારની બુદ્ધિ-પ્રતિભાને કોઇ આંતરી શકે એમ છે? એ મૂળ કથાકારને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. એના ગુણોના જેટલા ગાણા ગાઇએ એટલા ઓછા છે.

આ મહાકથાના મૂળ રસાસ્વાદના આસ્વાદની આકાંક્ષા હોય તો એ મહાનુભાવે સંસ્કૃત મૂળ મહાકથા વાંચવી જોઇએ. સંસ્કૃતના અભ્યાસીઓને એ વાંચવા માટે અમે ખાસ આગ્રહ કરીએ છીએ. ઉપમિતિ મહાકથા હોવા છતાં એની ભાષા કેવી રસમુજ્જ છે, શબ્દકુસુમોની ગુંથણી કેવી મનોહર છે, એ બધી વાતોનો ખ્યાલ મૂળ સંસ્કૃત મહાકથા વાંચતા જ આવશે. આ સ્થળે એ મહાકથાના રસાસ્વાદને બતાવતો નમુનો રજુ કરીએ છીએ.

भो भव्याः ! इदं संसारिजीवचरितमनुभवागमसिद्धमवबुध्यध्वम्, अवबोधानुरूपं चाचरत, विरहयत कषायान्, स्थगयताश्रवद्वाराणि, निराकुरुतेन्द्रियगणं, दलयत सकलं मनोमलजालं, पोषयत सद्भूतगुणगणं, मुञ्चत भवप्रपञ्चं, यात तूर्णं शिवालयं, येन यूयमपि सुमतयो भव्यपुरुषा भवथ ।

હે ભવ્ય પુરુષો ! આગમસિદ્ધ અને સ્વાનુસિદ્ધ આ સંસારી-

જીવનું ચરિત્ર તમે બરોબર સમજો. જેવું સમજો એવું અમલમાં મૂકો. કષાયોને દૂર કરો. કર્મ આવવાના સ્થાનોને બંધ કરી દો. ઇન્દ્રિયગણને કાબુમાં લાવો. મનની મલીન જાળીને દળી નાખો. સાત્ત્વિક ગુણોનું પોષણ કરો. ભવપ્રપંચને મુકીદો. જલ્દી મોક્ષમાં જતા રહો. જેથી તમે પણ ભવ્યપુરુષ સુમતિ થાઓ.

अथ नास्ति भवतां तादृशी लघुकर्मता ततो यथा सुललिता भूयो भूयः प्रचोदिता सप्रणयं मुहुर्मुहुर्निर्भर्त्सिता बहुविधमुपालब्धा पुनः पुनः स्मारिता सती गुरुकर्मिकाऽपि प्रतिबुद्धा तथा बुध्यध्वं, केवलं तथा प्रतिबोध्यमाना अगृहीतसंकेता भविष्यथ यूयं गतताऽशोषका गुरूणां तथापि गुरुभिः प्रतिबोधनीया एव युष्माभिरपि प्रतिबोद्धव्यमेव ।

જો તમારામાં પુંડરીક (ભવ્યપુરૂષ સુમતિ) જેટલી લઘુકર્મતા ન હોય તો જે રીતે સુલલિતાને વારંવાર પ્રેરણા કરવામાં આવી, વારંવાર પ્રેમપૂર્વક ઠપકા આપવામાં આવ્યો, વારંવાર ઉપાલંભ આપવામાં આવ્યો. ઘણી રીતે પૂર્વભવની સ્મૃતિઓ કરાવવામાં આવી, ભારે કર્મી હોવા છતાં આખરે એ પ્રતિબોધ પામી. તમે પણ એ રીતે હવે જાગો. પ્રતિબોધ પામો.

જો કે આ રીતે તમે પ્રતિબોધ પામશો તો તમે અગૃહીતસંકેતાની ગણનામાં ગણાશો. તમે ગુરુમહારાજના ગળાને શ્રમ આપનારા ગણાશો. છતાં પણ ગુરુમહારાજાઓ તમને પ્રતિબોધ તો આપશે જ અને તમારે પણ પ્રતિબોધ પામવો જ જોઇશે.

यथा स्वदुश्चरितपश्चात्तापेन सद्भूतगुणपक्षपातसारो निखिलकर्ममलविलयकारी सदागमबहुमानस्तस्या सुललिताया: सद्बोधकारणं संपन्नः तथा भवद्भिरपि तथैव स विधेयो येन संपद्यते भवतापि विशिष्टतत्त्वावबोधः ।

સુલલિતાને જે રીતે પોતાના દુશ્ચરિતોના પશ્ચાતાપ દ્વારા ગુણ ઉપર પક્ષપાત જાગ્યો, અને સંપૂર્ણ કર્મમળના નાશ કરનાર એવું સદાગમ ઉપરનું બહુમાન તે સુલલિતાને સદ્બોધનું કારણ બન્યું એ રીતે તમારે પણ પાપનો પશ્ચાતાપ કરવો અને સદાગમ ઉપર બહુમાન ધરવું. એ દ્વારા તમને પણ વિશિષ્ટ તત્ત્વનું જ્ઞાન થાય.

કેવી છે આ ભવ્ય અને મધુર રચના ? શબ્દ સુમનસો કેવા ગૂંથ્યા છે ? અનુપમેય કહીએ તો ય અતિશયોક્તિ નથી.

ત્યાગપ્રવર પન્યાસજી મહારાજ શ્રી મંગળવિજયજી ગણિવરશ્રીના વરદ આશીર્વાદ અને અન્ય સહકારથી માત્ર ભાવાનુવાદનું કાર્ય મેં કર્યું છે. "ચાલનારને ઠોકર લાગવાની સંભાવના રહે છે." એ ઉક્તિ પ્રમાણે આ કાર્ય કરવામાં મારી અનેક ક્ષતિઓ થવાની સંભાવનાઓ છે પણ સુજ્ઞપુરૂષોને નમ્રભાવે વિજ્ઞપ્તિ છે કે આપ ઉદાર આશયથી ક્ષતિઓની મને જાણ કરશો કે જથી પુનર્મુદ્રણના પ્રસંગે ક્ષતિપરિમાર્જનની પ્રક્રિયા થઇ શકે. આ ગ્રંથરત્નમા જે કાંઇ સુંદર તત્વો છે તે બધુ પૂજ્યપ્રવર શ્રી સિદ્ધર્ષિ ગણીન્દ્રને આભારી છે અને જે કાંઇ ક્ષતિઓ છે તે બધી મારી છે, એની ખાસ નોંધ લેશો.

લગભગ ૭ હજાર શ્લોક પ્રમાણ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાસારોદ્ધાર ગ્રંથના ભાવાનુવાદમાં અનંત ઉપકારી શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો એની ત્રિવિધ ત્રિવિધ ક્ષમા ઇચ્છું છું

વિ. સં. ૨૦૨૪
ચૈ. શુ. ત્રયોદશી
અ મ દા વા દ

લી. મુનિ ક્ષમાસાગર

॥ श्री पंचमंगलमहाश्रुतस्कंध ॥

स · चू · लि · क







• श्री •


नमस्कार - महामात्र :

॥ णमो अरिहंताणं ॥
॥ णमो सिद्धाणं ॥
॥ णमो आयरियाणं ॥
॥ णमो उवज्झायाणं ॥
॥ णमो लोए सव्वसाहूणं ॥
॥ एसो पंचणमुक्कारो ,
सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं ;
पढमं हवइ मंगलं ॥
















વિવેચન કર્તા મુનિ ક્ષમાસાગરજી

કથાસાર

પ્રસ્તાવ છટ્ઠો

આનંદનગરમાં "કેશરીરાજા" અને "જયસુંદરી" રાણી હતા. એ નગરમાં "હરિશેખર" ધનપતિ રાજાને માનનીય વ્યક્તિ હતા. "બંધુમતિ" એની પત્ની હતી. સંસારીજીવ "વામદેવ" તરીકે ત્યાં ઉત્પન્ન થયો. "સાગર" સાથે વામદેવની મિત્રતા થઇ. અહીં સંસારીજીવ વામદેવનું નામ "ધનશેખર" સ્થાપ્યું. એ ધનને સર્વસ્વ માનવા લાગ્યો અને ધનની શોધમાં ચાલી નિકળ્યો.

ફરતો ફરતો "જયપુર"ના ઉદ્યાનમાં આવી પહોંચ્યો. ત્યાં કેશુડાના વૃક્ષને જોયું. ધાતુવાદ સંભારી ગયો. વિધિપૂર્વક ખોદતા હજાર સુવર્ણમુદ્રાઓ પ્રાપ્ત થઈ. જયપુરમાં બકુલશેઠનો મેળાપ થયો. એ ઘેર લઇ ગયા. ભોગિનીશેઠાણી રાજી થયા. દીકરી કમલિની પરણાવી. ધનશેખર જુદો થયો, જુદો વેપાર કર્યો. અનેક પરિશ્રમો વેઠી કરોડ સુવર્ણમહોરો ભેગી કરી હવે કરોડ રત્ન મેળવવાના કોડ જાગ્યા એટલે સસરાની ના છતાં રત્નદ્વીપે ગયો. બીજા સાથીયો પાછા વળ્યા પણ ધનશેખર તો વધુ રત્નો મેળવવા રત્નદ્વીપે જ રહી ગયો.

રત્નદીપમાં ધનશેખર પાસે એક વૃદ્ધા નારી આવી અને એ કહેવા લાગી કે "આનંદપુરમાં કેશરીરાજાને જયસુંદરી અને કમળસુંદરી એમ બે રાણીઓ હતી. રાજા રાજ્યલોભ ખાતર પુત્ર જન્મે તો તેને તરત મારી નાખતો. કમળસુંદરીને ગર્ભ રહેતાં દાસી વસુમતીને

સાથે લઇ ત્યાંથી નાઠી જંગલમાં એણે પુત્રનો જન્મ આપ્યો અને પ્રસૂતિની વેદનામાં એ ત્યાંજ મૃત્યુ પામી. વસુમતી દાસીએ પુત્રને લીધો. સથવારો મળતાં તે રત્નદ્વીપે આવી. અહીંના નીલકંઠ રાજા કમળસુંદરીના ભાઇ થતાં હતા. એમના ત્યાં બાળકનો ઉચ્છેર થવા લાગ્યો. એનું નામ હરિકુમાર રાખવામાં આવ્યું. એ હરિકુમાર અહીં છે. હું પોતે વસુમતી છું. અને હરિકુમાર તમને મળવા ઇચ્છે છે તો તમે ચાલો. ધનશેખર હરિકુમારને મળ્યો. બન્ને વચ્ચે મૈત્રી થઇ."

એક દિવસ કોઇ તાપસીએ આવી હરિકુમારને એક ચિત્ર દેખાડયું. કુમાર એ જોઇ મોહિત થઇ ગયો. વિકારના ભાવો તાપસી જાણી ગઇ અને ચાલતી થઇ. મિત્રો પણ હરિકુમારના ભાવો જાણી ગયા. તાપસીને શોધવા ધનશેખરને રવાના કર્યો. ધનશેખર એ કાર્યે જોડાઇ ગયો.

ધનશેખરને રસ્તામાં જ બંધુલા તાપસી મળી. હકીકત પૂછતાં સમજાયું કે એ જ સવારે નગરના રાજા નીલકંઠની રાણી શિખરિણી પાસે ભિક્ષા લેવા ગઇ ત્યારે બધો રાજપરિવાર ઉદાસ જોયો. કારણ પૂછતાં સમજાયું કે કોઇ કારણસર મયૂરમંજરી સવારથી ઉદાસીન બની ગઇ છે. નિમિત્તશાસ્ત્ર દ્વારા તાપસીએ કહ્યું કે મંજરી હરિકુમારની વિચારણામાં છે. એનું મન એમાં છે. રાણીને આ વાત બરોબર લાગી એ બંનેના મિલનનું કાર્ય તાપસીને જ પાર પાડવા કહ્યું. તાપસીએ કુમારીની પ્રતિકૃતિ લઇ હરિને બતાવી અને હરિને મંજરી ઉપર પ્રેમ છે એટલું જાણી તાપસી પાછી વળી. ધનશેખર તાપસીને લઇ હરિકુમાર પાસે આવ્યો. કુમાર રાજમંદિરે ગયો. નીલકંઠ રાજાએ ઉત્સવપૂર્વક મંજરીના લગ્ન હરિ સાથે કર્યા.

સાગરની સલાહના કારણે ધનશેખરને લાગતું હતું કે હરિકુમારની મિત્રતા ધનપ્રાપ્તિમાં વિઘ્નભૂત છે. વળી એ વખતે ધનને યૌવન અને મૈથુન સાથે મિત્રતા થઇ. યૌવનને શરીરમાં અને મથુનને

હૃદયમાં સ્થાન આપ્યું. અધમ અને પરનારીયેા સાથે વિલાસમાં પડવાથી દુઃખ પામ્યેા, છતાં એ લત છેાડતેા ન હતેા. યૌવન અને મૈથુન ઉપર સ્નેહ વધતેા ગયેા.

ગુણશીલ હરિની ખ્યાતિ ઘણી પ્રસરી એટલે એના મામા–સસરાને ઇર્ષા થઇ. હરિ કદાચ રાજ્ય પચાવી પાડશે એવા ભ્રમથી સુબુદ્ધિ મંત્રીને હરિને મારી નાખવાની યેાજના બતાવી. મંત્રીએ વિશ્વાસુ વ્યક્તિ દ્વારા હરિને દેશાંતરે ચાલ્યા જવાની સુસલાહ આપી. હરિએ ધનને સાથે આવવા કહ્યું, ઇચ્છા ન હતી, છતાં હા કહેવી પડી. ગુપ્ત તૈયારી દ્વારા વહાણેા ભરી મંજરીને સાથે લઈ ચાલી નીકળ્યા. ધન હરિસાથે વહાણમાં બેઠેા. સાગર અને મૈથુનની પ્રેરણાથી રત્નભર્યું. વહાણ અને મંજરી મેળવવાની ભાવનાથી હરિને મધ્યદરિએ ધક્કો મારી ધને ગબડાવી દીધેા. સમુદ્રદેવે હરિને બચાવી વહાણમાં સ્થાપન કર્યો. ધનને આકાશમાં ઉછાળ્યેા. હરિએ બચાવવા વિનંતિ કરી. પણ સમુદ્રદેવે એને દરિયામાં ફેંકી દીધેા. હરિ આનંદનગરે પહેાંચ્યેા. મૃતપિતાની રાજ્યગાદીએ બેઠેા. ધનના વહાણેા એના પિતાને સેાંપ્યાં.

દેવે ધનને દરિયામાં ફેંકયેા છતાં ન મર્યો. સાત રાત દિવસે કાંઠે આવ્યેા. પુણ્યેાદયનેા સહકાર ન હેાવાથી દરેક વાતેામાં નરી નિષ્ફળતા મળતી. નેાકરી, વેપાર, કૃષી, વિગેરેમાં ફાવ્યેા નહિ. લજ્જાના કારણે નિર્ધન પણે બાપના ત્યાં ન ગયેા. દુઃખી દુઃખી બેહાલ બની ગયેા.

હરિકુમાર આનંદનગરના રાજવી બન્યા. મયૂરમંજરી રાણી સાથે આનંદ કરતા હતા. ત્યાં “ ઉત્તમસૂરિજી ” જ્ઞાની ગુરૂ પધાર્યા. રાજા–રાણી વંદને ગયા. દેશના સાંભળી. હરિએ પૂછ્યું. ધને મને દરિયામાં કેમ ફેંકયેા અને એનું શું થયું ? પૂ૦ શ્રીએ જણાવ્યું કે સાગર અને મૈથુન મિત્રેાના પ્રતાપે આ કાર્ય કર્યું છે અને હાલમાં એ દીન બની રખડે છે. એ બંને કુમિત્રેાનેા ત્યાગ કેવી રીતે થશે

એના ઉત્તરમાં જણાવ્યું કે શુભ્રચિત્તના રાજા "સદાશય" ની વરેણ્યતા રાણીની પુત્રી બ્રહ્મરતિ અને મુક્તતા સાથે લગ્ન થશે ત્યારે એ સુખી બનશે. શું અન્ય પરિબળોથી સારો વ્યક્તિ નઠારો અને નઠારો સારો બની શકે? આના ઉત્તરમાં પૂ૦ શ્રીએ ષટ્પુરૂષ કથાનક કહેવું ચાલું કર્યું.

કર્મપરિણામ અને કાળપરિણતિ પાસે "સિદ્ધાન્ત" નામનો મહાપુરૂષ છે. એમને અપ્રબુદ્ધ શિષ્ય હતો. ગુરૂએ શિષ્યને કહ્યું: સુખદુઃખનું કારણ અંતરંગ રાજ્ય છે. અંતરંગ રાજ્યનો સ્વામી સંસારી જીવ છે. પ્રતિનાયક ચારિત્ર ધર્મ છે. ચિત્તવૃત્તિ ભૂમિકા છે. સમ્યગ્દર્શન સેનાપતિ, સદ્બોધ મંત્રી, યતિધર્મ અને ગૃહિધર્મ પુત્રો સંતોષ તંત્રપાલ, શુભાશય વિગેરે સૈનિકો છે. એ રાજ્યમાં ચોરો પણ છે. ઘાતિકર્મ ધાડપાડુઓ છે. ઇન્દ્રિય ચોરો છે. કષાયો ફાંસીકારો છે. એમનો નાયક મહામોહ છે. આ નાટક કર્મપરિણામ કાળપરિણતિ દેવી સાથે પ્રતિ સમય જોયા કરે છે. સંસારીજીવને મહામોહ સાથે ઘણીવાર યુદ્ધ થાય છે. મહામોહ એને પોતાનું શક્તિનું ભાન થવા દેતા નથી. એટલે એ હાર ખાય છે પોતાની શક્તિ, સંપતિ, શૌર્ય એ જાણતો નથી. એવા પુત્રો કર્મપરિણામને અનંતા છે. રાજ્ય પણ અનેક જાતનું છે. જુદા જુદા પાત્રોએ કઇ કઇ રીતે રાજ્ય ભોગવ્યું એ વર્ણન કરૂં. જેથી એની માહીતીનો તને ખ્યાલ આવશે.

૧. નિકૃષ્ટ રાજ્ય—પ્રથમ એકવર્ષ નિકૃષ્ટને રાજ્ય આપવામાં આવ્યું. મહામોહની રાજસભામાં વિષયાભિલાષા મંત્રીએ કહ્યું, જરાય આપણે ચિંતા કરવા જેવું નથી. એ રાજા આપણે આધીન છે. મહાપાપી છે. પોતાના આત્મબળનું એને ભાન નથી. આ હકીકતથી મહામોહના ત્યાં આનંદ છવાયો. પણ ચારિત્રધર્મરાજના ત્યાં દિલગીરી ફેલાણી. એઓ શૂન્યમનસ્ક બની ગયા. વર્ષને અન્તે દુષ્ટ પુત્રને

કર્મપરિણામે પાપિપંજરમાં ધકેલી દીધા. વિતર્કનામની વ્યક્તિએ આ નિવેદન રજુ કર્યું.

૨. **અધમ રાજ્ય**—બીજા વર્ષે અધમને રાજ્ય મળ્યું. એ લગભગ નિકૃષ્ટ જેવો નિકળ્યો. ભોગોમાં આસક્ત અને ધર્મ મોક્ષનો વિરોધી નિકળ્યો. એના રાજ્યમાં પ્રવેશ કરવા ન દેવા માટે વિષય-અભિલાષની પુત્રી દૃષ્ટિને કાર્ય સોંપવામાં આવ્યું. ચારિત્રરાજને ઘણો ખેદ થયો. અધમ સ્ત્રી દર્શનમાં આનંદ માનવા લાગ્યો. અંતરંગ રાજ્ય જોઇ પણ ના શકયો. ચંડાલણીમાં આસક્ત બન્યો. ઘણો તિરસ્કાર થયો. પિતાએ વર્ષના અન્તે એને પણ પાપિપંજરે મોકલી આપ્યો.

૩. **વિમધ્યમ રાજ્ય**—ત્રીજે વર્ષે વિમધ્યમને રાજ્ય મળ્યું. એ ચારિત્રરાજ તરફ સામાન્ય સદ્‌ભાવ રાખતો પણ મોહરાજાનો પક્ષકાર નિવડયો. એને આ ભવ મીઠો લાગતો હતો. પરભવ સાથે લેવાદેવા ન હતી. લક્ષ્મીનો લાલચુ હતો. સામાન્ય રીતે ધર્મ પણ ગમતો. એના રાજ્ય વખતે વિષયાભિલાષને સાવધાન રહેવા જેવું જણાયું. પરા દૃષ્ટિદેવી દ્વારા એ પોતાના રાજ્યથી દૂર જ રખાયો. કર્મપરિણામ એ પુત્ર ઉપર થોડા પ્રસન્ન બન્યા.

મધ્યમ રાજ્ય—ચોથા વર્ષે મધ્યમને રાજ્ય વહીવટ મળ્યો. એ વસ્તુસ્વરૂપને બરોબર ઓળખતો. થયો ચારિત્રરાજના સૈન્યને જાણી ગયો. આના રાજ્યકાળમાં ચારિત્રરાજે મોહરાજે પચાવેલી સાર્ધી ભૂમિ પાછી મેળવી. પેલા ચોરો આધીન બન્યા. મધ્યમરાજે દેશવિરતિધરપણું સ્વીકાર્યું. સારા અનુષ્ઠાનો કર્યાં. પિતા કર્મપરિણામ એના ઉપર પ્રસન્ન બન્યા અને વિબુધાલયે મોકલી આપ્યો.

૫ **ઉત્તમ રાજ્ય**—પાંચમે વર્ષે ઉત્તમકુમારને રાજ્ય મળ્યું. સદ્‌બોધમંત્રીએ એ રાજાના ઘણા ગુણો ગણાવ્યા. એ પોતાના સંપૂર્ણ

સૈન્યનો સુમાહિતગાર હતો. ઉત્તમના રાજ્યથી મોહરાજાની સભામાં ભારે ગભરાટ અને ખળભળાટ થયો. ગુરૂદેવે બતાવેલા માર્ગે પોતાના રાજ્યમાં પ્રવેશ કર્યો. દૃષ્ટિદેવી ઉપર વિજય મેળવ્યો. સુકોપાયો યોજી યોગ માર્ગે આગળ વધી નિવૃત્તિ નગરીએ પહોંચી ગયો.

૬. વરિષ્ઠ રાજ્ય—છઠ્ઠે વર્ષે વરિષ્ઠને રાજ્ય મળ્યું. મોહરાજાને ભારે અફસોસ થયો. વરિષ્ઠ સ્વયં જ્ઞાની હતો. એણે ગણધરોદ્વારા સિદ્ધાન્તની સ્થાપના કરી. એની બાહ્ય સંપત્તિ પણ અદ્વિતીય હતી. સમવસરણની રચના એના ઉપદેશ વખતે થતી. અષ્ટપ્રાતિહાર્યની ઋદ્ધિ તો સદા સાથે જ રહેતી. આશ્ચર્યકારી અતિશયોનો એ સ્વામી હતો. એનું રાજ્ય સૌથી વિશિષ્ટ ગણનાપાત્ર હ્યું.

આ રીતે ૭ પ્રકારના રાજ્ય વિગેરેની પર્યાલોચના થઇ. ઉત્તમસૂરિજી પાંચમા પ્રકારના રાજવીની ગણનામાં હતા. હરિરાજા ત્રીજા નંબરના રાજવીની ગણનામાં આવતાં હતા. હરિકુમારને દીક્ષા લેવાની ભાવના થઇ. પોતાના પુત્ર શાર્દૂલને રાજ્યગાદી આપી પોતે દીક્ષા ગ્રહણ કરી વસુધા ઉપર વિહરવા લાગ્યા.

ધનશેખર ઉપર સાગર અને મૈથુનની અસર વધુ વધતી ગઇ. એ રખડતો રખડતો બીલીના ઝાડ નીચે આવ્યો. ત્યાં ભૂમિ ખોદતાં રત્નનો ચરૂ નિકળ્યો. એ ઉઘાડતા મોટો રાક્ષસ નિકળ્યો. એણે ધનશેખરને ત્યાંજ પૂરો કરી નાખ્યો. મરીને એ પાપિષ્ઠ નિવાસના સાતમાં પાડામાં ગયો. આખરે ભવિતવ્યતાએ સાહ્લાદપુરે મોકલ્યો.

પ્રસ્તાવ સાતમો

સંસારીજીવ સાહ્લાદ નગરના "ભૂતરાજા"ની "લીલાદેવી" ના પુત્ર "ધનવાહન" તરીકે ઉત્પન્ન થયો. રાજાના ભાઇ નીરદને "અકલંક" પુત્ર થયો. એ ઘણો ગુણીયલ હતો. જૈનધર્મી હતો. ધનવાહન સાથે એને ગાઢ મૈત્રી હતી. એક દિવસ "ધનંદન" ઉદ્યા-

નમાં ફરવા ગયાં. ત્યાં મહાત્માઓને જોયા. એમને વૈરાગ્ય થવાનું કારણ પૂછ્યું.

૧. પ્રથમ મુનિનું વૈરાગ્ય કારણ—એ લોકોદરમાં રહેતા હતા. ત્યાં ભયંકર આગે નગરને ઘેરી લીધું. નગરમાં ભયંકર ચીચીયારીઓ અને આક્રંદનના અવાજો થવા લાગ્યા. નગર નિરાધાર બની ગયું. એક મંત્રવાદી આવ્યો. એણે મંડલ આલેખી લોકોને રક્ષણ આપવા બોલાવ્યાં. જે આવ્યા તે બચ્યા. જેણે એ વાત ન માની તે રખડી પડ્યા. હું મંડલમાં આવ્યો તેથી બચી ગયો. આ વાતનું સ્પષ્ટીકરણ અકલંકે કહી સંભળાવ્યું.

૨. બીજા મુનિનો વૈરાગ્ય પ્રસંગ—દારૂડીયાઓનું એક ટોળું દારૂ પીવા બેઠું હતું. હું પણ એમાં હતો. એક બ્રાહ્મણે આવી મને ઉપદેશ આપ્યો. દારૂથી દુર્દશા પામેલી વ્યક્તિઓનું વર્ણન બતાવી મને દારૂના લતથી છોડાવ્યો. હું એમની સાથે એમની મંડળીમાં ભળી ગયો. અકલંકે ધનવાહનને ભાવાર્થ સમજાવ્યો.

૩. ત્રીજા મુનિનો વૈરાગ્ય પ્રસંગ—ત્રીજા મુનિએ જણાવ્યું કે મને રેંટ જોવાથી વૈરાગ્ય થયો. એનું "ભવ" નામ હતું. રાગ દ્વેષાદિ એના ચાર સાથી હતા. મહામોહ એનો ઉપરી હતો. સોળ કષાયો બળદ હતા. હાસ્યાદિ કામ કરનારા હતા. દુષ્ટયોગ અને અને પ્રમાદ એના ત્રુંબા હતા. વિલાસ, ઉલ્લાસ વિગેરે આરાઓ હતા. અસંયત જીવ કુવો હતો. અવિરતિજલથી એ ભરેલો હતો. જીવલોક નામની ઘટમાળ હતી. મરણ નામનો નોકર એ ચલાવતો હતો. અજ્ઞાનમલીન [illegible] એનો પરનાળ હતો. મિથ્યાભિમાન નામે કુંડી હતી. સંક્લિષ્ટચિત્ત બાળ હતી. ભોગલોલુપતા નીક હતી. જન્મ વિસ્તાર ખેતર હતું. અપરાપર જન્મ કચારા હતા. કર્મ પ્રકૃતિ બીજ હતું. જીવપરિણતિ વાવનારો હતો. આવા રેંટને જોઇ મને વૈરાગ્ય થયો. અકલંકે ધનવાહનને એનો ભાવાર્થ સમજાવ્યો.

૪. ચોથા મુનિનો વૈરાગ્ય પ્રસંગ—એક મઠમાં પોતે ચક્ર ભાવા હતા. ત્યાં ભક્ત કુટુંબ આવી ચડયું. એનું તંત્ર ચલાવનારા પાંચ મનુષ્યો હતા. એ કુટુંબ સુંદર લાગ્યું. એમના ભોજનનો અમે સ્વીકાર કર્યો. અમને એથી સન્નિપાત થઇ ગયો. અમારી જીભ બગડી ગઇ. ગળુ રૂંધાઈ ગયું. અમારી ભારે અવદશા થઇ. એક વૈદ્ય આવ્યા એમણે ભોજનના દોષ બતાવ્યા. એ દોષ ટાળવા મેં આ દીક્ષા લીધી. આ વાતનો ઉપનય અકલંકે ધનવાહનને સમજાવ્યો.

૫ પાંચમા મુનિનો વૈરાગ્ય પ્રસંગ—આ મુનિએ વૈરાગ્યના કારણમાં જણાવ્યું કે ગુરૂદેવની કથા સાંભળતા મને વૈરાગ્ય થયો. એ કથા આ પ્રમાણે. વસંતપુર બંદરે ઘણા વેપારી હતા. એમાં સાર્થવાહના ચારૂ, યોગ્ય, હિતજ્ઞ અને મૂઢ નામના પુત્રો રત્ન દ્વીપે રત્ન કમાવવા ગયા. ચારૂએ સારી રીતે રત્નો ભેગા કર્યા. યોગ્યે રત્નો ભેગા કર્યા પણ ઓછા. એ એશઆરામમાં રહ્યો. ચારૂના કહેવાથી મોજમજા તજી અને રત્નો મેળવવા લાગ્યો. હિતજ્ઞને મોજમજા પસંદ હતી. રત્ન પરીક્ષા જાણતો ન હતો. એણે કોડા, શંખલા, કાચના ટુકડા ભેગા કર્યા. ધૂતારાઓએ છેતર્યોઃ પણ જ્યારે ચારૂનો મેળાપ થયો અને એનો ઠપકો સાંભળ્યો એટલે શરમાઈ ગયો. પછી એ રત્ન પરીક્ષા શીખ્યો. મોજમજા તજી રત્નો કમાયો. મૂઢ તો દરેક રીતે મૂર્ખ હતો. રત્ન પરીક્ષા આવડતી ન હતી. તેમ વિષયોમાં પૂર્ણ આસક્ત હતો. ચારૂએ એને શીખામણ આપી ત્યારે મૂઢે ચારૂને ઠપકો આપ્યો. મૂઢને અયોગ્ય સમજી ચારૂએ એને કાંઈ ન કહેતા પાછો વળી ગયો. મૂઢ કોઇ ગુનામાં ફસાયો. રાજાએ એને સમુદ્રમાં ફેંકાવી દીધો. ચારૂ, યોગ્ય, હિતજ્ઞ સ્વદેશે આવ્યા અને સુખી થયા. અકલંકે ધનવાહનને આ વાર્તાનો પરમાર્થ સમજાવ્યો.

૬ છઠ્ઠા મુનિનો વૈરાગ્ય પ્રસંગ—એમણે જણાવ્યું કે સંસાર બજાર જોઇને મને વૈરાગ્ય થયો. એ બજારમાં હેવડદેવડ

ધણી ચાલતી હતી. એનો સુબો મહામોહ હતો. કર્મ લેણદારો હતા, ગુરૂએ જ્ઞાનાંજન આંજ્યુ ત્યારે લોકોની દુઃખી દશાનો ખ્યાલ આવ્યો. દુકાનોના છેડે શિવાલય જણાયો. તેમાંના જીવો જ સુખી હતા. ત્યાં જવાની ભાવના થતા ગુરૂએ દીક્ષા આપી. એ મઠે પહોંચવાનો માર્ગ બતાવ્યો. રહેવા માટે કાયા નામનો ઓરડો હતો. પંચાક્ષ નામના પાંચ ગોખલા હતા. ક્ષયોપશમ બારી હતી. કાર્મણ શરીર નામનો એક ઉપ-વિભાગ હતો. એમાં ચિત્ત નામનું વાનર બચ્ચું હતું. ગુરૂદેવે એની ખૂબ સંભાળ રાખવા જણાવેલું.

એનું કારણ પૂછતા ઉત્તર મળ્યો કે વાનર બચ્ચાને ઉપદ્રવ કરનારા ઘણા છે. કષાય ઉંદરો, નોકષાય વિંછીઓ, સંજ્ઞા બીલાડીઓ, રાગદ્વેષ ઉંદરો, મહામોહ બીલાડો, પરીષહ અને ઉપસર્ગ ડાંસો, દુષ્ટાલિસ-ધી માંકડો, ચિંતા ગરોળી, પ્રમાદ કાંકિડા, અવિરતિ કચરો, મિથ્યાદર્શન અંધકાર, આ બધા ઉપદ્રવ કરનારા છે. તેથી બે રૌદ્રધ્યાનરૂપ અંગારભર્યા ખાડામાં ગબડી પડે છે. કોઇ વાર આર્ત-ધ્યાનરૂપ ગુફામાં પેસી જઇ દુઃખી થાય છે.

બચ્ચાને બચાવવાના ઉપાયમાં તારે એને ગોખની બહાર ન જવા દેવું. ત્યાં વિષયનામના વૃક્ષો છે. જે ખાવામાં મીઠા અને પરિણામે ઝેરી છે. જો એ ત્યાં જઇ ચડે તો એને કર્મપરમાણુ પરાગ ચોંટે છે. ભોગ–સ્નેહ વરસાદથી એ ભીંજાઇ જાય છે. અને શરદી થાય છે. એ ઝેરી ધૂળથી શરીર કાળું પડી જાય છે. સ્વરીર્ય નામના હાથમાં અપ્રમાદ નામનો દંડો લઇ વાનર બચ્ચાને બહાર જતાં અટકાવવું. એ રીતે બહાર જતું અટકશે. એટલે સર્વ ઉપદ્રવો એના મટી જશે. આ વાત ગુરૂદેવે કહી. એમ પ્રથમચક્રમાંથી ચિત્તને બચાવવાનો મેં નિશ્ચય કર્યો.

બીજા ચક્રમાં મનઃપર્યાપ્તિ એ દ્રવ્યમન અને આત્મા તેની સાથે જોડાય તે ભાવમન. ભાવમન કાર્મણ શરીરમાં રહે અને તેને જ

જીવ કહેવાય છે. રાગદ્વેષથી વિપર્યાસ થાય છે. એટલે ખોટા કર્મો બાંધે. આ રીતે રખડપટ્ટી ચાલુ થાય છે. આ બીજું ચક્ર. ગુરૂદેવે કહ્યું: વિપર્યાસ તજી વિવેકી બનવું.

વાનરને શિવાલયમાં કેમ લઇ જવાય ? એ અકલંકના પ્રશ્નના ઉત્તરમાં મુનિએ જણાવ્યું કે ગર્ભગૃહમાં કૃષ્ણા, નીલા, કાપોતા, તેજસી, પદ્મા અને શુકલા એ છ સ્ત્રીઓ રહે છે. પહેલી ત્રણ સ્ત્રીઓ ખરાબ છે અને પછીની ત્રણ ઘણી સારી છે. એમણે પરિણામ રૂપ દાદર બનાવ્યો છે. " અધ્યવસાય " રૂપ પગથીયાં છે. પ્રથમ ત્રણ સ્ત્રીઓ દ્વારા બનાવેલા દાદર ઉપર વાનર બચ્ચું જાય તો દુઃખી થાય અને છેલ્લી ત્રણ સ્ત્રીઓએ બનાવેલા દાદર ઉપર જાય તો સુખી થાય. ત્યાં એને ધર્મધ્યાનનો પવન લાગે અને એથી શાંતિ થાય છે. આગળ વધતા અનુકૂળ વાનરયૂથ મળે છે. શુકલા શુકલધ્યાનનું વિલેપન કરશે. એથી અપૂર્વ આનંદ થશે. તારે પછી એક ઝપાટે ઉપર ચડી જવું. પછી તને અપૂર્વ આનંદ મળશે. એ કદી નાશ નહિ પામે. આ વાતમાં અકલંકને ખૂબ આનંદ થયો. આ વાત અકલંકે ધનવાહનને બરોબર સમજાવી.

આ વખતે ચારિત્રરાજના સદ્‌બોધ મંત્રીએ જણાવ્યું કે હાલમાં સંસારીજીવની ચિત્તવૃત્તિ ઘણી ઉજ્જવળ જણાય છે. ત્યાં કોઇને મોકલવો જોઇએ. વિચારણા કરી સદાગમને ધનવાહન પાસે મોકલ્યો. એટલે જ્ઞાનસંવરણ રાજા દૂર ચાલ્યો ગયો. અકલંક અને ધનવાહન ગુરૂદેવ પાસે ગયા. ત્યાં ધનવાહને સદાગમને ઓળખ્યા. અકલંકને પ્રસન્ન રાખવા સદાગમ સાથે મિત્રતા કરી અને અન્યત્ર વિહાર કર્યો.

જ્ઞાનસંવરણ રાજાની પીછેહઠથી મોહરાજાની છાવણીમાં ગભરાટ થયો. શત્રુના સર્વનાશ માટે મોહરાજાએ પોતે યુદ્ધમાં ઉતરવાનો વિચાર કર્યો. બીજાઓને અવસરે આવવા ભલામણ કરી. પરિગ્રહને સાથે લઈ મહામોહ ધનવાહન પાસે આવ્યા.

તે વખતે ધનવાહનના પિતા જીમૂતરાજા મરણ પામ્યા. ધનવાહન ગાદીએ આવ્યા. સદાગમે કોઈ પણ વૈષયિક પદાર્થો ઉપર મૂર્ચ્છા ન રાખવા સલાહ આપી. મહામોહે એશઆરામની અને ધન ભેગું કરવાની સલાહ આપી. જ્ઞાનસંવરણ રાજા પાસે આવી પહોંચવાથી મહામોહની સલાહ માન્ય કરી દેવ–ગુરૂપૂજા ધનવાહને બંધ કરી. સદાગમની અવગણના કરી. ધનસંગ્રહ ચાલુ કર્યો. કોવિદાચાર્ય અને મુનિ અકલંક ત્યાં આવી ચડયા. દાક્ષિણ્યતાથી વંદન કરવા ગયો. અકલંકે ગુરૂદેવને સદાગમનું મહાત્મ્ય અને કુસંગતિના પરિણામો જણાવવાં વિનંતિ કરતાં ગુરૂદેવે જણાવ્યું કે—

"ક્ષમાતળ" નામનું નગર છે. ત્યાં "સ્વવિમળ નિચય" રાજા અને "તદનુભૂતિ" રાણી છે. એમને "કોવિદ" અને "બાલિશ" બે પુત્રો છે. કોવિદને સદાગમનો પરિચય થયો અને હિતસ્વી માન્યો. બાલીશને સદાગમ ન ગમ્યા. કર્મપરિણામે "શ્રુતિ" કન્યાને મોકલ્યા. એની સાથે સંગ નામનો નોકર હતો. સુતિ કોવિદ અને બાલીશ બન્નેને વરી. એ ભાઇઓની સત્તામાં "નિજદેહ" નામનો પર્વત હતો એના ઉપર "મૂર્ધો" નામનું શિખર હતું. એની બે બાજુ શ્રવણ નામની ગુફાઓ હતી. ત્યાં શ્રુતિએ નિવાસ કર્યો. બાલિશ લુબ્ધ બની ગયો. સંગના કહે ચાલવા લાગ્યો. સદાગમે કોવિદને શ્રુતિનો પરિચય આપ્યો અને એ ધૂતારીથી ચેતીને ચાલવા જેવું છે એમ જણાવ્યું. એટલે એ ચેતીને ચાલવા લાગ્યો. સંગની સોબત જ ન કરી.

એક વખતે "તુંગશિખર" પર્વત ઉપર બન્ને ભાઇઓ ચડયા. એની ગુફામાં ગંધર્વ યુગલ અને કિન્નર યુગલ સંગીતની રમઝટ કરવાં બેઠા. બાલીશ એમનું સંગીત સાંભળવામાં મસ્ત બન્યો અને પડયો. ગંધર્વોએ એને પકડ્યો અને ખૂબ માર્યો. કોવિદ આસક્ત ન બન્યો તેથી સુખી થયો. "ધર્મઘોષ" મુનિ પાસે સંયમ લીધું. એ આચાર્ય બન્યો. તે કોવીદ હું પોતે જ છું.

વાર્તા કહી આચાર્ય ભગવંતે સદાગમનું વર્ણન વિશેષ કર્યું. તેની સાથે સંબંધ રાખવા જણાવ્યું. ધનવાહને ઉપર ઉપરથી એ વાત સ્વીકારી પણ અંદરથી રસ ન જાગ્યો. અકલંક આચાર્યશ્રી સાથે અન્યત્ર વિહાર કર્યો.

અકલંક ગયા એટલે મહામોહ અને પરિગ્રહનું જોર વધ્યું. સ્ત્રી અને ધન ખાતર સર્વ પાપો કરવા લાગ્યો. પુણ્યોદય રિસાવા લાગ્યો. મદનસુંદરી શૂળના રોગથી મરણ પામી. શોકે ધનવાહન ઉપર કબજો લીધો. અકલંક પાછા આવ્યા અને સમજાવ્યું. ધનવાનને જરા શાન આવી. શોક ગયો. ધનવાહન માર્ગમાં આવ્યો. તે દ્રવ્ય-ધર્મો કરવા લાગ્યો. મહામોહના પક્ષની નબળી સ્થિતિ જોઈ સાગર મદદે આવ્યો. સાથે બકુલિકા અને કૃપણતા પણ ગયા. મહામોહ રાજી થયો. ધનવાહનના હૈયાને પલટી નાખ્યું. બકુલિકાની સલાહથી બનાવટી વાતો કહી અકલંકને વિહાર કરાવી દીધો. સાગરની સહાયથી પરિગ્રહમાં જોર આવ્યું. દ્રવ્યક્રિયાઓ પણ બંધ થઇ. આવી સ્થિતિ જાણી અકલંક સમજાવવા આવવા તૈયાર થયા. ગુરૂદેવે ના પાડી. તારો પ્રયાસ નિષ્ફળ જશે. એટલે ન ગયા.

એ અનર્થોથી કયારે છૂટશે ? ઉત્તરમાં ગુરૂદેવે જણાવ્યું કે જ્યારે સમ્યગ્દર્શન વિદ્યા કન્યા આપશે અને નિરીહતા કન્યા આપશે ત્યારે છૂટશે, એનો આધાર કર્મપરિણામની મરજી ઉપર રહે છે. અકલંકમુનિ અભ્યાસમાં લાગી ગયા.

હવે મહામોહે ધનવાહન ઉપર જબરો ધસારો કર્યો. મહામૂઢતા, મિથ્યાદર્શન, કુદૃષ્ટિ, રાગકેશરી, દ્વેષગજેન્દ્ર, અવિવેકતા, વિષયાભિલાષ, ભોગતૃષ્ણા, હાસ, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, બધા કષાયો, જ્ઞાનસંવરણાદિ સાતે રાજાઓ વિગેરેએ પોતપોતાની શક્તિનો ધનવાહન ઉપર ઉપયોગ કર્યો. મકરધ્વજે જબરો ધસારો કર્યો. ધનવાહન એના પરિણામે નીચલી પાયરીએ આવી ગયો. હલકા

વર્ણની સ્ત્રીઓને અન્તઃપુરમાં દાખલ કરી. લોકોએ એને છેવટે પદભ્રષ્ટ કર્યો. નીરદવાહનને રાજ્યે બેસાડયો. ધનવાહનને કેદમાં પૂર્યો. મહા-યાતનાઓ ભોગવી સાતમી નરકે ગયો.

ત્યાંથી મત્સ્ય બન્યો, વાઘ થયો, ભીલાડો બન્યો, અનેક ઠેકાણે રખડી સાકેતપુરમાં અમૃતોદર થયો. સુદર્શન ગુરૂના યોગથી સદાગમની પ્રાપ્તિ થઇ. દ્રવ્ય શ્રાવક બન્યો. ત્યાંથી ભુવનપતિમાં દેવ બન્યો. ત્યાંથી બંધુદત્ત વણિકના ઘરે "બન્ધુ" થયો. સુંદર મુનિના સમાગમમાં આવતા દ્રવ્ય સાધુ થયો. વ્યંતર બન્યો. ઘણું રખડયો. આખરે સદાગમના સહવાસથી એની ચિત્તવૃત્તિ સ્વચ્છ બની. એથી સમ્યગ્દર્શન સેનાપતિ આવ્યો.

માનવાવાસના જનમંદિર નગરે આનંદના ત્યાં ધનવાહન વિરોચન તરીકે જન્મ્યો. ધર્મઘોષસૂરિની દેશના સાંભળતાં સદાગમનો યોગ થયો. ભવપ્રપંચની સાધારણ માહિતી મળી. આન્તર મિત્રો અને શત્રુઓની ઓળખાણ થઇ. સમ્યગ્દર્શનનું મિલન થયું. તત્ત્વ શ્રદ્ધા થઇ, પણ એ ઓઘ શ્રદ્ધા હતી. ગૃહિધર્મ સાથે મિત્રતા થઇ પરિણામે મરી સૌધર્મ દેવલોકે ગયો. ત્યાંથી આભીર બન્યો. 'કલ્પ' નામ હતું. ત્યાંથી જ્યોતિષ્કમાં ગયો. વળી દેડકો થયો. કાંપિલ્યપુરે "વાસવ" રાજકુમાર બન્યો. શાતિસૂરિના પરિચયના કારણે ધર્મ-પામ્યો. બીજા દેવલોકે ગયો. કાંચનપુરમાં સદાગમનું પુનર્મિલન થયું. સમ્યગ્દર્શન અને ગૃહિધર્મના યોગમાં ઉન્નતિ થતી. એ વખતે પુણ્યોદયનો સાથ મળતો. એ બધા દૂર થતાં ત્યારે જ્ઞાનસંવરણ વિગેરેનું જોર ચાલતું.

ત્યાંથી સોપારક પુરે વિભૂષણ નામનો વણિક પુત્ર થયો. ત્યાં સમ્યગ્દર્શન અને સદાગમ મલ્યા સાધુવેશ લીધો. ત્યાં મોટાઇ મળતાં બીજાની નિંદા કુથલી કરવા લાગ્યો. તીર્થંકર વિગેરે પૂજ્ય પુરૂષોની પણ નિંદા કરવી છોડતો ન હતો. તેથી એનું પતન થયું.

ઘણો કાળ રખડયો. ભદ્રિલપુરે ઋષિક રાજાના ત્યાં "વિશદ" નામનો પુત્ર થયો. સુપ્રબુદ્ધ મુનિનો સંયોગ મળતાં ગૃહિધર્મ મિત્ર મળ્યો. ત્યાંથી ત્રીજે દેવલોક ગયો. એમ બારે દેવલોકે અને મનુષ્યાદિ ગતિમાં જઇ જઇ ચક્કર લગાવી આવ્યો.

ભવ આઠમો :

"સપ્રમોદ" નગરમાં "મધુવારણ" રાજા અને "સુમાલિની" રાણીના ત્યાં સંસારીજીવ "ગુણધારણ" પુત્ર થયો. રાજાના ભાયત "વિશાલાક્ષ"ને "કુલંધર" નામનો ગુણવાન પુત્ર હતો. ગુણધારણ અને કુલંધરને મૈત્રી થઇ. એક દિવસે બંને "આહ્લાદમંદિર" ઉદ્યાનમાં ફરવા ગયા. ત્યાં બે સ્ત્રીઓ જોઇ. એમાં એક સ્ત્રી રૂપઝરતી યુવતી હતી. ગુણધારણ એને જોતાં જ મોહિત બની ગયો. ઘરે ગયો, પણ આખી રાત એ મોહિનીના વિચારમાં જાગૃત રહ્યો. પ્રમદાના દર્શન માટે વહેલી સવારે મિત્ર સાથે ઉદ્યાનમા આવ્યો. શોધ કરી પણ બીજી બે સ્ત્રીઓ મળી. એક ગઇ કાલવાળી અને બીજી પ્રૌઢ વયની નારી હતી. એ અજ્ઞાત બાઇએ બન્ને મિત્રોને બેસાડી વાત કહેવી ચાલુ કરી.

નવી આવેલી નારીએ વાત ચાલુ કરી કે વૈતાઢ્ય પર્વત ઉપર "ગંધસમૃદ્ધ" નગરનો રાજા "કનકોદર" ચક્રવર્તી છે. એની "કામલતા" રાણી છે. "મદનમંજરી" પુત્રી છે. એણીએ યુવાનીમાં પ્રવેશ કર્યો ત્યારે રાજાએ સ્વયંવર રચ્યો. પણ કોઇ પતિ તરીકે ગમ્યો નહિ. માત–પિતા દિલગીર બન્યા. કેટલાક વિદ્યાધરો રોષ રાખવા લાગ્યા. મંજરી પુરૂષદ્વેષિણી બની.

રાજાને અત્યંત ખેદ થાય છે. એક રાત્રે સ્વપ્નામાં ચાર વ્યક્તિઓ આવ્યા. એમણે કહ્યું કે અમે મંજરીનો વર શોધી રાખ્યો છે. આપ એની ચિંતા ન કરો. વિદ્યાધરોને અમેજ દ્વેષીલા બનાવ્યા

છે. મંજરીને દેશોદેશમાં પર્યટન કરી વર શોધવાની ઇચ્છા થઇ. સખી લવલિકા અને મંજરી પિતાજીની સંમતિ લઈ નિકળી પડ્યા. એ બંને ફરતા ફરતા આહ્લાદમંદિર ઉદ્યાનમાં આવ્યા. ત્યાં કોઇ એક રાજકુમારને જોતાં જ એના ઉપર અત્યંત મોહિત બની ગઇ. લવલીકાને વાત કરી, લવલીકાએ પિતાને જઇ વાત કરી પિતાએ રાણીને કહ્યું તું જલ્દી આહ્લાદમંદિરે જા. રાણી ત્યાં આવી. એક રાત્રી મહામુશીબતે પૂર્ણ કરી. સવારે લવલીકાએ એ બંને કુમારને શોધી કાઢ્યા. ને કામલતા રાણી પાસે લઇ ગઇ. રાણીએ કહ્યું. ગુણધારણ! તમે મારી કન્યાનો સ્વીકાર કરો. કુલંધર દ્વારા એ પ્રસ્તાવ મૂકાવ્યો.

કામલતાની વાતને સ્વીકારવામાં આવી. સર્વે મદનમંજરી પાસે આવ્યા. ગુણધારણને જોતાં મંજરીના હૈયામાં આનંદ સમાતો ન હતો. એ વખતે કનકોદર રાજા ત્યાં આવી ગયા. એમને પણ આનંદ થયો. એટલામાં "ચટુલ" દૂત આવી રાજાના કાનમાં કાંઇક કહી ચાલ્યો ગયો. સંક્ષિપ્ત વિધિએ તરત લગ્ન કરી દેવામાં આવ્યા. એવામાં ગુસ્સે થએલા વિદ્યાધરો યુદ્ધ માટે આવ્યા. કનકોદરે વીરગર્જના કરી. બંને પક્ષ લડવા તૈયાર થયા. ગુણધારણને પોતાના નિમિત્તે યુદ્ધ થતું જોઈ દીલગીરી થઇ. કોઇએ બન્ને સૈન્યને થંભાવી દીધા. વિરોધી સૈનિકો ગુણધારણનું રૂપ અને સત્વ જોઇ પોતાની ભૂલ સમજ્યા. ક્ષમાયાચનાનો ભાવ થયો. બન્ને સૈન્યની મુક્તિ થઇ. ગુણધારણના પિતા ત્યાં આવી પહોંચ્યા. બધાને આનંદ થયો. "જયકુંજર" ગજરાજ ઉપર મધુવારણ અને ગુણધારણ બેઠા. સન્માન પૂર્વક નગર પ્રવેશ કર્યો. ગુણધારણ અને મદનમંજરી અપૂર્વ સુખ ભોગવવા લાગ્યા.

બીજે દિવસે ગુણધારણે કુલંધરને જણાવ્યું કે મેં રાત્રે સ્વપ્નમાં પાંચ વ્યક્તિઓ જોયા હતા. એ મને મદદ કરે છે એમ સ્વપ્નમાં કહી ગયા. ગુણધારણ એનો ભાવ સમજી ના શક્યો. પોતાને પાંચ

વ્યક્તિઓ અને સસરાને ચાર આવેલ આ બધા કોણ ? જ્ઞાની મિલન થયે પૂછીશું એવો નિર્ણય કર્યો.

પત્ની અને મિત્ર સાથે ગુણધારણ આહ્લાદમંદિરે ફરવા જતાં કંદમુનિનો પરિચય થયો. દેશના સાંભળી સદ્‌આગમ અને સમ્યગ્‌દર્શન સાથે મૈત્રી થઇ. ચિત્તવૃત્તિમાં મોહરાજાના ત્યાં ખળભળાટ થયો ચારિત્રધર્મરાજ ગૃહિધર્મને મોકલ્યો. સદ્‌ગુણસારતા પત્ની સાથે ગઇ. દેશના પછી ગુણધારણે ગૃહિધર્મનો સ્વીકાર કર્યો. સ્વપ્નફળ કંદમુનિને પૂછ્યું. મુનિએ નિર્મંસૂરિજી ને એ વાત પૂછવા જણાવ્યું. કંદમુનિએ વિહાર કર્યો. કાળક્રમે મધુરાજા સ્વર્ગવાસી બન્યા. ગુણધારણ રાજવી બન્યો. નિરાસક્તભાવે રાજ્ય કર્યું. ગૃહિધર્મની સુંદર આરાધના કરી.

એક દિવસે "કલ્યાણ" સેવકે આહ્લાદમંદિર ઉદ્યાનમાં નિર્મળસૂરિ કેવળી પધાર્યાની વધાઈ આપી, તેથી ગુણધારણ પરિવાર સાથે વંદના કરવા ગયા. દેશના સાંભળી. કંદમુનિએ ગુણધારણના સ્વપ્નનો ખુલાસો પૂછ્યો. પૂ૦ નિર્મળસૂરિજી એ કહ્યું કે કનકોદર રાજાને સ્વપ્નમાં કર્મ-પરિણામ, કાળપરિણતિ, સ્વભાવ અને ભવિતવ્યતા હતા અને ગુણ-ધારણને એ ચાર ઉપરાંત પુણ્યોદય સ્વપ્નમાં આવેલ. ગુણધારણને સુખદેનારા આ પાંચ અંતરંગ મનુષ્યો છે. ગુરુદેવે આ પ્રસંગે પૂર્વ ભવોમાં પુણ્યોદયના પ્રતાપે જે સંસારીજીવે સુખો અનુભવેલા તે વર્ણવી બતાવ્યા. મોહરાજ અને ચારિત્રરાજનું સ્વરૂપ જણાવ્યું.

ગુણધારણ ! તું જે સુખો ભોગવી રહ્યો છે. તે તુચ્છ છે. પણ તું જ્યારે શાંતિ, દયા, મૃદુતા, સત્યતા, ઋજુતા, અચોરતા, બ્રહ્મ-રતિ, મુક્તતા, માનસી વિદ્યા અને નિરીહતા કન્યાઓ સાથે લગ્ન કરીશ ત્યારે તને અપૂર્વ સુખ મળશે. તું છ માસ નિર્મળ અંતરથી સત્ત્વગુણોને કેળવ જેથી કર્મપરિણામ પ્રસન્ન બની એ કન્યાઓ તને આપશે. ઉતાવળ ન કર.

ગુણસાધનામાં કેટલા દિવસો ગયા. એક રાત્રે અપૂર્વ ભાવનામાં ગુણધારણને નિદ્રા આવી ત્યાં સધદૃગ્બોધમંત્રી "વિદ્યા"ને લઈ હાજર થયા. લગ્ન વિધિ પણ થઈ ગઇ. પ્રાતઃકાળે શ્રી નિર્મળાચાર્યને વાત જણાવી. બીજી તરફ મોહરાજાની સભામાં ભારે ખળભળાટ થઇ ગયો. વિષયાભિલાષની સલાહથી જ્ઞાનસંવરણ રાજાને પાનો ચઢ્યો અને લડવા નિકળી પડ્યા. પુણ્યોદયના પ્રતાપે ગુણધારણ ભાવનામાં આગળ વધ્યો. પાપોદયનું સૈન્ય નરમ પડ્યું. નિર્મળાચાર્યે સાવધ રહેવા જણાવ્યું અને પોતે અન્યત્ર વિહાર કર્યો.

નિર્મળાચાર્યના વિહાર પછી ગુણવિકાશ વધતો ગયો. ધર્મ અને શુકલ તેમજ પીતા, પદ્મા, શુકલા સ્ત્રીઓ સાથે સુસંબંધ થયો. કર્મપરિણામે પ્રસન્ન બની નવ કન્યાઓ આપવાનું નક્કી કર્યું. જૈનપુરમાં આવવાનું આમંત્રણ આપ્યું. લગ્નદિન નક્કી થયો.

આ વાતથી મોહરાજાના સૈન્યમાં ખળભળાટ થયો. વિષયાભિલાષે સંતાઇ રહેવાની સલાહ આપી. ભવિતવ્યતાએ પણ એજ કહ્યું. ગુણધારણ ચિત્ત સમાધાન મંડપમાં ગયો. પોતાનું સૈન્ય જોયું. મોહરાજાના સ્થળો ભાંગી ભાંગીને સાફ કર્યા. બીજે દિવસે નવ કન્યાઓ સાથે લગ્ન થયા. ધૃતિ, શ્રદ્ધા, મેધા, મૈત્રી, મુદિતા વિગેરે બીજી કન્યાઓ સાથે પણ લગ્ન થયા. ગુણધારણને આનંદ થયો. ત્યાં નિર્મળસૂરિજીનું આગમન થયું. ગુણધારણે દીક્ષા લીધી. સુંદર ચારિત્ર પાળ્યું. કાળ કરી પ્રથમ ગ્રૈવયેકે ગયા. ત્યાંથી સિંહપુરે ગંગાધર બન્યા. દીક્ષા લઇ બીજે ગ્રૈવયેકે ગયા. અનુક્રમે મનુષ્ય થઇ પાંચે ગ્રૈવયેકે જઈ આવ્યા.

સંસારીજીવ ધાતકીખંડના ભરતના શંખનગરમાં "સિંહ" નામે મનુષ્ય થયો. બાળવયમાં દીક્ષા લઇ ચૌદપૂર્વી બન્યો. પાપોદય વિગેરેએ હલ્લો બોલાવ્યો. જ્ઞાનસંવરણ, મિથ્યાદર્શન, શૈલરાજ અને ગૌરવો પણ આવી ચઢ્યા. પાપોદયે વ્યુહરચના જબરી કરી. સિંહા-

ચાર્યને જ્ઞાનનું અભિમાન થયું. એશઆરામ તરફ ઢળ્યા. પ્રમાદી બન્યા. અધઃપતન થયું. કૃષ્ણાદિ લેસ્યાઓ વળગી. ભવિતવ્યતાએ એકાક્ષનિવાસ નગરમાં ધકેલી દીધા. સંસારની તમામ અવસ્થાઓમાં ભટકવું ચાલુ થયું. અનંતકાળ રખડયા.

ધીરે ધીરે ઉન્નતિ ચાલુ થઇ. નવમા ગ્રૈવેયકેથી સંસારીજીવ મનુજગતિના મહાવિદેહના સુકચ્છ વિજયના ક્ષેમપુરી નગરીના યુગંધર રાજા અને નલિની રાણીનો પુત્ર બન્યો. "અનુસુંદર" એનું નામ રાખ્યું. યૌવનવયમાં એ ચક્રવર્તી બન્યો. ચોર્યાશી લાખ પૂર્વ રાજ્ય ભોગવ્યું. દેશ જોવા નિકળેલા તેઓ શંખપુર નગરમાં આવી ચડયા. પોતાના સૈન્યને પાછળ રાખી ચિત્તરમ ઉદ્યાનમાં આવ્યા.

સંસારીજીવે આગળ ચાલતા જણાવ્યું કે કંદમુનિ તે "મહાભદ્રા" છે. એ ભીમરથ રાજા અને સુભદ્રાની પુત્રી છે. "સમંતભદ્ર" એના ભાઇ છે. સમંતભદ્રે "સુઘોષ" આચાર્ય પાસે દીક્ષા લીધી. એ કાળક્રમે આચાર્ય બન્યા. મહાભદ્રાને દિવાકર સાથે પરણાવી પણ તુરતમાં એ વિધવા બની. પછી મહાભદ્રાએ સમન્તભદ્ર પાસે દીક્ષા લીધી.અનુક્રમે પ્રવર્તિની બન્યા.

મહાભદ્રા વિચરતા વિચરતા રત્નપુરે આવ્યા. મગધસેન રાજા અને સુમંગલા રાણી હતા. ગુણધારગુની પત્ની મદનમંજરી સંસારમાં ભમતી ભમતી આમની પુત્રી બની. સુલલિતા નામ પડયું. યુવાનીમાં પુરૂષદ્વેષિણી થઇ. એને મહાભદ્રા તરફ અનુરાગ થયો. માત-પિતાની અનુમતિ લઇ મહાભદ્રાની સેવામાં રહી. એ મહાભદ્રા સાથે વિચરતા શંખપુરે આવી.

શંખપુરમા શ્રીગર્ભ ૨ જા અને કમલિની રાણી હતા. કમલિની મહાભદ્રાના માસી થતાં હતા, એમને ઘણા કાળે પુત્ર થયો. પુંડરીક એનું નામ રાખ્યું. ભેળી સુલલિતા ફરતી ફરતી સમંત-

ભદ્ર કેવળી પાસે આવી. સાંભળ્યું કે પુંડરીક કર્મપરિણામ અને કાળ પરિણતિનો પુત્ર થાય છે. આથી શંસય થયો. પછી મહાભદ્રાએ સમન્તભદ્રનો પરિચય કરાવ્યો, પુંડરીકની યોગ્ય દેખરેખ રાખવાનું જણાવી સમંતભદ્રે વિહાર કર્યો. પુંડરીકને મહાભદ્રા ઉપર પ્રેમ થયો. ફરી સમંતભદ્ર ચિતરમ ઉદ્યાનમાં આવ્યા. પુંડરીકે એમના દર્શન કર્યા. એમની પાસે રહેવાનું મન થતાં ભણવા સોપ્યા. સદાગમ એનું નામ હતું. પુંડરીકે આગમનો અભ્યાસ કર્યો.

એક વખતે સમન્તભદ્ર ઉપદેશ આપતા હતા અને મહાભદ્રા, સુલલિતા અને પુંડરીક સાંભળતા હતા. એટલામાં બહાર કોલાહલ સંભળાયો, સમંતભદ્રજી એ વખતે બોલ્યા કે સંસારીજીવ મુદ્દામાલ સાથે પકડાણો છે. દુષ્ટાશય વિગેરે એને ફાંસી આપવા લઈ જઈ રહ્યા છે. પાપિપંજરમાં લઈ જવાશે. મહાભદ્રા ચક્રવર્તી પાસે ગઈ એ ચોરના રૂપમાં હતા. એ સમન્તભદ્રજી પાસે મહાભદ્રાના કહેવાથી આવ્યા. રાજપુરૂષો ગભરાઈને બહાર રહી ગયા. સમંતભદ્રજીના કહેવાથી ચક્રવર્તીએ સંસારીજીવ તરીકેનું પોતાનું વીતક ભર્યું કથાનક કહી સંભળાવ્યું.

સુલલિતા વાર્તાના રહસ્યને સમજી શકી નહિ પણ એને વાર્તા સાંભળવામાં રસ ખૂબ પડયો. પુંડરીકે ચારિત્રધર્મનો વિજય અને મોહરાજાની હાર કેવી રીતે થાય છે એ સમજાવ્યું. ચક્રી ચોર રૂપ તજી મૂળ સ્વરૂપે આવી ગયા. એણે પોતાના પુત્રને રાજગાદીએ બેસાડયો. ત્યાં શ્રીગર્ભરાજા પરિવાર સાથે આવી હોંચ્યા. ચક્રીને દીક્ષા લેતા જોઈ સુલલિતાને આશ્ચર્ય થતું હતું. અનુસુંદરે ભવપ્રપંચ દુઃખમાં ફરી કહ્યો. અને જણાવ્યું કે આટલું સમજાવવા છતાં તું કેમ સમજતી નથી ? મોહમાં ન પડવા આગ્રહ કર્યો.

પુંડરીકને વાત સાંભળતાં મૂર્ચ્છા આવી. જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતે જ કુલંધર હતો. એમ જાણ્યું. અને દીક્ષા માટે માબાપ પાસે રજા માગી. માત પિતા પણ દીક્ષા લેવા તૈયાર થઈ ગયા.

પુંડરીકને વૈરાગ્ય થયો અને પોતાને હજુ ન થયો જાણી સુલલિતાને દુઃખ થયું. આખરે એને પણ જ્ઞાન થયું. અને એના માત પિતા ત્યાં આવી ગયા. એણે રજા માગી. માતા રડી પડી પણ પિતાએ સમજાવતા રજા આપી. માત-પિતા અને સુલલિતા દીક્ષા લેવા તૈયાર થયા. સાતે જણાએ દીક્ષા સ્વીકારી એજ રાત્રે અનુસુંદર ધ્યાનસ્થ બન્યા. કાળ કરી સર્વાર્થ સિદ્ધે ગયા.

અનુસુંદરના દેહવિલયથી સુલલિતાને ઘણું દુઃખ થયું. સમન્ત-ભદ્રજીએ ઉપદેશથી શોક દૂર કર્યો. એ મહાત્મા દેવાયુ પૂર્ણ કરી "અમૃતસાર" થશે. દીક્ષા લઇ કર્મો ખપાવી મુક્તિએ જશે. ભવિતવ્યતાનો સંબંધ પૂર્ણ થશે. અનંત આનંદનો ભોકતા થશે.

સુલલિતાએ તપ જપ કરી આરાધના દ્વારા કર્મો ભસ્મ કરી નાખ્યા. પુંડરીક ગીતાર્થ બન્યા. ગુરૂદેવને આગમનો સાર પૂછતાં ધ્યાનયોગ જણાવ્યો. એમાં અનેક પ્રશ્નોત્તર થયાં. એમાં એક દિવ્યજ્ઞાની સુવૈદ્યની વાર્તા જણાવી.

જૈન દર્શનની વિશાલતા જાણ્યા પછી પુંડરીક સમર્થ જ્ઞાની બન્યા. સમન્તભદ્રાચાર્યે વિધિપૂર્વક પોતાની પાટે સ્થાપ્યા. ત્યાર પછી સમન્તભદ્રજીનો મોક્ષ થયો. છેવટે પુંડરીક આચાર્યે પોતાની પાટે ધનેશ્વરમુનિને બેસાડયા. પોતે અણુસણ કરી મોક્ષે પધાર્યા. મહાભદ્રા અને સુલલિતા પણ મોક્ષે ગયા. શ્રીગર્ભ વગેરે સુગતિ પામ્યા.

આ કથાનક સૌના જીવનમાં ઓછા વત્તા અંશે ઘટે છે. સુમતિ જેવા લઘુકર્મી આત્માઓ જલ્દી સમજે છે. અગૃહીતસંકેતા જેવાને બોધ થતાં વાર લાગે છે. આપણે કર્મોથી ચેતવા જેવું છે અને આત્મશ્રેય સાધવું ઘટે. અન્તે ગ્રન્થકાર અને અવતરણકારની સંક્ષિપ્ત ગુરૂપરંપરા છે. આ ગ્રંથ દ્વારા ભવ્યાત્માઓને ભવભીરૂતા પ્રગટે એજ અંતરની અભીપ્સા.

શ્રી
ઉપમિતિ ભવપ્રપંચ કથા–
સારોદ્ધાર

★

પ્રસ્તાવ–ષષ્ઠ

★

ગુજરાતી અવતરણ

.... છઠ્ઠા પ્રસ્તાવના પાત્રો. ....

આનંદપુર–બહિરંગ નગર.

કેશરી–આનંદપુરના રાજા.

જયસુંદરી–કેશરી રાજાની રાણી.

કલસુંદરી–કેશરી રાજાની રાણી, પુત્રને બચાવવા ભાગી ગયેલી તે.

હરિશેખર–આનંદપુરનો શેઠ.

બંધુમતી=હરિશેખરની પત્ની.

❁ ❁ ❁

રત્નદ્વીપ– એક દ્વીપ.

હરિકુમાર–આનંદપુરના કેશરી રાજાનો કલસુંદરીથી થએલો પુત્ર.

નીલકંઠ–રત્નદ્વીપનો રાજા, હરિકુમારના મામા.

શિખારણી–નીલકંઠ રાજાની રાણી.

મયૂરમંજરી–નીલકંઠ રાજાની પુત્રી.

વસુમતી–કલસુંદરીની વિશ્વાસુ દાસી.

❁ ❁ ❁

ધનશેખર–હરિશેખરનો પુત્ર, સંસારી જીવ.

પુણ્યોદય–ધનશેખરનો મિત્ર, અંતરંગ.

સાગર-ધનશેખરનો મિત્ર અંતરંગ.

જયપુર–બહિરંગ નગર.

બકુલ–જયપુરનો શેઠ.

ભોગિની–અકુલની પત્ની.

કમલિની–અકુલની પુત્રી અને ધનશેખરની પત્ની.



ધરણ–સાર્થવાહ, વસુમતીને રત્નદ્વીપે લાવનાર.

બંધુલા–હરિકુમાર અને મયૂરમંજરીનો પ્રેમસંબંધ બાંધી આપતી તાપસી.

સુબુદ્ધિ–નીલકંઠ રાજાનો મંત્રી.

યૌવન–ધનશેખરનો મિત્ર.

મૈથુન–ધનશેખરનો મિત્ર.



શુભ્રચિત્ત–નગર (અંતરંગ).

સદાશય–શુભ્રચિત્તનો રાજા.

વરેણ્યતા–સદાશયના પત્ની.

બ્રહ્મરતિ–સદાશયની પુત્રી.

મુક્તતા–સદાશયની પુત્રી.



મનુજગતિ–નગરી અંતરંગ.

કર્મપરિણામ–મનુજગતિના રાજા.

કાલપરિણતિ–કર્મપરિણામની પત્ની.

સિદ્ધાંત–મહાત્મા પુરૂષ.

અપ્રબુદ્ધ–સિદ્ધાંતનો શિષ્ય.

ઔદાસિન્ય–નિર્વૃત્તિનો રાજમાર્ગ.

અધ્યવસાય–ચિત્તવૃત્તિનું સરોવર.

ધારણા–મહાનદી.

ધર્મધ્યાન–પગદંડી.

સબીજયોગ–મોટો માર્ગ.

શુકલધ્યાન–પગદંડી.

નીર્બીજયોગ–મહામાર્ગ.

નિકૃષ્ટ
અધમ
વિમધ્યમ
મધ્યમ
ઉત્તમ
વરિષ્ઠ
} કર્મપરિણામના પુત્રો, એક એક વર્ષ રાજ્ય ભોગવનારા.

કેવલીસમુદ્‌ઘાત–મહાપ્રયત્ન.

શૈલેશી–અંતિમ મહામાર્ગ.

નિર્વૃત્તિ–અંતિમ મહાનગરી.

સમતા–યોગનાલિકા.

અભ્યાસ–ઉત્તમકુમારનો અનુચર.

વૈરાગ્ય–ચારિત્રરાજનો અનુચર.

મૈત્રી
મુદિતા
કરુણા
માધ્યસ્થતા
} ચાર મહા દેવીઓ.

શાર્દૂલ–હરિકુમારનો મિત્ર.

પ્રકરણ પહેલું

ધનશેખર

આનંદપુર અને એના અધિપતિ :

આ મનુષ્યલોકમાં આનંદના ધામ જેવું આનંદપુર નામનું વિશાળ નગર હતું. દેવલોકની અમરાવતી કરતાં ચડીયાતું હતું. જો મનુષ્યોની આંખો પલકારા ન મારતી હોય તો આ નગરીને જ અમરાવતી માનવા લલચામણ થઇ જાત.

આનંદ, ઉલ્લાસ, વિલાસ, લાવણ્ય, તેજ અને મદભરી સૌરભથી ખરેખર સૌને આ નગર આનંદ આપતું હતું તેથી સાર્થક નામ આનંદપુર હતું.

આનંદપુરના આવાસોમાં જળહળતા મણિ–માણેક મોતી જડવામાં આવેલા અને એ મણિ–માણેક મોતીના ચળકતા પ્રકાશમાં રાત્રે પણ અંધકાર ફરકી શકતો ન હતો. મણિ–માણેકની દીપમાળોની જ્યોતિ સદાય ઝગમગતી રહેતી.

આનંદપુરના અધિપતિ શ્રી "કેશરી" મહારાજા હતા. દુર્દાન્ત શત્રુરૂપી હાથીઓના ગંડસ્થલ ભેદી નાખવામાં સિંહ

સમાન અને સ્થિર પરાક્રમી હતા. મેરૂ પર્વતની જેમ પ્રકટ ઉદયવાળો હતો.

દેવોએ મેરૂ દ્વારા સમુદ્રમંથન કરીને લક્ષ્મી પ્રાપ્તિ કરી હતી એમ આ મહારાજાએ સાગર જેવા વિશાળ શત્રુસૈન્યને મથી રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરી હતી.

રૂપ અને સૌંદર્યથી અમર સુંદરીઓને નિસ્તેજ બનાવતી, ગુણોથી સતીઓની હરોળમાં આવતી. પતિદેવના મનમંદિરમાં વિનયથી સ્થાન મેળવતી શ્રી "જયસુંદરી" નામે એમના મહારાણી હતા.

હરિશેખરના ત્યાં ધનશેખર :

આ નગરમાં હરિશેખર નામના એક શ્રેષ્ઠી હતા. મુસાફરી કરતા મુસાફરોને વૃક્ષ પોતાની શીતળ છાયા આપે, તેમ આ હરિશેખર દુઃખી મનુષ્યોને દાન-સહાય આપી મનને શાંતિ આપતા હતા. ઉદારતા દાક્ષિણ્યતા આદિ વિશિષ્ટ ગુણોને કારણે એ રાજમાન્ય બની ગયા હતા.

હરિશેખરને બંધુમતી નામની પત્ની હતી. એનો આત્મા શીયલ, વિનય, કરુણા, અનુકંપાના રત્નજડિત આભૂષણોથી સુશોભિત હતો. એ પતિ માટે સ્નેહમૂર્તિ સમી આદર્શ હતી.

અગૃહીતસંકેતા ! મારી સ્ત્રી ભવિતવ્યતાએ મને નવીન ગૂટિકા આપી. તે ગૂટિકાના પ્રભાવે હું બંધુમતીની કુક્ષીમાં દાખલ થયો.

મેઘ વર્ષાથી ધરતીમાં અંકુરા ખીલી ઉઠે તેમ પૂર્ણ સમય

થયો ત્યારે બંધુમતીથી મારો જન્મ થયો અને મારા જન્મ સાથે જ બે મિત્રોનો પણ જન્મ થયો.

મારા જન્મથી માતાના મનોરથો ફળ્યા, પિતાજીને ઘણી પ્રસન્નતા થઇ, એ માટેનો ઉત્સવ પણ કરવામાં આવ્યો. વધામણાં અને ગળ્યા મોઢાં કરાવવામાં આવ્યા. માતાપિતા અને જ્ઞાતિએ મળી "ધનશેખર" મારૂં નામ રાખ્યું. મારા મિત્રોના "સાગર" અને "પુણ્યોદય" નામ હતાં.

યૌવનના તરંગો :

અમારા પાલન-પોષણની સુચારુ વ્યવસ્થા હતી. અમો બીજની શશીકળાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. પિતાજીએ શાળાએ અધ્યયન માટે બેસાડ્યા. ધર્મકળા વિનાની પુરૂષોની બહોંતેર કળા મેં હસ્તગત કરી લીધી.

યૌવનના આંગણાંમાં મારો પ્રવેશ થયો. સમર્થ મિત્ર સાગર દ્વારા મારા અંતર ગગનમાં ક્ષણે ક્ષણે વિચાર તરંગો હિંડોલે ચડવા લાગ્યા. મન ઉદધિમાં વિચારોની તરંગાવલી અફળાવા લાગી. મને થયું કે—

વિશ્વમાં સર્વ રીતે સુંદર અને પ્રાપ્ત કરવા યોગ્ય હોય તો તે માત્ર ધન છે. દેવો અને માનવો એ માટે તલપાપડ થતાં હોય છે. ધન સર્વ આપત્તિઓમાંથી અને રોગોમાંથી બચાવનારી ઉત્તમ વસ્તુ છે. વિશ્વના સુખો ધન દ્વારા શીઘ્ર મેળવી શકાય છે. બધી વસ્તુ કરતાં ધન ઉત્તમોતમ પદાર્થ છે.

સર્વ સુખનું સાધન માત્ર ધન છે. વિશ્વમાં એવો એકે પદાર્થ નથી કે મનુષ્ય ધન દ્વારા મેળવી ના શકે. એટલે સર્વ પ્રયત્નો કરીને ધનોપાર્જન કરવું જોઇએ. ધનના ભંડાર ભરપૂર ભરવા જોઇએ.

જો કે બાપદાદાના વારસાથી આવેલું ધન મારી પાસે સારા પ્રમાણમાં છે, છતાં એ લક્ષ્મી કરતાં વધુ લક્ષ્મી મેળવવી જોઇએ. એમાંજ સંતોષ માની પુરૂષાર્થહીન થવું સારૂં ન ગણાય.

જનનીના સ્તનનું દૂધપાન કરવું એ તો ધાવણાં બાળકોને જ શોભે, એમ બાપ દાદાઈ લક્ષ્મી બાળવયમાં જ ભોગવવી યોગ્ય ગણાય પણ ઓજસ્વી યુવાનીથી ઝનગનતા યુવકને એ ભોગવવી યોગ્ય નથી.

બાપદાદાની મિલકત કમાય નહિ અને ઉપભોગ કરે રાખે તો કેટલો કાળ ચાલે ? સમુદ્રમાં નદીઓના પાણી આવતાં બંધ થાય અને બીજી તરફ એનું પાણી ઉલેચવાની ક્રિયા શરૂ થાય તો સમુદ્ર પણ સુકાઇને ખાડો દેખાય. એમ વણકમાતા દ્રવ્ય માટે સમજવું જોઇએ સાત પેઢી જેટલું દ્રવ્ય હોય તોય ક્ષીણ થાય.

વધુ ધનોપાર્જકની આકાંક્ષા રાખનાર જ્યાં પોતે રહેતો હોય ત્યાં પૂર્ણ ન કરી શકે, ધનવાન્ બનવાની ઇચ્છાવાળાએ પરદેશોની મુસાફરી અને સાહસ ખેડવા પડે. હું પણ દેશાવરે જાઉં.

વળી કરીયાણા, સહાય, લક્ષ્મી, સગવડતા અને લાગવગથી સ્ત્રીઓ પણ ધનોપાર્જન કરી શકે છે, તો એ સાધનોથી

પુરૂષો પુરૂષાર્થ કરે એમાં શું આશ્ચર્ય ? પુરૂષો વધુ પ્રમાણમાં ધનોપાર્જન કરી શકે.

મારે એ પરિપાટીમાં નવીનતા સ્થાપવી જોઇએ. વગર કરીઆણે, વગર સહાયે અને વગર મૂડીએ દેશાંતરોમાં જઇ અનર્ગલ સંપત્તિ પ્રાપ્ત કરવી જોઇએ. તો જ હું વિશિષ્ટ સાહસવીર અને પરાક્રમી તરીકે ખ્યાતનામ બનું.

મારે માત્ર વિચારો કરીને સંતોષ નથી માનવો. જ્યાં સુધી રત્નોના ઢગલાઓથી મારૂં ઘર છલકતું ન થાય ત્યાં સુધી મારે આરામ હરામ છે. સુખે બેસી ખાવું પીવું હરામ છે. રત્નોથી ઘર ભરૂં પછી જ આરામ મને મળો.

ધનોપાર્જન માટે ગમન :

ધન ઉપાર્જન કરવાનો નિર્ણય કરી હું પૂજ્ય પિતાજી પાસે અનુમતિ મેળવવા ગયો. પિતાજીને મેં મારી ઇચ્છા જણાવી. પિતાજીએ મને કહ્યું વત્સ ! આપણાં ત્યાં ધનની કમીના નથી, તારો વિરહ મને પાલવે તેમ નથી. એમ જણાવી એમનાં આંખમાંથી આંસુઓ ટપકવા લાગ્યા.

મેં પિતાજીને નમ્રતાથી વાત કરી અને મારા જેવા સાહસવીરે આવી બાપકમાઈની મૂડી ઉપર તાગડધીન્ના કરવા શોભે નહિ. મને તો હવે આપની મૂડી વાપરતાં શરમ આવે છે, આપ આશીર્વાદ આપો.

મહામુશ્કેલીથી પિતાજીએ અનુમતિ આપી. એ પછી હું માતાજી પાસે ગયો. માતાજી તો મારી વાત સાંભળતાં જ

દડ દડ આંસુઓ પાડવા લાગ્યા. બેટા ! તારા વગર હું જીવી શકું નહિ. અહીં કયાં ખોટ છે ? એ છતાં તારે ધન મેળવવું હોય તો આ નગરમાં ધંધો–વણિજ કર.

માતાજીને પણ મહામહેનતે સમજાવી અનુમતિ મેળવી. પહેરેલા બે વસ્ત્રો લઈ હું ધનની શોધમાં નિકળી ગયો. સાથે પાથેય કે પૈસા કાંઇ ન લીધા.

ધન મેળવવાનો ઉપાય ?

મેં પ્રયાણ આદર્યું ત્યારે મારી સાથે મારા અંતરંગ બે મિત્રો હતા. સાગર અને પુણ્યોદય.

મારૂં પ્રયાણ દક્ષિણ દિશા તરફ હતું. સમુદ્ર કિનારે આવેલા "જયપુર" નગરના બહારના વનમાં એક વૃક્ષની નીચે આરામ માટે બેઠો. મારે ધન મેળવવા કયા ઉપાયો લેવા જોઇએ એની વિચારણા કરવા લાગ્યો. આ વિચારણામાં સાગરનો જ મુખ્ય ભાગ હતો. હું એના આશ્રિત જેવો હતો.

ધન પ્રાપ્તિ માટે મારે વિશાળ પાયે વેપાર કરવા ? કે રાજ્યાશ્રય લઈ એમની સેવા કરવી ? સમુદ્રમાંથી રત્નો ઝવેરાત શોધવા કે રોહણાચલ પર્વતનું ખોદકામ કરાવવું ? લક્ષ્મી દેવતા કે અન્ય દેવતાની આરાધના કરૂં કે પછી ધાતુવાદનો પ્રયોગ કરૂં ? કઈ રીતે, કયા કાર્યથી મને ધન મળશે ? આ જાતના વિચારમાં હું મગ્ન હતો.

વિચાર કરી રહ્યો હતો ત્યાં સામે રહેલા કેશુડાના વૃક્ષ ઉપર નજર ગઈ. એ કેસુડાના વૃક્ષમાંથી એક અંકુરો નિકળી

જમીનને સ્પર્શ કરતો હતો. આ દૃશ્ય જોતાં મને નવા શીખેલા "ખન્યવાદ" શાસ્ત્રની સ્મૃતિઓ તાજી થઇ.

ખન્યવાદ શાસ્ત્રની સ્મૃતિ થતાં હું આનંદમાં આવી ગયેા. જરૂર આ સ્થળે નિધાન દટાએલું હોવું જ જોઇએ. એ વિના કેશુડાના ઝાડનેા અંકુરેા જમીનને સ્પર્શી ન શકે અને આ ખન્યવાદ શાસ્ત્રનેા નિયમ છે. માટે આ સ્થળે ખોદકામ કરીને ધન મેળવું.

મિત્ર સાગરની આજ્ઞાથી તરત જ ખોદકામ ચાલુ કર્યું. કાર્યની શરૂઆતમાં મેં "नमो धरणेन्द्राय, नमो धनदाय, नमः क्षेत्रपालाय" વિગેરે પાઠેાનેા જાપ અને આહ્વાન કરેલ. વિધિપૂર્વક ખોદતાં ત્યાં હજાર સુવર્ણ મુદ્રિકાથી ભરેલું તામ્રપાત્ર મલી આવ્યું. મારી ખુશીનેા સુમાર રહ્યો નહિ.

જયપુરમાં પ્રવેશ અને લગ્ન :

પુણ્યના પ્રભાવથી પ્રાપ્ત થએલ હજાર સુવર્ણ મહેાર લઇને હું જયપુર નગરમાં દાખલ થયેા. મેાટા બજારમાં પ્રવેશ કર્યો ત્યારે પુણ્યેાદયની પ્રેરણાથી બકુલ ધનપતિએ મને માનભેર બેાલાવ્યેા અને પેાતાના આવાસે લઈ ગયા. એમેા મારા ઉપર ઘણેા જ સ્નેહ બતાવવા લાગ્યા.

એમના પત્ની શ્રી ભેાગિનીએ મને જાતે સ્નાન કરાવ્યું. સુંદર ચિનાંશુ વસ્ત્રેા પહેરાવ્યા અને વહાલ પૂર્વક વિવિધ પકૂવાન્નેા સહિત ભેાજન કરાવ્યું.

ભેાજનથી નિવૃત્ત થયા પછી અમેા આરામ કરવા વિરામાસન ઉપર બેઠા. વાર્તાલાપ ચાલ્યેા એમાં ધનપતિ બકુલે

મને નમ્રતા અને પ્રેમ પૂર્વક પૂછ્યું કે આપનું ગામ, નામ, વિગેરે કહેશો ?

ધનપતિની નિખાલસ રીતભાતથી મેં સાચા ઉત્તરો આપ્યા. મારૂં કુળ, ગોત્ર, સ્થિતિ વિગેરે સાંભળી ધનપતિએ વિચાર કર્યો કે આ ધનશેખર મારા પુત્રીરત્ન માટે સુયોગ્ય છે. સુયોગ્ય જામાતા પ્રાપ્ત થવાની આકાંક્ષાથી એઓ આનંદિત બની ગયા.

તરત જ પોતાની પુત્રી કમલિની સાથે મારા લગ્ન કરાવી દીધાં. કમલિનીનું રૂપ કામદેવના પત્ની શ્રી રતિદેવીના રૂપને તિરસ્કાર કરે એવું હતું. રતિદેવીનું રૂપ ચોરાઈને કમલિનીના શરીરમાં આવી વસી ગયું જણાતું હતું.

લગ્ન પછી ધનપતિ શ્રી બકુલે મને કહ્યું, વત્સ ! આ મારૂં ભુવન તારૂં જ છે, સંપત્તિ પણ તારી જ છે. મારી પુત્રી કમલિનીના સાથે આનંદપૂર્વક સ્વૈચ્છિક સુખો અહીંજ વિલસો. કોઈ પ્રકારની ચિંતા કરવાની નથી.

ધનલોભનો ઉછાળો :

મેં કહ્યું સસરાજી ! આપની વાત ઘણી સારી છે, પરંતુ જ્યાં સુધી હું ભુજાબળથી રત્નના ઢગલાઓ ઉપાર્જન ન કરૂં, ત્યાં સુધી ભોગવિલાસને હું વિડંબના માનું છું. એ એક મહા વિપત્તિ છે. કૃપા કરીને આપે મને વિલાસવૃત્તિઓને ઉત્તેજિત કરનારી આજ્ઞા ન આપવી.

આપ મને કોઈ સારો સથવારો ગોતી આપો એની સાથે હું રત્નદ્વીપ જાઉં અને રત્નના ઢગલાઓ એકઠા કરી પાછો અહીં આવું. મને પુરૂષાર્થ કરવા દો.

બકુલ ધનપતિએ કહ્યું, વત્સ ! તારે માત્ર ધન મેળવવું હોય તો મારી વાત ધ્યાનમાં લે, અગણિત આપત્તિઓના ભંડાર સમા સાગરની મુસાફરીની વાત જવાદે. હું તને જોઈતા પ્રમાણમાં ધન આપું, તે લઈ આ જયપુર નગરમાં જ વેપાર કર અને ધન મેળવ. તારી મનોકામના પૂરી કર.

મેં કહ્યું, પૂજ્યશ્રી ! આપની સમુદ્ર ખેડવા માટે ના છે અને અહીંજ વેપાર કરવાનો આગ્રહ છે તો હું એમ કરીશ. પરન્તુ હું આપનાથી જુદો રહીશ. દુકાન અને વેપાર જુદા કરીશ. મારે તમારી મૂડી જોઈતી નથી. મારી ઓછી મૂડીમાં પણ મારે સફળ ધંધો કરવાનો છે.

મૃગનયને ! મને બકુલ ધનપતિએ અનુમતિ આપી એટલે મેં જુદો ધંધો ચાલુ કર્યો. એક ધંધામાં ફાવટ આવી એટલે બીજામાં પણ મેં માથું માર્યું. એમ દરેકમાં પુણ્યોદયના પ્રતાપે ફાવટ આવતી ગઈ અને સેંકડો ધંધામાં હું જોડાઈ ગયો.

લાભે લોભ વધે ઘણો :

અનેક વેપાર કરતાં મારી પાસે હજાર સુવર્ણ મુદ્રા હતી તે બે હજાર સુવર્ણ મુદ્રા બની ગઈ. બે હજાર સુવર્ણ મુદ્રા જોઈ દસ હજારની આકાંક્ષા જાગી અને એ ઈચ્છા પૂર્ણ થઈ.

મારો લોભ આગળ વધ્યો, લક્ષપતિ થવાના કોડ જાગ્યાં અને લક્ષ સુવર્ણ મુદ્રાઓનો સ્વામી બની ગયો. હવે કોટી-પતિ થવાના કોડ જાગ્યા.

મારા પ્રિય મિત્ર સાગરની સહાય હું લેતો હતો. કોટી-

પતિ થવાના ઉપાયમાં સાગરે જણાવ્યું કે તું દરેક વેપારોને કર. તું કોટીપતિ થઇશ.

મેં અનાજ, તેલ, ઘી, કપાસ, રૂ, તલ, સરસવ, તેલ-બીઆરણ, ઢોર, ઘાવડો, ગળી, લાખ, વાળ, નખ, હાડકાં, જમીન વિગેરેની સસ્તામાં ખરીદી કરી અને નફો લઇ વેચાણ કરવાનું ચાલું કર્યું.

વનકર્મ, અંગારકર્મ, કૃષિકર્મ, શકટકર્મ, બળદ, પાડા, ઉંટ, ઘોડા, ગધેડા, વાહન, હોડી, વહાણ, દાસી, વેચાણ, લોહીનો ધંધો પણ વિકસાવવો ચાલુ કર્યો. ખોટું માપ અને ખોટો તોલ એ તો વધુ નફાવાળો બરકતીયો ધંધો ગણાતો. જુઠું બોલવું, બોલી ફરી જવું, ભોળાઓને ઠગવા એ મારી વેપાર નીતિ હતી.

વિશ્વમાં એવો એકે ધંધો બાકી ન રાખ્યો કે જેમાં પાપ ન થતાં હોય. મમત્વના કારણે મહાપાપી ધંધાઓને પણ હાથમાં લીધાં.

ધંધો કરવામાં મેં પાપની ભીતિ ન રાખી, કલેશોથી જરાય પાછી પાની ન કરી, સુખની દરકાર ન કરી, સંતોષને તો ફરકવાની જગ્યા ન આપી.

મારે ઘણું શું વર્ણન કરવું ? અરે ! તૃષા લાગી હોય અને માથે કામ હોય તો હું પાણી પણ ન પીતો, ભૂખે પેટ પાતાળે પહોંચ્યું હોય તોય ખાવાની પરવા ન રાખતો. રાત્રે હું સરખી રીતે શયનમાં આરામથી સૂતો ન હતો. ધન, ધન અને ધન. આજ મારો આદર્શ, આજ મારૂં ધ્યેય.

આ રીતે મહાપાપો કરીને ઘણા કાળે પુણ્યોદયના પ્રતાપે લક્ષાધિપતિમાંથી કોટી સુવર્ણ મુદ્રાઓનો અધિપતિ બની ગયો. મારી કરોડપતિ થવાની ભાવના પૂર્ણ બની.

હું કોટી સુવર્ણ મુદ્રાઓનો અધિપતિ બન્યો, એટલે મિત્ર સાગરે પ્રેરણા કરી કે તું એક કરોડમાં કાં સંતોષ માને છે ? અનેક કરોડ સુવર્ણ મુદ્રાનો સંચય કર. કોટી રત્નોનો સંગ્રહ કર. મને એ વાત ગમી ગઇ અને રત્નદ્વીપ ભણી જવાના વિચારો આવ્યા. મેં મારી ઇચ્છા સસરાજી શ્રી બકુલને જણાવી.

શ્રી બકુલનો હિતોપદેશ :

શ્રી બકુલ ધનપતિએ મને જણાવ્યું, વત્સ ! તારે વેપાર માટે ક્યાંય જવું આવવું એ સારૂં નથી.

મનુષ્યને જેમ સંપત્તિ મળતી જાય છે તેમ એના મનના મનોરથો વધતા જાય છે. " जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ. " લાભ થતો જાય તેમ લોભ વધતો જાય. લાભથી લોભ વધે છે.

કદાચ જલથી સમુદ્ર સંતોષાય, લાકડાથી અગ્નિ તૃપ્તિ પામે તો ધનથી મનુષ્યને સંતોષ થાય. પણ એ શકય જ નથી.

ભાઇ ! તેં આ નગરમાં જ સ્વાશ્રયથી ઘણું ધન મેળવ્યું છે. વાપરતાં ખૂટે એમ નથી, તું સંતોષ કરી અહીં જ રહે. મનને આનંદકારી સુખો સ્વેચ્છાએ આ નગરમાં જ ભોગવ. લોભ કરવાની જરૂર નથી.

સણસણતો ઉત્તર :

મેં ઉત્તર આપ્યો, તાતપાદ ! આપે મને નિર્માલ્ય હિત-શિક્ષા ન આપવી ઘટે. અનુદ્યોગી અસાહસી પુરૂષને સંપત્તિ પ્રાપ્ત થઇ શકે છે ?

કદાચ બાપદાદાની મિલ્કત મળી હોય તો પણ વેશ્યા નિર્ધન માનવીનો તિરસ્કાર પૂર્વક ત્યાગ કરે છે, એમ સાહસ-હીન નમાલા માનવીનો લક્ષ્મી પણ અપમાન પૂર્વક ત્યાગ કરે છે.

વળી અલ્પ ધન મેળવી સંતોષી બની જનારા ક્ષુદ્ર પ્રકૃતિના માનવી ઉપર મહાશયા શ્રી લક્ષ્મીદેવીજી સુદૃષ્ટિ કરતાં નથી. આળસુનાં ત્યાં વાસો રહેતા નથી.

આ માટે જ મારૂં કહેવું છે કે કોઇ પણ વિદ્વાન્ વ્યક્તિએ ધનાર્જન કરવામાં આળસ ન કરવી અને ધનલાભમાં સંતોષ ન માનવો.

પિતાશ્રી ! આપ કૃપા કરી મને અનુમતિ આપો. હું રત્નદ્વીપ જવા ભાવના રાખું છું. મારી વાત સાંભળી આપને સત્ય જ્ઞાન થયું હશે.

શ્રી અકુલે કહ્યું, ભાઈ ! માનવી ઘરે રહે કે રત્નદ્વીપે જાય, અલ્પ ઉદ્યમ કરે કે મહાસાહસ કરે, પરન્તુ લક્ષ્મી તો વિધિના વિધાન મુજબ જ પ્રાપ્ત થાય છે.

એ છતાં તને રત્નદ્વીપ જવાના કોડ જાગ્યા છે, તારો એ વિષયમાં આગ્રહ પણ ઘણો છે, તો હું તને સંમતિ આપું છું. જેમ ઇષ્ટ જણાય તેમ કરીશ.

મેં કહ્યું, આપની મોટી મહેરબાની.

રત્નદ્વીપે ગમન :

વડિલશ્રીની આજ્ઞા પ્રાપ્ત થતાં સામુદ્રિક સફરની સુયોગ્ય તૈયારીઓ કરાવવી ચાલુ કરી. મોટા વહાણો તૈયાર કરાવ્યાં. ખલાસીઓ વિગેરેની સુવ્યવસ્થા કરી. પરદેશોમાં સારો લાભ કરાવે એવા કરીયાણા લીધાં. માર્ગમાં ખાન-પાન માટે પૂરતા પ્રમાણમાં વસ્તુઓનો સંગ્રહ કર્યો.

સુશ્રી જ્યોતિષી પાસે શુભ મુહૂર્ત કઢાવ્યું. પ્રયાણ સંબંધી વિધિમંગલ કરાવવામાં આવ્યા. સ્વજનો અને સ્નેહીઓની રજા લઈ વહાણ ઉપર હું આરૂઢ થયો.

અન્ય માનવો પણ પોતપોતાના વહાણો ઉપર આરૂઢ થયા. સૌને પોતપોતાના સ્વજનો અને સ્નેહીઓ વળાવવા આવ્યા હતા.

વહાણવટીઆઓએ સમુદ્રસફરની યોગ્ય ક્રિયાઓ કરી. સમુદ્રના અધિષ્ઠાયક દેવની સ્તુતિ કરી. શ્રીફળ અને લાલવસ્ત્ર દ્વારા લવણાકરની પૂજા કરી. મંગળ શંખનાદ ફુંકાયા. વહાણના સઢ ચડાવવામાં આવ્યા. લંગર પાછા ખેંચી લેવામાં આવ્યા.

સુકાનીઓએ સુકાન સંભાળ્યું અને જયજય બોલતા વહાણ હંકાર્યા. પવન સાનુકુળ હતો. મારા મિત્ર સાગર અને પુણ્યોદય પણ સાથે જ હતા.

મુનિ મહાત્માઓ સંસાર સાગરને પાર કરી લોકના અગ્ર ભાગે રહેલ સિદ્ધશિલામાં બિરાજમાન થાય તેમ પુણ્યોદયના

પ્રતાપે સાગરને ઓળંગી રત્નદ્વીપે વિના ઉપદ્રવે પહોંચી ગયા. અમે સૌ આનંદમાં આવી ગયા. સફર સલામત નીકળી.

મારા સાથીદાર વેપારીઓ રત્નદ્વીપે ઉતર્યા અને લાવેલો માલ વેચ્યો અને બીજા જોઇતા માલની ખરીદી કરી. સૌ પોતાના વહાણો તૈયાર કરી પાછા જવા વિચાર કર્યો અને સાગરતટે આવી પહોંચ્યા.

પરન્તુ મિત્ર સાગરે મને સલાહ આપી કે ભાઇ ધનશેખર ! તું રત્નદ્વીપથી પાછો કાં ફરે છે ? અરે ! અહીં તો લીંબડાના પાંદડાના બદલે રત્નો પ્રાપ્ત થાય છે. તને એવી તે શું ઉતાવળ છે ? ધીરા થા અને અહીં જ હાલ રોકાઇ જા.

મિત્રની સલાહથી મેં ત્યાં દુકાન ચાલુ કરી. રત્નોનો વેપાર ચાલુ કર્યો.



પ્રકરણ બીજું

હરિકુમાર

પૂર્વ વૃત્તાન્ત :

મારા સાથીદાર વણીકો સૌ પાછા ફર્યા. મેં દુકાન કરી અને હું ત્યાં જ સ્થિર થઇ ગયેા. રત્ન મેળવવાના વિચારેામાં સદા મસ્ત રહેતેા.

એક વખતે કેાઇ અજાણ વૃદ્ધા નારી મારી પાસે આવી અને એણીએ કહ્યું: વત્સ ! તું મારી વાત સાંભળ.

મેં કહ્યું: બેાલેા.

તેણીએ વાત ચાલુ કરી.

આનંદનગરમાં મહારાજા શ્રી " કેશરી " રાજ્ય કરે છે. એમને " જયસુંદરી " અને " કલસુંદરી " નામની બે રાણીયેા હતી.

ભાઇ ! વધુ પડતેા મેાહ એ ઘણી ખરાબ વસ્તુ છે. કેશરી રાજાને રાજ્યનેા અતિલેાભ હતેા. રાજ્યલેાભના કારણે પેાતાના એક પણ પુત્રને જીવવા દેતેા નહિ. પુત્ર થાય એટલે તરત જ એની હત્યા કરવામાં આવતી.

મહારાણી કલસુંદરી ગર્ભવતી બન્યા. એમને પેાતાના ગર્ભ ઉપર અતિસ્નેહ જાગ્યેા. એમણે મને ગુપ્ત વાત કરી અને સખી

તરીકે મને સાથે લઇ ગર્ભની રક્ષા કાજે ત્યાંથી ચૂપચૂપ રવાના થઇ ગયા.

કાળ રાત્રિનો સમય હતો. ભયંકર ભેકાર જંગલનો વિષમ માર્ગ હતો. જતાં જતાં લગભગ રાત્રી પૂર્ણ થવા આવી હતી. સોનેરી ઉષા પોતાના કિરણો વેરવા તૈયાર થતી હતી એટલામાં અચાનક મારા મહારાણીના શરીરના અંગેઅંગમાં અસહ્ય વેદના થવા લાગી.

મહારાણીએ મને કહ્યું: સખી વસુમતી ! હું હવે આગળ એક ડગ ભરી શકું એમ નથી. મારો જીવ જાય એવી અસહ્ય વેદના રોમરોમમાં થાય છે. જરાય સહન થતું નથી.

મને થયું અચાનક આ વેદના કયાંથી ? રાણી સાહિબા કોઇ દિવસે ચાલ્યા નથી એટલે શરીર શ્રમથી શ્રમિત બન્યું હશે. મને અચાનક ખ્યાલ આવી ગયો, અરે ! જરૂર પ્રસૂતિનો સમય નજીક આવી ગયો જણાય છે. એ વિના આવી વેદના સંભવે કયાંથી ?

મેં વિચાર કરી રાણીબાને ધીરજ આપી. આપનો પ્રસૂતિનો સમય નજીક છે એમ જણાવી એ માટેની હું તૈયારી કરતી હતી ત્યાં નાળ કપાઇ જવાથી કમલિની પટકાઇ જાય, એમ વેદનાથી આકૂળ વ્યાકૂળ બનેલા મહારાણી ધડ દઇને જમીન ઉપર પછાડ ખાઇ ગયા.

હાયવોયની કીકીયારી કરતાં જાય અને આમતેમ પડખાં ફેરવતાં જાય. મહાવેદના ભોગવતાં પુત્રનો જન્મ આપ્યો અને

મહારાણીબાએ પોતાના પ્રાણો છોડ્યા. સુકોમળ સુંદરીએ સ્વર્ગના માર્ગે પ્રયાણ કર્યું.

હૃદયવિદારક દૃશ્યને નિહાળતાં વજ્રનો આઘાત લાગ્યાની જેમ હું પણ મૂર્ચ્છિત થઈ ઢળી પડી. મારૂં સર્વસ્વ વિનાશ થયા જેવું મને લાગ્યું. મહામુશકેલીએ મૂર્ચ્છા ઉતરી ત્યારે હું કરૂણ સ્વરે વિલાપ કરવા લાગી.

" ઓ મારા પ્રિય મહારાણી કાં તમે બોલતા નથી ? દેવી ! તમારા સુલક્ષણા પુત્રને જુવો તો ખરા ? શું એનું નિર્મળ મુખડું છે ? પુત્ર ખાતર રાજ્યનો ત્યાગ કરી હવે કાં રીસાણા છો ? બોલો મારા સ્વામિની બોલો. તમારા વિના મારી શી ગતિ થશે ? ઓ નિષ્ઠુર વિધાતા ! તું આવો ક્રુર કયાંથી બની ગયો ? પુત્ર ખાતર રાજ્યનો ત્યાગ કરનાર મહારાણીને તે આવું દુઃખ કેમ આપ્યું ?"

આમ વિલાપ કરતી હતી એમાં આકાશમાં સૂર્ય આવી પહોંચ્યો અને નસીબજોગે કોઇ સાર્થપતિ પણ ત્યાં આવી પહોંચ્યો. એનું નામ " ધરણ " હતું.

મને ધીરજ અને આશ્વાસન આપતાં જણાવ્યું, તું શા માટે રડે છે ? મેં મારી આપવીતી કહી સંભળાવી. અંતે સાર્થવાહને પૂછયું: ભાઇ ! તમે કયાં જાઓ છો ?

સાર્થપતિએ કહ્યું: હું અહીંથી સાગરતટે જઇશ અને ત્યાંથી વહાણો લઈ રત્નદ્વીપે જઈશ.

સાર્થપતિનો ઉત્તર સાંભળી મને વિચાર આવ્યો, કે આ રત્નદ્વીપમાં નીલકંઠ રાજા રાજ્ય કરે છે અને તે સાંભળવા

પ્રમાણે કલસુંદરીનો* સગો ભાઇ થાય છે. માટે હું પણ ધરણ સાર્થપતિ સાથે રત્નદ્વીપ જાઉં અને એના મામા નીલકંઠને આ ભાણીઓ સોંપી દઉં.

આ પ્રમાણેનો વિચાર કરી, સાર્થપતિની સંમતિ લઇ હું રત્નદ્વીપે આવી. મને બાળક ઉપર ઘણું વાત્સલ્ય હતું એટલે મારા સ્તનોમાં દૂધ આવ્યું. બાળક મારા સ્તનનું દૂધ પીને ઉછરવા લાગ્યું.

રત્નદ્વીપમાં પહોંચી મેં મહારાજા નીલકંઠને બહેનના મૃત્યુના સમાચાર જણાવ્યા અને આ પુત્રરત્નના શુભ સમાચાર આપ્યા. નીલકંઠ રાજાને બહેનના મૃત્યુથી અપાર વિષાદ થયો અને ભાણેજના મીલનથી અત્યંત આનંદ થયો.

મહારાજા નીલકંઠ એની સુંદર દેખભાળ રાખવા લાગ્યા. હરિકુમાર નામ રાખવામાં આવ્યું. બીજના નિશાકરની જેમ વૃદ્ધિ પામતા કેશરીરાજાનો પુત્ર હરિ યૌવન વય પામ્યો છે. દરેક કળાઓમાં એ નિષ્ણાત બની ચૂક્યો છે.

મેં હરિકુમારને એના પિતાના રાજ્યલોભની અને એની માતાના કરૂણ મૃત્યુ વિગેરેની વાતો જણાવી દીધી હતી. એણે હાલમાં આનંદપુરથી તમારા આવ્યાના સમાચાર જાણ્યા છે. તેથી પોતાના દેશબંધુ તરીકે તમને મળવાની ઘણી ઇચ્છા ધરાવે છે. માટે વત્સ ! તું હરિકુમારની પાસે ચાલ.

---

* અહીં કલસુંદરી પાઠ છે, પણ મૂળ ઉપમિતિમાં કમલ સુંદરી નામ છે.

દેશબંધુનું મિલન :

વસુમતીના વચનો સાંભળી મેં હા કહી અને એના સાથે જ હરિકુમારને મળવા ચાલ્યો.

હરિકુમારની પાસે પહોંચ્યો ત્યારે એ પોતાના મિત્રોની વચ્ચે વાતો કરતો બેઠો હતો. મેં એને સભ્યતાની ખાતર પ્રણામ કર્યા. વસુમતીએ દેશબંધુ તરીકેની મારી ઓળખાણ કરાવી અને પરિચય આપ્યો.

વસુમતીની વાતો સાંભળી તરત જ મને પ્રેમથી ભેટી પડ્યો. પોતાના આસનના અડધા ભાગ ઉપર જોડે જ બેસાડ્યો. સ્નેહના કારણે એની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. એકી નજરે મને જોઈ રહ્યો.

અરે ધન ! મારા પાલકમાતા વસુમતીએ મને કહ્યું હતું કે હરિશેખર મારા પિતાના મિત્ર છે અને તું એમનો લાડકવાયો પુત્ર છે. વળી મને લોકવાર્તાથી આ વાતની જાણ થઇ કે તું અહીં આવ્યો છે.

ધન ! તું મારો ભાઈ છે. પ્રિયમિત્ર છે. માઇં શરીર તું જ છે. જીવનસખા પણ તું જ છે. તું મારે મન સર્વસ્વ છે. ભાગ્યદેવતાની મધુરી પ્રસન્ન નજરના લીધે તારું આગમન અહીં થયું છે. આ વાત ઘણી સુંદર થઇ. લાભ માટે જ થયું છે.

મેં કહ્યું: હરિકુમાર ! મને વસુમતી માતાએ બધો વૃત્તાંત જણાવ્યો છે. આપ જેવા મોટા પુરૂષે મારા જેવા સામાન્ય માનવીને આવું સન્માન આપવું ન શોભે.

મારા પિતાજી આપના પૂજ્ય પિતાજી કેશરીરાજાના અનુ-

જીવી ભૃત્ય છે, એમ આપે પણ મને આપનો સેવક માનવો. આપ મારા શિરછત્ર છો અને હું આપનો કિંકર છું.

હરિકુમાર મારા વિનયયુક્ત મધુર વચનો સાંભળી વધુ પ્રસન્ન બન્યા. મારા મિલનના હર્ષમાં "મિત્રમિલન" મહોત્સવ ઉજવવામાં આવ્યો. મિત્ર આગમન નિમિત્તે પ્રીતિ-ભોજન સ્નેહીઓને આપવામાં આવ્યું.

ત્યારપછી એનું વર્તન મિત્રના જેવું જ મારા પ્રતિ રહ્યા કરતું હતું. અમે સૌ આનંદ પ્રમોદ કરતા અને કુમારદેવોની જેમ દિવસો વ્યતીત કરતાં. આ રીતે ઘણો કાળ પસાર થઇ ગયો.

ચિત્રપટ દર્શન :

કામદેવની જાગૃતિ કરનારી વસંતઋતુએ ભૂમંડલ ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું. હરિકુમાર, હું અને બીજા મિત્રો વિગેરે સૌ મોજમજા ખાતર ઉદ્યાનમાં ફરવા ગયા. ઉદ્યાનનું વાતાવરણ મદભર્યું અને રિમત વેરતું હતું.

ઉદ્યાનમાં આરામ માટે અમો સૌ એક આમ્રવૃક્ષ નીચે બેઠાં. ત્યાં એક પરિવ્રાજિકા આવી અને એણીએ અમોને એક સુંદર ચિત્રપટ આપ્યું.

ચિત્રપટમાં આલેખેલું રૂપવતી કન્યાનું રૂપ જોઇ કુમાર શ્રી હરિના હૃદયમાં કામનો અંકુરો ઉગી નીકળ્યો. એના મુખ ઉપર કામના ભાવો તરવરવા લાગ્યા અને પટ લાવનારી પરિ-વ્રાજિકા ચાલી ગઇ.

પદ્મકેશર મિત્રે મને કહ્યું: અરે ધન ! તું જા, આ ચિત્ર-પટ કઇ સુકન્યાનો છે અને પરિવ્રાજિકા કોણ છે એની શોધ કરી લાવ.

શોક :

હું પરિવ્રાજિકાને વનમાંથી નગરમાં પ્રવેશ કરતાં જોઇ ગયો અને તરત ઉતાવળે ઉતાવળે એના પાસે જઇ પહોંચ્યો. વિવેક ખાતર મેં નમસ્કાર કર્યાં. અરે ભગવતિ ! આપ જે ચિત્રપટ આપી ગયા તે કઈ પુણ્યવતી સુકન્યાનો છે, એ મને જણાવવા કૃપા કરશો ?

પરિવ્રાજિકાએ જણાવ્યું: આર્ય ! આજે હું નીલકંઠ મહારાજાના મહારાણી શ્રી શિખરિણીદેવીના મહેલે ભિક્ષા માટે ગઇ હતી. પરન્તુ શિખરિણી રાણી ઉદાસ અને ચિંતાતુર હતા. મેં એમને ચિંતાનું કારણ પૂછયું.

શિખરિણી રાણીએ કહ્યું: હે ભગવતિ ! હે દેવી ! હે બન્ધુલા ! આ મયૂરમંજરી મારી પુત્રી છે. એ મને મારા પ્રાણો કરતાં વધુ વહાલી છે. એણે મારા હૃદય ઉપર કબજો મેળવ્યો છે. હાલમાં કેટલા વખતથી એનું મન શૂન્ય બની ગયું છે. મગજ અસ્થિર જેવું જણાય છે. સ્વભાવ સાધારણ ચીડીયો બની ગયો છે. અર્ધ ગાંડપણ જેવું જણાય છે. હે આર્યિકા ! આવી અવસ્થા મારી કુંવરીની શાથી થઇ ? કૃપા કરી આપ જણાવો.

મેં શિખરિણીદેવીની વાત જાણી મયૂરમંજરીના અસ્થિરતાનું કારણ જાણવા માટે ધ્વજાદિ આય* અષ્ટકનો ઉપયોગ

---

* ૧ ધ્વજ, ૨ ધૂમ્ર, ૩ સિંહ, ૪ શ્વાન, ૫ વૃષભ, ૬ ખર, ૭ હસ્તિ, ૮ વાયસ. આ આઠને નિમિત્તશાસ્ત્રમાં આય કહેવામાં આવે છે.

કર્યો. એ નિમિત્તશાસ્ત્રનો વિચાર કર્યો. મને એના દ્વારા જાણવામાં આવ્યું કે કુમારી હરિકુમાર ઉપર રાગવતી બની ગઇ છે. એનું હૃદય હરિકુમાર હરી ગયેા છે.

મેં મહારાણીને જણાવ્યું: મહારાણી ! આપની આ વહાલી પુત્રી પ્રાણસખા રાજપુત્ર શ્રી હરિકુમારનું એકાગ્ર ચિત્તે ધ્યાન ધરી રહી છે. કુંવરીનું મન કુમારમાં સ્થિર બન્યું છે.

મહારાણીએ કહ્યું: દેવી ! આપની વાત મળતી આવે છે. આપનું વચન સત્ય જણાય છે. કારણ કે મયૂરમંજરીએ હરિકુમારને "લીલાસુંદર" ઉદ્યાન તરફ જતાં જોયા છે અને ત્યારથી જ કુંવરીની આ પરિસ્થિતિ થઇ છે.

આપ આ પરિસ્થિતિનેા ઉકેલ લાવેા. આપના પ્રતાપે જ અમેા નચિંત બનીશું. આપ પ્રમાણભૂત છેા.

મેં મયૂરમંજરીનું ચિત્રપટ તૈયાર કર્યું. હુબહુ એના જેવા અંગપ્રત્યંગેા ચિતર્યા. એ પ્રતિકૃતિ લઇ હું કુમાર હરિ પાસે આવી. એ પ્રતિકૃતિ એમના હાથમાં મુકી. પ્રતિકૃતિને જોઈ હરિકુમારને મયૂરમંજરી ઉપર અનુરાગ થયેા. એ મનેાભાવ મુખાકૃતિ ઉપરથી હું સમજી ગઈ. મહારાણી પાસે આવી મેં જણાવ્યું. દેવી ! હરિકુમાર કુંવરીનું ચિત્રપટ જોતાં જ સ્નેહાધીન બની ગયા છે.

મહારાણીએ નીલકંઠ મહારાજાને એ વાત જણાવી. બન્નેએ હૃદયમાં વિચાર કર્યો, હરિકુમાર મયૂરમંજરી માટે ઘણેા સુયેાગ્ય છે. રૂપ, વય, જ્ઞાન વિગેરે બંનેના ઘણા મેળવાળા છે. આ બન્નેનું જીવન સુંદર જશે. આવેા નિર્ણય કર્યો.

મને જણાવ્યું, બન્ધુલા પરિવ્રાજિકા ! આ કાર્યની પૂર્ણતા તમારા શુભ હસ્તે થવી જોઇએ. આપ સ્વયં હરિકુમારને આમંત્રણ આપો અને લગ્ન માટે વિનંતિ કરો. ભાઈ ધન ! આ તારા ચિત્રપટના પ્રશ્નનો ઉત્તર છે.

આ પ્રમાણે સમાધાન થયા પછી એ પરિવ્રાજિકા મારી સાથે હરિકુમાર પાસે આવી અને શ્રી નીલકંઠ મહારાજની કલેશનાશિની શુભ આજ્ઞા સંભળાવી દીધી.

લગ્ન અને મારી વ્યથા :

મનગમતી આજ્ઞા સાંભળતા હરિકુમાર પોતાના મિત્રોને સાથે લઇ પરિવ્રાજિકાની સાથે સાથે નીલકંઠ મહારાજના મહેલે પહોંચ્યો.

ગૌરાંગી મયૂરમંજરી મહારાજા નીલકંઠને અતિ વહાલી હતી. એમણે શાહી ધામધૂમથી હરિકુમાર અને મયૂરમંજરીના લગ્ન કરાવ્યા.

સર્વાંગ સુંદર મયૂરમંજરી પ્રિયતમા પ્રાપ્ત કરીને હરિકુમાર રત્નદ્વીપમાં સ્વર્ગીય સુખોની મોજ માણતો હતો. સાથે એનું હૃદય નિર્મળ હતું, બીજા ઉદારતા સદાચાર વિગેરે સાત્ત્વિક ગુણો એની યશઃપ્રભાને તેજસ્વી બનાવતાં હતાં. આનંદ પ્રમોદ કરવા છતાં એના યશની જ્યોતિ જ્વલંત ઝબકતી હતી.

એ યશસ્વી મિત્રના પ્રતાપે મારૂં પ્રભુત્વ વધ્યું. લોકમાન્યપણું, યશ, લક્ષ્મી અને સન્માન ઘણું વધ્યું. સંતમિત્રની પ્રાપ્તિ થતાં કઇ ઉત્તમ વસ્તુઓ પ્રાપ્ત ન થાય ?

શ્રી હરિકુમારની મિત્રતાના કારણે મને ઘણી અનુકૂળતાઓ અને સવલતો મળતી હતી, છતાં સાગરમિત્રે નવા બીજ રોપ્યા. સાગરની પ્રેરણાથી મારા હૃદયસાગરમાં નવા નવા મનસ્તરંગ ઉઠવા લાગ્યા.

અગૃહીતસંકેતે ! મને મનમાં થયું, અરે ! હું રત્નદ્વીપે રત્ન પ્રાપ્ત કરવા આવ્યો છું અને અહીંયા હરિકુમારની મિત્રતામાં ફસાઇ, મારો મુખ્ય વ્યાપાર ભૂલી ગયો. હું આવ્યો હતો શા માટે અને કરી રહ્યો છું શું ?

અરે ! હરિકુમારે મને વગરપગારે દાસ બનાવી દીધો. હું પણ એની મજુરી અને ખોટી "હાજી હા" કરી રત્ન પ્રાપ્તિમાં વિઘ્ન ઉભું કરું છું. આ વિઘ્ન સારૂં ન ગણાય. કોઇ ઉપાય કરી આનો સંસર્ગ છોડવો જ જોઇએ.

ગધેડાને મહામુશ્કેલીએ સ્વર્ગલોકનું સુખ મલ્યું તો ખરૂં પણ ત્યાંય દોરડા સાથે ધોબી મળી ગયો. એમ હું રત્નદ્વીપે આવ્યો પણ હરિનું વિઘ્ન આવી ઉભું રહ્યું.

વળી હરિકુમાર મારા ઉપર ઘણો પ્રેમ દેખાડે છે. એનો સ્નેહ નિર્મળ સ્નેહ છે. નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ છે. સહસા આ મિત્રનો ત્યાગ કરવો યોગ્ય નહિ ગણાય. અચાનક ત્યાગ કરવાથી મને હાનિ થવાનો સંભવ રહે છે.

આવી પરિસ્થિતિમાં મારે મધ્યમમાર્ગ લેવો જોઇએ. ધનોપાર્જન-રત્નસંચયમાં લક્ષ વધુ આપું અને કદી કદી હરિકુમારને મળવા જઇ એનું મન પણ પ્રસન્ન રાખ્યા કરૂં.

રત્નસંચય :

મેં મારી માન્યતાને મૂર્ત સ્વરૂપમાં મૂકી. રત્નસંચયને મેં મુખ્યતા આપી. રાત-દિવસ એમાં રચ્યો પચ્યો રહેવા લાગ્યો. આ રીતે મેં રત્નના ઢગલા ભેગા કર્યાં.

મને એ રત્નરાશિ ઉપર અત્યંત મૂર્ચ્છા થવા લાગી. મારી વધુ પડતી મૂર્ચ્છાને જોઈ લોકો હસતા હતા. હું રત્નોનો ઢગલો ભેગો કરી આનંદથી જોતો અને મનમાં રાજી થતો. હાથમાં લઈ પંપાળતો, છાતી સાથે ચાંપતો, રક્ષણ માટે જમીનમાં ખાડો ખોદી દાટતો અને ફરી જોવા કાઢતો હતો. આ રીતે મૂર્ચ્છાથી હું રત્નની માયામાં મુંઝાઈ ગયો.

મને એ અરસામાં વિચાર આવ્યો કે આ રત્નદ્વીપમાં જેટલા રત્નો છે તે બધાને ભેગા કરી હું મારા નગરે જતો રહું. વચલા ગાળામાં કદી કદી હું ઇચ્છા વિના શિષ્ટાચાર ખાતર હરિકુમાર પાસે પણ જતો હતો અને કપટપટુ મધુરાં વચનોથી એને પ્રસન્ન રાખતો હતો.

આ પ્રમાણે રત્નદ્વીપમાં રહેતા વચ્ચે એક નવીન બનાવ બની ગયો હતો, એ તમે જાણી લો.

યૌવન અને મૈથુન મિત્રોનો સંપર્ક :

શ્રી કર્મ પરિણામ મહારાજાના પટ્ટરાણી શ્રી કાળપરિણતિ મહારાણીના યૌવન અને મૈથુન બે પરિચારકો હતા. એ બન્ને વાર્તાલાપ કરે છે.

યૌવનઃ—અરે મિત્ર મૈથુન ! સંસારીજીવને સકંજામાં લેવાનો સમય હાથ લાગ્યો છે. એ હાલમાં ધનશેખરનું રૂપ

અને નામ ધારણ કરી રત્નદ્વીપમાં રહ્યો છે. તારે પણ એની પાસે જવા જેવું છે. તને લાભ થશે. મારી સાથે જ ચાલ.

મિત્ર યૌવન ! તેં ઘણી મનગમતી વાત કરી. ચાલ, તારી સાથે હું પણ આવવા તૈયાર છું.

અરે મીનાક્ષી ! એ બન્ને મિત્રો વાર્તાલાપ કરી મારી પાસે આવ્યા. અતિ પ્રેમ બતલાવતો યૌવન મારી પાસે આવી કહે છે.

મિત્ર ધનશેખર ! આજે હું મારા એક મિત્રની સાથે તારી પાસે આવ્યો છું. હું છું એમ માનીને પ્રીતિપૂર્વક એની સાથે તારે વર્તવું. એનું નામ " મૈથુન " છે. મારો જીવન સાથીદાર છે. અમે બંને સ્નેહની ગ્રંથીથી એકમેક બનેલા છીએ, એમાં તારે શંકા રાખવી નહિ.

દુષ્ટબુદ્ધિવાળા મને એના પટુવચનમાં કપટનો ખ્યાલ ન આવ્યો. મેં મૈથુનને પણ મિત્ર તરીકે સ્વીકાર્યો. મારા પોતાના " સ્વાન્તઃ " અતઃકરણના આવાસમાં સ્થાન આપ્યું. સુંદર આવાસ મળવાથી મૈથુન રાજી રાજી થઇ ગયો. " ગાત્ર " શરીર નામનો આવાસ યૌવનને રહેવા આપ્યો. એ પણ ખૂશ થઇ ગયો.

યૌવન અને મૈથુનની અસર :

યૌવન અને મૈથુનના પ્રભાવની અસર મને થવા લાગી. યૌવને મારામાં હાસ્ય, વિનોદ, વિલાસ, સૌંદર્ય, ઠઠ્ઠા મશ્કરી, ઉન્મત્તતા વિગેરે ગુણો વિકસાવ્યા.

મૈથુનમિત્રે મારા શરીરમાં વિષયેચ્છા જગાવી દીધી.

દાવાનળ લાકડાથી ન ધરાય એમ હું સેંકડો સ્ત્રીઓ સાથે કેલિક્રીડા કરવા છતાં તૃપ્તિ પામતો ન હતો. વિલાસ એ મારો જીવનમંત્ર બની ગયો.

મૈથુનની પ્રેરણાથી હું ગણીકા સાથે વિલાસમાં પડી ગયો, પણ સાગરમિત્ર કહેવા લાગ્યોઃ અરે ધન ! તારે આ ન શોભે. તું રત્નસંચય કરવા આવ્યો છે, નહિ કે વિલાસો ભોગવવા. સાગરમિત્ર ધનલંપટ હતો અને મૈથુનમિત્ર સ્ત્રીલંપટ હતો.

હું વિચારમાં પડ્યો. મારે કયા મિત્રના વચનો માનવા ? એકને સ્ત્રી ગમે ત્યારે બીજાને લક્ષ્મી. લક્ષ્મી વિના ગણીકાની પ્રીતિ પ્રાપ્ત થતી નથી. "એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી" જેવી મારી અવસ્થા થઇ. હું મહાસંકટમાં આવી પહોંચ્યો. બંને મિત્રોમાંથી હું એકને પણ નારાજ કરવા ઇચ્છતો ન હતો.

મેં વિચાર કર્યો કે બન્ને મિત્રોના વચનો માન્ય કરાય એવો કોઇ ઉપાય હશે ? તરત નિર્ણય કર્યો કે વિના પૈસે જે સ્ત્રીઓ પ્રાપ્ત થાય એમની સાથે કામક્રીડાઓ કરવી. પૈસો ખર્ચવો નહિ. આ ઉપાય ઉત્તમ છે.

પાપાત્મા મેં એવો અધમ નિર્ણય કરી કોઇ બાળવિધવા બાઈ મળી જાય તો તેની સાથે વિલાસ કરતો, કોઇનો પતિ પરદેશ ગયો હોય, ભોળી ભગતાણી હોય, વધુ વિષય અભિલાષા ધરાવતી હોય એવી નારીઓ સાથે હું સ્વેચ્છાએ કામક્રીડા કરવા લાગ્યો.

વધારે શું જણાવું ? મૈથુનમિત્રની અસર તળે આવીને હું

સર્વથા નિર્લજ્જ બની ગયો. હલકટ કુળની ઢેઢડી ચંડાલણી, અસ્પૃશ્યા સ્ત્રીઓ સાથે વિષય સેવન કરવા લાગ્યો. વિના ધનથી મારી સાથે જે ઇચ્છે એની સાથે હું વિષય ભોગવતો.

પરસ્ત્રીમાં મને કોઇવાર લોકો પકડી પાડતા ત્યારે એના સગાસંબંધીઓ ઘણો માર મારતા. ઘણીવાર મજબુત બંધનોથી બાંધી દેતા. મારી કીર્તિ ઉપર પાણી ફરી વળ્યાં. તિરસ્કાર અને ફિટકાર મારા ઉપર વરસવા લાગ્યા. પગમાં ઘસડાતી ધૂળ જેટલી મારી કિંમત ના રહી.

પૂરાણા મિત્ર પુણ્યોદયના પ્રતાપે અને હરિકુમારની દાક્ષિણ્યતાના લીધે મને લોકો મારી નાખતા ન હતા. તેમજ આકરો માર પણ મારતા ન હતા. મૂઢ માર પડતો હતો.

પુણ્યવતી અગૃહીતા ! રત્નદ્વીપમાં મિત્ર સાગર અને મિત્ર મૈથુનના પ્રતાપે મેં અત્યંત કષ્ટો ભોગવ્યા છે. દુનીયાની દરેક યાતનાઓ મારા ઉપર આવી ગઇ હતી. આવા અવગુણથી કયા દુઃખો ન ભોગવવા પડે ? છતાં સાગર અને મૈથુનમાં આનંદ માની ત્યાં જ પડ્યો રહ્યો.

હરિકુમારની ઉન્નતિ અને નીલકંઠના દુર્વિચારો :

ગુણશીલ શ્રી હરિકુમારના કોશ ભંડારની વૃદ્ધિ થવા લાગી. સૈન્યબળ પણ સારા પ્રમાણમાં વધ્યું. કહેવાય છે કે " લોકચાહના મેળવવાથી જ લક્ષ્મી પ્રાપ્ત થાય છે " અને હરિકુમારે ઘણી જ લોકચાહના મેળવી હતી. લોકપ્રિયતા એનો વિશિષ્ટ ગુણ હતો.

મહારાજા નીલકંઠે જોયું કે આ હરિકુમારે ઘણી સુંદર

લોકપ્રિયતા કેળવી છે. એમાં ભંગાણ થાય એવી કોઈ વાત જણાતીનથી. અક્ષય લોકપ્રીતિ સંપાદન કરી છે. ભાગ્યશિરોમણી હરિકુમાર ઉપર આ મારૂં નગર, મારૂં સંપૂર્ણ રાજ્ય અનુરાગી બની ગયું છે. સૌ એના પક્ષમાં ભળતાં થયાં છે.

આ હરિકુમાર સૈન્ય અને સંપત્તિના સહકારથી પુત્ર વિહૂણા અને વૃદ્ધ એવા મને પદભ્રષ્ટ કરી રાજ્યસત્તા પડાવી લઈ પોતે રાજા બની જશે. એ વખતે મારી બુદ્ધિ કે મારૂં બલ કામયામ નહિ થાય.

ઉન્નતિના શિખર ભણી કૂચ કરતા હરિકુમારની મારે ઉપેક્ષા ન કરવી જોઇએ. કોઈ પણ યુક્તિપ્રયુક્તિ દ્વારા એને મારી નાખવો જોઇએ. "રાજ્યના અર્ધા ભાગીદાર વ્યક્તિને કે રાજ્ય પડાવી લે તેવા મનુષ્યને જે નથી મારતો તે પોતે મૃત્યુને પામે છે." આ નીતિ વચન મારે સ્મૃતિમાં રાખવું જોઇએ. એ નીતિવચન મિથ્યા ન હોય.

મહાભયંકર કાળમુખો વિચાર કરીને શ્રી "સુબુદ્ધિ" નામના પોતાના મહાઅમાત્યને બોલાવ્યા, નીલકંઠ રાજાએ પોતાની આંતરીક ગુમ મનોવ્યથા એકાંતમાં જણાવી.

મનગમતી સલાહ અને એકાંતમાં વિચાર :

રાજાના અયોગ્ય વચનો સાંભળતાં મંત્રીને હૃદયમાં આઘાત થયો છતાં મુખ ઉપર હૃદયના ભાવો પ્રગટ થવા ન દીધાં. રાજાનો સુદૃઢ નિશ્ચયાત્મક નિર્ણય જાણીને રાજાની હામાં હા મેળવી દીધી. રાજાને અનુકૂળ વર્તવામાં એને લાભ દેખાણો. "આપને જે યોગ્ય લાગે તે કરો, મહાપુરૂષોની બુદ્ધિ અયોગ્ય

માર્ગે જતી જ નથી.” રાજાએ હરિકુમારનો વધનો નિર્ણય કરી મહાઅમાત્યને વિદાય કર્યો.

મહારાજા શ્રી નીલકંઠ પાસેથી છૂટા થઇ મહામંત્રી પોતાના આવાસે આવ્યા. મહામંત્રીનું મન ઘણું નિર્મળ હતું, એમાં અપવિત્રતાનો બિંદુ પણ ન હતો. પોતાના આવાસમાં આવી વિરામ આસન ઉપર બેસી વિચાર કરવા લાગ્યા.

ભોગની અભિલાષા ધિક્કારને પાત્ર છે. અરેરે! સુખની ઇચ્છા માનવીને કેવા વિપરીત માર્ગે દોરે છે? અરે! અજ્ઞાનનું નાટક તો જુવો? અનેક કુવિકલ્પ કરાવનાર અને મનને મલીન બનાવનાર રાજ્યલંપટતાને ધિક્કાર થાઓ. શું આ રાજ્ય તે રાજ્ય કહેવાય?

આ હરિકુમાર આપણા મહારાજાને પહેલાં તો પ્રાણથી પણ અધિક વ્હાલો લાગતો હતો. અંતરની સ્નેહવર્ષાથી એને ભીંજવી દેતા હતા. રાજાશ્રીનો ભાણેજ થાય છે, વળી જ્ઞાન, રૂપ, વિનય, ઉદારતા વિગેરે ગુણોથી મયૂરમંજરી એના ઉપર સ્નેહવતી બની અને ગુણશીલ જાણી મહારાજાએ સ્વયં લગ્ન કરાવ્યા.

ભાણેજ અને જમાઈ એમ બે રીતે હરિકુમાર રાજાનો સ્વજન થાય છે. ગુણીયલ છે એમાં તો શંકા નથી, છતાં વર્તમાન કાળે મહારાજાને પોતાનો મોટો શત્રુ દેખાય છે. મહારાજા એને મહારિપુ ગણે છે, એ પ્રેમપાત્રમાંથી દ્વેષપાત્ર બની ગયો. મોહરાજાની આજ્ઞાની આધીનતા વિના આમાં બીજું શું કારણ હોઇ શકે? મોહ એજ મહાપાપનું કારણ છે.

વિનયી, નિર્લોભી, ઉદાર, પાપભીરૂ અને સજ્જન એવા હરિકુમાર મહારાજાશ્રી માટે સ્વપ્નમાં પણ આવો કાલકૂટ વિચાર કરે એ સંભવતું જ નથી. હરિકુમારના પવિત્ર અંતઃકરણમાં પાપ વિચારને સ્થાન જ ન મળે.

ગમે તેવા પ્રયત્ને મારે હરિકુમારનું રક્ષણ કરવું જોઇએ.

આવા પુરૂષરત્નની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. એના જેવા પવિત્ર નરરત્નથી આ ધરતી પવિત્ર બને છે. એવા માનવરત્નનું રક્ષણ કરવું એ મહાપુણ્યનું કાર્ય છે.

હરિકુમારને ચેતવણી અને વહાણમાં પલાયન :

મહાઅમાત્યે ગંભીર વિચાર કરી એકાંતમાં હરિકુમારને બોલાવી પોતાના વિશ્વાસુ વ્યક્તિ દ્વારા નીલકંઠ મહારાજાની કલુષિત ભાવના અને મારવા માટેની તૈયારીની વાત જણાવી. કુમાર ! તમારે હવે સાવધ રહેવાની જરૂર છે. જરાય ગફલત થઇ તો પ્રાણો જશે.

અમારી નમ્ર વિનંતિ છે કે આપ જલ્દીથી આ દેશનો ત્યાગ કરી દેશાંતરે પધારો. દેશાંતરોમાં પણ લક્ષ્મી મહાપુરૂષોની સહચારિણી બને છે. આપ જ્યાં જશો ત્યાં આપના ગુણોથી આકર્ષાએલી નિર્મળ લક્ષ્મી આપના ચરણની સેવા નહિ તજે.

સુબુદ્ધિ મહામંત્રીના વિશ્વાસુ પુરૂષ દ્વારા એમની અભ્યર્થના થવાના કારણે કુમાર દરિયાઈ માર્ગે પરદેશ ગમનની ઇચ્છા કરે છે. જો કે હરિકુમાર નિર્ભીક વ્યકિત હતા, એના

હૃદયમાં જરા પણ ભય ન હતો પણ મહામંત્રીની ઇચ્છાને માન આપવા ખાતર પલાયન થવાનો વિચાર કર્યો.

મને હરિકુમારે એકાંતમાં બોલાવ્યો, મારા ઉપર સ્નેહ અને વિશ્વાસ હતો એથી મહામંત્રીના આપ્તપુરૂષે કરેલી ગુપ્ત વાત મને અક્ષરશઃ જણાવી દીધી. મને કહ્યું, મિત્ર ધનશેખર! મેં સમુદ્ર માર્ગે થઇ અન્ય દેશમાં જવાનો અફર નિર્ણય કર્યો છે, પરન્તુ તારા વિના મને ગમશે નહિ માટે તું પણ મારી સાથે ચાલ. ધન! તારો વિરહ મને ઘણો અસહ્ય લાગે છે.

મને વિચાર આવ્યો, અરે આ હરિકુમારની મિત્રતાથી શો લાભ? હું રત્નના ઢગલા પ્રાપ્ત કરવા આવ્યો છું, પણ આની મિત્રતા જ્યારે ત્યારે વિઘ્ન જ ઉભા કરે છે. વધુ પડતો સંબંધ વધાર્યો તે સારૂં ન કર્યું. મારામાં દાક્ષિણ્યતાનો સાધારણ ગુણ હતો એટલે મેં સાથે આવવા હા ભણી.

મારો ઉત્તર સાંભળી હરિકુમાર હર્ષિત બન્યો અને મને કહ્યું, ધન! તું કોઇ મજબુત વહાણો નક્કી કરી લાવ, એમાં આપણા રત્નો પણ સાથે લઇ જવાય. આપણો કોઇ ખજાનો અહીં રહેવો ન જોઇએ.

હરિકુમારના વચનો સ્વીકારી હું સાગર તટે ગયો અને બે સારા વહાણો નક્કી કર્યા. એકમાં મારા રત્નો ભરવામાં આવ્યા અને બીજા વહાણમાં હરિકુમારના રત્નો ભરવામાં આવ્યા. વહાણોની સુરક્ષાનો પણ યોગ્ય બંદોબસ્ત કરવામાં આવ્યો.

સૂર્ય દ્વીપાન્તરે ગયો એટલે અંધકાર વ્યાપક બનવા લાગ્યો, એનો લાભ લઇ હરિકુમાર પોતાની પ્રિયતમા મયૂર-

મંજરી અને પાલકમાતા વસુમતીને લઇ સાગર તટે આવી પહોંચ્યો.

રસીક રમણીના ભાલ જેવો ચંદ્ર ઉદય પામ્યો અને સમુદ્રમાં ભરતી આવવા લાગી. પ્રિયતમા અને પાલક માતા સાથે હરિકુમાર વહાણ ઉપર ચઢ્યો. હું મારા વહાણમાં બેસવાની ઇચ્છા રાખતો હતો છતાં પ્રેમાળ હરિકુમાર આગ્રહ પૂર્વક મારો હાથ ઝાલી પોતાના વહાણ ઉપર લઇ ગયો.

ઉડુપતિ ચંદ્ર મધ્યાકાશમાં આવ્યો, ભરતીથી પાણી વધવા લાગ્યું ત્યારે સાયંત્રિકોએ સમુદ્ર પૂજા કરી, મંગલ ભેરી વગાડી વહાણો હંકારી મૂકયા. પવન અનુકૂળ હતો તેથી વહાણોની ગતિ સુંદર હતી.

હું વિશ્વાસઘાતકી બન્યો :

અમારા વહાણો પવનવેગે પથ કાપી રહ્યાં હતા. સાગરનો ઘણો ભાગ ઉલ્લંઘન કરી ગયા. સર્વત્ર પાણી પાણી જ નજરે ચડતું. એ સમયનો લાભ લઇ સાગરમિત્રે પ્રેરણા કરી.

અરે ધન! હરિકુમારનું વહાણ તો જો! એમાં માત્ર રત્નો ભર્યાં છે. એ રત્નોની શ્વેત ધવલિમા વાતાવરણમાં નિર્મળ અને તેજસ્વી પ્રકાશ પાથરે છે. તું એ વહાણ જતું ન કર. પોતાને સ્વાધીન બનાવવા ઉપાય કર.

મૈથુન મિત્ર આવ્યો એણે વળી બીજી સલાહ આપી, મિત્ર ધન! તને સુવર્ણ અવસર મલ્યો છે. તું એ પુણ્યપળનો લાભ જતો ના કરીશ. જો! આ હરિકુમારની પ્રિયતમા મયૂર-

મંજરી કેવી સુંદર મન ડોલાવતી મદભરી ચાલવાળી છે. એના મુખનું સ્મિત જો, એનું ખુમાશભર્યું લાવણ્ય જો. એની સાથે કેલિક્રીડાનો સ્વાદ લઈલે, તને એ સુખનો ખ્યાલ આવે.

બંને મિત્રોની પ્રેરણાથી રત્નભર્યું વહાણ અને નવોઢા મયૂરમંજરીને સ્વાધીન કરવાના કાળા કોડ જાગ્યા. હરિકુમારના મૃત્યુ વિના આ બન્ને વસ્તુ પ્રાપ્ત થવી અશકય છે. એટલે મિત્રના મૃત્યુનો વિચાર કરવા લાગ્યો.

મિત્રની હત્યાનો નિર્ણય કરી લીધો, હરિકુમાર એક રાત્રે વડિનીતિ કરવા માટે વહાણ ઉપરના એકાંત ભાગમાં ગએલા. મેં એ અવસરનો લાભ લઇ જોરથી ધક્કો મારી સાગરમાં પાડી દીધા.

સમુદ્રના અધિષ્ઠાયકની સહાય અને મારી અવદશા :

સાગરના અગાધ જલમાં હરિકુમાર પડ્યો એટલે મોટો ધડામ અવાજ થયો. અવાજ થતા ઘણાં લોકો જાગી ગયા. શેનો અવાજ થયો ? શું થયું, શું થયું ? એમ લોકો પૂછવા લાગ્યા. મયૂરમંજરી ભોળી હરિણલીની જેમ ભયભીત બની ગઇ. એના નયનો ચકળવકળ થવા લાગ્યા. હું શૂન્યમનસ્ક થઈ મૂર્ખની જેમ ત્યાં જ ઉભો રહ્યો.

ભદ્રે અગૃહીતસંકેતા ! મારો જૂનો મિત્ર પુણ્યોદય મારા ઉપર નારાજ થયો. ચંડાલનો છાંયો દૂરથી તજવામાં આવે તેમ પુણ્યોદય મને કલંકભૂત કુલાંગાર માની દૂર ચાલ્યો ગયો. મારાથી એ જુદો પડી ગયો.

હરિકુમારના નિર્મળ ગુણોથી સમુદ્રનો અધિષ્ઠાયક દેવ આકર્ષાયેા, એણે તરતજ હરિકુમારને ઝાલી લીધેા અને વહાણમાં એના સ્થાને બેસાડી દીધેા.

સમુદ્રાધિપતિ યમરાજ જેવું મહાભયંકર રૂપ ધારણ કરી મારી સામે હાજર થયેા. હું તેા એને જોતાં જ બાવેા બની ગયેા. હું કાંઈ વિચાર કરૂં એ અગાઉ એણે માથાના વાળ જોરથી પકડ્યા અને આકાશમાં અદ્ધર કરી દીધેા.

અગ્નિ જેવા લાલ નેત્રેા કરી બ્રહ્માંડને ડરાવે એવી ભયાનક ગર્જના પૂર્વક મારા પ્રત્યે બેાલ્યેા. રે રે મર્યાદા લેાપક ! આ શું કર્યું ? મહાપાપ ! આવેા વિશ્વાસઘાત ? નરાધમ ! આવા નિચ કાર્ય કરીને હજુ જીવે છે ? નિર્લજ્જ ! મરી કેમ જતેા નથી ? એા નપુંસક ! આવું નિચ વર્તન સત્પુરૂષ સાથે કરે છે ? હવે તું જીવનની આશા તજી દે.

એના શબ્દેા સાંભળતા હું થરથર ધ્રુજવા લાગ્યેા. મુખ ઉપરની કાંતિ ચાલી ગઇ. મૃત્યુને સામે જોયું.

એ વખતે પ્રેમાળ હૃદયવાળા હરિકુમારે સમુદ્રાધિપતિને મને મુક્ત કરવા વિનવણી કરી. મારા ઉપર હજી એને વાત્સલ્ય હતું. મહાપુરૂષેાની મહાનતા એ અલૌકિક હેાય છે.

સમુદ્ર અધિષ્ઠાયક દેવે કહ્યું, હે પુણ્યવાન્ ! આ દુષ્ટ વ્યક્તિનું તારે શું કામ છે ? આવા નિર્લજ્જ મહાદંડને પાત્ર હેાય છે. ભાગ્યવાન્ ! તમે તમારા નગરે પધારેા. આમ જણાવી મને આકાશમાં ગેાળગેાળ ઘૂમાવ્યેા અને સૌના જોતાં જ સમુદ્રમાં ફેંકી દીધેા.

હરિકુમારને રાજ્ય :

અધિષ્ઠાયક દેવ અન્તર્ધાન થયા પછી હરિકુમાર બંને વહાણો લઇ સાગર તટે આવી પહોંચ્યો. ત્યાં સાગર તટે જ સમાચાર સાંપડ્યા કે આનંદનગરના મહારાજા કેશરી મૃત્યુ પામ્યા છે, લોકવાર્તાથી એ સમાચારો મળેલા.

હરિકુમાર તરત આનંદનગરમાં ગયો અને વિના યુદ્ધે વિના કલેશે પોતાના પિતાના રાજ્યસિંહાસને બેસી ગયો. રાજ્ય માટે સ્હેજ શ્રમ ન કરવો પડ્યો.

પાલકમાતા વસુમતીએ "અહીંથી કલસુંદરી કેવી રીતે પુત્રના રક્ષણ માટે ભાગી ગએલી, પોતે કઈ રીતે સાથે ગએલી, પુત્ર પ્રસવ, માતાનું મૃત્યુ, સાર્થપતિ સાથે રત્નદ્વીપે ગમન, ભાઇના ત્યાં ઉછેર, મયૂરમંજરી સાથે લગ્ન" વિગેરે બધી બાતો વિસ્તાર-પૂર્વક કહી સંભળાવી.

લોક સમુદાય આ વાત સાંભળી ઘણો ખુશી થયો અને હરિકુમારના ગુણથી રંજિત થઈ આજ્ઞા માનવા લાગ્યા. વાસ્ત-વિક હક્કદાર અને પોતાના રાજાનો પુત્ર છે, વળી એ ગુણ-શીલ પણ છે તેથી વધુ આનંદિત થયા.

યશસ્વી નીતિમાન્ હરિકુમારે રત્ન ભરેલું મારૂં વહાણ મારા પિતાશ્રીને બોલાવી સોંપી દીધું. મારા પિતા હરિશેખર રાજાની ગુણીયલતાથી ઘણા પ્રસન્ન થયા. મારા વહાણનો હક્ક કોનો એ તો કોઈ જાણતું ન હતું. છતાં પ્રામાણીકતા ગુણથી એમણે સોંપી દીધું અને પોતે પોતાના પુણ્ય પ્રભાવથી વિશાળ રાજ્યને ભોગવવા લાગ્યા.

નિષ્ફળતા ઉપર નિષ્ફળતા :

મને દેવતાઓ દરિયામાં ફેંકી દીધો એટલે હું પાણીમાં ગોથા ખાવા લાગ્યો. ભાગ્યમાં હજુ ઘણા દુઃખ ભોગવવાના લખ્યા હતા એટલે ભાગેલા કોઈ વહાણનું એક પાટીયું મારા હાથે લાગ્યું. હું બરોબર એને વળગી પડ્યો. સાત રાત અને સાત દિવસના દરિયાઈ મોજાઓની અને જલજંતુઓની ટક્કર ઝીલતો સાગર તટે આવી પહોંચ્યો. શુદ્ધ હવાથી કાંઈક ચેતન મારામાં આવ્યું.

સુનયને ! ભૂખ્યો અને તરસ્યો સાગર તટે ફરવા લાગ્યો. મહામુશકેલીથી મને થોડાં ફળો મહ્યા અને પીવા પાણી મહ્યું. એનાથી ઉદર પૂર્તિ અને તૃષા શાંતિ કરી. તુચ્છ ફળોથી અને વન્ય પાણીથી જીવન ગુજારતો હતો. રખડતો રખડતો મુશીબતો ભોગવતો વસંત દેશમાં પહોંચી ગયો.

ધન પ્રાપ્ત કરવા મેં ઘણા ઉપાયો અજમાવ્યા પણ મને એકેમાં સફળતા ન મળી. પુણ્યોદય મારી પાસે હતો નહિ એટલે સફળતાની આશા ઠગારી બનતી.

વેપાર ચાલુ કર્યો તો એમાં સોના સાઠ થયા અને નુકશાનીમાં ઉતરવું પડ્યું.

ખેતીમાં જોડાયો અને જમીનોમાં વાવણીઓ કરાવી પરંતુ વરસાદ ન થયો. બીજ પણ નકામા ગયા.

રાજાની સેવામાં લાગી ગયો, વિનય અને નમ્રતા ખૂબ જાળવતો છતાં રાજા વિના કારણે મારા ઉપર ક્રોધે ભરાતા

હતા. રાજાને પ્રસન્ન કરવા લશ્કરી વિભાગમાં જોડાયો અને યુદ્ધમાં ઝંપલાવ્યું. શરીરે ઘણા ઘા વાગ્યા. મરણતોલ દશા પામ્યો છતાં રાજા ન રીઝયા અને નોકરી છોડવી પડી.

બળદોનો ધંધો કર્યો અને ભાડે આપવા લાગ્યો પણ ઘણા બળદોને રોગ ફાટી નીકળ્યો અને મરી ગયા.

ગધેડા ઉપર માલ ભરી બીજા દેશમાં લઈ જવાનો વણઝારાનો ધંધો કરવા લાગ્યો. પરન્તુ એક વખતે માલ ચોરોએ જંગલમાં લૂંટી લીધો.

રોહણાચલ પર્વતે રત્ન માટે ગયો પણ નસીબે યારી ન આપી એટલે હાથમાં માત્ર ધૂળ જ આવતી.

ધાતુવાદનો પ્રયોગ ચાલુ કર્યો, પારા અને તાંબામાંથી સોનું બનાવવા ગયો ત્યારે એ બધા દ્રવ્યો ક્ષારરૂપ બની ગયા. પરિશ્રમ વ્યર્થ થયો.

ધન માટે જુગાર રમવા લાગ્યો પણ ત્યાંય સખત હાર થઈ. જુગારીઓએ મારી મારી મારા હાડકા ખખડાવી નાખ્યા.

થાકીને હું કોઇ ધનપતિના ત્યાં નોકરીએ રહી ગયો. મેં એની ઘણી સરસ સેવા બજાવી. વફાદારી પૂર્વક કામ કર્યું, પણ મને બદલામાં કાંઇ ના મળ્યું. નોકરી જતી કરી.

હે સંકેતા ! તને મારી આપવીતીની વાત શું કહું ? ભૂખના કારણે પેટમાં ખાડો પડી ગયો, શરીર લેવાઇ ગયું. ભીખ માગવી ચાલુ કરી, પરન્તુ પુણ્યોદય વિના ભીખમાં આવા જેટલું પણ હું મેળવી શકતો ન હતો.

દરેક કામમાં નાસીપાસ થવાથી હું હતાશ થઇ હાથ પગ જોડી બેસી ગયેા. હતાશ અને ઉદાશ થએલા મને જોઇ સાગરમિત્ર મારી પાસે આવ્યેા અને શિખામણ આપી એણે મને કમાવવા માટે ફરી ઉત્સાહિક કર્યો.

સાગરની પ્રેરણા :

અરે ધનશેખર ! નિરાશ થઇને બેસી રહેવાથી લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. ઉત્સાહ અને સાહસ દ્વારા લક્ષ્મી પ્રાપ્ત થાય છે. લમણે હાથ દઇ શું બેસી રહ્યો છે ? ઉભેા થા, કાંઇક પુરૂષાર્થ કર.

આમ નિરાશ થયે લક્ષ્મી મળવાની નથી. માટે નિરાશાને ખંખેરી નાખ. વિધાતા પ્રતિકૂળ હેાય તેા પણ સાહસિક પુરૂષ-રત્નોને લક્ષ્મી આવી મળે છે. કંટાળેા મૂકી કાર્યમાં લાગી જા.

લક્ષ્મી મેળવવામાં ખેાટું બેાલવું પડે, વિશ્વાસઘાત કરવેા પડે, ચેારી કરવી પડે, ખેાટા માપતેાલ રાખવા પડે, ભેળસેળ કરવી પડે તેા પણ કરજે અને લક્ષ્મી મેળવજે. મિત્રદ્રોહ કે કુટુંબને તિલાંજલિ આપવી પડે તેાય મુંઝાઇશ મા. માતાને પણ લક્ષ્મી ખાતર મારી નાખતાં અચકાવું ન જોઇએ.

અનેક મહાપાપેા કર્યા હેાય છતાં લક્ષ્મીપતિ હેાય તેા એ પાપી ગણાતેા નથી. સર્વ લેાકેા પ્રશંસાના પુષ્પેા વેરે છે અને માન સન્માન મેળવે છે. ધનથી વિષય સુખેા તેા આંગણે નાચતાં જ હેાય.

તું ધીરજવાન્ બની જા, લક્ષ્મી મેળવવા ફરી સાહસ કર. ભલા માણસ ! આપદાઓથી સ્ત્રીઓ ડરતી ફરે. તું પુરૂષ થઇને નમાલેા કાં બની ગયેા છે ? તું પુરૂષ છે કે સ્ત્રી ?

ફરી પ્રયત્ન અને નિષ્ફળતા :

સાગરમિત્રે મને ઘણો ઉત્સાહિત કર્યો એટલે મને પાનો ચડ્યો. ધીરજ, સાહસ અને ખંતથી ફરી ધનની આકાંક્ષાથી પાપો કરવા લાગ્યો. પરન્તુ પુણ્યોદય મારી સહાયે ન હતો તેથી ધન તો ન મળ્યું પણ લક્ષ્મીના દર્શને થયાં નહિ.

હે રંભોરૂ ! પુણ્યોદયનો સાથ ન હતો છતાં મારામાં મિથ્યાભિમાન ઘણું જ હતું. મિથ્યાભિમાનના કારણે હું શ્વસુરના ત્યાં ન ગયો, તેમજ પિતાજીના પાસે પણ ન ગયો.

આવી કથળેલી પરિસ્થિતિમાં પણ મારો મિત્ર મૈથુન મને સ્ત્રી-સંસર્ગ કરવા પ્રેરણા કર્યાજ કરતો. મારી હાલત સર્વથા નિર્ધન હતી અને શરીર દુર્બલ શ્યામ બની ગએલું એટલે કાંણી સ્ત્રી પણ મારા મુખડા સામે જોવા તૈયાર ન હતી, ત્યાં રૂપવતી અને મનગમતી સ્ત્રીની આશા જ કેમ રખાય ? મને કામક્રીડા માટે સ્ત્રી પ્રાપ્ત ન થતાં હૃદયમાં હું ખૂબ દુઃખી થતો.

કુબ્જા, કુટિલા, કાણા, કર્કશા, કૃષ્ણા સ્ત્રી પણ મળી જાત તોય સંતોષ માનત. પુણ્યોદયની વિમુખતાના કારણે મારા ધનના કોડ પૂરાણા નહિ અને સ્ત્રીઓ સાથેની વિલાસની વૃત્તિઓ પાર પડી નહિ.

અનેક અનર્થો કર્યાં પણ અભિલાષાઓ અધુરી જ રહી. અહીં ભટક્યો, તહીં ભટક્યો પણ દુઃખો જ નશીબે લખ્યાં હતા. બંને પાપ મિત્રોએ આશાઓમાં ફસાવી વધુ દુઃખી કર્યો, આશાઓ ઠગારી બની.

પ્રકરણ ત્રીજું

શ્રી ઉત્તમસૂરિજી

આચાર્યદેવની પધરામણી :

હરિકુમાર અને મયૂરમંજરી આનંદનગરમાં આનંદ કરે છે, રાજ્યનું પાલન અને રક્ષણ સારી રીતે કરે છે. એક વખતે આનંદનગરના ઉદ્યાનમાં આચાર્ય ભગવંત શ્રી ઉત્તમસૂરીશ્વરજી પધારે છે. આચાર્યશ્રી ગુણરત્નોની ખાણ સમા અને પવિત્રતમ પુરૂષશ્રેષ્ઠ હતા.

વનપાલકે આચાર્ય ભગવંતના શુભાગમનના સમાચાર આપ્યા. હરિકુમાર ઘણા ખૂશી થયા. પોતાના પરિવાર અને પૌરજનોની સાથે વંદના કરવા વનમાં પધાર્યા. સર્વ લોકો વંદના કરી કરીને સ્વયોગ્ય સ્થળ ઉપર બેઠા.

આચાર્ય ભગવંતે અજ્ઞાન અંધકારના આવરણોનો ભેદ કરનારી અમોઘ દેશના આપી. દેશના સાંભળતા હરિકુમારને વિચાર આવ્યો કે આચાર્ય ભગવંત વિશ્વદર્શી છે. લોકાલોકને જોનારા છે, તો હું એમને પ્રશ્ન પૂછું. ભગવન્! મિત્ર ધનશેખરે મને શા માટે સમુદ્રમાં ફેંકી દીધો હતો? અધિષ્ઠાયક દેવ એના ઉપર શા માટે કોપાયમાન થયો? તે હાલમાં જીવે છે કે મૃત્યુ પામ્યો?

હરિકુમાર મનમાં પ્રશ્ન પૂછવાનો વિચાર કરી રહ્યા છે, એટલામાં મનના ભાવોને જાણી જનારા ચાર જ્ઞાનના સ્વામી શ્રી આચાર્ય ભગવંત મંજુલ સ્વરે બોલ્યા.

હે રાજન્! તમે વિચાર કરો છો કે મને મારા મિત્રે સમુદ્રમાં કેમ ફેંકી દીધો? તો એનું કારણ તમને જણાવું છું તે સાંભળો.

સાગર અને મૈથુન એ હરિશેખરના પ્રિય મિત્રો છે. આ બે મિત્રોની પ્રેરણાથી એણે તમને સમુદ્રમાં નાખ્યા હતા.

બિચારા હરિશેખરનો દોષ નથી, એ તો રાંક છે. મિત્રોને પરાધીન છે. સાગરે તમારું રત્ન ભરેલું વહાણ પડાવી લેવા પ્રેરણા કરી અને મૈથુને મયૂરમંજરી સાથે વિલાસ કરવા ઉશ્કેર્યો.

બન્ને મિત્રોના વચનોથી પરાધીન બનેલા ધનશેખરે તમને સમુદ્રમાં ફેંકયા એટલે સમુદ્રનો અધિપતિ દેવ એના ઉપર ક્રોધે ભરાણો. તમારા નિર્મળ ગુણોથી આકર્ષાઈ તમને બચાવ્યા અને ધનશેખરને સમુદ્રમાં ફેંકી દીધો. દેવે માન્યું ડુબી ગયો હશે, પરન્તુ એ બચી ગયો. તૂટેલા વહાણનું ફલક હાથ લાગવાથી તરતો તરતો સાત દિવસે કિનારે આવી પહોંચ્યો.

તે હજુ સુધી જીવી રહ્યો છે. સાગરની પ્રેરણાથી ધન કમાવા ઘણા પરિશ્રમો કરે છે પણ કશું મળતું નથી. દેશો દેશ અને ગામે ગામ રઝળે છે અને દિવસો દુઃખમાં પસાર કરે છે.

હે નરેશ્વર! બધા દુઃખોમાં ધનશેખર આ બે મિત્રોના લીધે પીડાય છે, ધનશેખર મૂળસ્વરૂપે શુદ્ધ અને સાત્ત્વિક પુરૂષ છે. એનો દોષ ન ગણાય દોષ સાગર અને મૈથુનનો છે.

પાપ મિત્રોના વિયોગનો ઉપાય :

હરિકુમાર રાજા ઘણા દયાળુ અંતઃકરણવાળો હતો. મારી અવસ્થા સાંભળી એનું હૃદય કરૂણાભર્યું બની ગયું. ફરીથી આચાર્ય ભગવંતને પ્રશ્ન કર્યો.

પૂજ્ય ગુરૂદેવ ! ધનશેખર આ બે પાપ મિત્રોની મિત્રતા ક્યારે તજશે ? બન્ને પાપ મિત્રો ધનનો પલ્લો છોડશે કે નહિ ?

આચાર્ય ભગવંતે જણાવ્યું, રાજન્ ! સાંભળો.

"શુભ્રચિત્ત" નામનું એક નગર છે. ત્યાં ત્રણ લોકના પ્રાણીઓને આનંદ આપનાર શ્રી "સદાશય" નામના રાજવી છે. એમને વિશ્વ પ્રસિદ્ધ "વરેણ્યતા" નામના મહારાણી છે. એ મહારાણીને ગુણરત્નભૂષિતા, નિર્મળ હૃદયા એવી બે સુલક્ષણી કન્યાઓ છે. એકનું નામ છે "મુક્તતા" અને બીજી સુકન્યાનું નામ છે "બ્રહ્મરતિ".

જ્યારે મુક્તતા અને બ્રહ્મરતિ સાથે ધનશેખરના લગ્ન થશે ત્યારે સાગર અને મૈથુન બંને પાપ મિત્રો ચાલ્યા જશે. મુક્તતા અને બ્રહ્મરતિની વિદ્યમાનતામાં આ પાપ મિત્રો રહી શકે એમ નથી, જરૂર વિયોગ થઈ જશે.

નરપતિ ! આપે આ વિષયમાં ચિંતા કરવા જેવી નથી, કારણ કે આપનો એ વિષય નથી. આ કાર્યની ચિંતા શ્રી કર્મપરિણામ કરે છે. આપ ચિંતા મુક્ત બનો અને આત્મહિતમાં ઉદ્યમવંત બનો.

આચાર્યભગવંતના કહેવાથી હરિકુમારે મારી ચિંતા છોડી

દીધી. એઓ ગમે તેટલી હિતબુદ્ધિ રાખે તો પણ હું માર્ગમાં આવી શકું એમ ન હતો.

નરપતિને મનમાં એક પ્રશ્ન જાગ્યો અને પૂછયું: ગુરુદેવ ! આપશ્રીએ મંજુલસ્વરે જણાવ્યું કે પાપમિત્રોની મિત્રતાના કારણે ધનશેખર પાપો કરતો આવ્યો છે, પણ ધનશેખર મૂળ સ્વરૂપે શુદ્ધ, નિર્મળ અને ભદ્ર વ્યક્તિ છે, તો મને શંકા થાય છે કે કોઇ નિર્મળ વસ્તુ અન્ય વસ્તુના સંસર્ગથી સમળ બની શકે છે ? નિર્મળતા ચાલી જાય અને મલીનતા આવી જાય એવું બને ?

નરપાલ ! હા, એ નિર્મળતા અને મલીનતા પરપદાર્થના સંસર્ગે સંભવિત છે. કારણ કે લોકસમુહ બે પ્રકારનો છે. એક છે બાહ્ય અને બીજો છે આંતર. એમાં બાહ્યલોકના સંસર્ગથી દોષો આવી શકે છે અને કોઇ વિશિષ્ટ જીવ હોય તો દોષો ન પણ લાગે. પરન્તુ આંતરલોકોના સંસર્ગથી અવશ્ય દોષો લાગી જાય છે. નિર્મળનો સમળ બની જાય છે.

આ વિષય તત્ત્વજ્ઞાનનો છે એ સ્પષ્ટ ખ્યાલ નહિ આવતો હોય, હું તમને એક કથાનક જણાવું છું તમે એ સાંભળશો, એટલે આંતર લોકોના સંબંધથી કેમ દોષો લાગી શકે છે અને પાવન આત્મા અપાવન કેમ બની જાય છે એ સ્પષ્ટ ખ્યાલ આવી જશે.

ષટ્ પુરૂષ કથાનક :

સંસારીજીવ મૂળકથા શ્રી સદાગમની અધ્યક્ષતામાં જણાવી રહ્યો છે. અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાલ અને ભવ્યપુરૂષ સુમતિ–

કથા સાંભળી રહ્યાં છે. એમાં પોતાના ધનશેખરના ભવની આપવીતી કથા કહી રહ્યો છે. કથામાં શ્રી ઉત્તમસૂરીશ્વરજી મહારાજ હરિકુમાર રાજવીને ષટ્પુરૂષ કથાનક સંભળાવે છે.

આ વિશ્વમાં "મનુજગતિ" મહાનગરી આવેલી છે. એનું રાજ્ય શ્રી "કર્મપરિણામ" મહારાજા પોતે જ સંભાળે છે. શ્રી "કાળપરિણતિ" એમના મહારાણી છે. આ રાજા–રાણી સંસારનાટક જોતાં આનંદથી રહે છે.

આ રાજા–રાણીને અનંતા છોકરાઓ છે, છતાં કોઈ ખરાબ માનવીની નજર ન લાગી જાય એ બહાને અવિવેક વિગેરે મંત્રીઓએ એ બધાને જાહેર નથી કર્યા. ગુપ્ત જ રાખવામાં આવતા હતા.

મહારાજા અને મહારાણી પાસે એક "સિદ્ધાંત" નામનો નરરત્ન છે. તે શુદ્ધ અને સત્ય વચન બોલનાર છે. સર્વ સ્વભાવોનો સારો અભ્યાસી છે. યથાર્થ વક્તા અને રાજા–રાણીના ગુપ્ત તેમજ માર્મિક પદાર્થોના સ્વરૂપનો સારો ખ્યાલ ધરાવે છે.

સિદ્ધાંત* મહાપુરૂષને "અપ્રબુદ્ધ"× નામનો શિષ્ય હતો. એણે પોતાના ગુરૂને સુંદર પ્રશ્નો કર્યા. એ જાણવા જેવા છે.

---

* સિદ્ધાંત : એ જૈન આગમનું રૂપક છે.

× અપ્રબુદ્ધ : અંદર જ્ઞાન છે પણ ઉપર આવરણો આવી ગયા છે. તે ગુરૂના સમજાવવાથી આગમ દ્વારા આવરણો દૂર થાય છે. એનું આ રૂપક છે.

સિદ્ધાંત અને અપ્રબુદ્ધનો વાર્તાલાપ :

અપ્રબુદ્ધ—ભગવન્ ! આ વિરાટ વિશ્વમાં પ્રાણીઓને કઇ વસ્તુ અતિપ્રિય છે અને કઇ વસ્તુ અપ્રિય છે ?

સિદ્ધાંત—ભદ્ર ! પ્રાણીઓને "સુખ" ઘણું ગમે છે. દુઃખ કોઇને કદાપિ ગમતું નથી. માટે જ સુખ માટે સૌ પ્રયત્ન કરતા હોય છે અને દુઃખથી નાસતા ફરે છે.

અપ્રબુદ્ધ—ભદન્ત ! સુખનું કારણ શું હશે અને દુઃખનું કારણ શું હશે ?

સિદ્ધાંત—રાજ્ય સારી રીતે પાલન કરવામાં આવે તો સુખની પ્રાપ્તિ થાય અને સારી રીતે પાલન કરવામાં ન આવે તો દુઃખની પ્રાપ્તિ થાય છે.

અપ્રબુદ્ધ—ભન્તે ! આપની વાતમાં મને પ્રત્યક્ષ દોષ દેખાય છે. આપે આવી ઉઘાડા દોષવાળી વાત કેમ કરી હશે ? જગતમાં રાજ્ય ઘણું જ ઓછા વ્યક્તિઓ ધરાવતાં હોય છે. ત્યારે સુખ અને દુઃખ વિશ્વના બધા જ પ્રાણીઓ ભોગવતાં હોય છે. એ પ્રત્યક્ષ દેખાય છે. અહીં આપની વાત કઇ રીતે ગળે ઉતરે ?

સિદ્ધાંત—બાહ્ય રાજ્યની મેં તને વાત નથી કરી. એ બાહ્યરાજ્ય સુખ દુઃખનું કારણ બનતું નથી, પણ આન્તર રાજ્ય સુખ દુઃખમાં નિમિત્ત બને છે.

સંસારવર્તી સર્વ જીવોને આંતર રાજ્યનું આધિપત્ય હોય છે. તેથી જે આત્માઓ આન્તરરાજ્ય સારી રીતે પાલન કરી

જાણે છે તેઓ સુખી બને છે અને જેઓ રાજ્ય બરોબર ચલાવી શકતા નથી તેઓ દુઃખી થાય છે. મૂઢ બુદ્ધિવાળા સારી રીતે રાજ્ય ન કરે એટલે દુઃખ મેળવે. આમાં કાંઇ પ્રત્યક્ષ વિરોધ જણાતો નથી. તારે વિવેકપૂર્વક વિચાર કરવો જરૂરી છે.

અપ્રબુદ્ધ—પૂજ્યવર ! આંતરરાજ્ય એક પ્રકારનું છે કે અનેક પ્રકારનું ?

સિદ્ધાન્ત—ભદ્ર ! સામાન્યથી આંતર રાજ્ય એક પ્રકારનું છે, અને વિશેષથી વિચારીએ તો અનેક પ્રકારનું એ રાજ્ય છે.

અપ્રબુદ્ધ—ભગવન્ ! સામાન્ય રાજ્યનું કેવું સ્વરૂપ છે ? એ રાજ્યના રાજા, કોશ, સૈન્ય વિગેરે કેવાં છે ?

સામાન્ય રાજ્ય વર્ણન :

સિદ્ધાંત—ભદ્ર ! સાંભળ.

રાજા—આ સામાન્ય રાજ્યનો રાજવી સંસારીજીવ છે. સંસારીજીવ વિશ્વવિખ્યાત વ્યક્તિ છે. સર્વ ઐશ્વર્યનો અધિપતિ છે. સુખ અને દુઃખ એની રાજપદ્ધતિ ઉપર છે.

કોશઃ—સમતા, નમ્રતા, સરલતા, નિર્લોભતા, ધ્યાન, નિર્મળ માનસ, શુદ્ધ જ્ઞાન, વીર્ય વિગેરે ભાસ્વર જ્યોતિયુક્ત રત્નસમુહ એના કોશાગારમાં અગણિત ભરેલાં છે. એ રાજ્યનો ભંડાર ઘણો વિશાળ છે.

સૈન્યઃ—આ રાજવી પાસે ચતુરંગ સૈન્ય છે. ગંભીરતા, ઉદારતા, શૂરવીરતા વિગેરે રથદળ છે. યશઃપ્રભા, વિશ્વસનીયતા,

સૌજન્યતા વિગેરે વિશાળ ગજદળ છે. વાગ્મીત્વ (સ્પષ્ટવક્તૃત્વ) બુદ્ધિત્વ, ધૈર્યત્વ વિગેરે અશ્વદળ છે. દાક્ષિણ્યતા, મનઃપ્રસન્નતા, નિર્મળચિત્તતા વિગેરે અનેક પાયદળ છે. ક્ષીરસાગર જેવું મહા વિશાળ અને ત્રણ ભુવનને આનંદ આપનારું ચતુરંગ સૈન્ય એ સામાન્ય રાજ્યમાં આવેલું છે.

વળી સંસારીજીવ રાજાનો પરમ હિતસ્વી ચતુર્મુખધારી શ્રી ચારિત્રધર્મરાજા પણ પ્રતિનાયક આ રાજ્યમાં રહે છે. દાન, શીયળ, તપ અને ભાવ એ એના ચાર મુખો છે.

ભૂમિઃ—ચિત્તવૃત્તિ અટવી આ રાજ્યની ભૂમિ છે. અને રાજ્યની આવકનો આધાર એ અટવી ભૂમિ ઉપર અવલંબે છે.

નગરોઃ—જૈનપુર, સાત્વિકપુર, નિર્મળમાનસ, શુભ્રચિત્ત વિગેરે નાના મોટા અનેક નગરો છે.*

આ સામાન્ય મહારાજ્યની અંદર કષાય, નોકષાય, પ્રમાદ વિગેરે નામોવાળા હજારો ચોરો વસે છે અને રાજ્યમાં ઘણી વાર ઉપદ્રવો ઉભા કરે છે. આ ચોરોના બે અધિનાયકો છે. એ બન્ને નાયકો સગા ભાઇ છે. એકનું નામ છે કર્મપરિણામ અને બીજાનું નામ છે મહામોહ. આ બન્ને મહાબલવાન છે.

શ્રી કર્મપરિણામ અને મહામોહ રાજાએ પોતાના પરાક્રમથી વિશ્વના ઘણા પ્રદેશોને પોતાને આધીન કર્યા છે.

---

* સામાન્ય રાજ્યના વર્ણનમાં રાજા, કોશ, સૈન્ય, નગર, ભૂમિ શત્રુસૈન્ય વિગેરેનું વર્ણન ચોથા પ્રસ્તાવમાં વિશેષતાપૂર્વક કરી ગયા છીએ.

ચતુરંગ સૈન્ય એનું મહાવિશાળ છે એટલે વધુ પડતો મદ એ રાખે છે. મનમાં વિચાર કરે છે કે આ સામાન્ય રાજ્ય ઉપર સંસારીજીવ રાજા કયાંથી આવ્યો ? ચારિત્રધર્મરાજ એ કયા બાગનું બગતરૂં છે ? આ રાજ્ય અમારૂં છે. બીજા કોઇની દેન નથી કે રાજ્ય સંભાળી શકે. અમે જ એના ખરા સ્વામીઓ છીએ.

આ જાતનો નિર્ણય કરીને બધા ચોર ધાડપાડુઓએ ભેગા મળી કર્મપરિણામને મહારાજા તરીકે સ્થાપન કર્યો. વળી ચિત્તવૃત્તિ અટવીમાં રાજધાનીપુર અને તામસપુર નગરો બનાવીને એમાં મહામોહનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

મહામોહને પણ ચતુરંગ સૈન્ય સોંપવામાં આવ્યું. રાજ્યનો ઢંઢેરો એની પોતાની નીતિ પ્રમાણે જાહેર કર્યો. કાયદાશાસ્ત્ર પોતાની નીતિને અનુરૂપ રચવામાં આવ્યું. સંપૂર્ણ રાજ્યનો કારભાર મહામોહે સર્વ રીતે સંભાળી લીધો. કર્મપરિણામે પોતાનો વહીવટ એના હાથમાં આપી દીધો.

શ્રી કર્મપરિણામ મહારાજા કાલપરિણતિ મહારાણીના સાથે નિશ્ચિંત બનીને મનુજગતિ નગરીમાં સંસારનાટક જોઈ રહ્યો છે અને મોજમજા માણી રહ્યો છે.

શ્રી કર્મપરિણામ સંસારીજીવની શક્તિ કેટલી છે એ એના જાણમાં છે. ચારિત્રરાજા, સદ્‌બોધમંત્રી, સમ્યગ્‌દર્શન સેનાપતિ, સંતોષ તંત્રપાળ વિગેરેના બળના માપની જાણકારી એને છે. તેથી સંસારીજીવના રાજ્યનો સર્વથા દ્વેષ કરતો નથી. ઘણીવાર કર્મપરિણામરાજા ચારિત્રધર્મરાજ પ્રતિ પ્રેમથી જુવે

છે. ઘણીવાર એમના સારા સારા કાર્યો કરી આપી મદદ પણ કરે છે. ઘણીવાર સહયોગ આપી પ્રેમ મેળવે છે.

આવા ગુણને કારણે ચારિત્રધર્મરાજાએ પોતાના પરિવારને ભેગા કરીને નિર્ણય કર્યો કે આ રાજા મધ્યસ્થ ગુણવાળો છે એટલે આપણે એને સ્વામી તરીકે સ્થાપીએ. સૌએ એ વાત સ્વીકારી અને પોતાનો સ્વામી બનાવ્યો. સૌ એની સાથે સન્માનપૂર્વક વર્તે છે.

ચોરોના સરદાર મહામોહ પોતાના પ્રચંડ પરાક્રમના અભિમાનથી ચારિત્રધર્મરાજને કે એના સૈન્યને તણખલા કરતાં વધુ હીનસત્ત્વ ગણે છે. સર્વથા નિર્માલ્ય અને બલ વગરનું માને છે.

પેલો સંસારીજીવ મહારાજા પોતાના રાજવીપણાને કે પોતાના રાજ્યને જાણતો ન હોય, પોતાના કોશની સમૃદ્ધિ અને સૈન્યના બળનું ભાન ન હોય, પોતાના નગરો, ભૂમિ અને જાયદાદનું જ્ઞાન ન હોય, પોતાના વર્ચસ્વ અને સત્તાની શક્તિને સમજતો ન હોય એવા અવસરનો લાભ લઇ પોતાના ચોરસૈન્યને લઇ ધાવો બોલાવી દે છે. સંસારીજીવના રાજ્યને ઘેરી લે છે અને સંસારીજીવને કેદ કરી પોતાનો દાસ બનાવી દે છે.

જ્યારે સંસારીજીવને પોતાના રાજ્યનો ખ્યાલ આવે અને પોતાની સત્તા, બળ, ઐશ્વર્યનો વિચાર કરી મહામોહનો સામનો કરે ત્યારે એ મહામોહને હતપ્રહત કરી નાખે છે અને પોતે વિજય પ્રાપ્ત કરે છે. વળી મહામોહ સામનો કરે

અને સંસારીજીવને દાસ બનાવી દે છે. આ રીતે મહામોહની અને સંસારીજીવની હાર અને જિત ચાલ્યા કરે.

જે વખતે સંસારીજીવ વિજય મેળવે તે વખતે સુખી ગણાય અને પરાજય પામે ત્યારે દુઃખી ગણાય. પરન્તુ જ્યારે પુનઃપુનઃ અભ્યાસદ્વારા સંસારીજીવ યુદ્ધે ચડે અને પોતામાં અનેરી તાકાત બળ છે અને અમોઘ વીર્યશક્તિ પોતામાં છે એવું આત્મભાન થાય ત્યારે મહામોહ વિગેરે યુદ્ધના મોરચે સામે આવેલા શત્રુઓને એક એકને વિણી વિણી ખલાસ કરી નાખે છે અને સર્વ ઉપર પોતાનો વિજય મેળવે છે.

મહામોહાદિ શત્રુઓના મૂળ ઉખેડી નાખી વિજયમાળા વરે ત્યારે એનું રાજ્ય નિષ્કંટક બને છે. એને દુઃખ જોવાનો વખત આવતો નથી. સર્વ કલેશ રહિત માત્ર સાચું સુખ અને અપૂર્વ આનંદમાં એ મગ્ન રહે છે.

આ પ્રમાણે તે સામાન્ય રાજ્ય સંસારીજીવના સુખ અને દુઃખનું કારણ છે એમ મેં તને જણાવ્યું હતું. શુભાશય! સુચારૂ રીતે રાજ્યવ્યવસ્થા સંસારીજીવ કરે તો એ સુખનો ભોગવટો કરે અને વ્યવસ્થા તંત્ર નબળું રાખે અને હાર ખાય તો દુઃખ ભોગવે.

અપ્રબુદ્ધ—સ્વામિન્! હાલમાં સંસારીજીવનું રાજ્ય કઇ રીતે ચાલી રહ્યું છે? સુરાજ્ય ચાલે છે કે કુરાજ્ય?

સિદ્ધાન્ત—ભાઇ! હાલમાં કુરાજ્ય ચાલી રહ્યું છે. એ બિચારાને પોતાના રાજ્યનો ખ્યાલ નથી. પોતાની સત્તા અને સામ્રાજ્યનું ભાન નથી. બહિરંગ પ્રદેશોમાં હમણા દુઃખ ઉપર

દુઃખ ભોગવી રહ્યો છે. સુખનું સ્વપ્ન પણ જોઇ શકતો નથી. સાગર અને મૈથુને એને અવળે પાટે ચડાવી દીધો છે. અને એના કહ્યે ચાલે છે માટે યાતના અને બેસુમાર સીતમ સહન કરી રહ્યો છે.

વળી મહામોહ વિગેરે રાજાએ એના ચારિત્રધર્મ અને એના સૈન્યને ચારે બાજુથી ઘેરીને ફસાવી દીધા છે. એનું બળ પણ પાંગળુ બની ગયું છે. શક્તિઓ હણાઈ ગઇ છે. આવી કથળેલી પરિસ્થિતિમાં સૈન્ય પોતાના બળને બતાવવા અસમર્થ બની ગયું છે.

અપ્રબુદ્ધ—પૂજ્યવર! સામાન્યતઃ એક પ્રકારનું રાજ્ય છે અને એ પ્રાણીઓને સુખ તથા દુઃખ આપવામાં કારણભૂત છે એ વિષય મેં આપના પવિત્ર મુખેથી સાંભળ્યો. હું બરોબર વ્યવસ્થિત સમજી પણ ગયો છું.

આપ પૂજ્યશ્રીએ બીજી વાત એ જણાવેલી હતી કે વિશેષતઃ એ રાજ્ય અનેક પ્રકારનું છે, મારી જીજ્ઞાસા એ માટેની માહીતી મેળવવા તલસી રહી છે. આપ કૃપા કરી એ માહીતી આપવા કૃપા કરશો?

સિદ્ધાન્ત—વત્સ! તને આગળ જણાવવામાં આવ્યું હતું કે સંસારીજીવે પોતાના દરેક કાર્યમાં કર્મપરિણામ મહારાજાને પ્રમાણભૂત માન્યા છે. એની આજ્ઞા પ્રમાણે સર્વ કાર્યો થતાં હોય છે. પોતાની બુદ્ધિનો ઉપયોગ ઓછો કરાતો હોય છે.

સર્વસત્તા કર્મપરિણામ રાજાને સોંપવાના કારણે એ પોતાની ઇચ્છા મુજબ પોતાના અનંતા પુત્રોને જુદા જુદા

પૂર્ણ રાજ્યો આપે છે, એની સત્તા પણ સોંપવામાં આવે છે. પુત્રો અનંતા છે એટલે રાજ્ય પણ અનંતા બની જાય છે. એ રાજ્યો કોઇ જીવને સુખના કારણ બને છે તો કોઇને દુઃખના કારણ બને છે. જીવોની યોગ્યતા અને અયોગ્યતા ઉપર એનો આધાર છે.

સુખ અને દુઃખના પણ અનંતા પ્રકાર થાય છે એટલે રાજ્યના અનંત પ્રકાર થાય છે. અનંત એટલે એ રાજ્ય વિશેશ કહેવાય છે. આ રાજ્ય અનંત કઇ રીતે કહેવાય એ તારા ખ્યાલમાં આવી ગયું હશે.

અપ્રબુદ્ધ—સ્વામિન્! કર્મપરિણામ રાજાના પુત્રો રાજ્ય કરતાં હતાં તો એમને રાજ્ય કરવાથી શો લાભ થયો?

સિદ્ધાન્ત—આયુષ્મન્! મેં તને પહેલાંથી જ જણાવી દીધું હતું કે કર્મપરિણામ રાજાને અનંતા પુત્રો છે. તારી પાસે હું કેવી રીતે વર્ણન કરું? અનંત પુત્રોનું વર્ણન કરતા કદી પાર આવે જ નહિ.

છતાં તને સાંભળવાની જિજ્ઞાસા ઘણી છે, તો બધા પુત્રોનો ખ્યાલ આવે એવું સર્વ વ્યાપક કથાનક જણાવું. એ ઉપાયથી તને સર્વ પુત્રોની વિગત ખ્યાલમાં આવી જશે.

અપ્રબુદ્ધ—" ભન્તે! આપની મહા કૃપા."

સિદ્ધાંત—સૌમ્ય! શ્રી કર્મપરિણામ મહારાજાને મુખ્ય છ પુત્રો વિશ્વવિખ્યાત છે. ૧ નિકૃષ્ટ, ૨ અધમ, ૩ વિમધ્યમ, ૪ મધ્યમ, ૫ ઉત્તમ, ૬ વરિષ્ઠ.

મારી એક યોજના છે કે મહારાજા શ્રી કર્મપરિણામને

વિનંતિ કરી કોઇ પણ હિસાબે આ છ પુત્રોને એક એક વર્ષ માટે રાજ્ય અપાવવું. આ મારી યોજના શ્રી કર્મપરિણામ સ્વીકારશે અને પુત્રોને એક વર્ષ માટે રાજ્ય આપશે.

તારે એ પુત્રોના રાજ્યપાલનની વ્યવસ્થાને જાણવા માટે તું તારા વિશ્વાસુ વ્યક્તિ "વિતર્ક" ને મોકલજે. એ બધો હેવાલ તને સંભળાવશે ત્યારે તને કર્મપરિણામનું વિશેષ રાજ્ય કેવું છે એનો સંપૂર્ણ ખ્યાલ આવી જશે. તને એની ખાત્રી થઇ જશે.

અપ્રબુદ્ધ—"પૂજ્યતમ! જેવી પૂજ્યવરશ્રીની આજ્ઞા."

સિદ્ધાન્તાચાર્યે યોજના પ્રમાણે કર્મપરિણામ મહારાજા પાસેથી એક એક વર્ષ માટે છએ પુત્રોને રાજ્ય અપાવ્યું. અને અપ્રબુદ્ધ શિષ્યે પોતાના વિશ્વાસુ વ્યક્તિ વિતર્કને એ છ પુત્રોની રાજ્યવ્યવસ્થાનું નિરીક્ષણ કરવા મોકલી આપ્યો.



પ્રકરણ ચોથું

છ રાજ્યોની વ્યવસ્થાનો હેવાલ

૧. નિકૃષ્ટ રાજ્ય

સિદ્ધાંતે સર્વ વ્યવસ્થા કરી એટલે અપ્રબુદ્ધે પોતાના વિશ્વાસુ વિતર્કને એ છએ રાજ્યની વ્યવસ્થા જોવા મોકલ્યો. તેણે "મનુષ્યજન્મમાં" છ વર્ષો ગાળ્યા. અર્થાત્ છ વર્ષ મનુજગતિમાં રહ્યો.

છ વર્ષ દરમ્યાન એણે જે નિરીક્ષણ કર્યું એની માહિતી ભેગી કરી. અપ્રબુદ્ધ સ્વામી પાસે આવી નમસ્કાર કર્યા અને નિરીક્ષણ કરેલી હકિકતોનું વિસ્તારપૂર્વક નિવેદન રજુ કર્યું.

નિવેદન :

દેવ ! આપની આજ્ઞા શિરોધાર્ય કરીને હું અન્તરંગ રાજ્યમાં ગયો. ત્યાં સ્થળે સ્થળે "મનુષ્ય ભાવ આવેદન" નામનો મહા પટહ–ઢોલ વગાડવામાં આવતો હતો. પછી ઉદ્‌ઘોષણા જાહેર કરવામાં આવતી હતી. ગામેગામ અને નગરે નગરમાં આ ઘોષણા થતી હતી.

"હે લોકો ! પૂર્વ પ્રવાહથી હાલ નિકૃષ્ટ રાજા રાજ્ય

સિંહાસને બિરાજમાન થયા છે. તમે સૌ કામ કરો અને ખાઓ, પીઓ."

આ જાતનો "રાજઢંઢેરો" સાંભળી સર્વે નાગરીકો વિચારમાં પડી ગયા. કોણ જાણે આ રાજા કેવો હશે? આવી ચિન્તાથી નાગરીકોના હૈયામાં ખળભળાટ મચી ગયો. ટોળે ટોળા મળીને ગુસપુસ કરવા લાગ્યા કે આ રાજા કેવો નિવડશે? કેવી સત્તા ચલાવશે?

મહામોહ અને એના હાથ નીચે રહેલા ચોરો ભેગા મલ્યા. સૌએ એક મહાસભા ભરી. નવા રાજવી સંબંધી વિચારો કરવા લાગ્યા.

નિવેદનની મહામોહ ઉપર અસર :

વિષયાભિલાષ મંત્રીએ મહામોહને અનુલક્ષી કહ્યું: સ્વામિન્! હાલ નિકૃષ્ટ રાજા થયો છે. આપણે વિના કારણે ચિંતાતુર બની ગયા. ગભરાવાનું કાંઇ કારણ નથી. શ્રી કર્મપરિણામ મહારાજાએ નિકૃષ્ટ રાજાને એવો બનાવ્યો છે કે તે આપણને કનડગત કરશે નહિ. એ તો આપણા સામાન્ય સદાની જેમ સદા વશવર્તી રહેશે.

શ્રી કર્મપરિણામે એને ભલે રાજા બનાવ્યો. આ રાજ્ય ભલે એનું ગણાય પણ ખરેખરા તો આપણે જ રાજા રહિશું. આપણી જ સત્તા ચાલશે. આપણા રાજ્યની નિકૃષ્ટના કારણે સલામતી જરાય ઘટવાની નથી.

દેવપાદ! હમણાં તો આપણને નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત થયું.

સલામતી વધુ સબળ બની. આપને તો વધુ આનંદ થવો જોઇએ એના બદલે આપ શોકમાં કાં ડુબી ગયા. હર્ષ સ્થાને વિષાદ શાનો ?

મહામોહ—મંત્રીશ ! કર્મપરિણામે નિકૃષ્ટને કેવા સ્વભાવનો બનાવ્યો છે ?

વિષયાભિલાષ—દેવ ! રૂપમાં તો શ્યામ કાજળ જેવો છે. ભાગ્યથી હીન છે. દયા અને કરૂણાની કણી પણ એનામાં દિસતી નથી, પરલોકની માન્યતાથી વિરૂદ્ધ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરૂષાર્થોને નવ ગજથી નમસ્કાર કરે છે. ધર્માદિમાં નહિ પણ અધર્માદિ કરવામાં પાવરધો છે. સુદેવ અને સુગુરૂનો દ્વેષ એની રગેરગમાં ભર્યો છે.

વિશ્વના દરેક દોષોએ નિકૃષ્ટને પોતાનું સુંદર રહેઠાણ માન્યું છે. ગંભીરતા, ઉદારતા, સદાચાર, ઇચ્છાનિરોધ, સદ્‌ભાવના વિગેરે ગુણોના નામ સાથે પણ એને વૈર છે. પછી ગુણો જીવનમાં અપનાવવાની વાત કયાં ?

એ રંક રાજાને પોતાના રાજ્યની ખબર નથી. સૈન્યની પડી નથી. પોતાની પાસે સમૃદ્ધિ કેટલી છે, એનું પણ એને ભાન નથી. પોતાનું સ્વરૂપ, સત્તા, સંપત્તિ, સૈન્ય, સીમા, સાત્ત્વિકતા વિગેરેના બળને જાણતો નથી. ખરી રીતે મહા મૂરખ છે.

આપણે એના રાજ્યને દબાવી બેઠા છીએ, એ વાતને પણ એ જાણતો નથી, ચોર અને લૂટેરા છીએ એનો ખ્યાલ

નથી, આપણને એ પોતાના બન્ધુ માને છે અને પોતાના શિરોધાર્ય સ્વામી તુલ્ય માને છે.

આવા અધમાધમ વ્યક્તિના હાથમાં રાજ્યનું સુકાન હાથ આવ્યું હોય, પોતાની સર્વ સાત્ત્વિક નીતિની શક્તિઓથી સર્વથા શૂન્ય હોય, એ આપણું શું બગાડી લેવાનો હતો ? અરે ! એ તો આપણને પણ સહાયતા કરશે.

આવા શુભ પ્રસંગે આપના હૃદયમાં આનંદની ઉર્મિઓ જોઇએ. રાજ્યમાં મંગળ પ્રસંગના વધામણાં આપો અને ખુશાલીમાં ઉત્સવ ઉજવવાનો આદેશ આપો. સર્વ લોકોમાં આનંદ આનંદ થઇ જાય.

વિષયાભિલાષ મંત્રીશ્વરના મધુરાં વચનો સાંભળી મહામોહ ખૂબ હર્ષિત બની ગયા. પોતાના રાજ્યના દરેક ચોરટાઓને આનંદ આપે એવી વધામણીઓ કરાવી. વધામણી સાંભળી મોહના રાજ્યમાં હર્ષના નાચ ગાન થવા લાગ્યા અને રમત ગમતો દ્વારા હર્ષનો ઉત્સવ મનાયો.

ચારિત્રધર્મરાજાની મુશ્કેલી :

નિકૃષ્ટ રાજા થયો છે અને એની ઘોષણા ચારિત્રધર્મરાજના રાજ્યમાં થઇ ત્યારે ઘોષણા સાંભળી સૌ વિચારમાં ગરકાવ થઇ ગયા. આ રાજા કેવી જાતનો હશે ? કઇ રીતે રાજ્યતંત્ર સંભાળશે ? એમ વિતર્કો થવા લાગ્યા.

ચારિત્રધર્મરાજ અને એના સૌ સદસ્યોએ એક મહાસભા બોલાવી વિચાર કરવા લાગ્યા.

સદ્‌બોધમંત્રીએ જણાવ્યું: કૃપાળુ દેવ ! નિકૃષ્ટ એ સર્વ રીતે દુર્જન વ્યક્તિ છે. એકાન્તે એનામાં અવગુણો ભર્યાં પાથર્યાં છે. એ દુષ્ટાત્મા પોતાના નિર્મળ રાજ્યને જાણતો નથી અને આપણને સૌને ઓળખતો નથી. મહામોહ વિગેરે એના પરમ શત્રુ છે છતાં એ મૂર્ખ એને પોતાના પ્રિય મિત્રો માને છે.

દયાળુ દેવ ! ભાગ્યના દોષથી આ રાજ્ય ઉપર આવ્યો છે. આપણા માટે પ્રલયકાળ આવ્યો છે એમ સમજવાનું રહ્યું. આપણી પૂરેપૂરી કમબખ્તી આવી ઉભી છે.

એક તો મહામોહ ઘણા વખતથી આપણો પરાજય કરતો આવ્યો છે. આપણી વખતો વખત પીછેહઠ થઇ રહી છે, એમાં આવો રાજા આપણા નસીબે લખાણો એ મહામોહાદિને અનુકૂળતા કરી આપશે અને આપણી વિરૂદ્ધમાં ચૂકાદા આપશે દૈવ પણ દુર્બળને હંફાવે છે. પડતાને સૌ પાટુ મારે છે.

નાથ ! આપણે માથે ભારે કટોકટી સર્જાણી છે. શું રસ્તો લેવો એ ખ્યાલમાં આવતું નથી.

સદ્‌બોધ મહામંત્રીના વચનો સાંભળી ચારિત્રધર્મ રાજા અને એમની હાથ નીચેના નાના રાજાઓના વદન કમળ મૂર્ઝાઇ ગયા અને નિસ્તેજ બની ગયા. હૃદયમાં અત્યંત શોકે સ્થાન લીધું.

ચારિત્રધર્મ રાજાની આધીનતામાં જે નાગરીકો હતા, એ બધાં મહામંત્રીના વચનો સાંભળી ઉદાસ બની ગયા. આનંદની એક નાનીશી લહેર મુખ ઉપર ફરકતી જણાતી ન હતી.

સાત્ત્વિકપુર જૈનપુર વિગેરે સ્થળોએ ભારે ગમગીની છવાઇ ગઈ. શોકનું સામ્રાજ્ય વ્યાપક બની ગયું. સંપૂર્ણ પ્રદેશ ઉપર ઉદાસીનતાના વાદળો ઘેરી વળ્યાં.

અંતરંગ રાજ્ય ઉપર મહામોહ :

મહામોહના સૈન્યમાં આનંદના રંગતરંગો ચાલી રહ્યાં છે અને ચારિત્રધર્મરાજના સૈન્યમાં ગમગીનતા ફેલાઈ ચૂકી છે. આ સર્વનું મૂળકારણ નિકૃષ્ટ રાજવી હતો.

મને થયું કે આવા ગુણવાન્ રાજવીને નિહાળવો તો જોઇએ. મને જોવાની ઇચ્છા થતાં એ નિર્ણય ઉપર આવી ગયો.

હમણા નિકૃષ્ટ પોતાનું રાજ્ય લેવા અહીં આવશે અને મને એના દર્શન થશે એમ વિચારી ત્યાં માર્ગમાં જ હું રાહ જોવા લાગ્યો.

પરન્તુ નિકૃષ્ટ રાજ્ય લેવા આવ્યો એટલે મહામોહ વિગેરેએ એને પ્રવેશ પણ ન કરવા દીધો. ત્યાં જ અટકાવ્યો. એટલું જ નહિ મહામોહાદિ ચોરોએ ચારિત્રધર્મરાજ ઉપર હલ્લો બોલાવ્યો. એમની સાથે યુદ્ધ પોકાર્યું. ચારિત્રધર્મરાજના એકેએક ચૂનંદા સૈનીકોને પકડી પકડી પરાજય આપ્યો. ચારિત્રધર્મરાજની હાર થઇ. નિકૃષ્ટરાજાને પણ ગરદન પકડી બહાર ધકેલી દેવામાં આવ્યો અને સૌએ મળી એનું સંપૂર્ણ આંતર રાજ્ય પોતાને આધીન કર્યું. મહામોહે પોતાની સર્વ-સત્તા ઠોકી બેસાડી. ચારિત્રધર્મરાજ કે નિકૃષ્ટરાજનું કાંઈ એમાં ચાલ્યું નહિ.

નિકૃષ્ટનું અધમ વર્તન :

નિકૃષ્ટની આંતરિક દશામાં ચારિત્ર ધર્મરાજનો નાશ, મહામોહાદિની માલીકી અને નિકૃષ્ટની અવગણના જોઈ હું બાહ્ય પ્રદેશોમાં ગયો. મને થયું કે નિકૃષ્ટની રાજ્યસત્તા બાહ્ય પ્રદેશોમાં કેવી ચાલે છે, એ પણ જોઈ લઉં.

બાહ્ય પ્રદેશમાં આવીને જોયું તો નિકૃષ્ટ રાજા રાજ્યભ્રષ્ટ બન્યો હતો. રૂપ હણાઇ ગયું હતું. વિશ્વમાં સૌ એના પાપાચારોની નિંદા કરતા હતા. જ્યાં ત્યાં એનો તિરસ્કાર થતો જોવાતો હતો. શરીર ઉપર અંગ ઢાંકવાના વસ્ત્રોનું ઠેકાણું ન હતું. શરીરે મેલના થર બાઝી ગયા હતા. ક્રૂરતા એનામાં સમાતી ન હતી. પુરૂષાર્થથી રહિત બની ગયો હતો.

માન સન્માન મળતા ન હતાં, પણ અપમાન ઠેર ઠેર થતાં. પોતાના પેટ ભરવા માટે અનેક યાતનાઓ સહેવી પડતી. અનેક જીવોનો ઘાત કરે ત્યારે માંડ માંડ પેટ ભરાતું. ચંડાલ, ઢેડ, ભીલના રૂપો કરી એના જેવી જીંદગી પસાર કરવી પડતી હતી.

સર્વ દુઃખોનું એ નિધાન બની ગયો અને સાક્ષાત પાપમૂર્તિ થઇ ગયો. દુઃખ સિવાય વાત નહિ છતાં મહામોહ ઉપરનો અનુરાગ એનો ન ઘટ્યો. આવી પરિસ્થિતિમાં જ્યાં ત્યાં ભમી ભમીને દિવસો વીતાવતો નિકૃષ્ટ મારા જોવામાં આવ્યો.

આવી રાજકીય પરિસ્થિતિ જોઈ કર્મપરિણામ રાજાને દુઃખ થયું. "તને રાજ્ય પાલન કરતાં આવડ્યું નથી" એમ જણાવી ઘણો ગુસ્સો ઠાલવ્યો અને બલજબરીએ દુઃખદાયી પાપીપંજરમાં અર્થાત્ નરકમાં ધકેલી દીધો.

ત્યાં એને અનેક દુઃખો આપવામાં આવે છે. ઘણો માર અને ત્રાસ સહન કરવો પડે છે. અનેક પીડાઓ વચ્ચે એ સપડાઇ ચુક્યો છે. હેરાનગતીનો કોઇ પાર નથી. એમ મારા સાંભળવામાં આવ્યું છે.

મારી વિચારણા :

સ્વામિન્! મને નિકૃષ્ટ માટે થયું કે અરે! પાપાત્મા નિકૃષ્ટની આ કેવી ભયંકર પરિસ્થિતિ છે? અજ્ઞાનનું બળ કેવું વિચિત્ર? નિકૃષ્ટની કેવી અધમ દશા?

મહામોહને એ મિત્ર માની બેઠો પરંતુ એ લોકોએ એને પોતાના રાજ્યમાં પ્રવેશ કરવા ન દીધો. અજ્ઞાનથી આંધળો ભીંત બની ગયો. પોતાના રાજ્યને ખોઇ બેઠો. પોતાના મદદ-નીશો ચારિત્રધર્મરાજ વિગેરેને ઓળખ્યા નહિ અને એમની પડખે ન ગયો એટલે એ પણ મરાઇ ગયા.

આ ભવમાં દુઃખ પામ્યો અને કર્મપરિણામે નારાજ થઇ પાપીપંજરમાં બળજબરીએ ધકેલી મોકલ્યો.

મારે તો આપની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવાનું હતું એટલે મને થયું કે મારે આ બધી ચિંતા કરવાની જરૂર નથી. મારે મારા સ્વામીની આજ્ઞાનું પૂર્ણ વફાદારી પૂર્વક પાલન કરવું જોઇએ.

આવો વિચાર કરી "અધમ" કેવી રીતે રાજ્ય કરે છે, એ જોવા માટે હું ત્યા ગયો. ત્યાંની પરિસ્થિતિનું નિવેદન કરું છું આપ સાંભળો.

૨. અધમનું રાજ્ય

આચાર્ય ભગવંત શ્રી ઉત્તમસૂરીશ્વરજી હરિરાજાની સન્મુખ છ રાજ્યોની વ્યવસ્થાનું વર્ણન કરી રહ્યા છે. પરન્તુ એ બધી હકિકતોનું વર્ણન સંસારીજીવ અગૃહીતસંકેતાને શ્રી સદાગમની અધ્યક્ષતામાં જણાવી રહ્યો છે. એ આગળ જણાવે છે.

અપ્રબુદ્ધને વિતર્ક કહે છે કે બીજા વર્ષમાં પણ પડહ વગડાવી જાહેર ઘોષણા કરવામાં આવી. "આ વર્ષે "અધમ" રાજા ગાદીએ આવ્યા છે. માટે સૌ પ્રજાજનો ખાઓ પીઓ અને મજા કરો." ગયા વર્ષના ઢંઢેરાથી બન્ને રાજ્યમાં જેવો ખળભળાટ થયો હતો એવો જ આ વખતે પણ ખળભળાટ થયો.

મહામોહ રાજાએ પોતાની મહાસભા બોલાવી અને મંત્રણાઓ ચાલુ કરી. સારી સંખ્યામાં સદસ્યો આવી ગયા હતા.

મહામંત્રીનું નિવેદન :

વિષયાભિલાષ મહામંત્રીએ જણાવ્યું, દેવ ! આ અધમ રાજાથી આપણે જરાય ભીતિ રાખવાની જરૂર નથી. નિકૃષ્ટ રાજાના જેવા જ ગુણ અને સ્વભાવવાળો છે.

અધમ રાજા આ લોકના સુખોને જોવા વાળો છે. પરલોક સાથે એને સંબંધ નથી. નિકૃષ્ટ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો વિરોધી હતો, પણ અધમ ધર્મ, મોક્ષનો વિરોધી છે. અને અર્થ કામનો આદર અને બહુમાન કરનારો છે.

આપના ઉપર અને આપના સેવકો ઉપર ખૂબ હેત રાખનારો વ્યક્તિ છે. ચારિત્ર ધર્મરાજનો મહાવિરોધી છે. અને એથી આપણને લાભ છે. વળી આ અધમને પોતાના અંતરંગ રાજ્યની માહિતી નથી. એનું નામ હજુ એના ખ્યાલમાં જ નથી.

આ અધમનું રાજ્ય એ વાસ્તવિક રીતે આપણું જ રાજ્ય રહેશે. આપણી સત્તાને ખલેલ નથી પહોંચવાની. પરન્તુ આને આપણા રાજ્યમાં પ્રવેશ જ ન કરવા દેવો. જો એ પ્રવેશ કરે તો આપણી ગુપ્ત બાતમીઓનો એને ખ્યાલ આવી શકે અને આપણી વિરૂદ્ધ પણ થઇ શકે કારણ કે આનામાં કાંઇક સામનો કરવાની શક્તિ છે. પરન્તુ રાજ્યમાં પ્રવેશ ન કરવા દઇએ તો વાંધો નહિ આવે.

આ અધમને રાજ્ય બહાર રાખવામાં જ લાભ છે અને એ અર્થ કામમાં ઘણો આસક્ત છે. એટલે એને અર્થ કામમાં જોડી દેવામાં આવતાં આપણી અનુકૂળ વર્તશે.

આપની આજ્ઞા હોય તો અમો એને ધન અને કામની લલચામણી લાલચ આપીને બહિરંગ પ્રદેશમાં જ જકડી રાખીએ એમાંજ મશગુલ રાખીએ. એ એમાં આસક્ત રહેવાથી અંતરંગ પ્રદેશમાં આવવાનો વિચાર પણ નહિ કરી શકે.

મહામોહ રાજાએ કહ્યું, "ભલે! જે રીતે એ અધમ પ્રવેશ ન કરે એવી યોજનાનો અમલ કરો."

રાજાની આજ્ઞા સાંભળી સૈન્ય સાબદું થવા લાગ્યું. કોઈ પણ હિસાબે અધમને બાહ્ય પ્રદેશમાં જ રોકી રાખવો. અને એ માટે સૌ ઝડપભેર તૈયારી કરવા લાગ્યા.

દૃષ્ટિએ કાર્યનો દોર સંભાળ્યો :

સૈન્યને સાબદા થતાં જોઇ પોતાની શક્તિથી ઉન્મત્ત બનેલી અને ઘણી ચબરાક વિષયાભિલાષની પુત્રી "દૃષ્ટિ" ઉપસ્થિત થઇ. ઉભી થઇ એ નમ્રતા પૂર્વક બોલી.

દેવ ! આપે આ બધું શું આદર્યું છે ? જે અધમના માટે સૈન્યને સાબદા થવાનો આદેશ આપ્યો છે પણ એ તદ્દન બલહીનવ્યક્તિ છે. આપ અને આપની આજ્ઞામાં રહેલા સૌ રાજરાજેશ્વરો તૈયારીમાં પડયા એ કાંઇ યોગ્ય ગણાય ? "મચ્છરને મારવા મગરને જવું" એના જેવું ગણાય.

પૂજ્ય ! આપ આ સેવિકાને આજ્ઞા આપો. હું એકાકી અધમ રાજાને વશવર્તી બનાવી લઇશ. એ કાર્ય કરતાં મને ઘણો સમય પણ નહિ લાગે. અમારા જેવી તુચ્છ સેવિકાઓથી કાર્ય સધાતું હોય, ત્યાં આપ વડિલોએ જવું ઠીક ન ગણાય.

વળી જ્યાં હું કાર્ય માટે જઉં છું ત્યારે આ સ્પર્શન વિગેરે મારા પાંચે બન્ધુઓ ભાવથી મારી સાથે જ હોય છે. જરાય વેગળા નથી હોતા.

દૃષ્ટિની વાત સાંભળી મહામોહને એ ઉપાય વધુ અનુકૂળ અને સરળ લાગ્યો. દૃષ્ટિને આજ્ઞા આપી કે તું અધમ રાજા પાસે જા અને અર્થકામમાં તલ્લીન બનાવી દે.

"જેવી આપની આજ્ઞા" એમ દૃષ્ટિએ જણાવ્યું અને બહિરંગ પ્રદેશમાં અધમ પાસે પહોંચી ગઇ.

ચારિત્ર ધર્મના ત્યાં ગમગીની :

અધમ રાજાનો ઢંઢેરો સાંભળી ચારિત્ર ધર્મ રાજાના સૈન્યમાં, નગરોમાં, નાગરીકોમાં ફફડાટ પેસી ગયો અને જેવું નિકૃષ્ટના રાજ્યમાં બન્યું તેવું જ આ અધમના રાજ્યમાં ભોગવવું પડયું. સાધુ સમુદાયમાં શોક અને ગમગીની વ્યાપક બની ગઈ. સૌના મન અત્યંત આકુળ વ્યાકુળ બની ગયા.

દૃષ્ટિનો અધમ ઉપર પ્રભાવ :

દૃષ્ટિ એક યોગિની હતી. એણીએ સમાધિ લગાવી અન્તર્ધાન થઇ અધમની આંખોમાં પ્રવેશ કર્યો.

દૃષ્ટિ યોગિનીના પ્રવેશ થવાથી અધમની આંખોમાં ફેરફાર થવા લાગ્યો. અને રૂપ સૌંદર્ય નિહાળવામાં આસક્ત બનતો ચાલ્યો. સુંદર રૂપો જોવામાં એને સુખની કલ્પના થવા લાગી. કટાક્ષ કરતી સુંદર સ્ત્રી જોવી, અંગ મરોડ કરતી સ્ત્રી જોવી, હાવ ભાવો વ્યક્ત કરતી સ્ત્રી જોવી, સ્ત્રીઓના અંગો પ્રત્યંગો જોવા, એવી જાતની પ્રતિકૃતિઓ નિહાળવી. આ બધુ એને મન ગમતું લાગ્યું.

કામશાસ્ત્રના સંયોગજન્ય આસનોના ચિત્રપટો બીજા નગ્ન, અર્ધનગ્ન અને બિભત્સ ચિત્રો જોવામાં એવો આસક્ત બની ગયો કે એને પોતાના હિત અને કલ્યાણનો ખ્યાલ ના રહ્યો; રાંકડાને પોતાના આત્મહિતનું ભાન ન રહ્યું.

અધમરાજ સ્ત્રીઓના મુખની ચંદ્રની કલ્પના કરવા લાગ્યો. નારીની આંખોમાં કમળદળ દેખાતા. સ્તનોને સુવર્ણ કળશ

સાથે સરખાવતો. જાંઘમાં હસ્તિસૂંઢ જોતો. હાડના દાંત એને કુંદ કળી જેવા જણાતા.

સૌંદર્ય દર્શનમાં સર્વથા સુખની કલ્પના કરી દૃષ્ટિએ અને સ્પર્શનાદિએ પોતાનું પરાક્રમ બતાવ્યું. મહામોહ વિગેરેએ પણ આવીને અધમરાજ ઉપર પોતાનો પ્રભાવ પાથર્યો. સૌએ પોતાની શક્તિનો ઉપયોગ કરવામાં પાછી પાની ન રાખી.

અધમરાજને સામાન્ય જ્ઞાન હતું તે પણ સૌંદર્ય દર્શનની આસક્તિમાં અવરાઇ ગયું. મહામોહ વિગેરેએ મળીને બલાત્કારે અધમને આંતર રાજ્યથી દૂર કર્યો અને પોતાની એકછત્રી પોતાની સત્તા ઠોકી બેસાડી. અધમ દૂર ફેંકાઈ ગયો. ચારિત્રધર્મરાજ વિગેરે ભારે પરાભવ પામ્યા. નિરકુંશ મહામોહાદિ અધિપતિ થઇ બેઠા,

અધમની અવદશા :

અધમરાજ રાજ્યથી ભ્રષ્ટ થયો. સહાયકો મરી પરવાર્યા, દુશ્મનો રાજ્યના સ્વામી થઇ બેઠા, છતાં એ પોતાને સુખી માને છે. દૃષ્ટિયોગિની અને રૂપસૌંદર્યના દર્શનમાં સુખની કલ્પનામાં આનંદ ગણે છે. દુઃખના કારણો જ સુખના કારણ લેખે છે.

રાજાના બદલે સેવક બની ગયો. જુગારીની ગણનામાં એનું નામ આવ્યું. ભવાઇ કરનાર તરીકે પ્રસિદ્ધ થયો. ભાટ ચારણ જેવો તુચ્છ ગણાયો. વ્યભિચારીઓમાં ખપી ગયો. ભવાઇવેડા કરી ધાર્મિક મહાપુરૂષોની નિંદા કરતો. સાધુ

સંતોના અવગુણ ગાતો. સજ્જનોના દોષો જોતો અને વ્યભિચારીઓના ગુણ ગાતો, જુગારીઓની સાહસ કથા કરતો, ચોરટાના શૌર્યની પ્રશંસા કરતો. આવું હીન જીવન જીવવામાં આનંદ માનવા લાગ્યો.

આ રીતે બહિરંગ પ્રદેશમાં રૂપસૌંદર્યના દર્શનમાં આસક્ત અને અર્થકામમાં અતિલંપટ બની જ્યાં ત્યાં ભટકી ભટકી પોતાનો જન્મારો વેડફાવા લાગ્યો. આસ્તિકતાનો અંશ ન રહ્યો. નાસ્તિકતા પરાકાષ્ટાએ પહોંચી.

એક વખતે રૂપથી રતિને ઝાંખી કરતી, યૌવનથી મદમસ્ત ડોલતી ચંડાલણી અધમના જોવામાં આવી. બસ ખલાસ, અધમના અંગે અંગમાં કામ વ્યાપી ગયો. ચંડાલણીના રૂપમાં અંજાઇ ગયો. કુળાકુળનો અને ગમ્યાગમ્યનો વિચાર કર્યા વિના એના તરફ અનિમેષ નયને ઘણીવાર નિહાળતો જ રહ્યો અને રગરગમાં વાસના વ્યાપી ગઇ હોવાથી એને ભેટી પડ્યો.

લોકનિંદ્ય અને અતિતુચ્છ કર્મ કરતાં જોઇ લોકોએ એનો ઘણો તિરસ્કાર કર્યો. દુરાચારીમાં પ્રથમ કહેવાણો. આખરે અનાચારની પારાશીશી ઓળંગી જતાં બહિરંગ પ્રદેશના નાગરીકોએ પણ એને દેશપાર કર્યો. દેશનિકાલ કર્યો.

બાહ્ય પ્રદેશોમાં અત્યંત દુઃખો ભોગવતો અને પાપાચરણ કરતો જોઇ છેલ્લે કર્મપરિણામ મહારાજાએ અત્યંત દુઃખના સ્થાનભૂત પાપીપંજરમાં ધકેલી મોકલ્યો, અધમ ! તેં રાજ્ય બરાબર ચલાવ્યું નથી. માટે તને આ સજા ફટકારવામાં આવે છે.

મને જાણવા મલ્યું. કે ઉદ્દામ સ્વભાવવાળા અધમે રાજ્ય બરોબર ન જાળવ્યું એટલે નિકૃષ્ટની જેમ પાપીપંજરમાં ઘણા દુઃખો ભોગવી રહ્યો છે. નિકળવા માટે કોઇ છટકબારી જણાતી નથી.

સ્વામિન્! મને થયું કે જેમ આ અધમ પણ દુઃખનું પાત્ર બન્યો એમાં મુખ્ય એની અજ્ઞાનતા જ કારણભૂત છે. અજ્ઞાન એજ મહાદુઃખ છે અને દુઃખનું મૂળ છે. જો અધમને પોતાના રાજ્યનું, સૈન્યનું, બળનું જ્ઞાન હોત તો આવી અવ-દશા ન થાત.

---

૩ વિમધ્યમ રાજ્ય

અપ્રબુદ્ધ આગળ વિતર્ક નિવેદન કરતા આગળ જણાવે છે.

પૂજ્યપાદ! ત્રીજા વર્ષે "વિમધ્યમને" રાજ્ય સોંપવામાં આવ્યું, અગાઉના રાજ્ય ઢંઢેરાની જેમ વિમધ્યમ જ રાજાએ ઢંઢેરો જાહેર કરાવ્યો.

મહામોહની મહાસભામાં મંત્રણા :

મહામોહ રાજાએ વિષયાભિલાષ મંત્રીને પૂછયું, મંત્રી! આ નવો રાજા કેવો છે?

દેવ! આ વિમધ્યમ રાજા અધમરાજની જેમ આપણા ઉપર પ્રેમ રાખવાનો છે. પરન્તુ ચારિત્ર ધર્મરાજાની પણ અપેક્ષા રાખવાનો સ્વભાવ છે. આપણા ઉપર આદર છે તેમ ચારિત્રધર્મરાજના સૈન્ય પ્રતિ મંદ મંદ રાગ રાખે છે.

વિમધ્યમ રાજાનું મન ધનલાલસા અને વિષય વાસનામાં ચોંટેલું રહેશે તો પણ અલ્પાંશે ધર્મની પણ આચરણા કરશે.

વિમધ્યમનું માનસ માધ્યસ્થ ભાવવાળું છે. એને સારા ખોટાનો પૂર્ણ વિવેક નથી, તેથી દરેક દેવોને, દરેક સાધુઓને અને દરેક ધર્મોને માને છે. દરેકની સ્તુતિ અને કંઇક આરાધના કરે છે.

આપણને સૌને પોતાના હિતસ્વી બન્ધુ તરીકે માને છે અને એજ રીતે ચારિત્ર ધર્મરાજ આદિને પણ પોતાના બન્ધુ તરીકે માને છે.

અધમની જેમ વિમધ્યમને પોતાના રાજ્યમાં પ્રવેશ જ ન કરવા દેવો. જો એ પ્રવેશ કરશે તો આપણી વિરૂદ્ધમાં જ પોતાના સૈન્યનો ઉપયોગ કરશે. રાજ્ય બહાર રહીને પોતાના સૈન્યનું પાલન કરશે તો એમાં આપણને મુશ્કેલીમાં ઉતરવાનું નહિ રહે. આપણું નુકશાન નહિ કરી શકે.

આ કાર્ય પણ આપશ્રી દૃષ્ટિ યોગિનીને સુપ્રત કરો. એ અધમની જેમ વિમધ્યમને રાજ્ય બહાર જ રોકી રાખશે. અને આપણે મુશ્કેલીમાંથી ઉગરી જઇશું. સમય બગાડવા જેવો નથી.

મહામોહ રાજાએ મંત્રીના વચનો માની વિમધ્યમને રાજ્યમાં પ્રવેશ ન કરવાના ઉપાયો યોજવા દૃષ્ટિ વિગેરેને આજ્ઞા આપી.

વિમધ્યમનું રાજ્ય સંચાલન અને પરિણામ :

મહામોહની આજ્ઞા મેળવી રાજસેવકોએ દૃષ્ટિયોગિનીને આગળ કરી વિમધ્યમનું રાજ્ય પડાવી લીધું પણ ચારિત્ર ધર્મરાજના સૈન્ય પ્રતિ ઉપેક્ષા દાખવી. એ સૈન્યને કનડગત ન કરી.

વિમધ્યમ અંતરંગ રાજ્યથી દૂર રહ્યો પણ ચારિત્ર ધર્મ-રાજના સૈન્યની પણ સંભાળ લેવા લાગ્યો. સમયના વિભાગો કરી ધર્મ અર્થ અને કામ એમ ત્રણેની પ્રવૃત્તિ કરવા લાગ્યો.

ઉત્તમ કોટિના ક્ષત્રીય અને નિર્મળ ચરિત્રવાળા બ્રાહ્મણના જીવન જેવું જીવન જીવવાથી એણે ચારિત્ર ધર્મરાજ અને એના સૈન્યને પણ મધ્યમ સંતોષ આપ્યો.

ધર્મ, અર્થ અને કામની પ્રવૃત્તિની યોગ્ય ફાળવણી કરવા દ્વારા બાહ્ય જગતમાં એની યશપ્રભા ખૂબ વધી ગઇ અને પ્રસન્ન બન્યા અને માનવાવાસ વિગેરે ઉત્તમ સ્થાનકોમાં એને મોકલી આપ્યો. ત્યાં એને ભૌતિક સુખો ઘણાં મળતા થયાં, એવું મારા સાંભળવામાં આવેલું.

---

૪ મધ્યમ રાજ્ય

સ્વામિન્ ! અપ્રબુદ્ધજી ! ચોથા વર્ષે મધ્યમનામના પુત્રને રાજ્ય સોંપવામાં આવ્યું. અગાઉના રાજાઓની જેમ એમણે પણ જાહેર ઢંઢેરો પીટાવ્યો. પૂર્વની જેમ ઘોષણાઓ કરવામાં આવી.

મહામોહ રાજાએ વિષયાભિલાષ મંત્રીને પૂછયું, આ રાજા આપણા માટે કેવો છે ?

મંત્રીશ્વરે કહ્યું, દેવપાદ ! આ મધ્યમ રાજા આપણા માટે સારા નથી. કારણ કે આપણા કટ્ટર વિરોધી એવા "સિદ્ધાન્ત" સાથે એની ગાઢ મૈત્રી છે.

સિદ્ધાન્તની સાથે ગાઢ પરિચય હોવાથી સિદ્ધાન્તે મધ્યમ-રાજાને પોતાના શત્રુ કોણ, મિત્ર કોણ, અન્તરંગ રાજ્ય કેવું, એની પ્રાપ્તિના ઉપાયો વિગેરે બાતમી જણાવી દીધી છે.

સિદ્ધાન્ત ગુરૂ મળવાથી એ રાજા આપણને પોતાના આંતર દુશ્મનો તરિકે માને છે. પોતાના રાજ્યને પડાવી લેનાર તરીકે આપણને માને છે. ચારિત્રધર્મરાજના સૈનિકોના પક્ષમાં પોતે રહે છે. એથી એ સૌ જેલમાં આવી ગયાં છે.

સિદ્ધાન્તના સંસર્ગથી એ રાજા સંપૂર્ણ કલેશ કંકાસના વાતાવરણથી રહિત મોક્ષને પ્રાપ્ત કરવા યોગ્ય માને છે. મોક્ષ પ્રાપ્તિ માટે ધર્મ એનું સાધન છે. એમ હૃદયથી સ્વીકાર કરે છે.

અર્થ અને કામ ત્યાગ કરવા જેવા છે એવી મધ્યમરાજની માન્યતા છે પણ ઉદારસત્ત્વતાનો એના જીવનમાં અભાવ હોવાથી અર્થ કામને સર્વથા તજી શકતો નથી. અર્થ કામના અવગુણો જાણવા છતાં એની ઉપાસના સર્વથા તરછોડી શકતો નથી.

હે દેવ ! આપણે આ મધ્યમરાજની તકેદારી રાખવી પડશે. સદા સાબદા રહેવું પડશે. નહિ તો આપણને સાને મારી પોતાના રાજ્યનો સ્વામી બની જશે.

વિષયાભિલાષ મંત્રી દ્વારા મધ્યમરાજા માટેનો અભિપ્રાય સાંભળી મહામોહ વિગેરે આશ્ચર્યચકિત બની ગયા. અને સૌ સાવધાન બન્યા. સૂર્યોદય થવાથી ઘુવડો જેમ શોકથી ઝૂરવા લાગે તેમ મહામોહાદિ માટે બન્યું. પરન્તુ એ વખતે ચારિત્ર-ધર્મરાજ અને એના સૈનિકોમાં ખુશીનું વાતાવરણ ફેલાયું.

મધ્યમરાજાએ રાજ્ય વહિવટ કેટલોક પોતાના હાથતળે લીધો, મહામોહ વિગેરેને તેથી પીડા થવા લાગી. ચારિત્ર-ધર્મરાજને પ્રસન્નતા થઈ કે બીજા રાજવીઓ કરતાં આ રાજવી સારો નીવડ્યો.

એણે શ્રાવકોના બાર વ્રતો અંગીકાર કર્યા અને જિનશાસન ઉપર પરમપ્રીતિ રાખવા લાગ્યો. આવા નિર્મળ ગુણોને કારણે અવિરંગ પ્રદેશના લોકોમાં મહા આનંદ ફેલાયો અને એની યશ પ્રભા ચોતરફ ચંદ્રપ્રભાની જેમ વ્યાપક બનવા લાગી.

આવા નિર્મળ ગુણોથી મધ્યમના પિતા શ્રી કર્મપરિણામ ખૂબ પ્રસન્ન બન્યા. એમનું અન્તઃકરણ પુલકિત બન્યું. ત્યાર બાદ મારા સાંભળવામાં આવ્યું કે પ્રસન્ન બનેલા કર્મપરિણામ રાજાએ મધ્યમને "વિબુધાલય"માં મોકલી આપેલ છે. જ્યાં એ પરમ ભૌતિક સુખો ભોગવી રહ્યો છે.

---

૫. ઉત્તમરાજ્ય :

વિતર્ક પોતાના સ્વામી અપ્રબુદ્ધને આગળ જણાવે છે કે-

સ્વામિન્! પાંચમા વર્ષે "ઉત્તમકુમાર"ને રાજ્ય સોંપવામાં આવ્યું. હું બારીકાઇથી એનો વહિવટ જોવા ઉત્સુક બન્યો.

અગાઉના રાજાઓની જેમ આણે પણ સ્વતંત્ર ઘોષણા કરાવી અને પોતે રાજા બન્યો છે એની નગરે નગર અને ગામડે ગામડે ઘોષણા કરાવી દીધી.

ઘોષણા સાંભળી સૌ ક્ષોભ પામ્યા. આ નવા રાજવી કેવા હશે એ તર્ક વિતર્ક કરવા લાગ્યા.

ચારિત્ર ધર્મરાજની મંત્રણા અને આનંદ :

ચારિત્ર ધર્મરાજના સૈન્યમાં શાંતિ પ્રાપ્ત થાય એવા શુભ ઉદ્દેશથી મહામાત્ય શ્રી સદ્‌બોધે જાહેરસભામાં પોતાના રાજા શ્રી ચારિત્ર ધર્મરાજને કહ્યું.

પૂજ્યપાદ ! ઘણાં લાંબા સમયે આપણી મનોભાવના પૂર્ણ થઈ છે. ભાગ્યદેવ વિધાતા આપણા ઉપર તુષ્ટ્યા છે. કારણ કે સર્વ ગુણરત્નોથી સુશોભિત શ્રી ઉત્તમરાજ જેવા મહાનાયક આપણને પ્રાપ્ત થયા છે.

ઉત્તમરાજા પોતાના અભ્યંતર રાજ્યને સારી રીતે ઓળખે છે. પોતાની શક્તિનું એને ભાન છે. મહામોહ રાજા અને એનું સંપૂર્ણ સૈન્ય પોતાનું વિરોધી છે. એ એના જાણ બહાર નથી. આપને અને આપના સૈન્યને પોતાના પ્રિય અને વિશ્વસનીય વ્યકિત તરીકે માને છે. વિરોધીઓના અને આપણા સૌના નામોની યાદી એના મગજમાં છે. ભૂલ–ભૂલામણીમાં ફસાઇ પડે એવો નથી.

વળી સંસારને કારાવાસ માનતો હોવાથી સંસાર વધારનારી ક્રિયાઓથી દૂર રહે છે. અર્થ અને કામ પ્રતિ ખૂબજ

ઉપેક્ષાભાવ રાખે છે; જીવનમાં ધર્મતત્વ જ સ્વીકાર કરવા યોગ્ય ગણે છે. મોક્ષ પ્રત્યે એનું લક્ષ સદા હોય છે. ધર્મ પણ મોક્ષ ખાતર જ કરવો જોઇએ એવો ઉચ્ચ આદર્શ એના જીવનમાં પ્રકાશ વેરી રહ્યો છે.

આ ઉત્તમરાજા આપણને સૌને સુંદર રીતે પાલન કરીને સંતોષ આપશે અને મહામોહ વિગેરે ચોરડકૈતોને મારી પાછા હઠાવી મહામના એ પોતાના રાજ્યને સુંદર તંત્રવાળુ બનાવી દેશે.

દેવપાદ ! ઉત્તમરાજનું રાજ્ય વાસ્તવિકતાએ આપણું જ રાજ્ય છે એમ માનવાનું છે. આપ આનંદનો ઉત્સવ કરાવો. સર્વત્ર મંગલતૂર વગડાવો.

મહામંત્રીની વાત સાંભળી રાજા અને સૈનિકો ઉલ્લાસમાં આવી ગયા અને આનંદોત્સવ ઉજવવાની ચારિત્ર ધર્મરાજે આજ્ઞા આપી.

મહામોહની સભામાં ખળભળાટ :

મહામોહના રાજ્યમાં " ઉત્તમ " રાજા થયાના સમાચારો વ્યાપક બન્યા અને વિષયાભિલાષ મંત્રીએ એના ઢંઢેરાનું અને એના પરાક્રમનું વર્ણન કર્યું એટલે મહામોહ અને એના સૈનિકો હતાશ બની ગયા. " હવે આપણે મરાઇ ગયા "ની જેમ એ કફોડી સ્થિતિમાં ગૂંચવાઇ પડ્યા.

ઉત્તમરાજના પ્રશ્નો :

પોતાના પિતાજી શ્રી કર્મપરિણામ પાસેથી રાજ્ય પ્રાપ્ત

કરીને ઉત્તમે સૌ પ્રથમ ગુરૂદેવ શ્રી સિદ્ધાન્ત પાસે આશીર્વાદ લેવા આવ્યો અને પૂછયું.

ગુરૂદેવ ! રાજ્યની આંતરિક પરિસ્થિતિ કેવી છે ? રાજ્યમાં મારે કયાંથી પ્રવેશ કરવો ? દુશ્મનો ઉપર ધસારો કયાંથી અને કઇ રીતે કરી મારી હઠાવવા ? આ દુશ્મનોને પોતાની સત્તા તળે કેમ લાવવા ? મારે મારૂં બળ કયાં અને કેટલું બતાવવું ? કૃપા કરી આ વિષયમાં આપ માર્ગદર્શન આપી સહાય કરો.

સિદ્ધાન્ત દ્વારા સમાધાનો :

સિદ્ધાન્તે જણાવ્યું, ભદ્ર ઉત્તમ ! સૌ પ્રથમ સ્વરાજ્યમાં પ્રવેશ કરતાં તારે ગુરૂદેવની આજ્ઞા ભક્તિપૂર્વક પાલન કરવી જોઇએ. પછી સર્વ સંસર્ગના ત્યાગરૂપ યતિવેશ–મુનિવેશ ગ્રહણ કરી અનિયત વાસ કરવો જોઇએ. રાગના હેતુભૂત સ્થિરવાસ અને નિયતવાસ ન કરવો જોઇએ.

મનગમતા અને અણુમાનીતા શબ્દ રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ જન્ય સુખો ઉપર રાગ અને દ્વેષનો અભાવ કેળવવો જોઇએ વિષયજન્ય પદાર્થોથી અલિપ્ત રહેવું જોઈ એ.

પરામાત્માના ધ્યાનમાં લીનતા કેળવવી જોઇએ. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓનું સુંદર પાલન કરવું જોઇએ. પરીષહોમાં અને ઉપસર્ગોમાં અડોલ વૃત્તિ રાખવી જોઇએ. શાસ્ત્રાભ્યાસમાં સદા ઉદ્યમશીલ રહેવું જોઇએ અને વૈરાગ્યમાં રમતાં જીવન જીવવું જોઇએ.

આવી જાતની જીવનચર્યા દ્વારા આત્મિક બળ કેળવી મહામોહ વિગેરે સર્વ શત્રુઓનો તું સમૂળગો નાશ કરી શકીશ.

અન્તરંગ રાજમાર્ગ :

૧. સૌ પ્રથમ મહામોહાદિ શત્રુના નાશ માટે "અભ્યાસ" અને "વૈરાગ્ય" એ બે મહાસહાયકોને સાથે લેવા.

૨. ચારિત્રધર્મરાજાના સૈન્યને સમર્થન આપવું અને પૂર્વના મહાદ્વારથી એ નગરમાં પ્રવેશ કરવો.

૩. પ્રવેશ કરીશ એટલે ડાબી બાજુમાં "મહામોહનું મહાસૈન્ય" હશે અને જમણી બાજુમાં "ચારિત્ર ધર્મરાજનું સાગર સમુ સૈન્ય" હશે.

૪. આ બન્ને સૈન્યનો આધાર "ચિત્તવૃત્તિ અટવી" છે અને એના પશ્ચિમ ભાગમાં "નિર્વૃતિ" નામની નગરી આવી છે.

નિર્વૃતિ નગરીએ તું પહોંચીશ એટલે તને અંતરંગ રાજ્યના પરિપાલનનું પૂર્ણ ફળ પ્રાપ્ત થશે. તારી મહેચ્છા ત્યાં સાકાર બની તને હેતે વધાવી લેશે. તારૂં ઉષ્માભર્યું સ્વાગત કરશે.

વત્સ ! નિર્વૃતિ નગરીમાં જવા માટે નીચે મુજબનો ક્રમ છે.

૧. ચિત્તવૃત્તિ અટવીની મધ્યમાંથી "ઔદાસીન્ય" નામનો મહારાજમાર્ગ નીકળે છે. સમતાયોગરૂપ નાલિકાના ઉપર ધ્યાન રાખી એ માર્ગે તારે પ્રયાણ કરવું.

૨. આ માર્ગે પ્રયાણ કરતાં તને મહામોહ વિગેરે સ્પર્શ કરી શકવા પણ અસમર્થ થશે. આગળ જતાં સૌ પ્રથમ

" અધ્યવસાય " નામનું સરોવર આવશે. એ મહાસરોવર મલીન અને ડોળાએલું હોય તો મહામોહ વિગેરેને આનંદ અને પોષણ આપે છે. જો નિર્મળ હોય તો ચારિત્રધર્મરાજના સૈન્યની તાકાત વધારે છે. મહાસરોવરનો આ સહજ સ્વભાવ છે.

૩. તારે એ મહાસરોવરને નિર્મળ કરવા જે વ્યક્તિઓ સમર્થ જણાય એને આ કાર્યમાં જોડી દેવા. ભાગ્યવાન્! તું બુદ્ધિધન છે. મૈત્રી, પ્રમોદ, કરૂણા, મધ્યસ્થતા આ ચારે મહાદેવીઓને એ કાર્ય તું આપી દેજે. એ તારા" અધ્યવાસાય" સરોવરને નિર્મળ કરી સ્ફટિક સમુ ઉજ્વલ બનાવી દેશે.

૪. અધ્યાવસાય સરોવરમાંથી " ધારણા " નામની નદી નિકળે છે, તારે એ વખતે સ્થિર આસન લગાવી ધ્યાનમાં સ્થિર બની જવું. શ્વાસોશ્વાસ થંભાવી સમાધિ અવસ્થામાં પ્રવેશ કરવો. સર્વ અન્ય વિક્ષેપોને તજી નદીએ પહોંચી જવું.

૫. એ " ધારણા " નદીમાં મહામોહ વિગેરે " સંકલ્પ-વિકલ્પ " રૂપ તરંગો ઉભા કરશે. પરન્તુ તારે સાવધાની પૂર્વક એ મોજાઓને ભાંગી નાખવા.

૬. નદી ઓળંગી આગળ જઈશ ત્યાં " ધર્મધ્યાન-દંડોલક " આવશે. એ નાનો ટૂંકો સાંકડો માર્ગ છે. ત્યાં તુ સાવધાની પૂર્વક ચાલજે.

૭. ધર્મધ્યાન દંડોલકથી ચાલતાં " સબીજયોગ " નામનો મહામાર્ગ આવી જશે.તારે એના ઉપર શીઘ્રતા પૂર્વક

ગમન કરવું. એ રસ્તે ચાલવાથી મહામોહાદિ શત્રુઓનો સ્વતઃ નાશ થતો જશે. એ લોકોના નગરો, ગામો, સ્થાનો જર્જરિત બની જશે. અને ચારિત્રધર્મરાજના સૈન્યમાં બળ, ઓજસ અને પ્રભાવ વધી જશે. તારી રાજ્ય ભૂમિઓમાંથી રાજસપણું અને તામસપણું નષ્ટ થઇ જશે અને શ્વેત સ્વચ્છ બની જશે. માત્ર સત્ત્વગુણ રહેશે.

૮. આગળ જતાં "શુકલધ્યાન" નામનો દંડોલક આવશે. એ દંડોલક–લઘુમાર્ગથી આગળ કૂચ કરતાં વિશુદ્ધ "કેવળાલોક" તને પ્રાપ્ત થશે. એ દ્વારા તને બધા પદાર્થો અને એની ભૂત ભાવી અને વર્તમાન અવસ્થાઓ જાણવા અને જોવાની શક્તિ આવી જશે.

૯. શુકલધ્યાન દંડોલકથી આગળ વધતાં "નિર્ણીજ–યોગ" નામનો મહાપથ તને મળી જશે. એ મહાપથ નિર્મળ છે. એમાં કોઈ ભીતિ કે મુશ્કેલી નથી. પરન્તુ આ માર્ગે ચાલતા મહાશત્રુઓના સર્વનાશ માટે "કેવલિસમુદ્‌ઘાત" નામનો મહાપ્રયત્ન કરવાનો રહેશે.

૧૦. કેવલિસમુદ્‌ઘાતના મહાપ્રયત્ન દ્વારા તારે "મનોયોગ વચનયોગ અને કાયયોગ" નામના ત્રણ દુષ્ટ વેતાલોનો નાશ કરવાનો રહેશે.

૧૧. અહીં આગળ મંજલ કાપતાં "શૈલેશી" નામનો રાજમાર્ગ મળશે. એ રાજમાર્ગે તારે ચાલ્યાં જ કરવું. એ રસ્તે જતાં તને ઇષ્ટ એવી નિર્વૃતિ નગરી પ્રાપ્ત થશે. તારો પરિશ્રમ અને તારી ઇચ્છા પૂર્ણ થશે. તને વિજયની વરમાળા

મળશે. એ વખતે જ તું તારા અંતરંગ રાજ્યના વાસ્તવિક ફળનો ભોકતા બનીશ. તારૂં અભીષ્ટ એજ છે. અંતિમ ધ્યેય સિદ્ધિ પણ એજ છે.

ભદ્ર ! તારા આધારે જીવન જીવનારા ચારિત્રધર્મરાજ અને એમનું સૈન્ય છે, તે તું નિર્વૃતિ નગરીએ પહોંચીશ ત્યારે તારામાં અભેદ રૂપે સમાઇ જશે. તે અને તું એક રૂપે બની જશો.

વત્સ ! હવે તું જા અને સિદ્ધિ વર. તારા મનોહર રાજ્યનો અધિપતિ તું થા. તને રાજ્ય મલ્યું એટલે મારો પરિશ્રમ પણ સફળ થયો માનીશ.

ઉત્તમ—" જેવી આપની આજ્ઞા."

ઉત્તમરાજનું આચારપાલન :

મહાત્મા શ્રી સિદ્ધાન્ત ગુરૂદેવે જે માર્ગ બતાવ્યો અને જે જે આજ્ઞાઓ કરી, એ સર્વને ઉત્તમરાજાએ અમલમાં મૂકી. સૌ પ્રથમ અંતરંગ રાજ્યમાં એણે પ્રવેશ કર્યો. " ઔદાસીન્ય " રાજમાર્ગ દ્વારા " અધ્યવસાય " સરોવર વટાવી " ધારણા " નદીના " તરંગો " લેહી આગળ વધ્યો.

" ધર્મધ્યાન દંડોલક " દ્વારા " સવીર્જયોગ " મહામાર્ગમાં આવી " શુકલધ્યાન દંડોલક " દ્વારા " નિર્વીર્જયોગ " મહામાર્ગે આવી " કેવલિ સમુદ્‌ઘાત " પ્રયત્ન આદર્યો, "શૈલેશી" નામના પથે પ્રયાણ કરી નિર્વૃતિ નગરીમાં જઇ પહોંચ્યો. મહામોહાદિ સર્વથા નષ્ટ બન્યા. જન્મ, જરા અને કલેશથી

વર્જિત નિર્વૃતિ નગરી હતી. ત્યાં ઉત્તમરાજા પહોંચી ગયો. અને સર્વતંત્ર સ્વતંત્ર બની ગયો.

શ્રી કર્મપરિણામ ઉત્તમરાજાના પિતા હતા અને રાજ્ય પણ ઉત્તમરાજને એમણે જ આપેલું છતાં એમની સત્તાને હડશેલી પોતે એમના કરતાં મહાન્ બની ગયો. પોતે સર્વથા કૃતકૃત્ય બની ગયો. સિદ્ધ, બુદ્ધ અને નિરંજન થઇ ગયો. કર્મ પરિણામ રાજાને ખંડણી ભેટણું વિગેરે પણ કદાપિ આપતો નથી.

---

૬. વરિષ્ઠ રાજ્ય :

છઠ્ઠે વર્ષે કર્મપરિણામ મહારાજાએ પોતાના છઠ્ઠા પુત્ર શ્રી વરિષ્ઠને રાજ્ય આપ્યું. પહેલા રાજાઓની જેમ એણે પણ ઘોષણા કરાવી.

ઘોષણા સાંભળી મહામોહ રાજા અને એનું સૈન્ય ઠરી ગયું. પોતાનું મૃત્યું એમને દેખાવા લાગ્યું. પરન્તુ ચારિત્ર ધર્મરાજના સૈન્યમાં આનંદ આનંદ ફેલાઇ ગયો. સૌને નવ-જીવન મળ્યા જેવો હર્ષ થયો.

ઉત્તમ રાજાની જેવો જ આ શ્રી વરિષ્ઠ રાજા બન્યો. પરન્તુ એમાં વધુ વિશેષતાઓ હતી.

ઉત્તમ રાજાને પોતાના કર્તવ્યોનું જ્ઞાન અને યુદ્ધનું વિજ્ઞાન સિદ્ધાન્ત દ્વારા પ્રાપ્ત થયું હતું. પરન્તુ શ્રી વરિષ્ઠને એ જ્ઞાન વિજ્ઞાન માટે સિદ્ધાન્તની સહાય આવશ્યક ન હતી. સ્વયમેવ એ દરેક વિષયનો જ્ઞાતા હતો.

શ્રી વરિષ્ઠનું કાર્ય :

શ્રી વરિષ્ઠ ગાદીનશીન બનતાં પોતાની મેળે જ સત્તાનો દોર હાથમાં લીધો. મહામોહાદિ શત્રુઓને ભગાડી મૂકયા. ચારિત્ર ધર્મરાજના સૈન્યને સંભાળવા લાગ્યા. આ લોકો ઘણા ખુશી થઇ ગયા.

બહિરંગ પ્રદેશમાં જેટલા મહાત્મા પુરૂષો હતા તે બધા શ્રી વરિષ્ઠના પદાતિ સૈન્ય બની સેવા કરવા લાગ્યા. આ મહાત્માઓ બાહ્ય પ્રદેશના નાના મહાત્માઓના સમુહ ગણને પોતાની નિશ્રામાં રાખતા હતા એટલે " ગણધર " તરીકેની એ મહાત્માઓની ખ્યાતિ હતી.

શ્રી વરિષ્ઠ મહારાજાએ ગણધર મહાત્માઓને " ત્રિપદી " આપી અને "સિદ્ધાંત" જગત ઉપર ઉપકાર કરવા સમર્થ છે માટે તમે એની રચના કરો, એવી આજ્ઞાકરી.

શ્રી વરિષ્ઠ મહારાજાની આજ્ઞા પ્રાપ્ત કરીને શુદ્ધ બુદ્ધિ નિધાન ગણધર મહાત્માઓએ અંગ ઉપાંગ સહિત સિદ્ધાંતની રચના કરી. એના વિભાગોની પણ ત્યાં સુયોગ્ય રચનાઓ થઇ.

" સિદ્ધાંત " પરમાર્થથી નિત્ય છે.[૧] છતાં શ્રી વરિષ્ઠે "સિદ્ધાંતો" બનાવ્યા, એમ જાહેરાત થઈ. લોકમાં સ્વતઃ એ પ્રસિદ્ધિ થઇ.

---

૧ આગમો મહાવિદેહમાં સદા હોય છે, એ રીતે નિત્ય છે. ભરત ઐરવતમાં સદા નથી હોતા માટે આ ક્ષેત્રોની અપેક્ષાએ આગમો અનિત્ય ગણાય.

અતિશયોની સૌંદર્યતા :

મહાત્માઓના શિરોમણિ શ્રી વરિષ્ઠને સુંદર રીતે રાજ્ય પાલન કરતાં મહા અદ્‌ભુત ચોત્રીશ અતિશયો પ્રાપ્ત થયા. અતિશય એટલે અદ્‌ભુત શક્તિઓ. ચમત્કારીક સિદ્ધિઓ. તે આ પ્રમાણે.

૧. શ્રી વરિષ્ઠ રાજાનું શરીર નીરોગી અને નિર્મળ હતું. કોઈ પણ જાતનો રોગ કે પ્રસ્વેદ પણ ન થતો.

૨. માંસ અને રુધિર શ્વેત દૂધ જેવા હતા.

૩. આહાર અને નિહાર ચર્મચક્ષુથી જોઇ શકાય એમ ન હતા.

૪. શ્વાસોશ્વાસમાં કમળ જેવી સુગંધિ હતી.

આ ચાર અતિશયો શ્રી વરિષ્ઠને જન્મથી જ પ્રાપ્ત થયા હતા.

૫. શ્રી વરિષ્ઠને કેવળજ્ઞાન થયું ત્યારે દેવોએ ઉપદેશ માટે યોજન પ્રમાણ લાંબુ અને પહોળું સમવસરણ બનાવ્યું હતું. એમાં કરોડો દેવ દાનવ માનવ આવતા તો પણ ભીડ થતી ન હતી.

૬. શ્રી વરિષ્ઠની વાણીમાં જાદૂ હતું. સૌ કોઇ એ વાણીને પોત પોતાની ભાષામાં માની લેતા હતા.

૭. એમના ઉત્તમાંગ–મસ્તકના પાછળ ભામંડલ મૂકવામાં આવતું, જે દ્વારા અન્ય પ્રાણીઓ પ્રભુના મુખને જોઈ શકતા.

૮. શ્રી વરિષ્ઠ વિચરતા ત્યાં એની ચોતરફ પચીસ પચીસ યોજન તાવ વિગેરે રોગો થતા નહિ અને આ મર્યાદા છ માસ રહેતી. છ માસ પૂર્વે થએલા રોગો હોય તો એ પણ શમી જતા હતા.

૯. શ્રી વરિષ્ઠ જ્યાં વિહરતા ત્યાં વૈર વિરોધ અને યુદ્ધો થતાં નહિ. અગાઉથી ચાલતાં હોય તો એનો અન્ત આવી જતો.

૧૦. શ્રી વરિષ્ઠ વિચરતા હોય એની પચીશ પચીશ યોજન ચારે તરફની વસ્તીમાં મહામારી, કોલેરા કે ઘણાના મૃત્યુ થાય એવા મહા રોગો ઉત્પન્ન ન થતા.

૧૧. એમની આજુબાજુમાં ઉપદ્રવો, તીડ, શલભ, ઉંદર વિગેરેની વિનાશકારી ઘટના ન બની શકતી.

૧૨. શ્રી વરિષ્ઠ વિહરતા હોય ત્યાં સો સો યોજનમાં કયાંય દુષ્કાળનું વાતાવરણ ન હોય. થયું હોય તો તે મટી જાય.

૧૩. ત્યાં અવૃષ્ટિ-વરસાદની ખેંચ ન હોય.

૧૪. ત્યાં અતિવૃષ્ટિ, પૂર કે લીલો દુકાળ ન થાય.

૧૫. ત્યાં સ્વરાજ્યનો ભય કે પરરાજ્યનો ભય પેદા ન થાય.

પાંચમા અતિશયથી પંદરમાં અતિશય સુધીના અગ્યાર અતિશયો મહામોહાદિ શત્રુઓનો નાશ કરવાથી શ્રી વરિષ્ઠને પ્રાપ્ત થયાં છે, એવું મારા સાંભળવામાં ત્યાં આવેલું.

૧૬. શ્રી વરિષ્ઠ વિહરતા હોય ત્યારે આગળ ધર્મચક્ર ચાલતું હોય છે.

૧૭. એમની સાથે ત્રણ છત્રો આકાશ માર્ગે ચાલતાં હોય છે.

૧૮. એમની આગળ ઇંદ્રધ્વજ ચાલતું હોય છે.

૧૯. એમની બે બાજુ સુંદર ચામર વિંઝાતા હોય છે.

૨૦. સ્ફટિકનું સિંહાસન આકાશમાં સાથે ચાલતું હોય છે.

૨૧. દેવતાઓ નવ સુવર્ણ કમળની રચના કરે એ ઉપર પ્રભુ શ્રી વરિષ્ઠ પદ ધરતાં હોય છે. જ્યાં આગળ જાય તેમ પાછળના કમળો આગળ આવતાં જાય છે.

૨૨. રજત, સુવર્ણ અને રત્નના ત્રણ ગઢ યુક્ત શ્રેષ્ઠ સમવસરણની ગોઠવણી થાય છે.

૨૩. શ્રી વરિષ્ઠ પૂર્વ પ્રતિ મુખ રાખી સમવસરણમાં બિરાજે અને બીજી ત્રણ દિશામાં દેવતાઓ પ્રભુ જેવું રૂપ બનાવી મૂકે છે. જેથી સૌને એમ લાગે કે પ્રભુ અમારી સન્મુખ બેઠા છે.

૨૪. સમવસરણના મધ્યભાગમાં શ્રીવરિષ્ઠના શરીરની ઉંચાઇ કરતા બારગણું મોટું અશોકવૃક્ષ દેવો બનાવે છે.

૨૫. શ્રી વરિષ્ઠ વિચરે ત્યાં કાંટા ઉંધા થઈ જાય છે.

૨૬. કેશ, રોમ, દાઢ, નખ વિગેરે એમના વધતા નથી.

૨૭. શ્રી વરિષ્ઠની સમીપના વર્ણાદિ અને ઋતુઓ બધી સાનુકૂલ બની જાય છે.

૨૮. વિહારભૂમિ ઉપર સુગંધિજળનો છંટકાવ થાય છે.

૨૯. ઠીંચણ સુધી દેશનાભૂમિ ફુલોથી વ્યાપ્ત બને છે.

૩૦. પક્ષીઓ અનુકુળ પ્રદક્ષિણા આપતાં હોય છે.

૩૧. પવન અનુકૂળ અને શુદ્ધ વાતો હોય છે.

૩૨. અસરલ વૃક્ષો નમ્ર બની શ્રીવરિષ્ઠને નીચા થઇ નમસ્કાર કરે છે.

૩૩. ઓછામાં ઓછા એક કરોડ દેવતાઓ સેવામાં સદા હાજર રહેતા હોય છે.

૩૪. દિવ્યદુંદુભિનો અવાજ આકાશમાં થયા કરતો હોય છે.

સોળમા અતિશયથી ચોત્રીશમા અતિશય સુધીના ઓગણીશ અતિશયો શ્રીવરિષ્ઠના પુણ્યથી આકર્ષાઇને આવેલા દેવતાઓ રચે છે.

સ્વામિન્! એ શ્રીવરિષ્ઠ રાજાને બીજી પણ ઘણી વિશિષ્ટ સંપત્તિઓ હતી, પણ મારાથી એનું વર્ણન કરવું મહામુશ્કેલ છે. વાણીથી એ શકય નથી. વચન અગોચર એ મહાપુરૂષની લક્ષ્મી હતી. એમની પ્રભુતાનો પાર નથી.

એ ઐશ્વર્યશાલી મહાત્મા શ્રીવરિષ્ઠ વિશ્વપ્રિય વ્યક્તિ બન્યા છે. પોતે જે માર્ગે નિર્વૃતિ નગરીએ જવાના છે, એ માર્ગ બીજાઓને પણ આનંદથી બતાવે છે અને ચાલવા જણાવે છે.

ચારિત્ર ધર્મરાજના સૈન્યને આત્મીય બનાવી લીધું. એમનું અભ્યંતર બલ ઘણું હતું. એ શ્રેષ્ઠ રાજવીએ લાંબા સમય સુધી એક છત્રી રાજ્ય સુંદર રીતે પાલન કર્યું.

મહામોહાદિ શત્રુઓનો જે રીતે ઉત્તમરાજાએ નાશ કર્યો હતો એ રીતે શ્રી વરિષ્ઠ રાજાએ મહાવૈરી મહામોહાદિનો નાશ કર્યો. અને જે માર્ગે ઉત્તમરાજા નિવૃત્તિ નગરે ગયા એ જ માર્ગે શ્રી વરિષ્ઠ રાજા પણ નિવૃત્તિ નગરીએ ગયા.

હાલમાં શ્રીવરિષ્ઠ નિવૃતિ નગરીમાં અત્યંત સુખમાં મહાલી રહ્યા છે.

વિતર્ક અપ્રબુદ્ધને કહે છે કે આપની આજ્ઞાથી હું, છએ રાજાઓની સત્તા અને સ્થિતિ જોવા ગયો હતો. એમાં મેં જે જોયું, જાણ્યું એ આપને યથાસ્થિત જણાવ્યું છે. એમનો રાજ્ય વહિવટ અને અન્તિમ ફળ પણ હું આપને કહી ગયો છું.

અપ્રબુદ્ધની વિચારણા :

વિતર્કનું વિવેચન સાંભળી અપ્રબુદ્ધ વિચાર કરવા લાગ્યો, અરે ! મહાત્મા શ્રી સિદ્ધાંતે[1] જે વાતો જણાવી હતી તે બરોબર સાબીત થઈ.

શ્રી સિદ્ધાન્ત ગુરૂદેવે મને જણાવ્યું હતું કે ભાઇ ! એકનું એક રાજ્ય પાલન કરવાની સુપદ્ધતિથી સુખનું કારણ બને છે અને પાલન કરવાની કુપદ્ધતિથી દુઃખનું કારણ બને છે.

કારણ કે નિકૃષ્ટ અધમ વિગેરે છએ એક એક વર્ષ

---

૧ આ માટે ફરીથી પ્રકરણ ત્રીજું વાંચી જવું ઠીક રહેશે.

રાજ્ય કર્યું પણ સૌને ફળ જુદું જુદું મળ્યું. એમાં એ લોકોની કાર્યપદ્ધતિ જ કારણભૂત હતી. એમાં નિકૃષ્ટ અધમ વિગેરે દુઃખી બન્યાં અને ઉત્તમ વરિષ્ઠ અત્યંત સુખી થયા.

દરેક રાજાઓના એક એક વર્ષની રાજ્યપાલનની પદ્ધતિના જ્ઞાનથી મને બધું જાણવા મલી ગયું. છ વર્ષની માહિતીએ મને સારો બોધ આપી દીધો. વિશેષજ્ઞો ક્યારા કહેવાય છે કે—

"જે માનવીઓએ બારીકાઇથી એક વર્ષની કાર્ય પદ્ધતિ જોઈ અને એકવાર એ કાર્યનો અમલ કર્યો હોય તો એણે વિશ્વનું અવલોકન કર્યું છે એમ કહી શકાય." કારણ કે વિશ્વના દરેક પદાર્થોનું એ રીતે જ પુનરાવર્તન થયાં કરે છે. રૂપાન્તર થાય છે પણ નવ સર્જન હોતું નથી.

મહામના શ્રી સિદ્ધાન્તની પરમ કરુણાથી સુખ અને દુઃખના કારણોનું વિજ્ઞાન મને પ્રાપ્ત થઈ ગયું છે. મારી અપ્રબુદ્ધતા અર્થાત્ અજ્ઞાનતા દૂર થઇ ગઇ અને હું પ્રબુદ્ધ જ્ઞાતા બની ગયો છું.

આ રીતે અપ્રબુદ્ધે છ રાજ્યની પરિસ્થિતિનો પુનઃ પુનઃ વિચાર કર્યો અને એની દશાઓનો નિર્ણય કર્યો અને એ વિષયક જ્ઞાન પ્રાપ્ત થઇ ગયું. મહામના એ હવે આકુળતા રહિત બન્યો. અને આનંદમાં આવી ગયો.

અપ્રબુદ્ધ પ્રબુદ્ધ બન્યો. શાંત બન્યો. સ્થિતિપ્રજ્ઞ બન્યો.



પ્રકરણ પાંચમુ

હરિકુમાર અને ધનશેખર

કથાનક રહસ્ય :

શ્રી ઉત્તમસૂરીશ્વરજી હરિકુમારને ઉપદેશ આપી રહ્યાં હતાં, એમાં આ સ્વજીવન પ્રસંગ નીકળ્યો. આગળ ચલાવતાં આચાર્યશ્રી જણાવે છે કે—

હરિકુમાર ! પ્રસંગાનુરૂપ મેં તમને વાત જણાવી પરન્તુ તમે એના રહસ્યને ધ્યાનમાં લઈ લો. હું ફરીવાર જણાવી દઉં છું.

પેલા અધમ અને નિકૃષ્ટરાજને મહામોહાદિ શત્રુઓ અને દૃષ્ટિયોગિની મહાદોષોના કારણ બન્યા હતા અને દુઃખ તેમજ દુર્ગતિના હેતુભુત બન્યા. તેમ દુષ્ટ સ્વભાવો આંતર-શત્રુઓ બીજા પણ છે. એ લોકો પણ અજ્ઞાનતાનો લાભ લઈ પ્રાણીઓને દુઃખ અને દુર્ગતિ આપનારા બને છે. અજ્ઞાનથી અન્ધ બનેલા પ્રાણીઓને એ વિવેક રહેતો નથી. વિવેકનો અભાવ એજ દુઃખનું મૂળ.

એજ રીતે પાપી બે આંતરમિત્રોના કારણે ધનશેખર દુઃખો પામે છે એમાં જરાય આશ્ચર્ય પામવા જેવું નથી. એ

બીચારો વસ્તુસ્થિતિ સમજી શકતો નથી, ત્યાં થાય શું ? આંતર બે શત્રુઓનું આ પરિણામ છે.

હરિનો પ્રશ્ન અને સૂરિજીના ઉત્તર :

હરિકુમાર– ગુરૂદેવ ! કર્મપરિણામ મહારાજાના છ પુત્રો હતા અને એ લોકોએ એક એક વર્ષ રાજ્ય પાળ્યું અને છ વર્ષમાં છએ ચાલ્યા ગયા, એ છના ચાલ્યા ગયા પછી શું બન્યું ? શું એ છ રાજ્યો જ થયાં ? બીજા રાજ્યો ન થયા ? અથવા શું બીજા પણ રાજ્યો છે ખરા ? શું એવા રાજ્યોનું ફરી ફરી નવસર્જન થાય છે ?

સૂરીશ્વર–રાજન્ ! આ સંસારમાં જે ચરાચર આકારને ધારણ કરનારા પ્રાણીઓ છે, તે સર્વ પ્રાણીઓ એ છ પ્રકારના પુત્રોમાં આવી જાય છે. અને પરમાર્થથી બધા જ સંસારી ત્રસ કે સ્થાવર પ્રાણીઓ કર્મપરિણામ મહારાજાના જ પુત્રો છે.

છ વિભાગમાં સર્વનો સમાવેશ થઈ જાય છે.

પ્રથમના છ જાય એટલે એ સ્થાને બીજા આવી જાય. જે જે આત્મા જે યોગ્યતા ધરાવતા હોય એને એ જાતનું રાજ્ય કર્મપરિણામ આપે છે અને પ્રાણીઓ પોતાની યોગ્યતા મુજબ ભોગવે છે. આ રીતે રાજ્યોનું અને ભોગવનારા રાજાઓનું સર્જન અને વિસર્જન થયા કરે છે.

રાજવી ! એ બધાની વાત બાજુએ રાખો. હું કર્મપરિણામનો પાંચમો પુત્ર "ઉત્તમ" છું અને તમે પણ એના "વિમધ્યમ" નામના પુત્ર છો.

મેં છ રાજ્યોનું વર્ણન કર્યું એની તમે સરખામણી કરી જુઓ. ઉત્તમનું વર્ણન મારામાં જોવા મળશે અને વિમધ્યમનું વર્ણન તમારાં જીવન સાથે આબેહુબ ઘટશે.

ઉત્તમ બનવાના કોડ જાગ્યા અને દીક્ષા :

ગુરૂભગવંત ! આપની વાત હું બરોબર સમજી ગયો. ગુરૂદેવ ! હું વિમધ્યમનું રાજ્યપદ તજી ઉત્તમરાજ્ય પ્રાપ્ત કરવા ઇચ્છુ છું. કૃપાસિન્ધુ એ રાજ્ય મને આપો.

આચાર્યશ્રી– રાજન્ ! ધન્યવાદ છે તમને. પરમાર્થોની પ્રાપ્તિ થયા બાદ આપના જેવાઓ માટે ઉત્તમનો માર્ગ જ ગ્રહણ કરવા યોગ્ય છે. એજ પરમ આદરણીય વાત છે.

મહાનુભાવ ! સાધુતાના સ્વીકાર વિના ઉત્તમ બની શકાતું નથી. જો તમારે ઉત્તમ બનવું જ હોય તો પરમ પથના માર્ગ સમી આ દીક્ષા ગ્રહણ કરો. એજ ઉત્તમ બનવાનો ઉત્તમ રાજમાર્ગ છે.

હરિકુમાર– ગુરૂદેવ ! દીક્ષા ગ્રહણ કરવા માત્રથી ઉત્તમનું મહાસામ્રાજ્ય પ્રાપ્ત થતું હોય તો કયો સુજ્ઞ દીક્ષા લેવામાં વિલંબ કરે ? હું આપના ચરણોમાં સદા માટે રહેવા તૈયાર છું.

હરિકુમાર આ પ્રમાણે જણાવી નગરમાં ગયા અને નગરના નાગરીકો અને પ્રધાન મંડળને સુસમ્મત એવા પોતાના પુત્ર શાર્દૂલનો રાજ્યાભિષેક કર્યો. રાજ્યનો સંપૂર્ણ કાર્યભાર શાર્દૂલને ભળાવી પોતે ગુરૂદેવ પાસે આવ્યા.

ગુરૂદેવને દીક્ષા આપવા વિનંતિ કરતાં ગુરૂદેવે હર્ષથી દીક્ષા આપી. મહારાણી શ્રી મયૂર મંજરીએ પોતાના પતિ-દેવના પવિત્ર પંથે પ્રયાણ કરી પતિતપાવની દીક્ષા લીધી. પ્રધાન મંડળના ઘણા પ્રધાનોએ પણ પોતાના રાજવીની સાથે દીક્ષા ગ્રહણ કરી.

દીક્ષા સ્વીકાર કર્યા પછી હરિરાજર્ષિ પોતાના ગુરૂદેવની સાથે વિચરતા હતા. " ઉત્તમ "ના વિશિષ્ટ રાજ્યનું ઉત્તમ રીતે પાલન કરતા હતા.

અનુક્રમે મહામોહાદ્રિ શત્રુઓનો સંપૂર્ણ નાશ કરી નિર્વૃતિ નગરીમાં હરિરાજર્ષિ પહોંચી ગયા.

ધનશેખરની દશા :

સંસારીજીવ પોતાના ધનશેખરના ભવની કહાણી આગળ ચલાવતાં અગૃહીતસંકેતાને કહે છે.

હે સુભ્રૂ ! સાગર અને સૈથુન મિત્રોની પ્રેરણાથી ધન અને સ્ત્રીમાં આશક્ત બનેલા એવા મને ઘણા દેશોમાં અને ઘણા ગામોમાં એ બન્નેએ ફેરવ્યો. એ મિત્રોએ મને છોડયો નહિ અને મેં એમનો સંસર્ગ તજ્યો નહિ. હું ધન અને સ્ત્રીની શોધમાં જ્યાં ત્યાં રખડતો જ રહ્યો.

હરિણીનયને ! એક વખત રખડતાં રખડતાં મહાવનમાં પહોંચી ગયો, એક ઝાડ નીચે આરામ કરવા બેઠો હતો, ત્યાં બીલીપત્રના ઝાડ ઉપર મારી નજર ગઇ. એની શાખામાંથી એક અંકુરો નીકળી ભૂમિને અડી રહ્યો હતો. મને વિચારો આવ્યા કે જરૂર અહીં નિધાન દટાએલું હોવું જોઈએ.

મારા પ્રિયમિત્ર સાગરે મને પ્રેરણા આપી કે ધનશેખર! આ ભૂમિભાગ ખોદવા જેવો છે.

મેં એની આજ્ઞા માની એ ભૂમિભાગ ખોદી કાઢ્યો. ખરેખર એમ થી એક મહાકુંભ નિકળ્યો. એમાં મહા મૂલ્યવાન ચળકતા રત્નો ભરેલાં હતા.

એ રત્નકુંભને લેવા હું તૈયાર થયો એટલામાં યમરાજના જેવો દુષ્ટ વૈતાલ કયાંકથી પ્રગટ થયો. એનું રૂપ ઘણું શ્યામ અને બીહામણું હતું. એની મહાક્રૂર આકૃતિ જોતાં જ હું થીજી ગયો. હું રાડ નાખી ગયો.

એ વૈતાલે મને પકડયો અને પોતાના મહા વિકરાળ મુખમાં લઈ લીધો અને કરવત જેવા દાંતો વચ્ચે કચડ કચડ ત્યાંજ ફાડી ખાધો.

મારી દશા :

અગૃહીતસંકેતા! અહીં મારી ગૂટિકા જીર્ણ થઈ ગઈ. ભવિતવ્યતાએ બીજા નગરે જવા માટે નવી ગૂટિકા આપી.

આ ગૂટિકાના પ્રતાપે હું પાપિષ્ઠનિવાસના સાતમા પાડામાં ગયો. ત્યાં પારાવાર મહાદુઃખોને ભોગવ્યા. એનું વર્ણન કરી શકવા હું સમર્થ નથી.

ત્યાંથી ભવિતવ્યતા મને બીજા બીજા સ્થળે લઈ ગઈ. વિશ્વના સર્વ સ્થળે મને ફેરવ્યો અને કોઈ એવું દુઃખ ન હતું કે જે મેં ન ભોગવ્યું હોય.

દુઃખો ભોગવતાં ભોગવતાં મારાથી થોડુ શુભ કાર્ય બન્યું. એ શુભકાર્યના બદલામાં મારી પત્ની ભવિતવ્યતાએ કહ્યું.

નાથ ! આર્યપુત્ર ! બહિરંગ પ્રદેશમાં સાહલાદ નગર આવેલું છે. તમે શુભકર્મો કર્યા એટલે તમારે ત્યાં જવાનું છે. તમને ત્યાં આનંદ આવશે. આપ ત્યાં જાઓ. સાથે આ પુણ્યોદય પણ સહચર તરીકે સાથે આવશે. આ પુણ્યોદય ઘણી મદદ કરશે.

મને નવી ગૂટિકા આપવામાં આવી. હું એ ગૂટિકાના પ્રતાપે પુણ્યોદયની સાથે સાહ્લાદ નગરે જવા ઉપડયો.

ઉપસંહાર

હે પુણ્યાત્માઓ ! તમારે સુખી થવું છે ? હા. તો હરિશેખરના પુત્ર ધનશેખરની દશાનો વિચાર કરજો. અધમના અધમ વર્તનનો વિમર્શ કરજો અને લોભ–મૈથુનની લાલસા તેમજ વાસનાથી થતી દુર્દશાઓનો વિચાર કરી એનાથી અલિપ્ત રહેજો.

એ રીતે વર્તશો એટલે મોક્ષ સુખને વરશો.

इति श्री देवेन्द्रसूरिविरचिते उपमिति–भवप्रपञ्चकथासारोद्धारे लोभमैथुन-चक्षुरिन्द्रियविपाकवर्णनो नाम षष्ठः प्रस्तावः समाप्तः ॥

શ્રી
ઉપમિતિ ભવપ્રપંચ કથા–
સારોદ્ધાર



પ્રસ્તાવ–સપ્તમ



ગુજરાતી અવતરણ

... સાતમા પ્રસ્તાવના પાત્રો. ....

સાહ્લાદપુર–બહિરંગ રાજધાની.

જીમૂત–સાહ્લાદપુરનો રાજા.

લીલાદેવી–જીમૂતરાજાની રાણી.

ધનવાહન–રાજપુત્ર. સંસારીજીવ.

નીરદ–જીમૂતરાજાનો નાનોભાઈ.

પદ્મા–નીરદની પત્ની.

અકલંક–નીરદનો પુત્ર. ધનવાહનનો મિત્ર.



બુધનંદન–ઉદ્યાનનું નામ.

પ્રથમ મુનિ–લોકોદરમાં આગ જોઇ વૈરાગ્ય પામનાર.

દ્વિતીય મુનિ–મલ્લશાળા જોઇ વૈરાગ્ય પામનાર.

તૃતીય મુનિ–રેંટ જોઇ વૈરાગ્ય પામનાર.

ચતુર્થ મુનિ–ઉન્માદ જોઇ વૈરાગ્ય પામનાર.

પંચમ મુનિ–ચાર વ્યાપારી કથાનક સાંભળી વૈરાગ્ય પામનાર.

ષષ્ઠ મુનિ–સંસૃતિનગરનો બજાર જોઇ વૈરાગ્ય પામનાર.

કોવિદ–મુનિના વડા આચાર્ય.

પરિગ્રહ–રાગ કેશરીનો પાંચમો પુત્ર. સાગરનો મિત્ર.

સંજ્ઞા–પરિગ્રહની પત્ની.

સદ્ગાગમ–સુઉપદેશક.

મહામોહ–ચિત્તવૃત્તિનો મહારાજા.

જ્ઞાનસંવરણ–આઠ રાજવીમાંથી એક રાજા.

ચારિત્રરાજ–ચિત્તવૃત્તિમાં ઘેરાએલો રાજા.

સદ્બોધ–ચારિત્રરાજાનો મંત્રી.

સમ્યગ દર્શન–ચારિત્રરાજનો સેનાપતિ.

ગૃહિધર્મ–ચારિત્રરાજનો નાનોપુત્ર.



ક્ષમાતલ–આંતરનગરની એક રાજધાની.

સ્વમલનિચય–ક્ષમાતલના રાજા.

કોવિદ–સ્વમલ નિચય રાજાનો પુત્ર.

બાલીશ–સ્વમલ નિચયરાજાનો પુત્ર.

શ્રુતિ–કર્મપરિણામરાજાની કન્યા.

સંગ–દાસીપુત્ર. શ્રુતિનો સેવક.

શોક–સાગર–બહલિકા,
મકરધ્વજ, હાસ, રતિ,
અરતિ, ભય, જુગુપ્સા,
મિથ્યાદર્શન, કુદૃષ્ટિ, રાગકેશરી,
દ્વેષગજેન્દ્ર, મહામૂઢતા, વિષયાભિલાષ,
ભોગતૃષ્ણા, કષાયો,

} મોહરાજાનો પરિવાર

વિદ્યા–ચારિત્ર રાજની કન્યા,

નિરીહતા,–ચારિત્રરાજની બીજી કન્યા,

સાકેતપુર–એક નગર.

અમૃતોદર–નંદશેઠ અને ધનસુંદરીનો પુત્ર. સંસારીજીવ.

સુદર્શન–અમૃતોદરના ઉપદેશક.

માનવાવાસ–એક નગર.

બન્ધુ–બંધુદત્ત અને પ્રિયદર્શનાનો પુત્ર.

સુંદર–બન્ધુને ઉપદેશ આપનાર ગુરૂ.

જનમંદિરપુર–એક નગર.

વિરોચન–આનંદ અને નંદિનીનોપુત્ર. સંસારીજીવ.

ધર્મઘોષ–વિરોચનના ઉપદેશ ગુરૂ.

કલંદ–મદન અને રેણાનો પુત્ર. સંસારીજીવ.

કાંપિલ્યપુર–એક નગર.

વાસવ–વસુબંધુ અને ધરાનો પુત્ર. સંસારીજીવ.

શાંતિસૂરી–વાસવને બોધ આપનાર ગુરૂ.

સોપારક–એક નગર.

વિભૂષણ–શાળીભદ્ર–કનકપ્રભાનો પુત્ર. સંસારીજીવ.

સુધાભૂત–વિભૂષણના ધર્મગુરૂ.

ભદ્દિલપુર–એક નગર

વિશદ–સ્ફટિકરાજ–વિમળાનો પુત્ર.

સુપ્રબુદ્ધ–વિશદના ધર્મગુરૂ.

પ્રકરણ પહેલું

ધનવાહન

સાહ્લાદપુર અને રાજ્યપરિવાર :

આ વિશ્વમાં મનુજગતિ નામનો મહાપ્રદેશ આવેલો છે. એમાં "સાહ્લાદપુર" નામનું નગર આવેલુ હતું. એ નગર ભૂમંડલની શોભા વધારનાર આભૂષણ જેવું અને માનવીઓના મનને આહ્લાદ કરનારૂં હતું.

સાહ્લાદપુરમાં ઉદારતા સદાચાર વિગેરે ઘણાં સાત્વિક ગુણો હતા. છતાં ત્યાંની પોડષી મદભરી યુવતીઓ યૌવનના આંગણમાં પદ ધરતા યુવકોના મનની આતુર્યભરી ચોરી કરતી હતી. એ વિના અન્ય વસ્તુને હસ્તસ્પર્શ કરવો એ પાપ લેખાતું હતું. નીતિમય જીવનથી આ નગર આદર્શ ગણાતુ હતું.

આ સાહ્લાદપુરની રાજ્યધુરાને શ્રી "જીભૂત" નામના રાજવી વહન કરતા હતા. પોતાના વિશ્વવિજયી પરાક્રમથી શૂરવીર રાજાઓના રાજતેજને એમણે દિનપતિ શ્રી સૂર્યની હાજરીમાં દેખાતા સત્ત્વ અને તેજ હીન ચંદ્ર જેવું બનાવી દીધું હતું. પરન્તુ યાચકો રૂપી ચાતકોની આશાઓને પૂર્ણ કરવામાં મહામેઘ જેવા ઉદાર હૃદયી હતા.

આ રાજવીએ વિવેકરૂપી નિર્મળનીરથી નીતિલતાનું ઘણું

રૂડું સિંચન કર્યું હતું. જેના પ્રતાપે નીતિલતામાં યશ રૂપ શ્વેત પુષ્પો ખીલી ઉઠ્યા અને એની સુગંધિત પરાગોએ રાજાશ્રીની સુકીર્તિને દશે દિશામાં ખૂબ ફેલાવી હતી.

માનસરોવરમાં વસનારા રાજહંસને રાજહંસી હોય તેમ શ્રી જીમૂત રાજાને "લીલાદેવી" નામના મહારાણી હતા. મહારાણી લીલાદેવી માતૃપક્ષ અને પિતૃપક્ષ એમ ઉભયપક્ષથી કુલીન હતા. એમની ચાલ ગજગામિની કામિની જેવી સુરમ્ય હતી.

સંસારીજીવ પોતાની જીવન કથા જણાવી રહ્યો છે. તેણે અગૃહીતસંકેતાને ઉદ્દેશીને જણાવ્યું.

મૃગનયને! મારી પત્ની ભવિતવ્યતાએ નવી ગૂટિકાનો પ્રયોગ મારા ઉપર અજમાવ્યો. ગૂટિકાના પ્રભાવથી હું તરત જ મહારાણી "લીલાદેવીના" ઉદરમાં આવી પહોંચ્યો.

મલયાચલની પાર્વતીય રમણીય ભૂમિ મલય જાતીય ચંદનને ઉત્પન્ન કરે. તેમ ગર્ભસ્થિતિનો સમય પૂર્ણ થયો, ત્યારે લીલાદેવીએ પુત્ર તરીકે મને જન્મ આપ્યો. પુણ્યોદય મિત્ર પણ અદશ્ય રીતે મારી સાથે જ જન્મ્યો.

મારા જન્મથી માતા લીલાદેવી ઘણા પ્રસન્ન થયાં. પ્રિયંકરા દાસીએ પિતાજીને વધામણાં આપતાં એઓ ઘણા આનંદિત થયા. મારો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. નામકરણના દિવસે શુભમુહૂર્તે "ધનવાહન" મારૂં નામ રાખવામાં આવ્યું.[૧]

૧ આ સ્થળે શ્રી. મો. ગી. કાપડીયાએ એમના અવતરણમાં જ્યોતિષના ઉપર ઢુકડું છતા સરસ વર્ણન કર્યું છે.

અકલંકનો જન્મ અને મૈત્રી :

મહારાજા શ્રી જીમૂતને "નીરદ" નામના નાના ભાઈ હતા. એમને પદ્મનયના "પદ્માદેવી" પત્ની હતા અને "અકલંક" નામનો જ્યોતિપુંજ સમો દિવ્ય પુત્ર હતો.

હું અને અકલંક ઘણુંજ આનંદ અને લાડકોડમાં મોટા થયાં. કલાચાર્ય પાસે કળાઓનો સુંદર અભ્યાસ કર્યો. અનુક્રમે અમો સાક્ષાત્ મૂર્તિમંત યૌવનવયમાં આવી પહોંચ્યા.

અકલંક બાળકાળમાંથી જ નિર્મળ હૃદયવાળો હતો. શૈશવ અને યૌવનમાં પણ એના શુભ્ર ગુણો ટકી રહ્યા હતા. સુસાધુભગવંતોની તત્ત્વજ્ઞાનની દેશનાઓ સાંભળી એ જિનશાસનનો પરમ ઉપાસક બન્યો હતો. પરમતારક જિનશાસન ઉપર શ્રદ્ધા અને પ્રીતિ બંને હતા.

એક દિવસે હું અને અકલંક આનંદ ખાતર "બુધનન્દન" નામના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયા. ત્યાં સુંદર, શીતળ અને શાંત જિનમંદિર જોવામાં આવ્યું.

અમો જિનમંદિરમાં ગયા અને પરમતારક દેવાધિદેવને નમસ્કાર–સ્તુતિ વિધિ કરી બહાર આવ્યા, ત્યાં સુંદર અને સૌમ્ય આકૃતિ ધરનારા સાધુ ભગવંતો અમારા જોવામાં આવ્યા. એમણે પણ દર્શનાદિ વિધિ કરી. અષ્ટમીનો દિવસ હતો તેથી પ્રભુને વંદન કરી ઉપવાસનું પ્રત્યાખ્યાન કર્યું. બહાર આવી ઉદ્યાનમાં સ્વાધ્યાય કરવા જુદા જુદા શુદ્ધ સ્થળોએ તેઓ બિરાજમાન થયા.

સાધુ મહાત્માઓને જોઇ અકલંક ઘણો ખૂશી થયો. મને સાથે લઇ એક સાધુ પાસે ગયો. ત્યાં જઈ સાધુ મહાત્માને નમસ્કાર કરી અમે બેઠા. અકલંકે વિનય અને વિવેક-પૂર્વક પૂછયું, મુનીશ્વર! આપને શા કારણે સંસાર ઉપરથી વૈરાગ્ય ભાવ થયો ?

લોકોદરમાં અગ્નિતાંડવ : [પ્રથમ મુનિનો વૈરાગ્ય પ્રસંગ]

મુનિએ અકલંકના ઉત્તરમાં જણાવ્યું, ભાઇ સાંભળો.

" લોકોદર " નામનું નગર હતું. ત્યાનો હું ગૃહસ્થ હતો. એક કાળરાત્રિએ લોકોદરમાં ભયંકર આગ લાગી. આગે નગરમાં ચોતરફ ભરડો લઈ લીધો. ધુમાડાના ગોટે ગોટા નીકળવા લાગ્યા. વાંસો બળવા અને તૂટવાના કડાકા અને ધડાકા કાને અથડાવા લાગ્યા. લોકોની ચીસાચીસથી કાનો ફાટી જાય એવું કરૂણ વાતાવરણ બની ગયું. પવન દેવે અગ્નિને મદદ કરી અને એનું જોર વધાર્યું.

નાના બાળકો રડવા લાગ્યા. સ્ત્રીઓ નાશભાગ કરવા લાગી. અંધ અને પંગુ માનવીઓ રાડો પાડી રડવા લાગ્યા. મશકરાઓ કિલકિલાટ કરવા લાગ્યા. ગૂંડા અને ચોર લોકોએ ચોરી લૂટફાટ ચાલુ કરી. દરેક વસ્તુઓ બળીને ખાખ થવા લાગી. આ જોઇને કૃપણ મુડીપતિઓ શોક અને વિલાપ કરવા લાગ્યા. મમતા મૂર્તિ માત વિહૂણા બાળક જેવી આ નગરની નિરાધાર સ્થિતિ થઈ. અગ્નિતાંડવે બધા વ્યવહારો વિખેરી નાખ્યા.

ભીષણ આગ જોઇ એક સુજ્ઞ મંત્રવાદી નગરના મધ્ય-ભાગના ચોરે આવ્યો. આત્મકવચ મંત્રક્રિયા કરી એક

રેખાથી વિશાળ ગોળ મંડલની સ્થાપના કરી. અને ઉદાર હૃદયી મંત્રીવાદીએ નગરના લોકોને કહ્યું, અરે લોકો! આ મંડલમાં આવો, અહીં આવવાથી તમારૂં સંરક્ષણ થશે.

આમંત્રણ છતાં ઘણાં જ ઓછા માનવો એ મંડલમાં ગયા. ગયા એટલા બચી ગયા અને સુખી થયા. આગ દ્વારા એમનું નુકશાન ન થયું.

બીજા કેટલાકો ભૂતના વળગાળની જેમ અથવા દારૂડીયાની જેમ ગાંડાતૂર બની આગને ઓલવવા માટે એમાં ઘાસ લાકડા અને ઘી નાખે છે. આગ કાબૂમાં આવવાના બદલે બેફામ વધે છે.

મંડલમાં રહેલા આ મહાત્માઓ નગર જનોને અવળી ક્રિયા કરવા ના કહે છે, એમ ન કરવા સમજાવે છે છતાં એ પ્રતિક્રિયાર્થે અટકતા નથી. એટલું જ નહિ પણ હિતચિંતકોની મશ્કરી કરે છે, ઠેકડી કરે છે.

કેટલા: પુણ્યવાન્ આત્માઓને એ હિતશિક્ષકોની વાત રુચિ જાય છે અને એનો અમલ કરી સુખી થાય છે. મને પણ ભવિતવ્યતાના રૂડા પ્રતાપે એ વાત ગમી ગઈ અને આગમાંથી ઉછળી મંડલમાં ચાલ્યો ગયો.

મંડલમાં જઈને જોયું કે નગરના લોકો વતી છે એટલે હું પણ વતી સાધુ) બન્યો. તેથી અગ્નિતાંડવના વિનાશથી ઉગરી ગયો. આ મારા વૈરાગ્યનું કારણ છે.

સાધુના વૈરાગ્યની વાત સાંભળી અકલંક ઘણો ખુશી થયો. બીજા મુનિ પાસે જવા ઉપડયો. મેં રસ્તામાં અકલંકને

પૂછયું ભાઈ! આ સાધુ મહારાજે શું પોતાના વૈરાગ્યનું કારણ જણાવ્યું ? અને જે સાંભળી તું આટલો કેમ પ્રસન્ન બની ગયો ? મને કાંઇ આમાં સમજ પડી નથી.

અકલંકે જવાબમાં મને (ધનવાહનને) જણાવ્યું, સાંભળોઃ–

શબ્દાર્થ યોજના :

મુનિએ "લોકોદર" ગામ જણાવેલ તે આ સંસાર સમજવો. એમાં આ મુનિ વસતા હતા એ લોકોદર–સંસારમાં "મોહ" સ્વરૂપી રાત્રિઓ હતી. એમાં "રાગ દ્વેષ રૂપી" મહા આગ સમજવી. "તમોગુણનો" શ્યામ ધુમાડો નિકળતો હતો અને જ્વાલાઓના ભડકા "રજોગુણ" જાણવા. સંસારના "કલેશ કંકાશના" જે અતિક્રૂર અવાજો થાય છે તે વાંસ બળવાના અને તુટવાના અવાજો સમજવા. આગથી નગરમાં કોલાહલ થયો તેમ સંસારમાં "રાગ દ્વેષના" કોલાહલો સમજવા. "અશુદ્ધ અધ્યવસાય" એ અગ્નિ વધાનાર પવન સમજવો. ચાર કષાયો બાળકો અને અશુભ લેશ્યાઓને સ્ત્રીઓ સમજવી. જ્ઞાન રહિત પુરૂષોને આંધળા અને ક્રિયારહિત પુરૂષોને પાંગળા સમજવા.

મશ્કરા તરીકે નાસ્તિક લોકો અને ઇંદ્રિયો ચોર તરીકે બતાવેલ છે. ઇંદ્રિય ચોરો ધર્મધનની ચોરી કરે છે અને રાગ અગ્નિ આત્માના ગુણધનને બાળી ભસ્મ કરે છે. જે લોકો હીનસત્ત્વ–પુરૂષાતન વિનાના છે એમને કૃપણ સમજવા.

આ અગ્નિ તાંડવમાં કોઈ કોઈને બચાવવા શક્તિમાન નથી એટલે "અમાતાપુત્રકમ્" વિશ્વ જણાવ્યું. સ્વાર્થ વખતે

માતા પુત્રને બચવવા ન ધાય અને પુત્ર માતાની વહારે પણ આગમાં બચાવવા ન જાય. આવી મહાભીષણ સંસારમાં આગ છે.

સ્વયંબુદ્ધ શ્રી જિનેશ્વરને મંત્રવાદી સમજવા એ જિનેશ્વર દેવે સંસારના મધ્યભાગમાં ગોચંદ્રક[૧] સમાન તીર્થ મંડલની સ્થાપના કરી. સૂત્રરૂપ મંત્રની રેખા દ્વારા પોતાના આત્માને રક્ષણાત્મક કવચ પહેરાવીને ધર્મ દેશના દ્વારા સકલ જીવોને બચાવવા આહ્વાન કર્યું.

શ્રી જિનેશ્વર પરમાત્માની દેશના સાંભળી કેટલાક પુણ્યવાન પુરૂષો મંડલમાં ગયા પણ એમની સંખ્યા ઘણી ઓછી હતી. સંસારમાં જેટલા જીવો છે એના કરતાં અનંતમાં ભાગના જ માત્ર મંડલમાં ગએલા જીવો હતા. જે લોકો મંત્રવાદીના મંડલમાં ગયા તે તાપના દુઃખથી મુક્ત થયા.

મોહરાત્રિમાં રાગદ્વેષથી લાગેલી આગને કાબુમાં લેવા મોહઘેલા માનવો એમાં કષાય રૂપી ઘી અને શાંતિ કરવા માટે વિષયો રૂપી તૃણ અને કાષ્ઠ નાખતા હતા. ક્રોધથી સંસારની આગ ઘટે નહિ પણ વધે, આગને ઓલવવા "પ્રશમ જળ" જોઇએ એવું કોઇ કહે તો ઘણા માનવા તૈયાર ન હતા.

અરે! વિષયોના ભોગો ભોગવવાથી કામેચ્છા તૃપ્ત થતી નથી. પણ વધે છે, એવું સાંભળવા પણ ઘણા ઇચ્છતા ન

---

૧ ગોચંદ્રક–જ્યાં આગ ન લાગે એવી ભૂમિ. સમવરણ અર્થમાં આ શબ્દ છે સમવસરણમાં રાગદ્વેષની આગ પ્રવેશી શકતી નથી.

હતા. પરન્તુ વિષયો અને કષાઓને જ સંસારની આગ ઠારવા ઉપયોગ કરતા હતા.

તીર્થમંડલમાં રહેલા લોકો એમને સમજાવવા પ્રયત્ન કરતા, તો ઘણા એ વાતને મશ્કરીમાં હસી કાઢતા, કે વાતને જ ઉડાડી દેતા. કોઇ આ મુનિ જેવા મહત્તમ વ્યક્તિ હોય તો એ વચનોને અમલ કરતા અને આગથી રક્ષણ મેળવતા.

આ મુનિએ મંત્રવાદીના મંડલમાં પગ મૂકયો એટલે મેં મોહરાત્રિમાં રાગદ્વેષના ભીષણ અગ્નિ કાંડમાં બળતા અનેક સંસારીજીવને નજરોનજર જોયા.

તીર્થમંડળમાં વસેલા પ્રાણીઓ પણ ચાર વિભાગમાં વહેંચાએલા હોય છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારમાંથી દીક્ષા ગ્રહણ કરી આ ગૃહસ્થે પ્રથમ વિભાગમાં પ્રવેશ કર્યો છે..

" લોકોદર નગરમાં આગ " એ મુનિના વૈરાગ્યનું કારણ બન્યું. એમ આપણને એ મુનિ પાસે જાણવા મળ્યું છે. મને એના પરમાર્થનો ખ્યાલ આવવાથી ખૂબ ખુશી થઇ છે.

અરે ભાઇ ! આપણે પણ લોકોદરની આગમાં બળી રહ્યા છીએ. એ સર્વ સાધારણ વાત છે. આપણે આગમાં બળી મરવું ઠીક નથી. મંત્રવાદીના મંડલમાં પ્રવેશ કરીએ. આપણે પણ એ મુનિનો માર્ગ લઇએ, એજ ભયંકર આગથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

અકલંકની વાત સાંભળી હું મૌન રહ્યો. મારા અન્તઃકરણમાં હજુ પાપવાસનાઓ ભરી પડી હતી. નિર્મળતાનો અંશ

હજુ ન હતો. એથી હું મૌન રહ્યો. ત્યાંથી અમે બીજા મુનિ-મહાત્મા પાસે પહોંચ્યા.

મદ્યશાળા : (બીજા મુનિનો વૈરાગ્ય પ્રસંગ)

અમે બીજા મુનિ પાસે જઈ વંદન કર્યું. અકલંકે પૂછયું. મહાત્મન્! આપને નાની વયમાં વૈરાગ્ય શા કારણે થયો? કૃપા કરી અમને જણાવશો?

ભદ્ર! સાંભળો?

મદ્યશાળામાં દારૂડીયાની દશા જોઇ મને વૈરાગ્ય થયો છે. હું પણ એક દારીડીયો જ હતો. મહાત્મા બ્રાહ્મણોએ મને બોધ આપી બચાવ્યો છે. આ મારા વૈરાગ્યનું કારણ છે.

અકલંક– આપ સવિસ્તૃત સંભાળવશો તો અમે સમજી શકશું. ટૂંકમાં ખ્યાલ નહિ આવે.

મુનિ– ભાઇઓ! સાંભળો.

લોકાકાશ ભૂમિ ઉપર એ મદ્યશાળા આવી છે. અનેક ઉન્મત્ત બાળકો ત્યાં આવી મદ્યપાન કરી ગાંડાતૂર બની જાય છે. દ્રાક્ષાસવો, તાડીસુરાઓ, મહુડાના મદ્યો, ગોળના સરકાઓ, ઘણાં મોટા પાત્રોમાં ભરેલાં હતા. નીલવર્ણો અને નીરજ મદ્ય પીવાના પ્યાલાઓથી એ પાનશાલા ભરપુર હતી. મૃદંગ, કંસપાત્ર, વાંસળી વિણા વિગેરે વાજિંત્રોની મત્ત સુરાવલી વાગી રહી હતી. વિલાસ, હાવભાવ, કેલિ અને નૃત્ય ઘણી જાતના ચાલી રહ્યા હતા.

આ મદ્યશાળામાં માણસો દારૂપાન કરીને મદોન્મત્ત બની જાય છે અને સચેતન હોવા છતાં મહાદયનીય અવસ્થાને

પામતા હોય છે. એમના ઉપર ગુણવાનોને દયા ઉપજે અને એમની દશા જોઈ દિલમાં દર્દ થાય છે.

૧. આ મદ્યશાલામાં કેટલાક સર્વ વ્યવહાર ક્રિયાઓથી શૂન્ય હોય છે અને મૃતક જેવું એમનું જીવન હોય છે. "અવ્યવહારી વનસ્પતિના" જેવી આ લોકોની પરિસ્થિતિ છે. અને આવા મદ્યપોની સંખ્યા અનંતની છે.[૧]

૨. કેટલાક મદ્યપો ત્યાં વ્યવહાર ક્રિયાઓથી સર્વથા શૂન્ય નથી હોતા પણ અવસ્થા મૃતક જેવી જ હોય છે. " વ્યવહાર રાશિના વનસ્પતિ " જેવી એમની અવસ્થા હોય છે અને એવા મદ્યપો પણ અનંતા છે.[૨]

વળી આવી જ જાતના દારૂ પીનારા મદના કેફ વાળા " પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ " નામના અસંખ્યાતા મદ્ય પીનારા છે.[૩]

૪. કેટલાક દારૂપીને રાડો જ પાડતા હોય છે આ લોકો દારૂપીને એવા મત્ત બન્યા હોય છે કે કોઇ ચીજ સુંઘતા નથી, જોતા નથી અને કોઇ વાત સાંભળતા પણ નથી. માત્ર દારૂ જ પીધે રાખે છે. આ " દ્વિહૃષિક " જેવા અસંખ્યાતા જીવો હોય છે.[૪]

---

૧ આ અવ્યવહાર રાશિના જીવોનું વર્ણન છે.
૨ આ વ્યવહાર રાશિની વનસ્પતિ કાયના જીવોનું વર્ણન છે.
૩ આ સૂક્ષ્મ અને બાદર પૃથ્વી, અપ, તેજ અને વાયુનું વર્ણન છે.
૪ આ બેઇન્દ્રિયનું વર્ણન છે.

૫. વળી ત્યાં કેટલાક મદ્યપાનના દોષથી કશું સાંભળી શકતા નથી અને જોઈ શકતા નથી પણ કાંઇક સુંઘી તો શકે છે. "ત્રિકરણની" જેવા હોય છે અને એવા દારૂડીયા પણ અસંખ્યાતા છે.[૧]

૬. કેટલાક દારૂપીનારા સાંભળી શકતા નથી પણ સુંઘવું અને જોવું એમનાથી કાંઈક બનતું હોય છે. આવા મદ્યપોને "ચતુરક્ષ" કહેવાય છે અને એની સંખ્યા પણ અસંખ્યાતની છે.[૨]

૭. વળી ઘણા દારૂડીયાઓને જોવા સાંભળવાની ચેતના એનામાં હોય છે પણ એ અસંખ્યાતા છે અને અસંજ્ઞી "પંચેન્દ્રિય" જેવા એ મન વિનાના હોય છે.[૩]

૮. વળી કેટલાક દારૂડીયાઓ દારૂપીને ભાન ભૂલી સામસામા મારામારી કરે છે. કાપાકૂપી કરે છે. ચેતના શક્તિ સ્પષ્ટ હોય છે છતાં વૈરવિરોધ ઘણો હોય છે. આ મદ્યપો "નારકીની" હરોળના હોય છે.[૪]

૯. કેટલાક મદ્ય પીને વિવેક શક્તિ ખોઇ બેસતા હોય છે. માતા–પુત્ર પિતા–પુત્રી વિગેરેની મર્યાદાઓનો ખ્યાલ કર્યા વિના એક બીજા સાથે અઘટિત કામક્રીડા કરતા થઇ જાય છે. "પંચાક્ષપશુ" જેવા અસંખ્યાત હોય છે. આ

૧ આ વર્ણન તેઇન્દ્રિય જીવોનું છે.
૨ આ વર્ણન ચતુરિન્દ્રિય જીવોનું છે.
૩ આ વર્ણન અસંજ્ઞી પંચેન્દ્રિયનું છે.
૪ આ વર્ણન નારક જીવોનું છે.

મદ્યપો આકાશમાં ઉડતા હોય છે. જમીન ઉપર આળોટતા હોય છે અને પાણીમાં પણ ડુબકીઓ મારતા હોય છે. અનેક જાતની યાતનાઓ સહન કરતા હોય છે.[૫]

૧૦. ઘણાં દારૂડીયાઓ એવા છે કે દારૂ પીને "સંમૂર્ચ્છિમ માનવોની" જેમ ઉલટી, પિત્ત, વિષ્ઠા, મૂત્ર વિગેરેમાં આળોટે છે અને એનું જ ભોજન કરે છે. આવા અસંખ્ય મદ્યપો છે. ત્યારે કેટલાક હિંસા, અસત્ય, ચૌરી અને મૈથુનાદિમાં મસ્ત બની પ્રલાપાદિ કરે છે. મરણ વિગેરેના અનેક દુઃખો ભોગવવાના હોય છે.[૬]

૧૧. આ મદ્યશાળામાં કેટલાક એવા પણ દારૂ પીનારા છે કે જે ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક એમ ચાર વિભાગમાં વહેંચાઈ ગયા છે. આવા જીવો પણ અસંખ્ય છે. આ લોકો દારૂડીયા છતાં પંચઇન્દ્રિયોને અનુકૂળ એવા સુખોને ભોગવતાં હોય છે, છતાં ઇર્ષા, શોક અને પરાભવની વેદના ઘણી હોય છે. એ રીતે આ લોકો પણ દુઃખી ગણાય.[૭]

૧૨. વળી આ મદ્યશાળામાં અલ્પસંખ્યક એવા વ્યક્તિઓ પણ છે કે જે મદ્યશાળામાં રહેવા છતાં દારૂ પીતા નથી. જાણે સાધુ ન હોય, એવું મધ્યસ્થ જીવન જીવતાં હોય છે. વારેઘડીએ દારૂ ઢીંચીને પીનારા લોકો આવા વ્યક્તિ-

---

૫ આ વર્ણન તિર્યંચો–જલચર–સ્થલચ–ખેચરનું છે.

૬ આ વર્ણન ગર્ભજ–સન્મૂર્છિમ મનુષ્યોનું છે.

૭ આ ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું વર્ણન છે.

ઓની ઈર્ષા અસૂયા કરે છે અરે મશ્કરી કરતાં એમને "બ્રાહ્મણ" કહીને બોલાવે છે.[૧]

૧૩. વળી કેટલાટ એવા ભવાનુભાવો છે કે મદ્યશાળાની અને એમાં રહેનારા જીવોની દશા જોઈ, અલિપ્ત બની આ ભુવનનો ત્યાગ કરી દૂર ચાલ્યા ગયા છે. "અનંત સંપત્તિના અધિપતિ" બન્યાં છે. મદનું ઘેન અંશમાત્ર નથી. આવા જીવોની સંખ્યા અનંતની છે.[૨]

મદ્યશાળામાં મારી શાળા :

હું આ મદ્યશાળાના પ્રથમ વિભાગમાં મૂર્ચ્છિત અવસ્થામાં આમ તેમ આળોટતો ઘણું રહ્યો. અથડાતો પછડાતો બીજા વિભાગમાં આવ્યો. ત્યાંની દશા પણ પહેલાના જેવી જ હતી. ધમાલ કરતો ત્રીજામાં પહોંચી ગયો.

ભદ્ર અકલંક ! મેં તને મદ્યશાળાના તેર વિભાગના લોક-ભેદ જણાવ્યા છે. આ સંક્ષેપમાં તને જણાવ્યું છે. તેર વિભાગમાંથી પ્રથમનો વિભાગ અને છેલ્લા બે વિભાગ સિવાયના દસ વિભાગમાં હું દાઝડીયો બનીને અનંત વાર અને અનંત-કાળ ભટકયો છું. આળોટી આળોટીને શ્રમિત બની ચૂકયો છું.

મદિરાશાળાની મોટા ભાગની ભૂમિ અપવિત્ર મલ, મૂત્ર, પરૂ, લોહી વિગેરે પદાર્થોથી ભરેલી હતી. પવિત્રતા જેવું ન હતું. એમાં આળોટી રગદોળાઈ ઘણો સમય પસાર કર્યો.

---

૧ આ મુનિ ભગવંતોનું વર્ણન છે.

૨ આ સિદ્ધ પરમાત્માનું વર્ણન છે.

બ્રાહ્મણની કરૂણા :

હું મદિરાશાળાની ગંદકીમાં અનેક યાતનાઓ ભોગવતો હતો. બારમા વિભાગમાં આવેલા બ્રાહ્મણોની નજર મારા તરફ ગઇ. એમને મારા ઉપર કરૂણાનો ભાવ થયો.

અરે ! આ બિચારો દારૂના કુવ્યસનથી ઘણો દુઃખી દુઃખી થાય છે. આપણે અને મદિરાપાનના દોષો જણાવીને સમજાવીએ. સમજાવટથી મદિરાપાન કરવાનું બંધ કરે તો એ દુઃખમાંથી ઉગરી જશે. આપણી જેમ એ પણ સુખનું પાત્ર બની જશે. સુખી થવાની યોગ્યતા એને પ્રાપ્ત થશે.

આવો પવિત્ર વિચાર કરી એમણે સુરાપાનના દોષો મને જણાવ્યા. હું કાંઇ તરત માની જાઉં એવો ન હતો. પણ આ બ્રાહ્મણો ભારે હોંશીયાર, કળાપૂર્વક ધીરે ધીરે મદિરાપાનની લતમાંથી મને છોડાવ્યો.

હું પણ એ બ્રાહ્મણોની સાથે બ્રાહ્મણ બની ગયો. બધા બ્રાહ્મણોએ ભાગવતી દીક્ષા લીધી. હું પણ સાધુ બની ગયો. દારૂ પીવાના કારણે મને અજીર્ણ થયું હતું, તે અજીર્ણ હજુ સુધી સર્વથા નષ્ટ થએલ નથી. છતાં મને પૂર્ણ શ્રદ્ધા છે. કે દીક્ષાના બળે અજીર્ણને નષ્ટ કરી નાખીશ.

આ છે મારા વૈરાગ્યનું કારણ.

મુનિના વૈરાગ્યનું કારણ સાંભળી અકલંક એનો ભાવ શોધવા પ્રયત્ન કરે છે. એ ઉંડી વિચારણામાં ચડયો, ત્યાં અકલંકને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ ભવમાં જેટલું શ્રુતજ્ઞાન એણે મેળવેલું એ બધુ સ્મૃતિપટલ ઉપર આબેહૂબ આવી ગયું.

અને એ જ્ઞાનથી મુનિરાજના કહેવાનો તાત્પર્યાર્થ ખ્યાલમાં આવી ગયેા. મનમાં ઘણેાજ આનંદ થયેા. તેઓ મુનિને વંદન કરી ત્રીજા મુનિ ભણી રવાના થયા.

મેં (ધનવાહને) અકલંકને પૂછયું, ભાઇ ! આ મુનિએ પેાતાના વૈરાગ્યનું કારણ શું જણાવ્યું ?

સંસાર મદ્યશાલા :

અકલંકે જણાવ્યું, ભાઇ ! મદ્યશાળાના બહાનાથી મુનિએ સંસારનું સ્વરૂપ જ આપણને જણાવ્યું છે. સંસાર અને મદ્યશાળા જુદી ચીજો છે એમ ન સમજવું.

અનંતાજીવો છે તે દારૂડીયાનેા વેશ ભજવે છે. જીવોને જ મત્ત દારૂડીયા કહ્યા છે. આઠ પ્રકારના કર્મો મદ્ય છે, કષાયેા આસવ છે. ઘાતી કર્મો સુરા છે. નેાકષાયેા સરકેા છે. આ રૂપકેાથી કર્મ દારૂ, આસવ, સુરા અને સરકાનેા પાઠ ભજવે છે.

ચારગતિના આયુષ્ય એ મદિરાને રાખવાના મેાટા પાત્રેા કુંપાચેા છે. પ્રાણીઓના શરીરેા કર્મરૂપી મદિરાનું પાન કરે છે. તેથી શરીરેા એ મદ્યપીવાના પ્યાલાઓ છે. વધુ આસશક્તિના કારણે એ પ્યાલા કાળા કમળ જેવી કાંતિવાળા દેખાય છે.

દારૂ પીવાથી થતા ઝગડા એ મૃંદગ છે. દીનતા પૂર્વક રડવું એ કાંસી જોડાનેા પાઠ જણાવે છે. દુષ્ટોના પરસ્પરાનન્ન જોરશોરથી થતા ઝગડા એ કાંસીજોડાના તાલ છે. દુઃખીયારા જીવેા ધીમે અને કરૂણસ્વરે આલાપ-વિલાપ કરે તે વીણાનન્ન કરૂણ અવાજને જણાવે છે.

શોક ભરપૂર લોકો જે કરૂણ અવાજ કરે છે, તે વાંસના અવાજોનો પાઠ ભજવે છે. એજ રીતે વિલાસ, હાસ્ય, નૃત્ય, ગીત વિગેરે ક્રિયાઓને દાંડીયારાશ વિગેરેના પાઠો ભજવતા જાણી લેવા. આ મદ્યશાળામાં એ ક્રિયા ચાલતી રહે છે. વિવેકી આત્માઓ માટે આ વાત વૈરાગ્ય ઉત્પાદક અને વૈરાગ્ય પોષક બને છે.

તેર વિભાગોમાં

મુનિરાજે મદ્યશાળામાં તેર પ્રકારના લોકો જણાવ્યા છે, તે જુદા જુદા પ્રકારના જીવો જાણવા દૃષ્ટાન્તના બહાનાથી બધા જીવોનો એમા સમાવેશ કરી દીધો. આ ભેદો બતાવવા દ્વારા મહાત્માએ આત્માનું અને અન્ય જીવોનું કર્મરૂપ મદિરા પીવાથી કેવું ઉન્મત્તપણું થાય છે, એ જણાવી દીધું.

મુનિએ જણાવ્યું કે હું સૌ પ્રથમ અવ્યવહાર રાશિના જીવમાં હતો. ત્યાં અનંતાનંત કાળ રહ્યો. અનંત કાળ પછી મારે બહાર જવાનો વારો આવ્યો. ત્યાર પછી પ્રથમ વિભાગ અવ્યવહાર રાશિ, બારમો વિભાગ મુનિપણું અને તેરમો વિભાગ સિદ્ધ એ ત્રણ વિભાગ સિવાયના દસ વિભાગમાં હું ઘણું ઘણું રખડયો છું.

હું સંસાર મદ્યશાળામાં અનેક જાતના દુઃખો સહન કરતો હતો. જેમ તેમ જીવી રહ્યો હતો, ત્યાં બ્રાહ્મણ જેવા સાધુ મહાત્માએ મને જોયો. આ દયાળુ મહાત્માને દયા આવી. ઉપદેશ આપી ધીરે ધીરે દીક્ષા આપી દીધી. નવા કર્મો ન બાંધવા મેં સંવર કરી નાખ્યો. કર્મો આવતા અટકાવી દીધા.

પ્રવ્રજ્યા–દીક્ષા દ્વારા જુના કર્મોની નિર્જરા કરી, આ મુનીશ્વર સંસાર મદ્યશાલાની બહાર ચાલ્યા જશે.

હે ઘનવાહન! મુનિએ આ જાતના ગૂઢાર્થવાળું પોતાનું વૈરાગ્ય કારણ આપણને જણાવ્યું છે. આ બીના આપણા બન્નેમાં અનુભવ થતી જણાય છે. વિશ્વના વિવિધ પ્રાણીઓ પણ આનો સ્વાનુભવ કરતા હોય છે.

બન્ધુ ઘનવાહન! આવી અપવિત્ર મદ્યશાળામાં આપણે રહેવું યોગ્ય લાગતું નથી.

અગૃહીતસંકેતા! આ રીતે અકલંકે મને મદ્યશાળાની કરૂણ બીના વિસ્તારપૂર્વક કહી સંભળાવી પરન્તુ એનો મને કાંઈ બોધ કે એની અસર કશું જ ન થઈ. હું તો મૌન રહ્યો. અમે ત્રીજા મુનિ પાસે પહોંચ્યા.

અરઘટ્ટ યંત્ર : (તૃતીયમુનિ વૈરાગ્ય પ્રસંગ)

મુનિ પાસે જઇ અમે વંદન કર્યું અને અકલંકે પૂછયું. મુનીશ્વર! આપને વૈરાગ્ય થવાનું શું કારણ બન્યું?

મુનિએ ઉત્તર આપ્યો, ભાઇ "અરઘટ્ટ યંત્ર" [રેંટ] જોઇ મને વૈરાગ્ય થયો છે.

અકલંકે પુનઃ પ્રશ્ન કર્યો, ગુરૂદેવ સવિસ્તાર સમજાવશો?

મુનિએ કહ્યું, ભાઈ! સાંભળો.

મેં પાણી કાઢવાનો અરઘટ્ટ–રેંટ જોયો, તે દિવસ અને રાત ચાલુ જ રહેતો. "ભવ" એ રેંટનું નામ હતું.

એ રેંટ ખેંચનારા ચાર સાથીઓ હતા. "રાગ, દ્વેષ, મિથ્યાત્વ અને મન્મથ" એના નામો હતા. અને આ સૌનો મુખી "મહામોહ" નામનો વ્યક્તિ હતો. રેંટને ખેંચનારા સોળ બળદ હતા. "કષાય" નામથી ઓળખાતા હતા અને આવામાં ચારો પાણી કાંઇ લેતા ન હતા, છતાં ચાલવામાં ભારે તેજ હતા.

"હાસ્ય, શોક, ભય" વિગેરે દાડીયાઓ હતા. એ રેંટ અંગેનું કામ કાજ કરતા. "રતિ, અરતિ, જુગુપ્સા નામની દાસીઓ પણ કામ કરવા માટે રાખેલી હતી.

આ રેંટને "દુષ્ટયોગ" અને "પ્રમાદ" નામના બે મોટા તુંબા હતા અને "વિલાસ, ઉલ્લાસ ચેનચાળા" નામના એને આરાઓ હતા. "અસંયતજીવ" નામનો ભયંકર અને ઉંડો કુવો હતો. "પાપ અવિરતિ" નામનું પાણી એમાં ખૂબ હતું. એની ઉંડાઇ એટલી હતી કે તળીયું પણ દેખાતું ન હતું.

એ રેંટમાં "જીવલોક" નામની ઘટમાળા છે. તે અવિરતિરૂપ પાણી ભરી ઉપર આવી ખાલી કરે અને પાછું કુવા ભણી અંદર જાય અને અવિરતિરૂપ પાણી ભરે. "મરણ" નામનો નોકર એ યંત્રને ચલાવે છે. "અજ્ઞાન મલીન આત્મા" નામની પરનાળી છે. જેના દ્વારા પાણી બહાર કુંડી કે હવાડામાં જાય છે.

પરનાળીના બાજુમાં "મિથ્યાભિમાન" નામની કુંડીકા હતી. એની સાથે "સંક્લિષ્ટ ચિત્તતા" નામની નાળીકા

હતી. એ નાળીકા દ્વારા નીકમા પાણી જતું હતું. "લોલુપતા" એ નીકનુ નામ હતું. " જન્મ વિસ્તાર " નામનું એક મહા-ખેતર હતું. બીજા જન્મો રૂપ એના અનેક કયારાઓ હતા.

" કર્મ " નામના બીજ હતા. અને " અપર અપર " જન્મ એ બીજ દ્વારા થતા હતા. " તત્ જીવપરિણામ " કર્મ-બીજનો વાવનારો વ્યક્તિ હતો. એ કયારામાં " અસદ્બોધ " નામનો નોકર પાણી ભરવાનું કામ કરતો હતો.

આ કયારાઓમાં વાવેલું અને રેંટથી સિંચાએલું બીજ ઉગતું એમાં સુખ-દુઃખના અન્ન પણ થતાં હતાં. આ બધી સામગ્રીમ કે બધામાં રેંટની જ મુખ્યતા ગણાતી હતી. રેંટ ન હોય તો બીજાની આવશ્યકતા જ ન રહેવા પામે.

ભાઇ ! અકલંક ! " સંસારરેંટ "માં હું અનંતકાળ સુધી સુતો છું ઘણો કાળ પડી રહ્યો છું. સામે ધ્યાન લગાવી જે મુનીશ્વર બેઠા છે, એમણે મને સુતેલો જોયો. એ મહાત્મા મારા ગુરૂદેવ તરણતારણહાર છે.

ગુરૂદેવના અંતરમાં મારા પ્રત્યે કરૂણા જાગી. એમણે કહ્યું, ભદ્ર ! તું દુઃખી કાં થાય છે ? તું રેંટનો ત્યાગ કર અને તારી શક્તિનો વિચાર કર. જાગૃત બનીજા. રેંટના ત્યાગ થવાથી તું સુખનો ભોકતા બનીશ. આનંદનો સ્વામી બનીશ.

મેં કહ્યું ગુરૂદેવ ! રેંટનો ત્યાગ કઇ રીતે સંભવે ?

ગુરૂદેવે જણાવ્યું, ભાગ્યવાન્ ! ભાગવતી દીક્ષા લેવાથી.

ગુરૂદેવ ! રેંટને ત્યાગ કરાવનારી દીક્ષા મને આપો.

ગુરૂદેવે મને દીક્ષા આપી અને હું મુનિ બન્યો. આ છે મારા વૈરાગ્યનું કારણ.

અકલંકે સાધુ મહારાજની અનુમોદના કરી એમને વંદન કર્યું, ઉભા થઇ અમે ચોથા મુનિ પાસે જવા રવાના થયા.[૧]

---

૧ આ પ્રસંગનો ઉપનય ગ્રંથકારે નથી આલેખ્યો. મૂળ ઉપમિતિમાં નથી તેથી આમણે પણ એજ રીત રાખી જણાય છે. આ કથાનકોના પાત્રોનો ભાવ પણ સમજાઇ જાય તેવો હોઇ અલગ ઉપનય ન મૂકયો હોય એ બનવા જોગ છે. આધુનીક સમયમાં રેંટ ન જોયો હોય એવાઓ માટે સહેજ લખવું અયોગ્ય નહિ ગણાય.

સંસારનો રાગી જીવ એ પોતેજ કૂવો છે. એ જીવમાં અવિરતિ ત્યાગના અભાવરૂપ જળ ભરેલું છે. રાગ, દ્વેષ, મિથ્યાત્વ અને મન્મથ એ ચાર ખેડુત નોકરો " સાથી " અવિરતિ જળ કુવામાંથી ખેતરમાં લઇ જવાનું કાર્ય કરે છે. ખેતર ખેડવા વિગેરેનું પણ કામ કરતાં હોય છે. પણ આ સર્વનો માલીક મહામોહ છે. એની આજ્ઞા વિના કાંઇ કામ થઇ શકે નહિ.

મોટા કૂવાઓમાંથી ચારે બાજુથી પાણી કાઢી શકાય અને પાણી વધારે કાઢવા માટે એના બદલે ચાર બળદ જોડવા પડે છે. ચાર ખેડુતોને ચાર–ચાર બળદ અપાએલા છે. " કષાય " બળદ છે આ કષાય બળદીયાની વિશિષ્ટતા એ છે કે એમને ચારો પાણી અને આરામ જોઇતો નથી. સતત અને સખત કામ કરતાં હોય છે. કષાય અને અવિરતિવાળો આત્મા આવી જ દશામાં હોય છે.

રેંટને બે તુંબા જોઇએ અને એ રેંટના મધ્યભાગને હોય છે. ઘરી સાથે એનો સંબંધ હોય છે. એ તુંબા દુષ્ટયોગ અને પ્રમાદ છે. આ રેંટને ઉલ્લાસ, વિલાસ, હાવભાવ, ચેનચાળા વિગેરે આરાઓ હોય છે. એના ઉપર ગોળ લાકડું અને ફરતો દોર હોય છે.

પાંચ કુટુંબીઓનું ભોજન : (ચોથા મુનિનો વૈરાગ્ય પ્રસંગ)

હું અને અકલંક ચોથા સાધુ પાસે ગયા, એમને વંદન કરી અમો બેઠા. અકલંકે સાધુ મહારાજને વૈરાગ્ય થવાનું કારણ પૂછ્યું. મુનિએ જણાવ્યું કે ભાગ્યવાનો સાંભળો.

એ ઉપરાંત પાણી સંબંધી કામ કરનારા હાસ્ય, શોક, ભય વિગેરે નોકરો અને રતિ, અરતિ, જુગુપ્સા વિગેરે દાસીઓ કામ કરી રહી છે. રેંટ ચાલતો હોય ત્યારે દૂરથી એનો કર્કશ અવાજ સંભળાય છે એમ અહીં " મરણ " નામનો અવાજ થાય છે. મરણ વખતે રૂદન હોયવોય, નિસાસા એ બધા વિચિત્ર અવાજો થાય છે.

અસંયત જીવમાં રહેલ અવિરતિ રૂપ જળ ઉપર રહેલા ચાર ખેડુતો દ્વારા કષાય બળદો મારફત ઘટમાળમાં ભરાઈ ભરાઇને ઉપર આવે છે. એ અજ્ઞાન મલીન આત્મામાં ખાલી થાય છે. આપણા આત્માના સંબંધમાં પણ આ બીના ઘટમાન છે.

કૂવાની બાજુમાં કુંડી હોય છે. એમાં સૌ પ્રથમ પાણી આવે છે. અજ્ઞાન મલીન આત્મામાંથી નિકળેલું અવિરતિ રૂપ જળ " મિથ્યાભિમાન " નામની કુંડીમાં જાય છે. ત્યાંથી " સંક્લિષ્ટ ચિત્તતા " નામની નાળીમાં થઇ " ભોગ લોલતા " નામની નીકમાં આવે છે. નીકવાટે એ જળ " જન્મસંતાન " નામના ખેતરમાં આવે છે. તેમાં અનેક કયારા છે. દરેક કયારામાં જળ ભરાય છે.

મિથ્યાભિમાનથી પ્રાણીમાં અત્યંત સંક્લિષ્ટતા આવે છે અને તેથી મન સંસારના મોહજન્ય પદાર્થો તરફ અકર્યાય છે અને તેથી સંસાર વધે છે.

એ " જન્મસંતાન " ખેતરમાં જીવ બીજો વાવે છે. પોતાના આત્માના પરિણામો જ બીજ છે. જેવા પરિણામ હોય તેવા જ બીજો વવાય છે. પરિણામે સુખ અને દુઃખ રૂપ ધાન્ય ઉત્પન્ન થાય છે.

અકલંક ! અમે મોટા મઠમાં રહેનાર ચટ્ટો[૧] હતા. મઠમાં આનંદથી રહેતા હતાં. એક વખતે કોઇ કુટુંબ આવી ચડયું.

આ રીતે પ્રાણીને જે સુખદુઃખો થાય છે, તેનો વાવનાર પોતે છે, સિંચનાર પણ પોતે છે. ભોગવનાર પણ પોતે જ છે. એમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગ કર્મબંધના મૂળ કારણો છે, તે કઈ રીતે એનો ખ્યાલ આ રૂપક દૃષ્ટન્તથી આવી ગયો હશે.

આ સર્વ રેંટનો અને એના કાર્યકરોનો સ્વામી મહામોહ છે. એણે દેખરેખ માટે અસદ્બોધને નીમેલો છે. અને આ અસદ્બોધ સાચી સમજથી સર્વથા દૂર રાખે છે.

આવા ભવરેંટમાં પ્રાણી ઘણાં લાંબા કાળથી પડેલો છે, ફર્યા કરે છે, ખેતરમાં પાણી પાય અને નકામો ત્રાસ પામે છે. એ માટે અંદરથી પ્રેરણા કરનારા અને હળના માલીક મોહરાજાને જોતો નથી. પાણી, ધટમાળો, બળદો અને કામ કરનારાઓને ઉપરછલ્લી નજરે જુવે છે પણ વસ્તુતઃ જોઇ શકતો નથી.

અવિરતિજળ પોતાના કૂવામાંથી કાઢી સંસાર ક્ષેત્રને લીલુંછમ રાખે છે. એક ક્યારામાંથી બીજામાં અને બીજા ક્યારામાંથી ત્રીજામાં જાય છે. તે સિંચનથી ધાન્યના દાણા થાય છે, તેને જીવ ઇચ્છાએ કે અનિચ્છાએ ખાય છે, ભોગવે છે, હેરાન અને દુઃખી થઇ જાય છે.

આ મૂળમુદ્દાની પરિસ્થિતિ છે. વિચાર કરતાં અક્ષરશઃ સમજાય તેવું છે.

(મો. ગી. કાપડીયાની ફુટનોટમાંથી ટુંકાવીને)

૧ ચટ્ટો–પરિવ્રાજક સાધુઓ.

એ કુટુંબમાં માનવીઓ ઘણા હતાં, પણ મુખ્ય પાંચ માનવો હતા.

આ લોકો શત્રુઓ જ હતા, પણ એમના બાહ્ય–આચારો અને સભ્યતા વિગેરેથી આકર્ષાઈ ચટ્ટોએ એમને મિત્ર અને હિતસ્વી માન્યા.

એક દિવસે આ કુટુંબીઓએ સુંદર અને સુસ્વાદિષ્ટ ભોજન બનાવ્યું. એના ઉપર માંત્રીક ક્રિયાઓ કરવામાં આવી. પછી વિદ્યાર્થીઓને બોલાવામાં આવ્યું. સ્વાદિષ્ટ હોવાથી લોલુપી અને એની પ્રતિક્રિયાને નહિ જાણનારાઓએ ઘણું વધારે પડતું ખાધું.

માંત્રીક ભોજન હતું એટલે એની અસરો ચાલુ થઇ. કેટલાકને સન્નિપાત થયો, કોઇના ગળાં બગડી ગયા, કેટલાક ગાંડા બની ગયા, કેટલાક અસભ્ય અને અમર્યાદિત બોલનારા બની ગયા. અમૂક તો ત્યાંજ મરી ગયા. અન્નના દૂષિતપણાને લીધે મને પણ સન્નિપાત વિગેરે રોગો ફાટી નીકળ્યા.

એક વખત આયુર્વેદને જાણનારા મહાત્મા પુરૂષે મને જોયો. મારી દર્દ ભરી દીન અવસ્થા દેખી એમના દીલમાં દયા ઉત્પન્ન થઇ. અન્નદોષથી ખદબદતા જોવા મારી પાસે આવ્યા. પોતાના અમૂલ્ય ઔષધોથી મારા રોગ દૂર કર્યો. મને ચેતના આવી એટલે મહાત્માએ અન્નદોષથી દૂંદી બનેલા બીજા ચટ્ટોની પરિસ્થિતિ દેખાડીને બોધ આપ્યો.

હાલમાં ગુરૂના ઉપદેશથી મેં ભોજનના અજીર્ણ રોગને શોધીને દૂર કરનારી પ્રવ્રજ્યાને સ્વીકાર કરી અને એ પ્રવ-

જ્યાનું શકય પાલન કરું છું. દોષ દૂર કરવા માટે ગુરૂદેવ જે જે ઉપાયો બતાવે છે, તે તે ઉપાયાને હું અમલમાં મૂકું છું.

ભદ્ર અકલંક ! આ છે મારા વૈરાગ્યનું કારણ.

અકલંકે મુનિને વંદના કરી અને ત્યાંથી ઉભા થઇ અમે પાંચમા મુનિ પાસે જવા રવાના થયા. મેં અકલંકને કહ્યું. ભાઇ ! આ વાતનું રહસ્ય મને કાંઈ સમજાણું નથી. તું સમજાવ.

વિસ્તારથી સ્પષ્ટતા :

ભાઇ ! સાંભળો, આ વૈરાગ્ય પ્રસંગ દ્વારા મુનિએ આપણને સંસારનું સ્વરૂપ જ જણાવ્યું છે. ચટ્ટ મઠનો આકાર એટલે સંસાર. સંસારના જીવો મઠધારીઓ જેવા છે. મઠધારીઓને કોઈ કોઇનું હોતું નથી. એમ આ જીવને પણ કોઇ માતા નથી, પિતા નથી, પુત્ર નથી, પત્ની નથી. કોઇની સાથે કાંઇ સંબંધ નથી.

સંસાર મઠમાં વસનારા ચટ્ટોની પાસે રાગાદિ કુટુંબ આવે છે. વાસ્તવિકતાએ શત્રુ છે. છતાં કુટુંબી બની જાય છે. એ રાગાદિ દ્વારા બંધ થાય છે અને બન્ધના હેતુ પાંચ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ.[૧] આ પાંચ કુટુંબના વડેરા છે. મહામોહની આધીનતાને કારણે મિત્ર માની આ લોકોનો સ્વીકાર કર્યો. મઠવાસીઓ આ લોકોને દુશ્મન તરીકે ઓળખતા નથી.

---

૧ મિથ્યાત્વના પાંચ પ્રકાર છે. અવિરતિના છ, પ્રમાદના પાંચ, કષાયના ચાર અને યોગ પંદર પ્રકારનો છે.

આ પાંચે વ્યકિતઓએ મઠવાસીઓ રૂપ જીવને કર્મરૂપ ભોજન આપ્યું. મહામોહ દ્વારા બનાવેલું અને મંત્રેલું હતું. જ્ઞાન વિગેરેને આવરણ કરવાની વિશેષ શક્તિઓ એ ધરાવતું હતું.

મોહ અને લોલુપતાથી વધુ પડતું એ અન્ન ખાવાથી અજીર્ણ થયું અને અજીર્ણ થવા દ્વારા અજ્ઞાનના પ્રકોપને વધારનાર એવો "મિથ્યાત્વ" નામના સન્નિપાતનો રોગ ફાટી નિકળ્યો. સન્નિપાતના કારણે જેમ તેમ બકવાદ કર્યા કરે છે અને આના પ્રતાપે નવો રોગ થયો.

"અતત્વાભિનિવેશ" નામનો ઉન્માદ થઇ આવ્યો. ઉન્માદનાં કારણે પ્રાણી ધર્મ અથવા અધર્મને જાણી શકતો નથી. અને કોઇ જાણે છે તો ઉંધી રીતે જાણે છે. અધર્મને ધર્મ જાણે છે અને ધર્મને અધર્મ જાણે છે, આત્મા વિગેરે પદાર્થોને એકાન્ત નિત્ય માને છે કાં એકાન્ત અનિત્ય માને છે. અથવા આત્માના સ્વરૂપને જુદી રીતે માને છે. અથવા આત્મા નથી, પુણ્ય પાપ કશું નથી. એવું માને છે.

સંસાર મઠમાં ચટ્ટ જેવો આ સાધુ પણ રહેતો હતો. એને પણ ભોજન કરેલું એટલે મિથ્યાત્વ અને અતત્ત્વાભિનિવેષ નામના રોગો લાગુ પડેલા હતા. સન્નિપાત અને ઉન્માદ બને પૂરજોરમાં વધી ગયા હતા.

આ રીબાતા ચટ્ટને જોઇ પેલા કરૂણાધન મહાત્મામાં દયાનો સાગર ઉછળવા લાગ્યો. એ મહાત્મા ગુરૂ વૈદકશાસ્ત્રના

પણ સારા નિષ્ણાત હતા. એમણે આ મહાનુભાવની સારવાર લેવી ચાલુ કરી અને દવા અનુપાન સાથે દેવામાં આવી.

સિદ્ધાન્તવૈદ્યે શાસ્ત્રમાં આવેલા વિવિધ આજ્ઞા રૂપ જિનવચનોના ઔષધો દ્વારા આ મહાત્માનો રોગ દૂર કર્યો. એમનો સન્નિપાત અને ઉન્માદ બંને સદા માટે નષ્ટ થયા. એથી આ મુનિનું અજ્ઞાન અને અતત્ત્વાભિનિવેષ પણ ચાલ્યો ગયો. આ પુણ્યવાને હવે દીક્ષા સ્વીકારી છે અને એ દીક્ષા દ્વારા કર્મનું અજીર્ણ થયેલું છે એનો નાશ કરી રહ્યાં છે. પૂર્ણ શુદ્ધ બનવાનો દીક્ષા દ્વારા ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે.

ધનવાહન ! આપણે પણ આપણા સન્નિપાત અને ઉન્માદનો નાશ કરવો જોઇએ. એ માટે આપણે દીક્ષા ગ્રહણ કરવી જોઇએ, એ પરમ પાવની દીક્ષા દ્વારા કર્મોનું આપણું અજીર્ણ નષ્ટ થશે.

અગૃહીતસંકેતે ! મારામાં પાપનો કચરો ઘણો જ અડકાએલો હતો, મને દીક્ષાનું મન ન થયું. એટલે મેં મૌન જ રાખ્યું. અકલંકની વાત તરફ જરાય ધ્યાન ન આપ્યું અને અમે આગળ વધ્યા.



પ્રકરણ બીજું

ચાર મિત્રો

ચાર વ્યાપારી કથાનક : (પંચમ મુનિ વૈરાગ્ય પ્રસંગ)

સંસારીજીવ પોતાની આપવીતિ આગળ ચલાવે છે.

હે અગૃહીતસંકેતા ! હું અને અકલંક પંચમ મુનિ પાસે ગયા. એમને વંદન વિગેરે કર્યું અને અમે બેઠા.

મહાત્મન્ ! ઉગતી યુવાનીની ઉષાના મંગળ પ્રવેષ પહેલાં આપે આવું ભીષ્મ ચારિત્ર કેમ ગ્રહણ કર્યું ? અમને કૃપા કરી જણાવો. આ રીતે અકલંકે પ્રશ્ન કર્યો.

સમાધાન આપતાં મુનિએ જણાવ્યું કે ગુરૂદેવે મને એક કથા કહી હતી. તેથી મને દીક્ષા લેવાનું મન થયું અને મેં દીક્ષા લીધી. એ કથાનક મારા વૈરાગ્યનું કારણ છે.

અકલંકે પ્રશ્ન કર્યો, ગુરૂદેવ ! અમને પણ એ કથા સંભળાવશો ?

મુનિએ જણાવ્યું સાંભળો.

વિલાસ અને વૈભવથી ભરપુર વસન્ત નામનું નગર હતું. ત્યાં ચાર પ્રિયમિત્રો રહેતા હતા. એમની મિત્રતા ગાઢ થતી

જતી હતી. " ચારૂ, યોગ્ય, હિતજ્ઞ, અને મૂઢ" એ એમના નામ હતા.

આ ચાર મિત્રોને રત્નો મેળવવાની ઈચ્છા થઇ અને રત્નદ્વીપે જવાનો નિશ્ચય કર્યો. શુભમુહૂર્તે વહાણો હંકાર્યા અને મહાસમુદ્રને ઉલ્લંઘન કરી રત્નદ્વીપે પહોંચ્યા.

ચારુનો સુચારુ પ્રયત્ન :

રત્નદ્વીપે પહોંચતા ચારૂએ બીજા બધા કાર્યોને ગૌણ કરી દીધા. આરામ અને વિલાસને વિસારે પાડયા. કઇ રીતે અને કયા પ્રયત્ને રત્નો પ્રાપ્ત થઇ શકે એનો નિર્ણય કરી રત્નો ઉપાર્જન કરવામાં લાગી ગયો. આળશ હતી નહિ અને પૂરતો પરિશ્રમ હોવાના કારણે ચારુએ અલ્પ દિવસોમાં પોતાના વહાણને રત્નોથી ભરપૂર કરી નાખ્યું. રત્નોનો પરીક્ષક હોવાથી રત્નોમાં શ્રેષ્ઠ જાતીય રત્નો જ એણે ગ્રહણ કર્યા.

યોગ્યની રીતભાત :

યોગ્ય પણ રત્ન મેળવવા વેપાર વિગેરે કરવા લાગ્યો. એ ભાઇ કૌતુકી હતો એટલે આનંદ પ્રમોદ માટે બગીચામાં ફરવા જવું, સરોવરની સફરે જવું, અવનવા કૌતુકો જોવા વિગેરેમાં પણ સમય બરબાદ કરતો હતો. એથી ઘણા કાળના પરિશ્રમે અલ્પ રત્નો મેળવી શકયો એણે પોતાનું વહાણ રત્ન ભરપૂર ના બનાવ્યું.

હિતજ્ઞનું અજ્ઞાન :

હિતજ્ઞ માનવી તરીકે સારો વ્યક્તિ હતો પણ રત્નોની પરીક્ષા કરી જાણતો ન હતો. સ્વભાવની સરલતા વધુ હતી.

એટલે ધૂર્ત લોકોએ એના ભોળપણનો લાભ ખૂબ લીધો. બીજા લોકોની વાતોમાં જ વિશ્વાસ રાખતો, પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી જાણતો ન હતો. એટલે રત્નોના બદલે કાચના ટુકડા, શંખલા અને કોડાઓ ભેગા કર્યા. આ વસ્તુઓને જ રત્ન સમજવા લાગ્યો.

વળી એ મોજીલો વ્યક્તિ હતો. તેથી એશઆરામ અને અમનચમનમાં પણ ઘણો સમય વેડફી નાખતો. પરિણામ એ આવ્યું કે એક રત્ન પણ ઘણા કાળના પરિશ્રમને અન્તે પણ એ ન મેળવી શકયો.

મૂઢની મૂર્ખતા :

મૂઢમાં બુદ્ધિનો અભાવ હતો. બીજો કોઇ હિતસ્વી વ્યક્તિ સમજાવે તો એ માનવા તૈયાર ન હતો. ધૂતારાઓના સકંજામાં ફસાઇ ગયો અને કાચ તેમજ કોડા જ એણે ભેગા કર્યા.

વળી ભાઈ સાહેબને રખડવાનો ઘણો શોખ હતો. બગીચાઓમાં ફરવા જવું ઉજાણી ઉજવવા જવું અને મનોરંજનના કામોમાં સમય વેડફી નાખવો એ એનો કાર્યક્રમ હતો.

ચારુનો મિત્રો સાથે ચારુ વ્યવહાર :

ચારુએ યોગ્ય પુરૂષાર્થ દ્વારા પોતાના વહાણને રત્નથી ભરપૂર બનાવી દીધું હતું. એને વિચાર થયો કે મારા મિત્રોએ શું કર્યું છે એ હું નિરીક્ષણ કરી લઉં, એવો વિચાર કરી યોગ્ય પાસે આવ્યો.

યોગ્યને કહ્યું મિત્ર ! મેં વહાણને રત્નોથી ભરી દીધું છે અને હવે મારે દેશમાં જવા વિચાર થાય છે. હું તારી પાસે એટલા માટે આવ્યો છું કે આટલા દિવસમાં તેં કેટલાં રત્નો મેળવ્યા અને કયારે સ્વદેશ પાછા ફરવું છે ?

ચારુએ કહ્યું ત્યારે યોગ્યે પોતાના રત્નો દેખાડ્યા. એટલે ચારુએ કહ્યું, મિત્ર ! બસ આટલા જ રત્નો મેળવ્યા ? કેમ ઓછા રત્નો મેળવ્યા ?

યોગ્યે પોતાની વિગત જણાવી. મનમાં ઘણી શરમ ઉપજી. ચારુએ કહ્યું, મિત્ર ! આપણે પરદેશ શા માટે આવ્યા છીએ ? ઉદ્યાનો અને ઉપવનોમાં ફરવા કે રત્નો કમાવવા ? તું એ વાતને ભૂલી આળશમાં દિવસો આ કાજે ગૂમાવ્યા ? આવું વર્તન શોભાસ્પદ ગણાય ? તેં રત્નો હજુ ઘણાં ઓછા મેળવ્યા છે એટલે મને ઘણું દુઃખ થાય છે. હવે તું ઉદ્યાનો વિગેરેમાં ફરવાનું તજી દે. રત્નસંચય કરવામાં ઉદ્યમી થા. સ્વાર્થભ્રષ્ટ થવું આપણા માટે હિતકારક નથી.

ચારુની વાત સાંભળી યોગ્યના મુખ ઉપર શરમના શેરડા છૂટ્યા. પોતાના ભૂલોની કબુલાત કરી અને નમ્રતા પૂર્વક કહ્યું, મિત્ર ! મને માફ કર. તું થોડા દિવસ હજુ રત્નદ્વીપ રોકાઈ જા. હું ભારે પરિશ્રમ કરીને મારું વહાણ રત્નોથી ભરી દઉં. મારો મિત્ર મારી વિનંતિ જરૂર સ્વીકારશે.

ચારુએ કહ્યું, બહુ સારૂ અને યોગ્ય રત્ન મેળવવામાં ગૂંથાઇ ગયો.

હિતજ્ઞનું હિત :

ચોગ્ય પાસેથી રવાના થઈ ચારુ હિતજ્ઞની પાસે ગયો અને પૂછયું. બન્ધુ ! તેં કેટલા રત્નો મેળવ્યા ? આવા શ્રેષ્ઠ રત્ન-દ્વીપમાં આવીને તેં શું લાભ મેળવ્યો એ મને બતાવ.

હિતજ્ઞે પોતે માનેલા રત્નો કે જે વાસ્તવિક રીતે કાચ કોડા અને શંખલા હતા, તે ચારુને મલકાતે મોંએ બતાવ્યા. પણ એ જોઇ ચારુને આશ્ચર્ય થયું. સાથે સાથે હિતજ્ઞે પોતાના મોજમજાની વાતો પણ જણાવી દીધી.

ચારુએ કહ્યું, મિત્ર હિતજ્ઞ ! ખરેખર તું ધૂતારાઓથી ઠગાયો છે. તેં જેનો સંગ્રહ કર્યો છે એ રત્નો નથી. ભાઇ ! આ તો કાચના કકડા અને ચળકતી કોડીઓ છે. આ તો શંખલાના ઢગલા છે. તું ભોળવાયો છે.

આવા વચનો સાંભળી હિતજ્ઞ શરમાણો. એને મનમાં થયું કે ખરેખર ચારુ મારા તરફ કેવી મમતા ધરાવે છે ? હું ઠગાણો જ છું. મિત્રને જ પૂછી જોઉં કે મારે રત્નો મેળવવા શું કરવું જોઇએ અને રત્નો કોને કહેવાય. આવો વિચાર કરી ચારુને આ વિષયમાં પૂછયું.

ચારુ- ભાઇ હિતજ્ઞ ! તારે બાગ બગીચાની શહેલગાહ છોડી દેવી જોઇએ. તારે રત્નોની પરીક્ષા શીખી લેવી જોઇએ. એના ગુણદોષો જાણી લેવા જોઇએ. ચારુએ પરીક્ષા બતાવી.

હિતજ્ઞ તરતજ ચારુના વચનો પ્રમાણે રત્નો મેળવવા લાગ્યો. કાચ, કોડા અને શંખલા તજી દીધા.

મૂઢની મૂર્ખતા :

ચારુ પોતાના મિત્ર મૂઢ પાસે ગયો અને જણાવ્યું, મિત્ર! મારે દેશમાં જવાની ઇચ્છા છે. તેં કેટલા રત્નો મેળવ્યા એ મને જણાવ.

મૂઢે કહ્યું, અરે ચારુ ! આ તું શું બોલે છે ? તને અહીં ગમતું નથી ? દેશમાં જઇ તું શું કરીશ? આ દ્વીપની રમણીયતાનો વિચાર કર, અહીંના વનનિકુંજોની શોભા નિહાળ, અહીંના ઉપવનો અને જળાશયોના નયનહર દૃશ્યો તો જો, અહીંના જ્યોતિથી ઝગમગતા રત્નદીપકોના આનંદનો લહાવો લે. જવાનું નામ ન લે.

વળી તું મારું વહાણ જો, મેં કેવા સુંદર રત્નો, પ્રવાલ, ગોમેદક વિગેરે ભર્યા છે એ જોઇલે.

આમ કહી પોતાનું વહાણ બતાવ્યું.

વહાણના રત્નો જોઇ ચારુએ કહ્યું, મિત્ર મૂઢ ! તું ખરેખર છેતરાયો છે. આ રત્નો નથી. કાચના કકડા છે, કુત્સિત કોડીઓ છે, તુચ્છ શંખલા છે. આમાં રત્નનું નામ નિશાન નથી. તેં બધો સમય બરબાદ કર્યો જણાય છે. તું ધૂતારાઓના શબ્દમાં ભોળવાઈ ગયો છે.

ચારુના કલ્યાણકર વચનો સાંભળી મૂઢનો પારો ચડી ગયો. તાડૂકીને બોલ્યો, દુષ્ટ મિત્ર ! મારે તારું કામ નથી. અહીંથી ચાલતી પકડ. આવા મિત્રની મારે આવશ્યકતા નથી. મારા રત્નોને રત્ન કહેતાં પણ શરમ આવે, એવા કુમિત્રનું

મારે શું પ્રયોજન છે ? ચાલ્યો જા અહીંથી, મારે તારી સાથે દેશમાં નથી આવવું અને તારા રત્નો પણ મારે નથી જોવા.

તું મને હિતશિક્ષા ન આપીશ. તારી હિતશિક્ષા તારા પાસે જ રહેવા દે. તારા જેવા ધૂતારા મિત્ર ન હોય એજ વધુ ઇષ્ટ છે. તું તારે દેશમાં જા.

મૂઢની મૂર્ખતાને પ્રદર્શિત કરતા શબ્દો સાંભળી સુલક્ષણવંત ચારુને વિચાર આવ્યો કે આ પામર હિતશિક્ષા માટેની પણ યોગ્યતા ધરાવતો નથી. "ભાવીભાવ" એમ માની પોતાના આવાસે આવતો રહ્યો.

યોગ્ય અને હિતજ્ઞે ચારુની વાત માન્ય કરી એટલે થોડા જ વખતમાં એમનું પણ વહાણ મૂલ્યવાન રત્નસમૂહથી ભરપૂર બની ગયું. ત્રણે જણા ભેગા થઇ વિચારણા કરી સ્વદેશ ભણી રવાના થઇ ગયા અને દેશમાં જઇ મૂલ્યવાન રત્નોના વ્યાપાર દ્વારા ઘણી ઋદ્ધિ સિદ્ધિ પામ્યા. અનંત આનંદના સમૂહમાં ઝુલવા લાગ્યા. એ ત્રણે સુખી બન્યા.

કમભાગી હોવાના કારણે મૂઢે ચારુનું કહ્યું ન કર્યું. મોજશોખ અને વિલાસમાં સ્વદેશથી લાવેલું ધન પણ ગૂમાવી બેઠો. રત્નદ્વીપમાં બેહાલ અને મહાદરિદ્રી બની ગયો. કુકર્મો કરવા લાગ્યો.

એક વેળા રાજાના સંકજ્ઞમાં ગૂના કરતાં સપડાઇ ગયો, એટલે ક્રોધે ભરાએલા રત્નદ્વીપના રાજવીએ અનંત જલજંતુઓથી ભયાવહ અને અપાર એવા સાગરમાં ફેંકી દીધો.

ભાઇ અકલંક ! સૂરિભગવંતે આ કથા મને કહી સંભળાવી હતી. આ કથા જ મારા વૈરાગ્યનું કારણ છે. મુનિના દ્વારા કહેવામાં આવેલી કથાના ભાવને જાણી અકલંકે મુનિને વંદના કરી અને આગળ જવા રવાના થયો.

ધનવાહન– ભાઈ! આ કથાનકનો ભાવર્થ શું છે ?

સ્પષ્ટ ભાવાર્થ :

ભાઈ ધનવાહન ! કથામાં વસંતપુર નગર આવેલું એને અસંવ્યવહાર જીવરાશિ જાણવી. વેપાર કરનારાઓ તરીકે સાર્થક નામવાળા ચારુ વિગેરે ચાર પ્રકારના જીવો સમજવા. એમાં સમુદ્રનું વર્ણન આવેલું તે આ સંસાર જાણવો. સમુદ્રનો પાર નથી દેખાતો, એમ સંસારનો પણ પાર નથી દેખાતો.

રત્નદ્વીપનું સુંદર વર્ણન આવેલું તેને આ દુર્લભ મનુષ્ય ભવ સમજવો. મનુષ્ય ભવમાંજ આત્માના નિર્મળ ગુણો પ્રાપ્ત કરી શકાય છે. એ વિના શકય જ નથી.

ચારુના વર્તનની ઉપમા :

જે લઘુકર્મી આત્મા મનુષ્યભવ પામીને ચારુના જેવું સુચારુ વર્તન રાખે છે અને યતિધર્મ નામનો ઘણો નફો દેનાર વેપાર કરે છે. તે અલ્પ સમયમાં જ જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા, નમ્રતા, સરલતા, નિર્લોભતા, સદાચાર, સદ્વિચાર, ઉદારતા, મનોસંયમ વિગેરે મહા મૂલ્યવાન્ રત્નો ઉપાર્જન કરી લે છે અને પોતાના આત્મારૂપ વહાણમાં એ ઉત્તમ જ્યોતિર્મય રત્નસમૂહ ભરી દે છે. આવા જે જીવો હોય તે બધા ચારુની ગણનામાં ગણાય છે.

યોગ્યના વર્તનનો વિચાર :

ભાઇ ! કથામાં યોગ્યની વાત આવેલી ભાવાર્થમાં યોગ્ય એટલે દેશવિરતિધર શ્રાવક સમજવો, યોગ્યને બગીચા વિગેરે ધામોમાં ફરવા જવાનું મન થયા કરતું અને અવસરે જતો પણ ખરો. તેમ અહીં શ્રાવકવર્ગ ભોગાદિ સામગ્રીને સર્વથા તજતો નથી. એમાં પણ આસક્તિ રાખતો હોય છે.

પરન્તુ એમાં દાક્ષિણ્યતાનો સાત્વિક ગુણ હોય છે. એ ગુણને કારણે સાધુ ભગવંતોની પ્રેરણાથી રત્નો મેળવવા પ્રયત્ન કરે. પ્રેરણા ઘડી ઘડી કરવાથી એ રત્નો મેળવતો રહે, પણ એમાં કાળ ઘણો પસાર થઇ જતો. લાંબા ગાળે એનું જીવ-વહાણ રત્નોથી ભરાતું.

હિતજ્ઞના વર્તનની યોજના :

હિતજ્ઞ જેવા જીવને રત્નદ્વીપ તુલ્ય માનવદેહ મલ્યો, પણ એને રત્ન પરીક્ષા આવડતી ન હતી. મિથ્યાત્વનું તત્ત્વ એની પાસે ઘણું હતું. પરિણામોમાં સરલતા અને ભદ્રતા હતી. અજ્ઞાન પણ ઘણું હતું. જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ રત્નોને ઓળખી શકતો ન હતો.

ધૂતારા જેવા અન્યદર્શની સાધુ બાવા એને મળ્યા. તેઓ-એ આ હિતજ્ઞના ભોળપણાનો કુલાભ લીધો. ગુણ રત્નોના બદલે કોડા જેવા યજ્ઞો અને કાચ જેવા હોમોની ક્રિયા શીખવી દીધી. યજ્ઞ અને હોમને રત્ન માનવા લાગ્યો.

પરન્તુ આનામાં એક શક્તિ હતી કે હિતૈષીના હિત વચનો સમજી શકતો હતો. ચારુ જેવા આત્મા હિતજ્ઞ

જેવાની કોટિવાળા જીવને સાચી સમજ આપે તો તત્ત્વને સારી રીતે સમજી શકે એવા એ વિનમ્ર હોય છે.

ઐહિક સુખ વિલાસના સાધનભૂત બાગ બગીચાની મીજબાનીઓમાં સમય ગાળવો એ મૂર્ખતા છે, એમ ચારુ દ્વારા ઠપકો આપતાં શરમાઈ જાય છે. એને પોતાના મોજીલા વર્તન ઉપર દુઃખ થાય છે અને ગુણ રત્નો મેળવવા ચારુએ બતાવેલા ઉપાયો અજમાવી અલ્પ સમયમાં પોતાના આત્મારૂપ વહાણને ગુણ રત્નોથી પરિપૂર્ણ કરી દે છે.

મૂઢના વર્તનની ઘટના :

" મૂઢ રત્નદ્વીપમાં કમાણો નહિ અને ચારુનું પણ કહ્યું માન્યું નહિ " તેમ દૂરભવ્ય કે અભવ્ય આત્માઓને મૂઢ માની લેવા. આવા આત્માને સદા મિથાત્વનો ઉદય હોય છે, એટલે ધર્મરત્નની પરીક્ષા આ લોકો કરી શકતા નથી. ભારે કર્મી હોવાથી જ્ઞાન થવું જ અશકય હોય છે.

અજ્ઞાનના મહા આવરણના કારણે ધર્મરત્નબુદ્ધિથી યાગ-હોમ વિગેરે કાચ અને કોડા ભેગા કરતાં હોય છે. વધુમાં છીપલી કે શંખલાના ઢગ મેળવતા હોય છે.

જો કોઈ દયાળુ ઉપદેશક મળી જાય અને એમને વાસ્તવિકતાનું ભાન કરાવવા સાચા રત્નોનું વર્ણન કરી બતાવે અને આનંદજનક ભોગોને સર્પની ફણા જેવા ભયંકર બતાવે તો મૂઢ જેવા અભવ્યો આવા હિતૈષી ઉપર દ્વેષ અને ઈર્ષા રાખતા થઇ જાય છે. આવા આત્મા કોઈ કામના નથી હોતા.

ચારુની પ્રેરણા દ્વારા યોગ્યની ઉન્નતિ :

ગુણરૂપ રત્નસમૂહથી પોતાના જીવવહાણને ભરી મોક્ષ ભણી મહાપ્રયાણ કરતા ચારુએ પોતાની ઇચ્છા અને લાભ બન્ને યોગ્યને બતાવ્યા. યોગ્યને પણ પૂછયું ત્યારે એણે પોતાની સત્યઘટના બતાવી દીધી.

ચારુએ એ સાંભળી કહ્યું, ભાઇ ! રત્નદ્વીપ જેવો માનવ ભવ પામીને સ્વાર્થભ્રષ્ટ થવું એ સારૂં ન ગણાય. તમને તમારૂં વર્તન યોગ્ય જણાય છે ? આવા મંદ પ્રયત્નથી તમારૂં વહાણ રત્નોથી કયારે ભરાશે ?

આવી હિતશિક્ષા આપવા દ્વારા ચારુએ યોગ્યને હિત-શિક્ષા આપી રત્નો મેળવતો કરી દીધો.

આવી રીતે સાધુઓ પોતાના આત્માને ગુણગણથી ભરી દે અને મોક્ષનગરી ભણી જવા ઇચ્છા થાય ત્યારે અલ્પ આત્મગુણોને મેળવ્યા હોય એવા શ્રાવકને કહે, હે મહાનુભાવ! નિર્મળ આશયવાન્ !! રત્નો મેળવવામાં તમારા જેવાઓ માટે આવી મંદગતિ રાખવી એ સારૂં ન ગણાય.

ધનની લાલસા અને ભોગની ભાવનામાં આસક્ત બની, દુર્લભ માનવ જન્મના સમયનો દુરૂપયોગ કરવો એ હિત-કારી નથી. સ્વાર્થભ્રષ્ટતા એ શું યોગ્ય ગણાય ? ગુણરત્નો મેળ-વવામાં બેદરકારી એ સ્વાર્થભ્રષ્ટતા જ ગણાય. ભાઈ ! હજુ પ્રમાદને ખંખેરી ગુણગણ મેળવવામાં ઉદ્યમશીલ બની જા.

સાધુ ભગવંતના સુવચનો સાંભળી યોગ્ય જેવા આત્માઓ સાધુતાનો સ્વીકાર કરી સાધુક્રિયા રૂપ વેપાર દ્વારા ગુણરત્નો

કમાવવામાં લયલીન બની જાય છે. ધનનો લોભ અને વિષયની વાસના ફૂંગોળી દે છે. રમણીનો રાગ તજી દે છે.

હિતજ્ઞને માર્ગમાં લાવવો :

" કથામાં ચારુ હિતજ્ઞની પાસે ગયો અને એના કાચ કોડા અને શંખલા જોઈ કહ્યું, ભાઈ તું ધૂતારાઓથી ઠગાયો છે. આ દ્વીપમાં મોજશોખ કરવાના ન હોય માત્ર રત્નો જ મેળવવા જોઈએ. એ મેળવવાનો ઉપાય પણ બતાવ્યો હતો. "

એમ જીવોમાં ઘણું મિથ્યાત્વી હોવા છતાં ભદ્ર પરિણામી સરલ હોય છે. એવા આત્માને સાધુ ભગવંતો કહે, ભાઇ ! મનુષ્ય અવતાર પામ્યા પછી સંસારનો રાગ કરવો યોગ્ય નથી. આ રાગ તને દુઃખી બનાવશે.

વળી અન્યધર્મી ધૂતારાઓ દ્વારા તું ઠગાયો છે. તને રત્નો જણાવી કાચ જેવા હલકા યજ્ઞ હોમ વિગેરે ધર્મો પકડાવી દીધા છે અને એને જ તું રત્ન જેવો ઉત્તમ ધર્મ માની બેઠો છે. આવા લઘુ ધર્મોને તું ત્યાગ કર અને મહાધર્મનો સ્વીકાર કર. તું જ્ઞાન અને આચાર રૂપ લક્ષણો દ્વારા ધર્મની પરીક્ષા કરીલે, પરીક્ષામાં જે ઉત્તીર્ણ થાય તે ઉત્તમ ધર્મરત્નોનો સ્વીકાર કરજે.

ભદ્રપરિણામી મિથ્યાત્વી આત્મા પોતાના હિતની આકાંક્ષાની ખેવના રાખતા હોય છે, એટલે સાધુ ભગવંતના શુદ્ધ ઉપદેશને સાંભળી ચારિત્રક્રિયા દ્વારા આત્માના ગુણો મેળવવામાં ઉદ્યમશીલ બની જાય છે.

મૂઢ જેવો આત્મા શું કરે ?

કથામાં મૂઢની વાત આવેલી, ચારુએ મૂઢને સ્વદેશ ગમન માટેની વાત કરી ત્યાં એણે રોકડું કહ્યું કે આ રત્નદ્વીપ શું ખોટો છે ? એણે સંગ્રહ કરેલા કાચ, કોડા અને શંખલા માટે જણાવ્યું, ત્યારે મૂઢ વધુ ક્રોધિત બન્યો. એટલું જ નહિ પણ કાચ, કોડાઓને રત્ન માનતો હતો એ પોતાની ભૂલ ન સુધારી. કાચ અને કોડાને જ રત્ન માનતો રહ્યો.

એમ ભાવર્થમાં દૂરભવ્ય અથવા અભવ્યને મૂઢ સમાન સમજવા. આવા અભવ્ય આત્માને અણગારનો આશ્રય મળે અને મોક્ષ નગર જવા ભણીના વિચારો કહે, ત્યાં આ ભાઇ સંસારની સાહ્યબીના ગાણા ગાવા બેસી જાય. સંસારમાં જ અમૃતતત્ત્વ માને. ભોગવિલાસ એજ મધુર ફળ ગણે. સંસારવાસની જ સ્તુતિ ગાય. નરમેધ, અશ્વમેધ, અજમેધ વિગેરે યજ્ઞો અને હવનોમાં જ ધર્મતત્વ સમજે. કોઇ પુણ્ય પુરૂષ સમજાવે, તો પણ કદાગ્રહ બુદ્ધિ ન તજે.

સાધુ ભોગાદિ તજીદેવાનું જણાવે એટલે છંછેડાઇને ઉત્તર આપે કે તમે તમારે મોક્ષે જાઓ. અમારે મોક્ષ જોઇતો નથી. તમારી ધૂર્તતા તમારી પાસે રાખો. આનંદ સંસારમાં જ છે. મોક્ષ કોણે જોયો છે ? આકાશપુષ્પ જેવી વસ્તુ માટેની મહેનત તમને જ મુબારક હો.

આવા અયોગ્ય આત્માની ઉપેક્ષા કરી મુનિરાજે પોતાના આત્મારૂપ વહાણમાં મહામૂલા રત્નો ભર્યાં અને શ્રાવક તેમજ ભદ્રક જીવોના ગુણ વિકાસમાં સહયોગ આપી એમના આત્મા-

રૂપી વહાણમાં ગુણો ભરાવ્યાં અને ત્રણે જણા નિર્વૃતિ નગરે પહોંચી ગયા.

નિર્વૃતિનગરમાં અવ્યાબાધ, અનંત, અક્ષય, અચલ એવું મહાન ફળ મલ્યું. અવિરલ આનંદના સાગરમાં નિમગ્ન બન્યા. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વિગેરે આત્મિક ગુણો પૂર્ણ વિકાસને પામ્યા.

અભવ્ય આત્મા ભાવરત્નોથી હીન હતો. બરાબ આચરણોથી વધુ દુઃખી બન્યો. અસદાચારી આચરણા દ્વારા કર્મ-પરિણામ એના ઉપર ઘણોજ ક્રોધે ભરાણો અને અંપાર સંસાર સમુદ્રમાં ફેંકી દીધો. અભવી આત્માઓની આવી દશા થાય છે.

ભાઈ ધનવાહન ! આ મુનિએ કહેલા કથાનકનો ભાવાર્થ મેં તને સ્પષ્ટ સમજાવ્યો છે. ગુરૂદેવ પાસે એ કથાનક સાંભળ્યું હતું અને એના તત્વનો વિચાર કરતાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી સાધુતાનો રાહ લીધો છે.

ભદ્ર ધનવાહન ! આવા પ્રશમરણ ઝરતાં કથાનકને શ્રવણ કરી કોનું દીક્ષા લેવાનું મન ન થાય ? જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરેના ઉત્તમ રત્નોથી પોતાનું આત્મવહાણ ભરી કોણ મોક્ષ જવા ઝંખના ન રાખે ?

હે અગૃહીતસંકેતે ! અકલંકના વચનો સાંભળી મારા કર્મોની સ્થિતિ પાતળી બની. મારા મનમાં કંઈક ભદ્રતા આવી. મને એના આવા શબ્દો ઉપર પ્રીતિ થઈ.

અમે ત્યાંથી છઠ્ઠા મુનિ ભગવંત પાસે ગયા.

પ્રકરણ ત્રીજું

સંસાર બજાર

છઠ્ઠામુનિનું વૈરાગ્ય કારણ :

હું અને અકલંક છઠ્ઠા મુનિવર પાસે ગયા. અમે બંનેએ મુનિ ભગવંતને વંદન કર્યું. મુનિએ ધર્મલાભનો આશીર્વાદ આપ્યો. પૂર્વના મુનિવરોની જેમ આ મુનિને પણ અકલંકે વૈરાગ્ય થવાનું કારણ પૂછ્યું.

મુનિએ ઉત્તર આપતા જણાવ્યું, ભદ્ર અકલંક ! જે આ મુનીશ્વર ધ્યાનમાં સ્થિર થએલા છે, એમણે મને "સંસૃતિ" નગરીના બજારનો મહામાર્ગ દેખાડયો તે મહામાર્ગ મારા વૈરાગ્યનું કારણ બન્યો.

અકલંક— આપ વધુ સ્પષ્ટીકરણ કરશો તો અમને એનું રહસ્ય સમજાશે.

મુનિવર— ભાઇ સાંભળો.

સંસૃતિ બજાર વર્ણન :

સંસાર નગરમાં સંસૃતિનામનો મહા બજાર આવેલો હતો. એમાં બંને તરફ "ભવ" નામની દુકાનોની પંક્તિઓ હતી. એ દુકાનોમાં સુખ અને દુઃખ નામના કરીયાણા

વિશાળ જથ્થામાં ભરેલાં હતાં. "જીવરૂપ" વ્યાપારીઓ કરીયાણાની લેવડ દેવડમાં મશગૂલ હતા, એ લોકો પોત-પોતાના સ્વાર્થ તરફ નજર રાખતા હતા. એ બજારના મહા-માર્ગનું નામ "જન્મસંતાન" હતું એ માર્ગ ઉપર અનેક લોકોની અવર જવર થતી જ રહેતી, એટલે એ ભરચક દેખાતો હતો. અભાગીયા જીવો જ્યાં ત્યાં આથડતા નજરે પડતાં હતાં. પુણ્ય અને પાપ રૂપ મૂલ્ય આપવા દ્વારા યોગ્ય વસ્તુઓ ખરીદી શકાતી હતી.

એ નગરીની સર્વ સત્તા "મહામોહ"ના હાથમાં હતી. કામ, ક્રોધ, માન વિગેરે હાથનીચેના નાના અધિકારીઓ હતા. લોકોને રંજાડનારા અને ગુંડાગીરી કરનારા "કષાય" નામના ઉન્મત્ત છોકરાઓની ઘણી કનડગત હતી. "કર્મ" નામના લેણદારો "જીવ" નામના દેણદારોને ઘણા સતાવતા હતા. એમને પકડાવી જેલ ભેગા પણ કરાવી દેતા અને દુઃખી દુઃખી બેહાલ કરી નાખતા.

આવો વિશાળ બજાર જગતમાં બીજે કયાંય ન હતો.

શિવાલય :

એક વખતે કરૂણાના વહેણ જેના અંતઃકરણમાંથી વહી રહ્યા છે એવા આ મુનિભગવંતે શલાકા ઉપર જ્ઞાનાંજન મુકી મારા નયનોમાં આંજી દીધું. મારા નયનો નિર્મળ બની ગયા.

મેં ફર ફર નજર ફેંકી એટલે દુકાનો જ્યાં પુરી થતી હતી ત્યાં છેડે એક મઠ મને દેખાણો. એ મઠનું નામ

" શિવાલય " હતું. એ શિવાલયમાં " મુક્ત " નામના અનંત વ્યક્તિઓ મારા જોવામાં આવ્યા. એ બધા પરમ અને શાશ્વત આનંદનો આસ્વાદ લઈ રહ્યા હતાં.

શિવાલયમાં મુક્ત લોકોને આનંદિત જોઈ મને પણ ત્યાં જવાની તમન્ના જાગી. સંસૃતિ બજારથી ભારે કંટાળો આવ્યો. એના ઉપર અણગમો થઈ આવ્યો. મેં ગુરૂદેવને મુક્ત બનવાનો ઉપાય પૂછ્યો, એટલે ગુરૂદેવે મને મુક્ત થવા આ પાવન દીક્ષા આપી અને મેં સહર્ષ દીક્ષાનો સ્વીકાર કર્યો.

કર્તવ્યનો ઉપદેશ :

દીક્ષા આપ્યા પછી મને ગુરૂદેવે જણાવ્યું, સૌમ્ય ! તારી માલમિલ્કતમાં રહેવા માટે આ ઓરડો છે એનું નામ "કાયા" છે. એમાં " પંચાક્ષ " નામના ગોખલા છે. " કાર્મણદેહ " નામે અંદરનો ઓરડો " ગર્ભગૃહ " છે. એની સન્મુખ " ક્ષયોપશમ " નામની બારીઓ આવેલી છે. આ ઓરડામાં એક વાંદરાનું બચ્ચું આવેલું છે. એનું નામ " ચિત્ત " રાખવામાં આવ્યું છે. એ વાનર બચ્ચું અતિચપલ છે. કુદાકુદ કરવાનો અને જ્યાં ત્યાં જવાનો એનો સ્વભાવ છે. તારે એ ચપળ વાનર બચ્ચાની સુરક્ષા કરવાની છે. એ માટે જાગરુક રહેવાનું છે.

ભદ્ર ! એ વાનર બચ્ચાને સતત દેખરેખ તળે રાખવો પડશે. નહિ તો " કષાય "[1] નામના ઉંદરો આવી કરડી ખાશે.

---

૧ કષાય ચાર છે. ક્રોધ, માન, માય અને લોભ

"નોકષાય[૧]" નામના વિચ્છુઓ ડંખ મારશે. પરિણામે એની ચપળતા વધુ વધી જશે. "રાગદ્વેષ" નામના બે ભયંકર કૈાલ જાતીય ઉંદરો એનો લોપ કરી નાખે છે. "મહામોહ" નામનો ભયંકર જંગલી બીલાડો અને "સંજ્ઞા[૨]" નામની બીલાડી એને આખું જ ભક્ષણ કરવા ઇચ્છતાં હોય છે.

યશસ્વિન્! "પરીષહ[૩]" અને "ઉપસર્ગ[૪]" નામના ડાંસ અને મચ્છરો વારંવાર ડંખ મારી લોહી ચૂસી લે છે. અને તેથી વધુ ઉચું નીચું થઈ જાય છે. અત્યંત દુષ્ટા એવી "ખોટીચિંતા" નામની ગરોળીયો ઘડી ઘડી વાનર બચ્ચાને ત્રાસ આપ્યા કરે છે. "પ્રમાદ[૫]" નામના કાંકીડાઓની પજવણી પળે પળે ચાલતી જ હોય છે. "અવિરતિ" નામનો ગાઢ કચરા રૂપ જુ સમૂહ ક્ષણે ક્ષણે ઝીણાં ઝીણાં ડંખ મારી ત્રાસ ત્રાસ કરી મૂકે છે.

આર્ય! "મિથ્યાત્વ" નામનું મહાઅંધકાર એ વાનર બચ્ચાને આંધળી અવસ્થામાં લાવી મૂકે છે. આ રીતે ઉપ-

---

૧ નોકષાય– હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ એમ નવ છે. કષાય નહિ પણ કષાયના સાગરીતો.

૨ સંજ્ઞા– આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ. આ દશને સંજ્ઞા તરીકે ઓળખાય છે.

૩ પરીષહ– ક્ષુધા, પિપાસા, વગેરે બાવીસ છે. કર્મનિર્જરા માટે સહન કરવામાં આવે તે.

૪ ઉપસર્ગ– દેવ, મનુષ્ય અને તિર્યંચ દ્વારા કષ્ટો થાય તે.

૫ પ્રમાદ– મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા આ પાંચ.

દ્રવોની ગણના નથી, હેરાનગતિનો સુમાર નથી. જ્યારે ચિત્ત-વાનરબચ્ચું દુઃખથી ત્રાસ ત્રાસ પોકારી જાય છે. ત્યારે કોઇ વાર "રૌદ્રધ્યાન[1]" નામના ભયંકર અગ્નિકુંડમાં પ્રવેશ કરે છે તો કોઈ વાર કુર્તકરૂપ કરોળીયાના જાળાંઓથી જેનું પ્રવેશદ્વાર દેખાતું નથી. એવી "આર્તધ્યાન[2]" નામની મહા-ગૂફામાં પ્રવેશ કરે છે. અને પોતાને સુખ શાંતિ થશે એમ માને છે, પણ એ આશા ઠગારી જ નિવડે છે.

વત્સ ! આ વિષયમાં તારે ખુબ તકેદારી રાખવાની છે. તારે આ વિષયમાં જરા પ્રમાદ કરવો નહિ. તું સાવધાન રહી ચિત્ત વાનર બચ્ચાનું રક્ષણ કરજે. એ રૌદ્રધ્યાનના અગ્નિ-કુંડમાં અથવા આર્તધ્યાનની ઉંડી ગૂફામાં ગબડી ન જાય એ માટે સચેત રહેજે.

ચિત્ત બચ્ચાને બચાવવાનો ઉપાય :

મેં ગુરૂદેવને પૂછ્યું, ગુરૂદેવ ! આ ચિત્તવાનરની રક્ષાના ઉપાયો કયા છે ? રક્ષા માટે મારે શું કરવું જોઇએ ?

ગુરૂદેવ– વત્સ ! "કાયા" નામના ઓરડા પાસે પાંચ ગોખ છે, તેની બાજુમાં જ પાંચ ઝેરી વૃક્ષો આવેલાં છે, જેને "વિષય" નામથી ઓળખવામાં આવે છે. એનું વિષ ઘણું જ ભયંકર છે.

આર્ય ! વિષયવૃક્ષના ગન્ધથી ચિત્તબાળક મૂર્ચ્છિત બની જાય છે, જોવા માત્રથી ચપળ બની જાય છે. સ્પર્શ કરવાથી

૧–૨ આર્ત અને રૌદ્રધ્યાનના ચાર ચાર પ્રકારો છે.

ઘેનમાં ઘેરાઈ જાય છે, સાંભળવાથી ગાંડોઘેલો થઇ જાય છે. ખાવાથી બેભાન થઇ ઢળી પડે છે. સ્મરણ અર્થાત્ વિષય-વૃક્ષોનો વિચાર કરવાથી ચિત્તબાળક મરી પણ જાય છે.

અરે ! આ ચિત્ત વાનરબચ્ચું એ વિષયવૃક્ષોને આમ્રવૃક્ષો માનવાની મહાભૂલ કરે છે. આંબા માની એનું મન લલચાય એ સંભવિત છે, પછી ગોખમાંથી કુદકો મારી વિષયવૃક્ષો ભણી દોટ મૂકે છે.

એ વૃક્ષોના કેટલાક ફળોને " ચિત્ત " સારા માને છે અને એના ઉપર રાગબુદ્ધિ રાખે છે. ત્યારે કેટલાક ફળોને સારા નથી એમ માની દ્વેષ કરે છે. આ રીતે એકદમ આસક્ત બની એ વૃક્ષોની ડાળીઓ ઉપર કૂદાકૂદ કરે છે. એ ઝાડોની નીચે ફળો, ફુલો, પાંદડાઓ અને બીજો કચરો ઘણો ભેગો થએલો હોય છે, એમાં આળોટે છે અને એ કચરાના ઢગલાનું નામ " અર્થનિચય " છે.

આ કચરાના ઢગલા ઉપર ચિત્તવાનર બચ્ચું ખૂબ ગુલાંટો ખાય છે અને આળોટે છે, ડાળીએ ડાળીએ ભટકે છે અને " કર્મપરમાણુ નિચય " નામની સૂક્ષ્મ પરાગ-ધૂળથી શરીર ખરડાય છે. " ભોગસ્નેહ " નામના જળબિંદુ ઝરમર વરસવાથી એ ભીનું થઇ જાય છે.

આન્તર ભાવાર્થ :

ગુરૂદેવના વચનો સાંભળી મને એનો ભાવાર્થ ખ્યાલ આવી ગયો. એટલે મેં વિચાર કર્યો કે—

શબ્દ, રૂપ. રસ, ગંધ, અને વર્ણ વિગેરેને જ વિષવૃક્ષો કહેવાય છે. એના પ્રત્યેની અપ્રગટ ઇચ્છાવિશેષ પુષ્પ અને ઇચ્છાનો અતિરેક એ ફલ કહેવાય છે. વિષય ઇચ્છા થવાના આધારભૂત સાધનો એને જ શાખા પ્રશાખા જણાવી છે. એ ઠાળીઓમાં અર્થાત્ વિષયોમાં મનનું જવું એજ ચિત્ત વાનર બચ્ચું છે. એજ દોડાદોડ કરે છે. વ્યવહારમાં પણ બોલાય છે કે મારૂં મન અમુક જગ્યાએ ગયું છે. એટલે અહીંયા ચિત્તની જ ચપળ અવસ્થા જણાવી છે.

આ રીતની અર્થયોજનાનો મને ખ્યાલ આવી ગયો. મુનિ-ભગવંતના વચનનો ભાવાર્થ ખ્યાલ આવી ગયો. તેથી મેં પૂછયું, ભંતે! આગળ શું કરવું એ કૃપા કરી જણાવો.

વત્સ! એ વાનર બચ્ચાનું શરીર ભીનું થએલું હોય છે, એટલે "કર્મપરમાણુ" રજ ઘણી શરીર ઉપર ચોંટી જાય છે અને એ રજમાં ઝેરી અસરો હોય છે, તેથી શરીર ઉપર ચાંદા, ચાઠા અને ઘા થઈ આવે છે. રજમાં ભેદક ગુણ વધુ હોય છે. વળી એ રજની ઝેરી અસર દ્વારા શરીર બળી ગયેલી વસ્તુ જેવું શ્યામ અને ભૂખરૂં લાલ બની જાય છે. ત્યાર પછી ઉપર જણાવેલા બધા ઉપદ્રવો એને નડયા કરે છે.

સંરક્ષણનો ઉપાય :

ભદ્ર! એના રક્ષણનો ઉપાય હું તને બતાવું છું. તારે "સ્વવીર્ય" નામના પોતાના હાથની અંદર "અપ્રમાદ" નામનો વજ્રદંડ લેવો અને પાંચ ગોખલાઓ પાસે ઉભા રહેવું. જ્યારે એ બહાર જઈ વિષવૃક્ષોના ફળ ખાવા પ્રયત્ન

કરે ત્યારે એ દંડ દેખાડી ધમકાવવો અને પાછો વાળવો. જો એમ કરવામાં નહિ આવે તો દીર્ઘકાલીન ચક્કરમાં એ અટવાઈ જશે અને દુઃખી બનશે.

જુના ઉપદ્રવો ચાલુ થઇ જશે. ઉંદરડા, કોલ, બીલાડાની હેરાનગતિ ચાલુ થશે, વેદનાથી વિહ્વળ બની મોહથી આંબા માનેલા વિષવૃક્ષો ભણી દોટ મૂકશે. ફરી એ વૃક્ષોના નીચે આવેલી કર્મપરમાણુ રજમાં રગદોળાશે, સ્નેહની ફરફર વર્ષાથી ભીંજાઈ જવાથી શરીરે રજ ચોંટી જશે. એ ઝેરી રજથી ફરી શરીર ઉપર ઘા થશે અને દુઃખી બનશે. પાછા પેલા ઉંદરડા, કોલ, બીલાડા હેરાન કરશે.

ચિત્ત વાનર બચ્ચાને ખાઇ જવા તલપાપડ બનેલા ઉંદરડા, કોલ વિગેરે વધશે અને ફરી હેરાનગતિ કરશે. ફરી ચિત્તબાળક મોહથી આંબા ભણી દોટ મૂકશે. ફરી કર્મપરમાણુ ચોટશે, ભીંજાશે, ફરી ઘા થશે અને બધા ઉપદ્રવો આવી આવી બબર લઈ જશે.

જો તું એ બચ્ચાને બહાર નહિ જવાદે તો એના ભોગની ચીકાશ દૂર થશે, નવી ચીકાશ નહિ આવવાથી એ શુકાવા લાગશે અને શરીર ઉપરથી ધૂળ ખરવી ચાલુ થશે. શરીર ઉપરથી રજ ઓછી થતાં ઘા રૂઝાવા લાગશે, ઘા રૂઝાઇ જતાં શરીરની શ્યામતા અને ખોટી રક્તતા દૂર થઇ જશે, શરીર સુંદર, નિર્મળ દેખાવડું અને સ્થિર બની જશે. આરોગ્ય અને શક્તિ પ્રાપ્ત થશે.

વળી "અપ્રમાદ" દંડથી તારે "મહામોહ" વિગેરે ભયંકર બીલાડાને હાંકી કાઢવા, અને ભૂક્કા બોલાવી દેવા, જેથી અંદર રહેલા બચ્ચાને ઉપદ્રવો ન થાય. અને હેરાન થવાનો વખત ન આવે.

ભદ્ર! આ રીતે ચિત્ત વાનર બચ્ચાના રક્ષણનો ઉપાય મેં તને દેખાડયો છે. તું એ માટે પ્રયત્ન કરજે.

સંરક્ષણથી લાભ :

મેં મારા ગુરૂદેવને પૂછયું, ભગવંત! એ વાંદરાના બચ્ચાનું રક્ષણ કરવાથી શો લાભ?

ગુરૂદેવ— વત્સ! તને "શિવાલય" નામનો મઠ ઘણો ગમી ગયો હતો ને? ત્યારે ત્યાં જવું હોય તો આ વાનર બચ્ચાનું રક્ષણ કરવું જોઇએ.

અકલંક! ગુરૂદેવના કહેવાનો ભાવાર્થ મને સમજાઇ ગયો. હું એના ઉપર વિચાર કરવા લાગ્યો. ખરેખર રાગાદિથી ઉપદ્રવિત થએલું મન વિષયોમાં પ્રવૃતિ કરે છે. વિષયોમાં મન જાય એટલે કર્મબંધન થાય છે. કર્મસંચય થવાથી વાસનાઓ ઉદ્દીપ્ત બને છે. ભોગ સ્નેહની લાલસાઓથી સંસારના સંસ્કારો રૂપ ઘા પડે છે. ઘા મટાડવા ફરી રાગ કરે અને વિષયો ભણી મન જાય છે. કર્મસંચય થતાં દુઃખી બને છે.

દુઃખના નિવારણ માટે વિષવૃક્ષો ભણી જાય અને પરિણામે ચિત્તની દુઃખી અવસ્થા થાય છે. અને ચક્રાવા જેવી સ્થિતિ થાય છે. "પાછા હતા ત્યાંના ત્યાં" આવી પરિસ્થિતિમાં

ચક્રાવામાં ફસાએલું "ચિત્ત" વાનર બચ્ચું મુક્ત કઇ રીતે બને ?

ગુરૂદેવે એ વાનરના રક્ષણનો ઉપાય સરસ બતાવ્યો. સ્વવીર્ય નામના હાથમાં અપ્રમાદ દંડ લઇ એ બચ્ચાને બહાર જતાં જ અટકાવી દેવો. હું એ ઉપાયોને અમલમાં મુકી રહ્યો છું. ગુરૂ આજ્ઞા અનુસાર વર્તી રહ્યો છું.

અકલંક– મહાત્મન્! આપે ગુરૂદેવના વચનોનો સુંદર ભાવ પ્રાપ્ત કર્યો. આપની સમજુતી ઉપર હું વારી જાઉં છું. વળી આપે સુદૃઢ અને નિશ્ચયાત્મક રીતે એ આચરણ પણ આરંભી દીધું છે. આપનું આચરણ પણ ઘણું સુયોગ્ય જણાય છે. મને આપની વાત સાંભળતાં ઘણો આનંદ થયો છે.

આપે મને એક ચક્રાવાની વાત કરી એમ મને બીજા એક ચક્રાવાનો ખ્યાલ આવે છે. એ પણ આપના ચક્રાવાથી મળતું આવતું હશે. આપની અનુજ્ઞા હોય તો હું એ સંભળાવું. મુનિએ અનુજ્ઞા આપતાં એણે વર્ણન ચાલુ કર્યું.

બીજું ચક્ર :

"ચિત્ત" બે પ્રકારનું કહેવામાં આવ્યું છે. એક દ્રવ્ય ચિત્ત અને બીજું ભાવ ચિત્ત. એમાનું પહેલું ચિત્ત મનઃ પર્યાપ્તિ પૂર્ણ કરેલા આત્માએ ગ્રહણ કરેલા પુદ્ગલ સમૂહ રૂપ છે. ત્યારે એ ભાવચિત્ત અથવા ભાવમન કહેવાય છે. ભાવમન કાર્મણ શરીરમાં રહે છે. માટે એને જુદું કહેવાય છે.

આ રીતે ભાવચિત્ત એ જીવ જ છે. જીવ ભાવચિત્ત થાય પણ ખરૂં અને ન પણ થાય. કારણ કે કેવલજ્ઞાની ભગ-

વંતો ભાવચિત્ત વિનાના હોય છે. એમને ભાવમનની અપેક્ષા રહેતી નથી.

જ્યારે રાગદ્વેષના કારણે મિથ્યાજ્ઞાનના પ્રતાપે જીવ દુઃખ દેખારા ભોગ વિલાસોમાં સુખની મિથ્યા કલ્પના કરે છે. અને એ જાતની પ્રવૃત્તિ કરે છે. ભોગાદિમાં પ્રવૃત્તિ થયા પછી સ્નેહના તંતુઓ દ્વારા કર્મસમૂહને ખેંચી લાવે છે. ત્યાર બાદ એ કર્મસમૂહ દ્વારા નવા જન્મને ધારણ કરે છે.

નવો જન્મ મળતાં ફરી વિપર્યાસ થાય છે, ફરી રાગ વિગેરેની પરંપરા જાગે, ફરી વિષયભોગોની આકાંક્ષા થાય અને ફરી સ્નેહના તંતુઓ આવે અને ફરી કર્મોને ખેંચી લાવે, ફરી નવો જન્મ થાય, ફરી મિથ્યાજ્ઞાન, ફરી રાગાદિનો ક્રમ ચાલે. આ રીતે ગોળ ચક્કર ચાલ્યા કરે.

જીવને જ્યાં સુધી અનિષ્ટ કરનારી અને દુઃખદેનારી ભવ પરંપરા સતત ચાલ્યા કરે. ત્યાં સુધી એનો અંત આણવો અશકયપ્રાય બની જાય. રખડપટ્ટી જ ચાલુ રહે.

મુનિ– ભાઈ અકલંક ! તું જે સમજ્યો છે તે બરોબર છે, એમાં જરા પણ શંસય રાખવા જેવું નથી. અકલંક ! તું જે રીતે આ ચક્રને જોઇ અને સમજી શકે છે, એવું બીજા કદી સમજી શકતા નથી.

અકલંક– મહાત્મન્ ! આપને ગુરૂદેવે શિવાલય મઠે જવાનો કયો ઉપાય બતાવ્યો છે ? એ સમર્થ ઉપાય અમને જણાવશો ?

છ લેશ્યાનું સ્વરૂપ:

મુનિ– ભદ્ર ! ગુરૂદેવે એના ઉપાયો જણાવ્યા છે. તે આ પ્રમાણે છે. "કાયા" ઓરડાના "અધ્યવસાય" નામનાં ગર્ભગૃહમાં ઉત્પન્ન થાય છે, એમાં જ મોટી થાય છે અને એ સ્થળની જ વૃદ્ધિ કરે છે. કૃષ્ણા, નીલા, કાપોતા એ ત્રણ સ્ત્રીઓ ક્રૂરતમ, ક્રૂરતર અને ક્રૂર છે. અર્થાત્ ઘણી વધુ પડતી ક્રૂર છે. એ અનર્થોનું કારણ છે. અને ચિત્ત વાનરબચ્ચાની દુશ્મનો છે. ગર્ભગૃહમાં અનેકગણો કચરો વધારનારી છે. શિવાલય મઠની વિરોધી છે. અને સંસારબજારના માર્ગમાં લઇ જવા પ્રેરણા આપ્યા કરવાના દુષ્ટ સ્વભાવ વળી છે.

બીજી ત્રણ લેશ્યા તેજો, પદ્મા અને શુક્લા નામની છે શુદ્ધ શુદ્ધતર અને શુદ્ધતમ છે. અર્થાત્ એક કરતાં બીજી સારી અને બીજા કરતાં ત્રીજી સારી. એમ એક એક કરતાં એક ચડીયાતી છે. શિવાલય મઠનો માર્ગ બતાવી જીવના કલ્યાણમાં સહયોગ આપનારી છે. સંસાર બજારના માર્ગની વિરોધિની છે. વાનર બચ્ચા માટે લાભદાયી છે.

દાદરો અને પગથીયાં :

લેશ્યા નામની છએ સ્ત્રીઓએ ગર્ભગૃહમાં ઉપર ચડવા માટે પોતાની શક્તિથી એક દાદરો બનાવ્યો છે. એ દાદરાનું "પરિણામ" નામ રાખવામાં આવ્યું છે. એ દાદરામાં અસંખ્ય પગથીયાં ગોઠવવામાં આવ્યા છે. એ પગથીયાને "અધ્યવસાય સ્થાન" નામ આપવામાં આવેલું છે. દરેક સ્ત્રીઓએ પોતાના નામના જુદા જુદા પગથીયા બનાવેલાં છે. એ પગ-

થીયાના બનાવનારાના જેવા જ એના નામો છે અને એવા જ ગુણો પગથીયાના છે.

એ પગથીયામાંથી કૃષ્ણા, નીલા અને કાપોતાએ બનાવેલા પગથીયા ઉપર વાનરબચ્ચું રહ્યું હોય તો તે કૂદાકૂદા કરે અને બારી દ્વારા મનથી આંબા માનેલા વિષવૃક્ષો ભણી દોટ મૂકે. પરિણામે એ વૃક્ષો નીચેની કર્મપરમાણુ રજથી મલીન બને, સ્નેહ જલથી ચોંટી જાય. ઘા થાય અને ઉંદરડા, કોલ, બીલાડાના ત્રાસો વધી જાય. આ રીતે ફરી દુઃખની પરંપરા ઉભી થાય. સદા સંતપ્ત સ્થિતિ જ રહ્યા કરે.

ભદ્ર! તારે વાનરબચ્ચાને એ સ્ત્રીઓના બનાવેલા પગથીયાથી નીચે ઉતારવું અને તેજો, પદ્મા અને શુકલા લેશ્યાએ બનાવેલા પગથીયા ઉપર ચડાવી દેવું. આ પગથીયા ઉપર ચડતાં વાનર બચ્ચાના કલેશો ઘટશે. ઉંદર, કોલ, બીલાડીના ઉપદ્રવો ઓછા થઇ જશે. વિષવૃક્ષોના ફળો ખાવાની આકાંક્ષા ઓસરતી જશે. સ્નેહ સુકાવા લાગશે, તેથી શરીર ઉપરની કર્મરજ ખરવા લાગશે અને ઘા રૂઝાવા લાગશે. તેજસ્વી અને સ્વરૂપવાન્ બની જશે.

ચોથી તેજો લેશ્યા નામની સ્ત્રીએ બનાવેલા પગથીયા ઉપર વાનર બચ્ચું ચડશે તો ઉંદર, કોલ વિગેરેના ઉપદ્રવો નષ્ટ થશે. શરીર ઉપરની શ્યામતા જતી રહેશે, વિષયરૂપ આંબા ખાવાની ઇચ્છા નહિ થાય, ઘા બધા રૂઝાવા લાગશે, કર્મરજ ખરવા લાગશે, શરીરમાં વર્ણ અને કાંતિનો વધારો થશે અને સુખનો જ અનુભવ થયા કરશે.

પદ્મા નામની લેશ્યા સ્ત્રીએ ઉભા કરેલા પગથીયા ઉપર વાનર બચ્ચાને મોકલવામાં આવે તો કલેશો વધુ ઘટતા જશે અને પૂર્વે જણાવેલા ગુણો પ્રાપ્ત થશે અને શારીરિક કાંતિ, ઓજસ, વર્ણ, જ્યોતિ વિગેરે વધુ ભાસ્વર બનશે.

શુકલા લેશ્યાએ બનાવેલી સોપાન પંક્તિ ઉપર જો એ વાનર બચ્ચાને તું લઈ જઈશ તો તારા આત્મિક ગુણોનો ખૂબજ વિકાસ થઇ જશે, નિર્મલ સ્ફટિક જેવા સ્વચ્છ ઉજ્વલ અને ખુબ આનંદ દેનારા ગુણ પ્રાપ્ત થશે. ઉપદ્રવો સર્વથા નષ્ટ થશે. કોઇ જાતની ઈચ્છાઓ થશે નહિ. માત્ર સત્ય આનંદ મળશે. જ્યોતિર્મય સ્વરૂપ પ્રાપ્ત થશે.

વળી તેઓ, પદ્મા અને શુકલા લેશ્યાઓએ બનાવેલ સોપાનો ઉપર ચડતાં "ધર્મધ્યાન" નામનો શીતળ અને મંદમંદ પવન લાગશે. વળી વાનર બચ્ચાના હિતૈષી બોધ, સંયમ, સંતોષ, શમ, સંવેગ, નિર્વેદ, વિગેરે વાનરો મળી જશે. એ એના પરિવારના જ વાનરો હોય છે. એ વાનર-વૃંદમાં ધૃતિ, શ્રદ્ધા, ધારણા, વિગેરે વાનરીઓ પણ છે અને બ્રહ્મ, વૈરાગ્ય, ધૈર્ય વિગેરે વાનર બચ્ચાઓ પણ છે.

આ વાનર વાનરીઓ અને વાનર બચ્ચાઓનો વડો નાયક "શુદ્ધધર્મ" નામનો એક મોટો વાનર છે. એ દરેક ઉપર સારી દેખરેખ રાખે છે. એ વડો નાયક દેખાવમાં સુંદર, ગુણમાં શ્રેષ્ઠ અને આનંદી છે. એની શક્તિ પણ અજોડ છે. નાયકપણાના ગુણો બધા એનામાં રહેલા છે.

તારૂં ચિત્ત વાનર બચ્ચું એ ટોળામાં જલ્દી ભળી જશે, ત્યાં મળતાં એનો આનંદ અપૂર્વ થશે, આ વાનરવૃંદ તારા

વાનર બચ્ચા ઉપર "શુકલધ્યાન" નામના ગોશીર્ષ ચંદનનો શીતળ લેપ કરશે.

છઠ્ઠી સ્ત્રીએ બનાવેલા પગથીયા ઉપર ચડતા જ્યારે એ અર્ધા ભાગે પહોંચશે ત્યારે એને અવિરલ આનંદ થશે, પણ એ વાનર બચ્ચુ ત્યાંથી આગળ વધવા માટે અસમર્થ થશે. આગળ નહિ વધી શકે.

એ વાનર બચ્ચું તારૂં આંતર ધન છે, જીવન છે, એટલે એ જેટલું આગળ વધતું જાય એટલો તું આગળ વધે છે. એનું ઉર્ધ્વગમન એ તારૂં જ ઉર્ધ્વગમન છે. હવે એ બચ્ચું આગળ વધવા અસમર્થ છે, એટલે તારે એને ત્યાંજ મૂકી ઉપર જવા પ્રયત્ન કરવો. બાકીના અર્ધા પગથીયાની મંજલ તારે કાપી નાખવી.

છેવટે તારે એ પગથીયાનો માર્ગ તજી દઈને આકાશમાં સ્થિર બની પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલા અલ્પકાળમાં સર્વ આલંબનોનો સર્વથા ત્યાગ કરી પેલા "કાયા" ઓરડાના ગર્ભગૃહને અને વાનર બચ્ચાને તજી સંસાર બજારના માર્ગનો ત્યાગ કરી એક ઝપાટે ઉડી "શિવાલય" મઠમાં પહોંચી જવું.

તું એ શિવાલય મઠમાં પહોંચીશ એટલે તને ત્યાં અમંદ અને અનંત આનંદ પ્રાપ્ત થશે. એ આનંદ અનંત કાળ સ્થિર રહેનારો મળશે. એનો નાશ અસંભવ છે.

મેં ગુરૂદેવને કહ્યું "જેવી આપશ્રીની આજ્ઞા."

ભાઇ અકલંક ! એ "ચિત્ત" વાનર બચ્યું આ રીતે શિવાલયમઠમાં લઇ જવા સમર્થ બને છે. આ ઉત્તમ ઉપાય ગુરૂદેવે મને જણાવ્યો.

અકલંકે એ મુનિની અનુમોદના કરી. આપે ઘણું જ શ્રેષ્ઠ કાર્ય કર્યું. પછી છઠ્ઠા મુનિને વંદના કરી હું (ઘનવાહન) અને અંકલક આગળ ચાલ્યા.

ઘનવાહનનો બોધ :

ભદ્રે અગૃહીતસંકેતે ! સૌમ્ય સ્વભાવી અકલંક મુનિ ભગવંતોના વચનોનો ભાવાર્થ સુનિશ્ચિત કરી એનો બોધ થાય એવા સારા આશયથી મને કહ્યું, ભાઇ ઘનવાહન ! આ મુનિરાજે જે સુસ્પષ્ટ રીતે પોતાના વૈરાગ્યની વાત જણાવી તેનો ભાવાર્થ તારા ખ્યાલમાં આવ્યો છે કે નહિ ?

ભાઇ ! આ મુનીશ્વરે કહ્યું કે આપણું મન માત્ર દોષોમાં જ રઝળ્યા કરે તો અનંત સંસાર અને અપાર દુઃખનું કારણ બને છે. જો ચિત્ત નિર્મળ બની જાય તો એ પરમપદ એવા મોક્ષનું કારણ પણ બની જાય છે.

ભાઇ ઘનવાહન ! એટલા માટે જ ચિત્તની રક્ષા કરવી જોઇએ અને એજ આંતરધન છે. શ્રેષ્ઠ અને મહામૂલ્યવાન્ રત્ન છે. આ ચિત્તનું રક્ષણ એટલે આત્માનું રક્ષણ છે. જ્યાં સુધી આ ચિત્ત ભોગની આકાંક્ષાથી પદાર્થો કે ધન માટે જ્યાં ત્યાં દોડાદોડ કરે ત્યાં સુધી તને સુખની સોડમ પણ કયાંથી મળી શકે. એની સુગન્ધ પણ કયાંથી આવે ?

" જ્યારે આ ચિત્ત આશા અને આકાંક્ષાઓને તજીને નિસ્પૃહ બની જશે, બહાર ભમવાના ભ્રમનો ત્યાગ કરી એક સ્થાને સ્થિર બની જશે, ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે. "

" કોઇ ભક્તિ કરે કે સ્તુતિ કરે અને કોઇ કોપ કરે કે નિંદા કરે છતાં સૌ ઉપર તારી સમાન વૃત્તિ રહેશે, તારા ચિત્તમાં સમતાભાવ રહેશે. ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે. "

" પોતાના સગા સંબંધી હોય કે સ્નેહી હોય અથવા દુશ્મન હોય કે અપકાર કરનારો હોય, જ્યારે આ સર્વે ઉપર તારૂં ચિત્ત સમભાવ ધારણ કરશે, ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે. "

" પાંચે ઇંદ્રિયોના શબ્દાદિ વિષયો સારા હોય કે બરાબ હોય, સુખ આપનાર હોય કે દુઃખ દેનારા હોય, તો પણ રાગ રોષ ન થતાં સમવૃત્તિ રહેશે ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે. "

" એક માનવી આવી તને ચંદનનું શીતળ વિલેપન કરી જાય અથવા એક માણસ આવી ફરસીથી તારૂં શરીર છોલી નાખે તો પણ તારૂં ચિત્ત ખેદ ન પામે અને શાંત રહે, ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે.

" સંસારના પદાર્થો પાણી જેવા છે. એમ માની તારૂં ચિત્ત પદ્મ જેવું બની નિર્લેપ રહેશે. પાણીથી પોષણ મેળવવા છતાં કમળ ન્યારૂં રહે છે એમ તારૂં ચિત્ત સંસારના લોભામણા પદાર્થોથી ન્યારૂં થશે, ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થશે."

"ઝળઝળાયમાન થતાં લાવણ્ય અને યૌવનના થનથનાટથી થનથનતી રૂપવતી લલિત લલનાઓને જોવા છતાં તારૂં મન નિર્વિકાર રહેશે, હૈયામાં કામનો ઝાંખો અંકુરો પણ નહિ ઉદ્ભવે, ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે."

"જ્યારે આત્મીય સત્ત્વ ધારણ કરીને ચિત્ત અર્થ લાલસા અને કામવાસનાથી અલિપ્ત બની જશે અને ધર્મમાં દૃઢ આસક્ત બની જશે, ત્યારે તને પરમસુખ પ્રાપ્ત થશે"

"રજો ગુણ અને તમોગુણથી આત્મા મુક્ત બની જશે, સ્થિર સમુદ્રની જેમ ચિત્ત વિચાર તરંગોથી વિહૂણું બની જશે, સર્વથા શાંત સત્ત્વગુણવાળુ બની જશે, ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે."

મૈત્રી, કારૂણ્ય, માધ્યસ્થ, અને પ્રમોદ ભાવનાથી વાસિત તારૂં "ચિત્ત" બની જશે અને મોક્ષ પ્રાપ્તિ માટેની અભીપ્સા જાગૃત બનશે, ત્યારે તને પરમ સુખ પ્રાપ્ત થશે."

"ભાઇ ઘનવાહન! સુખને પ્રાપ્ત કરવા માટે 'ચિત્ત સમાધિ" વિના બીજો ઉપાય નથી. ચિત્ત સમાધિ જ સુખનો સિદ્ધ ઉપાય છે."

ઘનવાહનના કર્મોની ઘનતા ઘટી :

ભદ્રે અહીગૃતસંકેતે! અકલંકના સુધામધુર વચનો સાંભળી મારૂં મન ઘણા જ આનંદમાં આવી ગયું. જુદા જુદા દૃષ્ટાન્તો રૂપ મુદ્ગરોના ફટકા મારી મારી મારા કર્મોની ઘનતા ઘણી ઘટાડી દીધી. કર્મપંક્તિઓ તડડ તડડ તૂટવા લાગી ગઈ.

હું મારી મોટાભાગની કર્મસ્થિતિને ઓળંગી ગયેા અને લઘુકર્મ સ્થિતિ પાસે આવી અટકી ગયેા, અહીં મહાપુરૂષાર્થ દ્વારા તેાડી શકાય એવી કર્મની ગ્રંથિ આવી હતી.[1]

અગૃહીતસંકેતા ! પૂર્વે કહી ગએલા વામદેવની પ્રસ્તાવમાં મેં શ્રી બુધસૂરીશ્વરજી મહારાજના વચનેા જણાવ્યા હતા, તે તને યાદ છે ને ? ફરી યાદ કરેા જોઇએ. ?

પૂ. બુધસૂરિજીએ જણાવ્યું હતું કે મારેા પુત્ર "વિચાર" દેશાટન કરવા નિકળ્યેા હતેા, તે " વિચાર " બારીકાઇથી ભવ ચક્રનું નિરીક્ષણ કરીને " માર્ગાનુસારિતાને " સાથે લઇ પાછેા આવ્યેા હતેા.

એણે પૂ. બુધસૂરિજીના કાનમાં કહ્યું હતું કે અહંકારી અને મહાબલિષ્ઠ મહામેાહ મહારાજાએ શ્રી ચારિત્રધર્મરાજના સૈન્યને ચારેકેારથી ઘેરી લીધું છે. હું એ સાક્ષત્ નિહાળીને આપની પાસે આવ્યેા છું.

અગૃહીતસંકેતાએ જણાવ્યું ભાઇ ! ઘ્રાણના સુગંધની આસક્તિજન્ય દેાષના વખતે તેં જણાવ્યું હતું, હવે મને એ બરેાબર યાદ આવી ગયું તું મૂળવાત આગળ ચાલુ કર.

સંસારીજીવે કથા આગળ ચાલુ કરી.

ચિત્તવૃત્તિમાં નિર્મળતાના બીજ :

ચિત્તવૃત્તિ અટવીમાં ચારિત્રધર્મરાજનું સૈન્ય અનંત કાલથી મહામેાહિદિ દ્વારા ઘેરાએલું પડયું હતું. હું અકલંકની

---

૧ કર્મગ્રંથિ ભેદવાનેા ક્રમ મેા. ગી.ના વિવરણમાં છે.

વાત સાંભળતો હતો, તેજ વખતે એ સૈન્યમાં શ્રી સદ્‌બોધ મંત્રીશ્વરે શ્રી ચારિત્રરાજને અનુલક્ષીને જણાવ્યું.

દેવ ! આમ ખેદ ન કરો, હૈયે ચિંતા ન ધરો. આપણું સૈન્ય વિજય પ્રાપ્ત કરશે જ. એમાં શંકા કરવા જેવું નથી. કારણ કે સંસારીજીવ હાલમાં આપણા પ્રતિ સન્માનભરી નજરે જોઈ રહ્યો છે. એના હૃદય પ્રદેશમાંથી અંધકારે વિદાય સ્વીકારી છે. નિર્મળતા આવી ગઇ છે. આ લક્ષણોથી જાણી શકાય છે કે આપણો પ્રભુ-સ્વામી સહેજ પ્રસન્ન છે. એથી માની શકાય કે હૃદય ઉજ્વળ બની રહ્યું છે.

સ્વામિન્ ! આપશ્રી શ્રી કર્મપરિણામ મહારાજાને પૂછી, વિચાર વિનિમય કરી સંસારીજીવ પાસે સદાગમને મોકલો. આપણે કોઈ વિશ્વાસુ અને સમજાવટથી કામ લેનાર વ્યક્તિને મોકલશું તો એના વધુ પરિચયમાં આવશે અને તેથી સંસારી જીવ આપણો પક્ષ કરનારો થઈ જશે. આપણી તરફ ઉભો રહેશે.

રાજેશ્વર ! જો એ સંસારીજીવ આપણો સ્વીકાર કરશે. તો મહામોહ રાજા અને એના સૈન્યનો ખૂરદો બોલાવી દેવામાં સમર્થ બની જઇશું. આપણામાં ઘણી અદ્‌ભુત શક્તિ આવી જશે.

ચારિત્રરાજે મહામંત્રીની વાતનો સ્વીકાર કર્યો અને કહ્યું, ભાઇ ! સંસારીજીવ પાસે સદાગમની સાથે સમ્યગ્‌દર્શન નામના આ વડાધિકારીને પણ મોકલીએ તો ?

સદ્‌બોધ મંત્રીએ કહ્યું, સ્વામિન્! આપનું કહેવું યોગ્ય છે. પરન્તુ સદાગમ દ્વારા સંસારીજીવ જ્યારે પ્રસન્ન બની જશે ત્યારે સમ્યગ્ દર્શનને મોકલવો ઠીક રહેશે. હાલમાં સુયોગ્ય અવસરની રાહ જોવી ઠીક રહેશે.

સદાગમનું આગમન :

સદ્‌બોધ મંત્રીની વાતનો ચારિત્ર ધર્મરાજે સ્વીકાર કર્યો અને મારી પાસે આવવા સદાગમને રવાના કર્યો. શ્રી સદાગમ શીઘ્ર મારી પાસે આવી પહોંચ્યો.

મહામોહ રાજાએ મારી આન્તર રાજધાનિ ઉપર કબજો રાખવા "જ્ઞાનસંવરણ" રાજાને આગળ કરેલો હતો. તેથી મહામોહાદિ નિશ્ચિન્ત હતા, પરન્તુ "જ્ઞાનસંવરણ" રાજાએ જ્યારે મારી તરફ "સદાગમને" આવતો જોયો કે તરત જ તેનાથી ભય પામી અંદર કયાંય સંતાઇ ગયો, ત્યાંથી અદૃશ્ય બની ગયો.

અકલંક દીક્ષા :

હું અને અકલંક ત્યાંથી બધા મુનિઓના ગુરૂ શ્રી "કેવિદાચાર્ય"ની સમીપમાં ગયા. અમે એમને વિધિવત્ વંદના કરી. શ્રી કેવિદાચાર્યે ધ્યાન પૂર્ણ કરી અમને "ધર્મલાભ" નો શુભ આશીર્વાદ આપ્યો . ત્યારબાદ અકલંક આચાર્ય ભગવંતને પ્રશ્નો પૂછવા લાગ્યો અને આચાર્યદેવ એના સમાધાન આપતા હતા. પછી ગુરૂદેવે મધુરધ્વનિએ ધર્મદેશના આપી.

દેશના આપતી વેળાએ સદાગમને ગુરૂમહારાજની પાસે જોયો. મેં અકલંકને પૂછયું. આ ભાગ્યવાન્ કોણ છે?

ત્યારે અકલંકે કહ્યું, ધનવાહન ! આ તો પોતે જ શ્રી સદાગમ છે અને મુનિઓ માટે પણ આરાધ્યપાદ છે. એના ગુણો અનંત અપાર છે.

સંકેતા ! પ્રિયમિત્ર અકલંકના આગ્રહથી અને કાંઈક અંતરમાં આનંદ થવાથી મેં સદાગમનો સ્વીકાર કર્યો, વળી અકલંકના આગ્રહથી કે દબાણથી દેવોને નમી ચૈત્યવંદન કરવા લાગ્યો, ગુરૂ ભગવંતને વંદન કરવા લાગ્યો, દાન ચાલુ કર્યા અને શ્રદ્ધા વિના માત્ર ભદ્રક ભાવથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ વિગેરે કરવા લાગ્યો. મારૂં મન ન હતું પણ અકલંકની શરમ નડતી હતી.

અકલંક તો પોતાના વડિલોની અનુજ્ઞા મેળવી શ્રી કોવિદાચાર્યની પાસે ધરમ પાવની દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂદેવે બધા શિષ્યો અને નવા અકલંક મુનિને સાથે લઇ અન્યત્ર વિહાર કર્યો.

આ રીતે ભાગ્યવાન અકલંક સુસંયમી બન્યો.



પ્રકરણ ચોથું

મહામોહ અને મહાપરિગ્રહ

મહામોહની સભામાં ખળખળાટ :

ચારિત્રરાજ તરફથી સદાગમ મારી પાસે આવ્યો. એ સમાચારોથી મહામોહની મહાસભામાં ફફડાટ પેઠો. "સદાગમ" દ્વારા "જ્ઞાનસંવરણ" રાજા ભય પામી નાશી છૂટયો છે, એ વાતથી રાગકેશરી મંત્રીએ[1] મહારાજા શ્રી મહામોહને વાકેફ કર્યાં.

રાગ કેશરી મંત્રીની વાત સાંભળી સભાના સર્વ સૈનીકોમાં શૂરાતન વ્યાપી ગયું અને બરાડા પાડી બોલવા લાગ્યા કે એ પાપાત્માને "હું મારી નાખું, હું મારી નાખું," દરેક સૈનિકે પોતાના બહાદુરી ભર્યા અવાજે મહામોહને એ રીતે જણાવ્યું અને આજ્ઞાની પ્રતીક્ષા કરવા લાગ્યા.

મહામોહે જણાવ્યું, મારા વહાલા વત્સો ! તમે ખરેખર વીર યોદ્ધાઓ છો. તમે સદાગમને હણી શકવા સમર્થ છો,

---

૧ રાગકેશરી મહામોહના મંત્રી છે. પણ મહામોહ વૃદ્ધ થવાથી એ રાજ્યગાદી ઉપર બેઠા છે. એટલે રાજા અને મંત્રી બંને સત્તા એની પાસે છે.

એમાં મને શંકા નથી, પરન્તુ આ દુષ્ટ શેતાનને મારે પોતે જઈને જ હણવો છે.

હું જાતે જ યુદ્ધમાં ઉતરીશ. પરન્તુ તમારે એ વખતે મારા અંદર ગુપ્ત રીતે રહેવું તમે સૌ મારામાં તો છો જ. વળી કોઈ વાર ખાસ જરૂર પડે તો વચ્ચે વચ્ચે સેવા કરવા આવી જવું. યુદ્ધમાં તો મારે જ જવું છે. તમે તમારે બધા અહીં જ રહો. પરન્તુ મારો પ્રિય સેવક રણકેશરીનો પુત્ર અને સાગરનો મિત્ર પરિગ્રહ એકલો મારી સહાયમાં ભલે આવે. એ એક ઘણાને ભારે પડે તેવો છે.

આ રીતે પોતાના સૈનિકોને શિખામણ અને સાન્ત્વના આપી સદાગમના સર્વનાશ માટે પરિગ્રહને સહચર તરીકે સાથે લઈ મારી પાસે મહામોહ રાજા આવી પહોંચ્યો.

હે તારલોચને ! અનાદિના અભ્યાસથી મને એ બન્નેને જોતાં જ ખૂબ સ્નેહ જાગ્યો. થોડા સમયમાં અમારો ગાઢ સંબંધ પણ થઇ ગયો. મિત્રો જેવા બની ગયાં.

એ વખતે મારા પૂજ્ય પિતાજી મૃત્યુને પામ્યા અને પુણ્યોદયના પ્રગટ પ્રતાપે હું પૃથ્વીનો સ્વામી રાજા બન્યો. મારી આજ્ઞા અને પ્રભાવ મહા ઉગ્ર હતા, મારી સત્તાની ધાક સુંદર બેસી ગઇ. મારી વિભૂતિ અને વૈભવ પૂરજોશમાં વધવા લાગ્યા.

ત્રણની જુદી જુદી શિખામણો :

સદાગમે જણાવ્યું, ભાઈ ધનવાહન ! રાજ્ય અને લક્ષ્મી ક્ષણ ભંગુર છે. વિષયો સંધ્યાના સોહામણા વાદળ જેવા અલ્પ

સ્થાયી છે. આયુષ્ય જલના તરંગ જેવું ચપળ છે. સત્તા વિજળી જેવી ચંચળ છે. આ બધી ચીજો ક્ષણિક અને દુઃખો દેનારી છે. તારે એ વસ્તુઓ ઉપર મૂર્ચ્છા ન કરવી.

મહામોહે જણાવ્યું, બન્ધુ ધન ! આ તારું રાજ્ય પડાવી લેવા કોઇ તાકાત ધરાવતું નથી. સત્તા કોઇ છીનવી શકે તેમ નથી. ક્ષણ વિનશ્વર છે એવી ભ્રમણામાં ન રહીશ. રસવતી રસોઇયો, નયનહરા નારીઓ એ સુખના સાધનો છે. ધર્મની વાતોમાં પડી આ સુખોથી વંચિત ના રહેતો.

પરિગ્રહે જણાવ્યું, ભદ્ર ધનવાહન ! સુવર્ણનો સંચય કર, અનાજના કોઠારો ભર, રત્નોના ઢગલા ભેગા કર, સંગ્રહ-વૃત્તિમાં કદિ સંતોષ ન રાખવો. સંતોષી દરિદ્રી હોય છે. સંગ્રહખોરો જ ધનપતિ અને લક્ષ્મીનંદન બની શકે છે. તું વિશ્વની વિવિધ વસ્તુઓ વસાવ.

સુલોચને ! આ ત્રણે મિત્રોની જુદી જુદી વાતો સાંભળી મારું ચિત્ત ચગડોળે ચડયું. આ ત્રણમાં કોનું સ્વીકારવું અને કોનું ન સ્વીકારવું ? હું મુંઝવણમાં પડ્યો. એટલામાં મહામોહના ટેકાથી ફરી જ્ઞાનસંવરણ રાજા મારા અન્તઃકરણમાં પ્રગટ થયો. આના પ્રતાપે સદાગમની શિક્ષા મને ન ગમી. સદાગમના ઉંડા તાત્પર્યને હું ના સમજી શકયો.

ભદ્રે ! મહામોહ અને પરિગ્રહની વાતો મારા હૃદયમાં બરોબર જામી ગઇ. જાણે બ્રહ્માજીના લેખ.

મેં દેવવંદન તજ્યાં. ગુદેવંદન છોડયા, નવકાર મંત્રના જાપ વિગેરે મૂકયા, માત્ર ભોગમાં લીન બની ગયો. સાધુ

મહાત્માને અને સાધર્મિકોને દાન દેવા બંધ કર્યાં. ધન ભેગું કરવાની ધૂન લાગી. પ્રજા ઉપર કરભાર વધારી પીડા ઉભી કરી ધન સંચય કરવો ચાલુ કર્યો.

મહામોહના પ્રતાપે સદાગમ દીઠો ગમતો ન હતો. ધનના ઢગલાં ભેગા કર્યાં પણ ધનની ઇચ્છાઓ પૂર્ણતાને ન પામી. નગરના નાગરિકો ચૂસ્યા, છતાં ઇચ્છા તૃપ્ત ન થઇ. મારા આવા દુષ્કૃત્યોને જોઈ સદાગમને અન્તરમાં દુઃખ થયું અને મારાથી અળગો થઈ ચાલ્યો ગયો. મહામોહ અને પરિગ્રહને આત્મીય લાભ થયો એટલે બંને ખૂબ ખુશી થયા. એમની ઇચ્છા પૂર્ણ થઇ પછી કેમ આનંદ ન દેખાડે ?

આચાર્ય શ્રી સાથે અકલંકનું આગમન :

મારો મિત્ર અકલંક દીક્ષા લઇ વિહાર કરી ગએલ, તે એમના આચાર્યની સાથે વિચરતો વિચરતો પાછો અહીં આવ્યો. મારે વંદન કરવા જવાની ઉચ્છા ન હતી, પણ અકલંકની શરમના લીધે ઉદ્યાનમાં ગયો અને દાક્ષિણ્યતાથી શ્રી કોવિદાચાર્ય અને અન્ય સાધુઓને વંદનાદિ કર્યાં.

શ્રી કોવિદાચાર્ય મહારાજ પોતાના જ્ઞાનના બળેથી મારું ચરિત્ર જાણતા હતા અને અકલંકને લોકાના કહેવાથી મારું સંપૂર્ણ જીવન જાણવા મળ્યું હતું.

અવસર જોઇ અકલંકે ગુરૂદેવને કહ્યું, ગુરૂદેવ ! " સદાગમમાં શું મહત્તા છે અને દુષ્ટસંગમાં શા અવગુણોનો ભય છે ? આ વિષયની સમજુતી આપતી સુંદર કથા આપ જણાવો જેથી સજ્જનતા અને દુર્જનતાના ભેદ પારખી શકાય.

અકલંકના કહેવાથી ગુરૂદેવે કથા ચાલુ કરી.

શ્રુતિ, કોવિદ અને બાલિશ :

ભદ્ર ધનવાહન ! "ક્ષમાતલ" નામનું નગર છે. ત્યાં "મલનિચય" નામનો રાજા રાજ્ય કરે છે. "અનુભૂતિ" નામના મહારાણી છે. એને કોવિદ અને બાલિશ એમ બે પુત્રો છે.

પૂર્વ જન્મમાં કોવિદને આ સદાગમની સાથે લાંબા કાળનો અને ગાઢ પરિચય હતો. આ જન્મમાં જ્યારે સદાગમને કોવિદે જોયા તો વિચારણા કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને જ્ઞાનથી સદાગમના ગુણો જાણી પ્રિય બન્ધુ તરીકે એનો સ્વીકાર કર્યો. કોવિદે બાલિશને બન્ધુ તરીકે સ્વીકારવા ઘણું સમજાવ્યો છતાં એણે ન માન્યું.

આ તરફ કર્મપરિણામ મહારાજાએ તે કોવિદ અને બાલિશ માટે "શ્રુતિ" નામની સ્વયંવરા કન્યા મોકલી. એની સાથે "સંગ" નામનો વફાદાર દાસપુત્ર પણ હતો. એ એક બીજાના સંબંધ કરાવવામાં ભારે ચાલાક હતો.

શ્રુતિએ સંગને આગળ મોકલ્યો અને સંગે બન્ને કુમારોને પસંદ કર્યા એટલે બન્ને કુમારો સાથે લગ્નગ્રંથિથી જોડાઇ. કુમારોએ પણ આ વાત માન્ય રાખી. કુમારો પાસે સંગ્રહમાં "નિજદેહ" નામનો પર્વત હતો. તેનું "મૂર્ધા" નામનું એક કૂટ હતું.

મૂર્ધા શિખરની બાજુમાં કિલ્લાવાળા બે ઓરડા હતા, એ ઓરડાને "શ્રવણ" નામથી ઓળખાવતી. એ શ્રવણ

ઓરડામાં કોવિદ અને બાલિશે શ્રુતિને સુંદર રહેવા સ્થાન આપ્યું.

બાલિશ અને શ્રુતિ :

"શ્રુતિ" કન્યાને પ્રાપ્ત કરી બાલિશ હર્ષઘેલો બની ગયો અને વિચારવા લાગ્યો, ખરેખર મને ધન્યવાદ ઘટે છે. કારણ કે વિશ્વમાં સર્વોત્તમ એવી "શ્રુતિ" કન્યા મારી અર્ધાંગના બની. પુણ્ય વિના એ યોગ કયાંથી બને ?

સંગને લાગ્યું કે બાલિશને શ્રુતિ ઉપર અનુરાગ થયો છે, એટલે બોલ્યો. દેવ ! શ્રી શ્રુતિ દેવી સાથે આપનો સંબંધ થયો છે તે ઘણોજ સુયોગ્ય છે. એ યોગ ખૂબ આવકાર પાત્ર છે.

વળી આપનું વય. શીલ, કુલ, રૂપ, અને શ્રી શ્રુતિદેવીના વય, શીલ, કુલ, અને રૂપ સમાન છે. પુણ્યથી આ બધી સમાનતાઓ પ્રાપ્ત થઇ છે, હવે માત્ર આપ બંનેમાં પરસ્પર ઘનિષ્ઠ પ્રેમ વૃદ્ધિ થાઓ, એટલી ઝંખના રાખું છું

બાલિશ– સંગ ! પ્રેમવૃદ્ધિ કઈ વસ્તુથી વિકસે ?

સંગ– દેવ ! પ્રિયવ્યક્તિને મનગમતી વસ્તુઓ આપવાથી પ્રેમ વિકસી શકે છે.

બાલિશ– શ્રુતિને કઇ ચીજ વધુ વહાલી છે.

સંગ– દેવ ! શ્રુતિદેવીને મધુર ધ્વનિ પ્રિય છે.

બાલિશ– સંગ ! તેં ઘણી સરસ વાત જણાવી. હવેથી હું મધુરધ્વતિ સદા શ્રુતિદેવને સાંભળવા મળે એ ગોઠવણ કરી દઈશ.

સંગ– દેવ ! આપની મહતી કૃપા. આપની યોજનાથી મને ઘણો જ આનંદ થયો છે.

પ્રિયાની પ્રિયવસ્તુનો ઉપાય બતાવનાર સંગ ઉપર બાલિશને ઘણો પ્રેમ જાગ્યો અને સંગને પોતાના મનમંદિરમાં સ્થાન આપ્યું.

ત્યાર પછી વેણુ, વીણા, તંત્રી, મૃદંગ વિગેરેના ધ્વનિઓ અને મધુરાં ગીતો દ્વારા બાલિશ શ્રુતિને સદા પ્રસન્ન રાખવા પ્રયત્ન કરતો અને શ્રુતિદેવીને પ્રસન્ન રાખવામાં જ પોતાના આત્માને સુખી માનતો હતો પ્રિયાના સુખમાં પોતાનું સુખ માનતો.

બાલિશ શ્રુતિને ખુશ રાખવા રંગરાગ અને સંગીતમાં એવો આસક્ત બની ગયો કે બીજા કામોને તજી દીધા અને ધર્મથી સર્વથા દૂર થઈ ગયો. નવ ગજના ધર્મને નમસ્કાર કર્યા છેલછબીલામા એની ગણના થવા લાગી, આવારો બની ગયો. વિવેકી પુરૂષો માટે હાસ્યનું પાત્ર બની ગયો. એની સૌ કોઇ ઉપેક્ષા કરવા લાગ્યા.

કોવિદ અને શ્રુતિ :

શ્રુતિ સાથે સંબંધ થયા પછી કોવિદે શ્રી સદાગમને પૂછયું કે આ શ્રુતિ ભાર્યા મારૂં હિત કરનારી છે કે અહિત કરનારી છે ?

સદાગમ ભાઈ કોવિદ ! સંગની સાથે શ્રુતિ રહે એ કદિ હિતકારક બનતી નથી. કારણ કે રાગકેશરીના મંત્રી વિષયા-

બિલાષે જગતને વશ કરવા માટે પોતાના પ્રિય અને વફાદાર પાંચ માણસોને મોકલ્યા હતા એમાંની આ શ્રુતિ પણ એક છે.

એ રાગકેશરી કર્મપરિણામ રાજાનો ભત્રીજો અને મહામોહ રાજાનો પુત્ર થાય છે. એ આ વિશ્વનો મહામોટો ધાડપાડુ છે. કર્મપરિણામ રાજાના મંત્રીપદે પણ એ છે અને તે કર્મપરિણામ રાજા જગતમાં શુભ અને અશુભ કરનારો છે એ રીતે પ્રખ્યાત બનેલો છે. એ રીતે વિશ્વાસુ બન્યો છે.

આવી પરિસ્થિતિમાં આ શ્રુતિ ધાડપાડુ રાગકેશરીની કન્યા છે. એમ માની કોઇ એનો સ્વીકાર કરવા રાજી ન થાય એટલે એણે એક માયાજાળ રચી. પોતાનો વિશ્વાસુ દાસ હતો એને શ્રુતિની સેનામાં રાખી દીધો, એ ઘણો કાબેલ વ્યક્તિ હતો વળી આ શ્રુતિ કર્મપરિણામ મહારાજાની પુત્રી છે, એમ પહેલા જાહેરાત પણ કરાવી દીધી.

ભદ્ર કોવિદ ! આ શ્રુતિ પતિને કપટજાળમાં સપડાવી છેતરે તેવી છે. તારા માટે જરાય કલ્યાણ કરનારી નથી. ભૂલે ચૂકે એના ઉપર વિશ્વાસ રાખીશ મા. વિશ્વાસ કર્યો તો માનજે કે મુસીબતના ડુંગરા માથે પડયા.

ભાઇ ! હાલમાં તો તું શ્રુતિ ભાર્યાને સર્વથા તજી શકવા સમર્થ નથી. પણ "સંગ" દાસને તરછોડી તગડી મુકજે. પોતાના નોકર સંગથી વિખૂટી પડેલી શ્રુતિ જરાય આપતિ ઉભી કરી શકશે નહિ. માટે સંગનો તું સંગજ કરીશ મા.

સંગ વિનાની અટુલી શ્રુતિ પ્રિય અને અપ્રિય શબ્દોનો સાંભળવા છતાં મધ્યસ્થા રહેશે. એને મધુર શબ્દો ઉપર મમતા

અને અપ્રિય શબ્દો ઉપર કટુતા નહિ આવે. રાગ અને દ્વેષ ઉભા નહિ થાય.

આ પ્રમાણે સદાગમની સુશિક્ષાનો સ્વીકાર કરી કોવિદ શ્રુતિને શબ્દોના સ્વાદ કરાવે છે પણ સંગનો સર્વથા ત્યાગ કર્યો હોવાથી અનાસક્તતા એ જાળવી શકતો હતો એને તેથી લોકોમાં પ્રશંસાપાત્ર અને સુખી બન્યો.

કોવિદ અને બાલિશ અનુક્રમે સંગનો ત્યાગ કરવાથી અને ગ્રહણ કરવાથી, સુખી અને દુઃખી બન્યા.

ગન્ધર્વ યુગલ અને બાલિશની દશા :

બહિરંગ પ્રદેશમાં " તુંગ શિખર " નામનો પર્વત હતો. કોવિદ અને બાલિશ એ પર્વત ઉપર ચડવા લાગ્યા. ત્યાં પર્વત પ્રદેશમાં એક દિવ્ય ગુફા હતી. એનો છેડો મનુષ્ય જોઇ શકતા ન હતા.

અત્યંત ઉંડી એ ગુફામા એક કિન્નર યુગલને અને બીજા ગધર્વ યુગલને સંગીત વિષયક વાદવિવાદ છંછેડાઇ પડેલો, એનો નિર્ણય કરવાં ત્યાં પરીક્ષકોની નિમણુંક કરી એક પછી એક સારા ગીતો આલાપો અને વાંજિત્રોની સૂરાવલી સાથે ગાવા લાંગ્યા.

તે કિન્નર અને ગંધર્વ યુંગલના સંગીત કોવિદ અને બાલિશના સાંભળવામાં આવ્યું અને શ્રુતિએ સાંભળવા વધુ ઉત્તેજિન કર્યો એટલે કોવિદ અને બાલિશ પર્વતની ટોચ ઉપર પહોંચી ગયા.

બાલિશના હૃદયમાં સંગ વસેલો જ હતો. એ સંગે પ્રેરણા કરી એટલે એ મધુરા સ્વરો સાંભળવા શ્રુતિને આગળ કરી. શ્રુતિ સંગીત સાંભળવામાં મસ્ત બની. હવાથી ડોલતા વૃક્ષની જેમ ડોલવા લાગી. બાલિશને એમાં એવો રસ પડયો કે બીજું બધુ ભાન ખોઇ બેઠો.

સંગે પોતાનો પ્રભાવ પ્રાથર્યો અને બાલિશ જડ જેવો બની ગયો. ગુફાના છેડા ઉપરથી સંગીત સાંભળતો હતો એમાં સ્હેજ આગળ વધવા ગયો ત્યાં ધડડડ ધ કરતો ગુફાના ઉંડાણમાં પટકાણો. ધબાકધં ધડાકાનો અવાજ થયો અને એના પડવાથી ગુફા ગાજી ઉઠી.

મોટો અવાજ થવાથી ગંધર્વો અને કિન્નરો ક્રોધે ભરાણા. બાલિશને ત્યાંજ પકડી પાડયો અને ધડાધડ મૂક્કા મારવા લાગ્યા. થપા થપ થપાટો પડવા લાગી. ઘણાંએ જોરથી લાતો મારી પરિણામે થોડી વારમાં ત્યાંજ મૃત્યુ પામ્યો.

કોવિદની પાસે સંગ ન હતો અને સદાગમની સુશિક્ષા સ્મૃતિમાં હતી એટલે બાલિશની અવદશા જોઇ તરત જ પર્વતના શિખર ઉપરથી નીચે ઉતરી ગયો.

નીચે ઉદ્યાનમાં કોવિદને ધર્મઘોષ નામના મુનીશ્વર મલ્યા અને એ આર્યશ્રીની દેશના સાંભળી દીક્ષા ગ્રહણ કરી, કોવિદ ભણી ગણી વિદ્વાન બન્યો. એટલે ગુરૂદેવે યોગ્ય જાણી પોતાના આચાર્ય પદે સ્થાપન કર્યો.

હે ધનવાહન ! તે કોવિદાચાર્ય હું પોતે જ છું.

કુમિત્રના સંસર્ગથી બાલિશની જેમ દુઃખો ભોગવવાના રહે છે અને સદાગમના સુસંસર્ગના રૂડા પ્રતાપે સુખના સાધનો મળે છે. જીવન આનંદી અને આદર્શ બની જાય છે.

દ્રવ્ય આચાર :

શ્રી કોવિદાચાર્યની વાતો સાંભળી મને વિચાર આવ્યો કે આ આચાર્ય મહામોહ અને પરિગ્રહ મિત્રોને ત્યાગ કરાવવાનો આ પ્રયત્ન છે. અને પછી સદાગમનો સસંર્ગ મારી સાથે કરાવવા માગે છે. મારે અહીં શું કરવું ?

આવું વિચારતો હતો ત્યાં મિત્ર અકલંક મુનિ બોલ્યા, ભાઇ ધન ! ગુરૂદેવના વચનો તમે સમજ્યા કે નથી સમજ્યા?

મેં કહ્યું ઘણી સારી રીતે સમજ્યો છું.

તો વિચારો છે શું ? નિયમો લઇ લો ?

મને અકલંક ઉપર ઘણો સ્નેહ હતો, વળી કર્મગ્રંથિના સમીપમાં આવી પહોંચ્યો હતો અને ગુરૂદેવનો અતુલ પ્રભાવ હતો, તેમજ આ મહાનુભાવો સામે એક અક્ષર બોલવાની હિંમત ચાલતી ન હતી એટલે અકલંકના કહેવાથી સદાગમનો મેં ફરી સ્વીકાર કર્યો. મને કમને મિત્ર માન્યો.

દ્રવ્યથી ચૈત્યવંદન કરવા લાગ્યો, પાત્રમાં યોગ્ય દાનાદિ આપવા લાગ્યો, વિષયની વાસના અને પરિગ્રહની લાલસા ઘટવા લાગી. મહામોહ અને મહાપરિગ્રહ મારાથી પાછા હઠયા.

અકલંકનો વિહાર અને મારી દશા :

આચાર્ય ભગવંતે અને સાથે અકલંક મુનિએ બીજા સ્થળે જવા વિહાર કર્યો, પેલા મહામોહ અને પરિગ્રહ મારી પાસે આવ્યા અને મેં ફરીથી એમનો સહર્ષ સ્વીકાર કર્યો. થોડું ઘણું બાહ્ય ધર્માચરણ કરતો હતો એ પણ તજી દીધું. મહામોહ અને પરિગ્રહમાં અટવાઇ ગયો.

ભોગની આકાંક્ષાઓ હૈયામાં જાગી એટલે હજારો સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં અને અન્તઃપુર ભરી દીધું. ધન મેળવવા અનેક પાપી પ્રયત્નો આદર્યા. પૃથ્વીપર સૌને નિર્ધન બનાવી દીધા. સંપૂર્ણ પૃથ્વીનું ધન મેં એકલાએજ સંગ્રહી લીધું. જગતમાં કયાંય કોઇની પાસે સોનું ચાંદી ન રહેવા દીધા. જેટલા પાપો હતા તે બધાય હું કરી છૂટયો.

મારી આવી દશાથી સદાગમ પાછો ચાલ્યો ગયો અને પુણ્યોદય પણ ખુબ ગુસ્સે ભરાણો. બીજી બાજુ મારી પ્રિયતમા " મદનસુન્દરી " નામની મહારાણી હતી. તેને શૂળની ભયંકર વેદના ઉપડી અને અલ્પ સમયમાં જ મૃત્યુના મુખમાં ધકેલાઈ ગઇ.

શોકનું આગમન અને અકલંકનો ઉપદેશ :

મદનમંજરીના મૃત્યુ થયાનો અવસર જોઈ મહામોહરાજાનો વફાદાર અને સેવાના અવસરની રાહ જોતો " શોક " પોતાના સ્વામી શ્રી મહામોહ પાસે ગયો, નમસ્કાર કરી જણાવ્યું કે અત્યારે મને ધનવાહન પાસે જવાની આજ્ઞા આપો.

મહામોહની આજ્ઞા મળતાં જ શોક મારી પાસે આવી મને જોરથી ભેટી પડ્યો. શોકના કારણે હું પ્રિયતમા મદન-મંજરીનું સ્મરણ કરી કરીને રૂદન કરવા લાગ્યો. ઓ મારી મદનમંજરી! તુ કયાં ગઈ? મને તરછોડી તું કેમ ચાલી ગઈ? શું મારો અપરાધ તારા જોવામાં આવ્યો? શું મારો પ્રેમ તારા ઉપર ઓછો હતો? આ રીતે બોલતો અને રડ્યા કરતો હતો. મારા હૈયામાં આઘાતનો કારમો ઘા લાગ્યો હતો.

લોકમુખથી અકલંકમુનિને મંદનસુંદરીના મરણના અને મારી દશાના સમાચારો મલ્યા એટલે એઓ મારી પાસે આવ્યા અને એ મહાભાગ શ્રી અકલંકે શોકથી હતાશ બનેલા અને ધર્મકાર્યોથી દૂર થએલા મારા ઉપર કરૂણા લાવી આ પ્રમાણે જણાવ્યું.

અરે ભાઇ ધનવાહન! આ તેં શું કરવા માંડયું છે? દરેક પ્રાણીઓ યમરાજના મુખમાં જ વસતા હોય છે. સૌના માથે મૃત્યુ સદા તાકીને જ બેઠું હોય છે. આપણી પણ એક વખતે આવી જ દશા થવાની છે. મોહ અને શોકને પરાધીન બની તેં આ શું આદર્યું છે? સદાગમ અને ધર્મને કાં તરછોડી દીધા?

મૃત્યુ પ્રેમ અને લાગણી ભરી અવસ્થાને જોતો નથી. સ્નેહીયુગલમાંના એકનો કોળીયો કરી જતાં જરાય ખચકાતો નથી. મદોન્મત્ત હાથી ભલભલા વૃક્ષોને હચમચાવી તોડી પાડે તેમ આ યમરાજ પણ ભલભલાને પોતાના મુખમાં સમાવી લે છે. એ માટે આશ્ચર્ય કે શોક કરવાની જરૂર નથી ભાઇ!

સંસારમાં કોણ સદા સ્થિર રહેવાનું છે ? પતિ કે પત્નીમાંથી કોઇ તો પહેલા મરણ પામશે જ ને ? તું ધર્મમાં ઉદ્યમશીલ થા.

મુનિ અકલંક મને સમજાવવા સુંદર દેશના આપતાં હતા, છતાં હું મદનમંજરીના મૃત્યુ શોકને વિસારી ન શકયો, મુનિ સામે જ પ્રિયાને યાદ કરી જોર જોરથી રડવા લાગ્યો અને બોલવા લાગ્યો ઓ પદ્મલોચને ! તારા વિના મારૂં જીવન ધૂળ ધાણી છે. અરે ! મદના ! હું તારા વિના જીવીશ કઇ રીતે ? વહાલી ! તું ગમે ત્યાં હો પણ અહીં આવ અને મને મળ.

મુનિ અકલંકે મને ફરી કહ્યું, અરે ભાઈ ધનવાહન ! આ તું શું કરે છે ? નાદાન બાળકો જેવું વર્તન તને શોભે ખરૂં ? આવું વર્તન ગાંડાઓને શોભે. તારા જેવા સમજુએ વિચાર કરવો ઘટે. ધન ! તું હળવો થા, ધર્મને યાદ કર, મનને સમજાવ, સંસારની દશાનો વિચાર કર, શરીરની અનિત્યતાને સંભાળ સમજુ થઇ જા, ધીરજ ધર, આત્માને યાદ કર, શોક મૂકી દે.

અરે ! પેલા મુનિએ લોકોદરમાં આગ બતાવી હતી તે તું ભૂલી ગયો ? અને મદ્વિરાશાળનું દૃષ્ટાન્ત તને યાદ નથી ? પેલી રેંટવાળી કથાને વિસરી ગયો છે ? બાવાજીના મઠની વાત સ્મૃતિથી દૂર થઇ છે ? સંસાર બજારની સ્થિતિ શું તદ્દન તારા જ્ઞાનમાંથી ખસી ગઈ ? વિષયોના વિષવૃક્ષો ઉપર વાનર બાળના ચિત્તની દશાઓને તું સંભારતો નથી ?

શોક ગમન :

અકલંક મુનિની તીવ્ર દેશના સાંભળી મને કાંઈક ચેતનતા આવી. મારો શોક હળવો થયો, શોકને રહેવું કઠણ પડયું, અકલંકની સાનિધ્યમાં રહેવા એ અસમર્થ બન્યો.

શોક મહામોહ પાસે ગયો અને કહ્યું, દેવપાદ! હું ધનવાહન પાસે રહેવા અસમર્થ છું, પેલો દુષ્ટ અકલંક મને ત્યાં ખૂબ કનડગત કરે છે, મારી શક્તિ હવે ત્યાં રહેવાની નથી, આપ આજ્ઞા આપો એટલે હું જાઉં ?

મહામોહ– વત્સ શોક ! અકલંકને હું ઓળખું છું, ભારે ખુંધો વ્યક્તિ છે, હાલમાં તું જા પણ તારે અવસર જોઇ ફરીથી કામ ઉપર હાજર થઇ જવું. અકલંકને જવાદે પછી તારો અવસર આવશે.

શોક– દેવપાદ ! " જેવી આપની આજ્ઞા. "

મારા હૃદયમાંથી શોકે વિદાય લીધી એટલે મુનિ અકલંકના વચનો મને ગમ્યા અને તેથી સદાગમનો મેં પ્રિય હૃદયવલ્લભ તરીકે સ્વીકાર કર્યો. ફરી ધર્મમાં મારૂં મન જોડાયું, જિનેશ્વર પરમાત્માની પ્રતિમા મેં બનાવરાવ્યા, જિનમંદિરો પણ કરાવ્યા. તીર્થભૂમિની યાત્રાઓ કરી પવિત્ર બનવા લાગ્યો, લઘુસ્નાત્ર, બૃહત્સ્નાત્રાદિ ઉત્સવો સમુહ સાથે આનંદથી કરવા લાગ્યો, ભક્તિ અને સુપાત્રદાનને કરવા લાગ્યો. આ રીતે મેં અકલંક મુનિના કહેવાથી ધર્માચરણો સ્વીકાર કર્યા. જીવન મારૂં કાંઇક ધર્મ માર્ગમાં આવ્યું.

આ રીતે મને સુધરેલો જોઈ મુનિ અકલંકના હૃદયમાં આનંદ થયો. કારણ કે એમના હૈયામાં મને ગુણશીલ બનાવ્યાનો અત્યંત આનંદ હતો.

બહુલિકા અને કૃપણતા

અકલંક મુનિના પ્રવર પ્રતાપે મહામોહ અને પરિગ્રહની દશા વિચિત્ર બની એટલે રાગકેશરી મહારાજાએ વિચાર કર્યો કે હવે શું કરવું ? એમને પરિગ્રહ ઉપર ખૂબ હેત હતું. એમણે " સાગરને બોલાવ્યો, ભાઈ! તું મહામોહ અને પરિગ્રહની મદદે જા. સાથે " બહુલિકા[૧]" અને " કૃપણતાને " લેતો જા. તારા વિના એ બન્ને સ્ત્રીઓને અહીં ગમશે નહિ.

રાગકેશરી મહારાજાની આજ્ઞાથી મહામોહની સેવામાં કૃપણતા અને બહુલિકાને સાથે લઈ સાગર આવી પહોંચ્યો. મહામોહ અને પરિગ્રહ સાગર વિગેરેને જોતાં ગેલમાં આવી ગયા.

કૃપણતા આવીને મને ભેટી પડી. એના ભેટવાના કારણે મને વિચાર આવ્યો કે આ અકલંક મારી પાસેથી ઘણું ધન અચાંવી નાખે છે તો ધનના રક્ષણ માટે મારે શો ઉપાય અમલમાં મૂકવો જોઈએ ? પાણીની જેમ પૈસો વાપરતાં દરીદ્રી બની જવાશે. ધન રક્ષા કરવી જ જોઈએ.

ધનરક્ષાના વિચારમાં હતો ત્યાં બહુલિકા આવી અને એણે મને આલિંગન કર્યું, તરત જ કુબુદ્ધિ થઈ આવી કે કોઈ

---

૧ બહુલિકા– માયા. કૃપણતા– મળેલાને ત્યાગ ન કરવાની વૃત્તિ. સાગર–લોભનો વધારો.

પણ યુક્તિ દ્વારા અકલંકને અહીંથી રવાના કરી દઉં પછી મારે ધનવ્યય નહિ કરવો પડે.

મેં મધુરા વચનોથી અકલંક મુનિને કહ્યું. મહામુનિ અકલંક ! આપે મારા ઉપર કરૂણા કરી પૂર્ણ ઉપકાર કર્યો છે, સાધુઓનો આચાર છે કે એક સ્થળે વધુ ન રહેવું, તો આપ જિનાજ્ઞા મુજબ વિહાર કરી શકો છો, હું આપની આજ્ઞાઓનું અનુપાલન કરીશ.

ભદ્રે અગૃહીતસંકેતે ! મારા કહેવાથી મુનિ અકલંકે વિહાર કર્યો અને પોતાના ગુરૂજીની નિશ્રામાં પહોંચી ગયા.

પરિગ્રહમાં આસક્ત અને સદ્ગાગમનું ગમન :

અકલંકમુનિએ વિહાર કર્યો એટલે સાગર મારી પાસે આવ્યો અને એની આજ્ઞા પ્રમાણે ફરીથી પરિગ્રહમાં આસક્ત બન્યો. દાન તજ્યાં, ધ્યાન તજ્યાં, દ્રવ્યચારો દૂર તજ્યાં.

મારૂં આ પરિવર્તન જોઇ પરિગ્રહ રાજી રાજી થઇ ગયો. એણે સાગરને કહ્યું, ભદ્ર સાગર ! તેં ખરેખર મારા પ્રાણો બચાવ્યા છે. હું મરૂં મરૂં થતો હતો ત્યાં મદ્દદે તું આવી પહોંચ્યો, એટલે જીવન રહ્યું નહિ તો રામ રમી ગયા હોત.

તારા કરતાં પણ વધુ કૃપણતાનો ઉપકાર છે. મારી પ્રાણ રક્ષામાં એનો તારા કરતાં મહત્વનો ભાગ છે, આ બહુલિકાને કેમ ભૂલી શકું ? એનો ઉપકાર અને આભાર જેટલો માનું એટલો ઓછો છે. અરે ! પેલા શેતાન મહાશત્રુ અકલંકને જો કોઇ કાઢી મૂકવા સમર્થ બન્યું હોય તો આ બહુલિકા બની છે. એના પ્રતાપે જ હું જીવિત પામ્યો છું.

આ રીતે પરિગ્રહસાગર, કૃપણતા અને બહુલિકાનો આભાર માની રહ્યો હતો. ત્યાં મહામોહ બોલ્યો. વત્સ પરિગ્રહ ! આ સાગર તો મારૂં સર્વસ્વ છે. મારૂં જીવન એના ઉપર જ નભે છે. એના વિના હું મરણને જ પામું. મારી જે તાકાત ગણો તે આ સાગર છે. મારો ખરેખરો ભક્ત છે. મારા ઉપર અત્યન્ત લાગણી ધરાવે છે. એ મારો પુત્ર છે. રાજ્ય ગ્રહણ કરવાની યોગ્યતા ધરાવે છે. એજ તારૂં રક્ષણ કરવા ક્ષમતા ધરાવે છે. તારા બચાવ માટે પૂરતો શક્તિમાન્ છે.

પરિગ્રહે આભાર માન્યો અને મહામોહે એનો પાનો ચડાવ્યો એટલે એ મને જોરથી ભેટી પડ્યો. મારા ઉપર સાગરે વર્ચસ્વ જમાવી દીધું. ભદ્રે ! પૂર્વની જેમ સાગરની અસર હેઠળ આવી સર્વ ધર્મકૃત્યોને સર્વથા તિલાંજલિ આપી દીધી.

કોવિદાચાર્યનો અનુભવ :

દયાળુ અકલંકમુનિના જાણમાં મારા પરાક્રમો આવી ગયા એટલે એમને ફરી મને બોધ આપવા આવવાનો વિચાર થયો અને એ માટે ગુરૂદેવને વિનંતિ કરી અનુજ્ઞા માગી.

ગુરૂદેવે કહ્યું, વત્સ અકલંક ! આ તારી મહેનત નકામી છે. ધનવાહનની પાસે મહામોહ અને પરિગ્રહ છે ત્યાં સુધી તું ગમે તેવો સરસ પ્રયત્ન કરીશ પણ એ સફળ બને એવો સંભવ જ નથી. એનામાં સુધરવાની યોગ્યતા નથી.

ભદ્ર ! ધનવાહન પાસે માત્ર મહામોહ અને પરિગ્રહ એમ બેજ છે એવું નથી. મહામોહની સેવામાં સાગર કૃપણુતા અને બહુલિકા વિગેરે ઘણા આંતરશત્રુઓનો સમૂહ છે' આવી વિપરીત દશામાં એને ઉપદેશ કેવો હોય ? એને વર્ણ ધર્મથી શું ? સદાગમ સાથે સંબંધ કેમ સંભવે ?

એ ધનવાહનને તું બોધ આપવા કાજે જઈશ તો તને જરાય લાભ થવાનો નથી અને સ્વાધ્યાય, ધ્યાન, યોગની હાનિ થશે. લાભ કરતાં નુકશાન મોટું છે. ત્યાં જવાથી સર્યું. ભાઇ નથી જવું.

વિદ્યા અને નિરીહતા :

અકલંક મુનિએ પૂછયું, ગુરૂદેવ આપ કહો છો તે સત્ય છે પરન્તુ એ ધનવાહનનો મહાઅનર્થને કરનારા પરિગ્રહ અને મહામોહથી કયારે છૂટકારો થશે ?

ગુરૂદેવે ઉત્તરમાં જણાવ્યું, વત્સ અકલંક ! તારા જેવાઓ ચારિત્રરાજના સેનાપતિ સમ્યગ્ દર્શનને સારી રીતે ઓળખે છે. એ મહત્તમ તરીકે પ્રખ્યાતિને વરેલો વ્યક્તિ છે.

રાજેશ્વર શ્રી ચારિત્રધર્મરાજે અને સમ્યગ્ દર્શન મહત્તમે ભેગામળી માનસિક " વિદ્યા " નામની કન્યા બનાવી છે. એ કન્યા નિર્મળ અંતઃકરણ વાળી અને ગુણથી યુક્ત છે. વળી ચારિત્ર ધર્મરાજ અને વિરતિદેવીથી થયેલી " નિરીહતા[૧] "

૧ નિરીહતા– કોઇપણ વસ્તુની ઇચ્છા ન કરવી તે. આ ગુણથી પરિગ્રહની વૃત્તિ નાશ થાય છે.

કન્યા ઉત્પન્ન થએલી છે. આ બીજી કન્યા છે. એ પણ વિદ્યા કરતાં ઓછી ઉતરે તેવી નથી.

જ્યારે કર્મપરિણામ મહારાજાને પોતાને સ્વયં વિચાર આવશે ત્યારે એ બન્ને કન્યાઓને ઘનવાહન સાથે લગ્નગ્રંથિથી જોડવામાં આવશે. ત્યારપછી આ બન્ને પાપી મિત્રોથી ઘનવાહનનો છૂટકારો થશે. એ વિના અસંભવ છે. હાલમાં તું જે કાંઈ પ્રયત્ન કરવા ઈચ્છે તે બધા નિરર્થક બનવાના, માટે તું એ વાત તજી દે.

ગુરૂદેવના વચનો સાંભળી અકલંકમુનિએ મારી ચિંતા તજી દીધી. પોતાની સંયમ સાધનામાં મસ્ત બની ગયા. પછી મારી સર્વથા ઉપેક્ષા કરી.

મહામોહાદ્રિનું મહા આક્રમણ :

કરુણાધન અકલંકમુનિની મધ્યસ્થતા પછી હું મહામોહ અને પરિગ્રહને સંપૂર્ણ આધીન બની ગયો. હું તો એ બેનો ગુલામ બની ચૂક્યો એટલે મહામોહની આજ્ઞાથી મહામૂઢતા, મિથ્યાદર્શન, કુદૃષ્ટિ, રાગકેશરી, મૂઢતા, દ્વેષગજેન્દ્ર, અવિવેકતા, વિષયાભિલાષ, ભોગતૃષ્ણા, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, કષાય, જ્ઞાન સંવરણ. દર્શનાવણ, વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય, દુષ્ટાભિસન્ધિ વિગેરે સૈનિકો, નોકરો, બંડીયા રાજાઓએ વારાફરતી મારી દુર્દશામાં વધારો કરતાં ગયા. સૌએ મને ખુબ દુઃખ આપ્યું, પણ મહામોહના કારણે મને લક્ષમાં ન આવ્યું,[૧]

---

૧ આ બધા પાત્રો ચોથા પ્રસ્તાવમાં મામા ભાણેજની વાતમાં આવે છે. જુવો ભા. ૨

અરે ! ઘણીવાર તો આ બધાએ ભેગા મળી મારા ઉપર ચડાઇ કરી બેસતા અને ઘણી મુશ્કેલીમાં મુકી દેતા. આવા અનેક અવગુણોના કારણે સદ્ભાગમને મારા ઉપર તિરસ્કાર આવ્યો અને મને તરછોડી ચાલ્યો ગયો.

આવી પરિસ્થિતિમાં પણ હું જે ઇચ્છતો તે વસ્તુઓ મને મળી રહેતી. કોઇ વસ્તુમાં કમીના જણાતી ન હતી. પાણી માગુ ત્યાં દૂધ મળતુ. આ બધા રૂડા પ્રતાપ મિત્ર પુણ્યોદયના હતા, છતાં મૂર્ખ એવો હું એ સત્યને જોઈ શકતો ન હતો.

ભદ્રે અગૃહીતસંકેતે ! મહામોહ, મિથ્યાત્વ, રાગકેશરી અને મકરધ્વજ વિગેરેને આધીન બની ધર્મબુદ્ધિથી ભયંકર હિંસાઓ કરવા લાગ્યો. ધર્મનાનામે ઘણા અખાડા ચલાવ્યા. ઘણાં હિંસ યજ્ઞો કર્યા.

નગરમાં કુલવતી કે કુલહીના પણ રૂપવતી કન્યાને જોઉં તો તરત જ અન્તઃપુરમાં દાખલ કરી દેતો, કોઇ પણ નમણી નારીને મેં જતી નહિ કરી હોય, કામમાં એવો મસ્ત બન્યો કે જાણે અન્ધોધૂળ. અગણિત સ્ત્રીઓને પત્ની બનાવી દીધી. વિષય વિલાસ અને રંગરાગ એ મારા જીવનનું ધ્યેય બની ગયું. સ્પૃશ્યા કે અસ્પૃશ્યા સ્ત્રીઓનો પણ મેં વિવેક ન જાળવ્યો.

મારા કાળા કૃત્યોથી નગરના નાગરીકોનો પ્રેમ મારા ઉપરથી ચાલ્યો ગયો. મારા ઉપર નફરત થઈ આવી. મારી સામું જોવા કોઇ રાજી ન હતું.

રાજ્ય ભ્રષ્ટ :

મારા દુષ્કૃત્યોથી ત્રાસેલા મંત્રી મંડળે અને નાગરીકોએ નાના બન્ધુ " નિરદવાહન " સાથે ગુપ્ત મંત્રણાઓ કરી અને મને પકડી લેવામાં આવ્યો. સેનાપતિએ મારી સત્તાને પોતાના કબજે કરી, મંત્રી મંડળે સહયોગ આપ્યો, નાગરીકોએ એ વાતને વધાવી અને છેવટે નિરદવાહનનો રાજ્યાભિષેક કર્યો અને મને નાટક જેવા ભયંકર જેલખાનામાં ઠોંસી દીધો. હું એક સામાન્ય કેદી કરતાં વધુ દુર્દશાને પામ્યો.

કુસ્વામીની સત્તા જવાથી મંત્રીમંડળ હર્ષિત બન્યું, સેનાપતિને પ્રસન્નતા થઇ, નાગરીકોને આનંદ થયો, નારીઓએ ગરબા લીધા. છોકરાઓએ ઉજાણી કરી. સુસ્વામીની પ્રાપ્તિથી સૌને હર્ષ થયો. ગુણવાન્ સ્વામી મળવાથી કોને ખુશી ન થાય ? અને કયો આનંદજનક પ્રસંગ ન ઉજવાય ?

મને તો ભયંકર જેલખાનામાં નાખવામાં આવ્યો. જેલખાનું ચારે તરફથી દુર્ગંધ મારતું હતું. ઝાડા અને પેશાબ ત્યાં જ કરવાના અને એની ગંદકીની વચ્ચે જ મારો વસવાટ હતો. મારૂં પેટ પાતાળે પહોંચ્યું હતું. ભૂખના સાંસા પડવા લાગ્યા, હાથે પગે મજબુત બેડીયોના બંધન હતા. બેસવા જેવી જરાય જગ્યા ન હતી, મારા દુઃખોની ગણના થઈ શકે તેમ નથી.

ચારુલોચને ! નારક જેવા કેદખાનામાં શારીરિક અને માનસિકઘણી યાનાનાઓ સહન કરી. મહામોહ અને એના પરિવારે મને ઘણી રીતે દુઃખી કર્યો છતાં પણ મને સંસાર

ઉપર અણુગમો ન આવ્યો. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના કુવિકલ્પોમાં જ રચ્યોપચ્યો રહ્યો.

આખરે મારી "એકભવવેદ્ય" ગૂટિકા પૂર્ણ થઇ એટલે ભવિતવ્યતાએ મને બીજી ગૂટિકા આપી અને એના પ્રતાપે પાપિષ્ઠ નિવાસના સાતમાં પાડામાં હું ઉત્પન્ન થયો. મારૂં શરીર "પાપિષ્ઠ" બનાવવામાં આવ્યું. અર્થાત્ હું સાતમી નરકમાં ગયો અને મારૂં તેત્રીસ સાગરોપમનું આયુષ્ય થયું.



પ્રકરણ પાંચમું

ભવ ભ્રમણ અને વિકાસ.

મત્સ્ય, વાઘ અને બિલાડો[૧].

મારી પત્ની ભવિતવ્યતાએ તેત્રીશ સાગરોપમ સુધી મને પાપિષ્ઠ નિવાસમાં રાખ્યો. ત્યાં મારી અવસ્થા ઘણુંજ દુઃખો અને દુઃખો ભરેલી હતી. હું ત્રાસ ત્રાસ પોકારી ગયો. છેલ્લે ભવિતવ્યતાએ મને નવી ગૂટિકા આપી અને મરીને હું પંચાક્ષપશુ સંસ્થાનમાં ગયો. ત્યાં મને મત્સ્ય બનાવવામાં આવ્યો.

ભવિતવ્યતા મને મત્સ્યમાંથી ફરી અપ્રતિષ્ઠાનમાં (સાતમી નારકે) લઇ ગઇ ત્યાં તેત્રીશ સાગરોપમ દુઃખમાં સબડયા કર્યો અને પછી પંચાક્ષપશુ સંસ્થાનમાં મને લઇ ગઇ અને વાઘનું રૂપ આપ્યું.

---

૧ આ વાર્તાનો સંબંધ ખ્યાલમાં રાખવો. વાર્તા વિશાળ અને કર્મ પ્રકૃતિઓ સાથે સંકળાઇને બનાવેલી છે, માટે એના વિભાગોમાં ધ્યાનમાં રાખ્યા વિના રસધાર તુટી જવા સંભવ છે. આ વાત મૂળ સંસારીજીવ ઘનવાહનના ભવની અને ત્યાર પછીની દશા વર્ણવી રહ્યો છે. અગૃહીતસંકેતા પ્રજ્ઞાવિશાળા અને ભવ્યપુરૂષ સાંભળી રહ્યાં છે. ગુરૂ તરીકે સદાગમ બીરાજેલા છે.

અહીંથી ભવિતવ્યતા પાપિષ્ઠનિવાસના ચોથા મહોલ્લામાં લઇ ગઇ ત્યાં અનેક વેદનાઓ સહન કરી પછી પંચાક્ષપશુ સંસ્થાનમાં લાવી મને બિલાડો બનાવ્યો.

રખડપટ્ટી :

અગૃહીતસંકેતા ! આ રીતે ભવિતવ્યતા મને પરિગ્રહની સોબતના કારણે અનંતી જગ્યાઓએ ફેરવ્યો અસંવ્યવહાર નગર વિનાના તમામ નગરે મને લઇ ગઇ. મહામોહ જે રીતે રાજી થાયએ રીતે ભવિતવ્યા. કાર્ય કરતી.

સંજ્ઞા (પરિગ્રહ સંજ્ઞા) ભાર્યાએ મારી ઘણીજ અવદશા કરી નાખી, સર્વે સ્થળે ઘણીવાર ફેરવ્યો. ગરોળી, સર્પ, ઉંદર વિગેરેના રૂપો બનાવતી. સર્પ થતો ત્યારે નિધિ ઉપર મૂર્ચ્છા તજતો નહિ. ઉંદરના ભવમાં અનાજનો સંગ્રહ કરી ખુશી થતો. પણ જ્યારે નિધાન કોઇ લઈ જતું કે અનાજ નષ્ટ થતું ત્યારે દુઃખી થઈ મરી જતો.

અમૃતોદર ને સદ્ગમની પ્રાપ્તિ :

ભદ્રે ! આ રીતે ચક્કર ચક્કર રખડતા મારા મહામોહ અને પરિગ્રહ વિગેરેનું જોર કાંઇક ઘટયું. એ લોકો મારી સાથે રખડવાથી કાંઇક થાકયા હોય એમ જણાવ્યું. ભવિતવ્યતા કાંઇક મારા ઉપર પ્રસન્ન બની અને એક વખતે મનુજગતિના અંદર ભરત નામના મહામહોલ્લામાં લઈ ગઇ.

ત્યાં "સાકેતપુર" નામનું સુંદર નગર હતું. એમાં "નંદ" નામના શ્રેષ્ઠી રહેતા હતા. એમને ધનસુંદરી નામની

સુપત્ની હતી. હું એમને ત્યાં પુત્ર થયો અને મારૂં નામ "અમૃતોદર" રાખવામાં આવ્યું. ધીરે ધીરે હું યૌવન-વયને પામ્યો.

એક વખતે ફરવા માટે હું વનમાં ગયો હતો, ત્યાં મેં "સુદર્શન" નામના સુસાધુને દીઠાં હું એમના દર્શનથી ખુશી થયો. સમીપમાં જઇ વંદન કર્યું અને એમણે ધર્મ-દેશના આપી. મેં શાંતિથી એ અમૃતવાણીનું પાન કર્યું. શ્રી સદાગમ પણ ત્યાં જોવામાં આવ્યા.

હે ભદ્રે! જે સદાગમની હું વાત કરૂં છું. તે આજ મહાનુભાવ છે કે જેની નિશ્રામાં આપણે સૌ બેઠા છીએ.

મુનિ સુદર્શનના ઉપદેશથી મારામાં ભદ્રક ભાવ આવ્યો. દ્રવ્યથી હું શ્રાવકના આકારને ધારણ કરનારો બન્યો. શ્રી નવ-કાર મહામંત્રનો જાપ, પ્રભુ પૂજા વિગેરે ધર્મ કાર્યો પણ દ્રવ્યથી કર્યા.

ભુવનપતિમાં :

દ્રવ્યથી ધર્મી બન્યા પછી ભવિતવ્યતાએ મને નવી ગૂટિકા આપી, એના પ્રતાપે હું વિબુધાલયમાં ગયો. વિબુધાલયમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને કલ્પવાસી (વૈમાનિક) એમ ચાર પાડાઓ છે. એમાં ભવનપતિના દસ, વ્યંતરત આઠ, જ્યોતિષ્કના પાંચ અને વૈમાનિકના મુખ્ય બે ભેદ છે.

વિમાનવાસી દેવમાં એક કલ્પસ્થ અને બીજા કલ્પાતીના કહેવાય છે. કલ્પસ્થ દેવોને રહેવાના બાર દેવલોકો છે. અને કલ્પાતીતમાં બે અવાંતર ભેદો પડે છે. એમાં પ્રથમ

વિભાગમાં નવ સ્થળો છે તેને ગ્રૈવેયક કહેવામાં આવે છે. અને બીજા વિભાગમાં પાંચ સ્થળો છે, તેને પાંચ અનુત્તર કહેવામાં આવે છે.

હું પહેલા "ભુવનપતિ" વિબુધાલયમાં આવ્યો, અને દેવ બન્યો. વિબુધ તરીકે મારી પ્રસિદ્ધિ થઇ.

પદ્મનયને ! વિબુધ બન્યા પછી હું મહાત્મા શ્રી સદાગમને ભૂલી ગયો. વિબુધાલયના રંગરાગમાં રંગાઇ ગયો. મારી ઋદ્ધિ ઘણી હતી. આયુષ્ય દોઢ પલ્યોપમનું હતું, લીલા લહેરમાં લીન થઈ ગયો.

માનવાવાસમાં સુંદરમુનિ અને સદાગમની પ્રાપ્તિ :

ભવિનપતિમાં વિબુધ તરીકે રહેવાની સમય મર્યાદા પૂર્ણ થઇ એટલે ભવિતવ્યતાએ મને નૂતન ગૂટિકા આપી. એ ગૂટિકાના પ્રભાવે હું "માનવાવાસ" નગરે ગયો.

એ નગરમાં "બંધુદત્ત" વણિક રહેતા હતા. એમને "પ્રિયદર્શના" નામની પ્રિયતમા હતી. હું એમના ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. મારૂં "બન્ધુ" નામ રાખવામાં આવ્યું. અનુક્રમે ભણી ગણી મોટો થયો. યુવાનીમાં મેં પગ મૂકયો.

એ વખતે "સુંદરમુનિનો" મને યોગ થઇ ગયો. એ ઉદાર મહાત્માએ "સદાગમ" સંબંધી સમ્યગ્જ્ઞાન આપ્યું. એ જ્ઞાનની જ્યોતિથી મારો અજ્ઞાન અંધકાર ઘટવા લાગ્યો. એમના ઉપદેશથી હું શ્રમણ બન્યો. મારામાં ભાવ સાધુતા ન હતી. પણ દ્રવ્યથી હું સાધુ તરીકે સુપ્રસિદ્ધ બન્યો.

દ્રવ્ય સાધુતાના પ્રતાપે હું વિબુધાલયના વ્યંતર વિભાગમાં ગયો. ત્યાં મને ઋદ્ધિ-સિદ્ધ અને ઘણી મનોહર વ્યંતરીઓ પ્રાપ્ત થઇ. એમના રૂપ રંગ રાગમાં હું મહાત્મા સદાગમને ભૂલી ગયો. એમને મેં કદિ ન સંભાર્યા.

મારી પત્ની ભવિતવ્યતાની આજ્ઞાથી હું ભવચક્રમાં ઘણે ઠેકાણે ઘણીવાર રખડયો. ઘણીવાર વચ્ચે વચ્ચે સદાગમ મહાત્મા મળી જતાં અને હું પાછો એમને વિસરી જતો. આવા ફેરા મારા અનંત થયા.

હું અનંતવાર દ્રવ્યશ્રાવક બન્યો. અનન્તવાર દ્રવ્ય સાધુ કે સન્યાસી બન્યો, સદાગમની પ્રાપ્તિ અનન્તીવાર થઇ અને જ્યારે એ મહામના મહાત્મા મળતાં ત્યારે દશા મારીકાંઇક સુધરતી પણ હું એમને ઘણીવાર તજી દેતો અને તજીદેવાના કારણે પાછો દુઃખી દુઃખી બની જતો. આવું પણ અનંતવાર બન્યું છે.

કુતીર્થી બન્યો. મિથ્યાત્વાદિએ ઘણા હલ્લાઓ કર્યા, કર્મોની નાની સ્થિતિ અને મોટી સ્થિતિઓ પણ અનંતવાર બાંધી અને છોડી. ઘણીવાર મહામોહ વિગેરે મારા ઉપર ખૂબ જ જોરદાર હલ્લો કરી બેસતા હતા. પણ જ્યારે મહાત્મા શ્રી સદાગમ પ્રાપ્ત થતાં ત્યારે એ હું લોકોને પાછા હઠાવી દેતો હતો. કોઇવાર મહામોહાદિનું જોર તો, કોઇ વાર સદાગમનું જોર. આવી પરિસ્થિતિ અનંત કાળ ચાલી.

સમ્યગ્ દર્શન અને સદ્બોધ:

અનન્તીવાર સદાગમનો સંસર્ગ થયો અને એના ફળરૂપે મારી ચિત્તવૃત્તિ મહાટવી કાંઇક નિર્મળ બની.

મારી ચિત્તવૃત્તિ મહાટવી નિર્મળ બની એટલે ચારિત્ર-ધર્મરાજે સદ્‌બોધ મહામંત્રીના કહેવાથી સમ્યગ્‌દર્શન નામના વડાધિકારીને મારી પાસે મોકલવા નક્કી કર્યું. એ વખતે એમની થોડી વાતચીત પણ થઇ.

સમ્યગ્‌દર્શન—દેવ ! આપની આજ્ઞા હું મસ્તકે ચડાવું છું. આપ કહો તો સંસારીજીવને પ્રસન્ન કરવા માટે ભેટણા તરીકે વિદ્યા નામની રૂપવંતી કન્યાને સાથે લેતો જાઉં.

સદ્‌બોધ—ભાઇ સમ્યગ્‌દર્શન ! હજુ એ માટે યોગ્ય સમય જણાતો નથી. સાથે લઇ જવામાં હમણાં લાભ થવાનો સંભવ નથી. તું હાલ એકલો જા. જ્યારે એ તારા અસલ સ્વરૂપને જાણી લેશે અને તારા ઉપર અનુરાગ થશે એટલે હું પણ 'વિદ્યા' ને લઇને તારી પાસે આવી જઇશ.

તું વિદ્યાને સાથે લીધા વિના જઇશ તો પણ લાભ થવાનો છે. મિત્રપક્ષની વૃદ્ધિ થશે અને શત્રુપક્ષમાં ગાબડા પડશે. હાલ તું એકલો જા.

સમ્યગ્‌દર્શન—" જેવી આપની આજ્ઞા અને મહામંત્રી શ્રી સદ્‌બોધની સલાહ. "

આ પ્રમાણે જણાવી સમ્યગ્‌દર્શન વડાધિકારી શ્રી ચારિત્ર-ધર્મરાજની આજ્ઞાથી મારા તરફ આવવા પ્રયાણ આદરી દીધું.

વિકાસની વાટે :

ભદ્રે ! અગૃહીતસંકેતે ! સમ્યગ્‌દર્શને મારા ભણી આવવા પ્રયાણ કર્યું, ત્યારે હું કયાં હતો એ ધ્યાનમાં લેજો.

માનવાવાસમાં જનમંદિર નામનું જાજ્વલ્યમાન એક નગર હતું. ત્યાં "આનંદ" નામે સદ્ગૃહસ્થ વસતા હતા. એમને "નંદિની" નામના નયનાનંદ દેનારા સુપત્ની હતા. એમના ત્યાં હું પુત્ર તરીકે ઉત્પન્ન થયો અને મારૂં નામ "વિરોચન" રાખવામાં આવ્યું. કાળક્રમે હું યૌવન વય પામ્યો.

નગરીની બહાર "ચિત્તનંદન" નામનો એક સુંદર વન વિભાગ આવેલો હતો. એ ઉદ્યાનમાં હું એક વખતે ફરવા ગયો. ત્યાં પૂ૦ મુનિ ભગવંતશ્રી ધર્મઘોષ ગુરૂવર્ય પધારેલા હતા. મારા મહામોહાદિ શત્રુઓ ઘણા દુર્બલ બની ગયા હતા. એમનું જોર ઘટી ગયું હતું. તેથી હું મુનિશ્રીની સન્મુખ બેઠો અને મુનિશ્રીએ દેશના ચાલુ કરી.

સન્માર્ગ પ્રાપ્તિ :

આ વિરાટ વિશ્વમાં મનુષ્ય જન્મની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે. એમાં શ્રી જિનશાસનની પ્રાપ્તિ વધુ દુર્લભ છે. એ શ્રી જિનશાસન જો પ્રાપ્ત થઇ જાય તો આત્માએ પરમપદની પ્રાપ્તિ માટે પુરૂષાર્થ કરવો જોઇએ અને પરમપદ મેળવવું જોઇએ.

જો પરમપદ પ્રાપ્ત ન થાય તો સંસારચક્રમાં રખડવાનું તો છે જ. જન્મ અને મરણની ઘંટીઓમાં પીસાયા કરવાનું છે. આ વિશ્વમાં શ્રી જિનશાસન વિના કોઇ રક્ષણહાર કે કોઈ શાન્ત્વના દેનાર મળશે નહિ.

મુનિશ્રીની દેશના સાંભળી મહાત્મા સદાગમ પ્રત્યક્ષ હાજર થયા. સદાગમની શીળી છાયા મારા ઉપર પડવાના કારણે મેં

મુનિશ્રીને કહ્યું કે "મારે કયા કર્તવ્યો જીવનમાં અમલ કરવા જોઇએ. તે આપ આજ્ઞા કરો.

ભદ્ર ! સંસાર પ્રતિ નફરત કેળવવી જોઇએ. પરમાત્મા શ્રી વીતરાગદેવની પરમારાધના કરવી જોઇએ. સુસાધુ ભગવંતોને વન્દનાદિ કરવું જોઇએ. નવ તત્ત્વોનો અભ્યાસ અને ભાવથી શ્રદ્ધા કરવી જોઇએ, કુમતોને ત્યાગ અને સદાગમનો નિશ્ચલ રીતે સ્વીકાર કરવો જોઇએ. રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન વિગેરેનો નાશ કરવો જોઇએ. સદાગમના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઇએ. એવું ગુરૂદેવે ફરમાવ્યું.

સમ્યગ્ દર્શનનું આગમન :

ગુરૂદેવ મધુર શબ્દોથી સમજાવતાં હતાં ત્યાં શ્રી સમ્યગ્ દર્શન વડાધિકારી મારી સમીપે આવી પહોંચ્યા. મારી કર્મની અભેદ્યગ્રંથીનો ભેદ થઇ ચૂકયો હતો એટલે હું સમ્યગ્દર્શનને સારી રીતે જોઇ શકયો. એના ઉપર મને બંધુત્વનું હેત જાગ્યું. મુનિના વચનોમાં મને સ્વયમેવ રુચિ થઈ. સહજરીતે એ શબ્દો ગમવા લાગ્યા.

ગુરૂદેવને મેં કહ્યું, "આપની જે આજ્ઞા હશે તેનો હું સહર્ષ સ્વીકાર કરીશ."

આ પ્રમાણે ઉત્તર આપી ગુરૂદેવને વંદના કરી હું મારા આવાસે ગયો. ત્યારથી સમ્યગ્દર્શનથી યુકત બન્યો. મને શ્રદ્ધા થઇ ગઇ. મારૂં મિથ્યાત્ત્વ અંધકાર અલોપ બન્યું. મારા આત્મામાં સમ્યગ્દર્શનની જ્યોતિ પ્રગટ થઈ.

મારામાં વિશેષ જ્ઞાન ન હતું. હું તત્વોને યથાર્થ સમજી શકતો ન હતો. જ્ઞાનસંવરણ રાજાનું મારા ઉપર વર્ચસ્વ હજુ હતું પણ તત્વશ્રદ્ધાથી મારો આત્મા નિર્મળ બનતો જતો હતો.

तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइअं ॥

"પરમતારક જિનેશ્વર પરમાત્માઓએ જે કાંઈ કહ્યું છે, તે સર્વથા અને સર્વદા સત્ય ને શંકા વગરનું છે" આ વાત મારા હૈયામાં બરોબર ઠસી ગઈ. આત્માના પ્રદેશોમાં ભળી ગઇ. એ વચનોમાં શંકાનું સ્થાન ન રહ્યું.

મને અલ્પજ્ઞાન જરૂર પ્રાપ્ત થયું પણ તત્વોના સૂક્ષ્મ રહસ્યોનું જ્ઞાન ન થયું. ગુરૂદેવ સૂક્ષ્મતત્વો સમજાવવામાં ઘણાં જ સમર્થ હતાં ને એમના વચનોમાં અપૂર્વ શક્તિ હતી, છતાં હું સૂક્ષ્મતત્વો સમજી શકતો ન હતો કારણ કે મારામાં સૂક્ષ્મતત્વો સમજવાની યોગ્યતા હજુ આવી ન હતી.

શ્રદ્ધામાં અને સૂક્ષ્મતત્વના જ્ઞાનમાં સ્વયોગ્યતા એ મુખ્ય કારણ છે. ગુરૂભગવંતો માત્ર સહકારી કારણ છે. અર્થાત્ નિમિત્ત કારણ છે.[1]

ગૃહિધર્મનું આગમન :

ગ્રંથીભેદ વખતે મારી જેટલી કર્મસ્થિતિ તૂટી હતી એમાં પલ્યોપમ પૃથકત્વ[2] કર્મસ્થિતિ વધુ તૂટી ગઇ, ત્યારે ચારિત્ર

---

૧ નિશ્ચયનયથી આત્માની યોગ્યતા જોઇએ અને વ્યવહારનયથી ગુરૂદેવનો યોગ જોઇએ તો મુખ્યતાએ સમ્યકત્વ થાય છે.

૨ પલ્યોપમ પૃથકત્વ—એથી નવ પલ્યોપમનો કાળ.

ધર્મરાજનો નાનો પુત્ર ગૃહિધર્મ મારી પાસે આવ્યો. મેં એને સામાન્યથી ઓળખ્યો પણ સંપૂર્ણ ન ઓળખ્યો. થોડાં ઘણાં અલ્પ વ્રતો શ્રદ્ધા પૂર્વક પાળ્યાં. ગૃહિધર્મનું કથન પણ અલ્પાંશે માન્ય રાખ્યું.

ગૃહિધર્મના પ્રતાપે મારી ભાવી ભવિતવ્યતા વિબુધાલયના કલ્પવાસીના વિભાગમાં મને લઈ ગઇ. મને પ્રથમ દેવલોકમાં મહાતેજસ્વી દેવ બનાવ્યો. મારી ઋદ્ધિ-સિદ્ધિ અગણ્ય હતી.

શય્યાની સુકોમળતા, રત્નભૂષણોની જ્યોતિનો ઝગમગાટ, દેવાંગનાના સુલલિત નૃત્યો, નિર્મળ જળભરેલી વાવડીયોના વિલાસો, કલ્પવૃક્ષોની મનોહરતાઓ વિગેરેનું વર્ણન હું કરી શકું તેમ નથી. ત્યાં બધું અપૂર્વ હતું. મારું ભૌતિક સુખ પણ અપૂર્વ હતું.

એ પ્રમાણે ભૌતિક સુખના ઝરણામાં ઝીલતાં મને કંઇક ન્યૂન બે સાગરોપમનો સમય થઇ ગયો. આટલા મોટા કાળમાં મેં ભૌતિક સુખો જ ભોગવે રાખ્યા. છતાં હું તૃપ્ત ન બન્યો.

આભીર :

અન્તે મને નવીન ગૂટિકા આપવામાં આવી. ગૂટિકાના પ્રતાપે "મદન" નામના આભીરની "રેણુ" નામની પત્નીની કુક્ષિમાં ગયો. જન્મ થયા પછી મારું "કલંદ" નામ રાખવામાં આવ્યું.

ત્યાં હું સદાગમ અને સમ્યગ્દર્શનને ભૂલી ગયો. મારા જીવનમાંથી એમનું સ્થાન ચાલ્યું ગયું. ગૃહિધર્મકુમાર પણ

મારા ત્યાંથી વિદાય લઈ ગયા. કારણ કે મહાત્મા સદાગમ અને મહત્તમ શ્રી સમ્યગ્દર્શન વિના એકલા રહેવું એમને ગમતું નથી. એ બે વિના એ રહી શકતા નથી.

છતાં પૂર્વના અભ્યાસના કારણે પાપભીરૂતા અને નીતિ-ભદ્રતાનો ગુણ મારામાં રહ્યો. આ ગુણોના પ્રતાપે મારી જુની ગૂટિકા પૂર્ણ થતાં નવી ગૂટિકા આપી મને વિબુધાલયના જ્યોતિષ્ક મહોલ્લામાં લઈ જવામાં આવ્યો.

હું જ્યોતિષ્ક દેવ થયો. ત્યાં પરિગ્રહ અને મહામોહનું ફરી મિલન થયું. ઘણાં વખતે એમનો સંબંધ પાછો તાજો થયો. સદાગમજી અને સમ્યગ્દર્શનને હું સર્વથા વિસરી ગયો.

દેડકો :

આયુષ્ય પુરૂં થતાં મને ભવિતવ્યતાએ નવી ગોળી આપી. એના પ્રભાવે પંચાક્ષપશુ સંસ્થાનમા લઈ જવામાં આવ્યો અને મને દેડકાનું રૂપ ધારણ કરાવ્યું.

ભવિતવ્યતાએ મને ફરી ઘણે ઠેકાણે ફેરવ્યો. જ્યાં ત્યાં રખડાવવામાં મારી પત્નીને મજા આવતી હતી. આખરે એક નવી ગોળી આપી અને માનવાવાસે જવાનું પત્નીદેવીનું ફરમાન થયું.

વાસવ :

માનવાવાસમાં "કાંપિલ્યપુર" નામનું નગર હતું. ત્યાં "વસુબન્ધુ" રાજા રાજ્ય કરતાં હતાં. એમને "ધરા" નામની રાણી હતી. હું એમના ત્યાં પુત્ર તરીકે જન્મ્યો. "વાસવ" મારૂં નામ રાખવામાં આવ્યું.

યોગ્ય વયનો થતાં મને પૂ૦ શાંતિસૂરિજી નામના ગુરૂદેવનો મેળાપ થઇ ગયો. એમનો ઉપદેશ શ્રવણ કર્યા પછી મહાત્મા સદાગમ અને શ્રી સમ્યગ્‌દર્શનના મને પુનઃ દર્શન થયાં. આ બંને મહાનુભાવોના પરિચયના પ્રતાપે મહામોહ, પરિગ્રહ વિગેરે દુર્બલ બની ગયા.

સમ્યગ્‌દર્શન અને સદાગમના પ્રતાપે ત્યાંથી હું ઇશાન દેવલોકમાં ગયો. અને ત્યાં પણ મને આ બંનેનો સમાગમ થયો. ઘણા સુખો ભોગવ્યા.

કાંચનપુરમાં :

ત્યાંથી મનુજગતિના કાંચનપુરમાં માનવ બન્યો. મહામોહ વિગેરેએ ફરી મારા ઉપર આક્રમણ કર્યું અને હું શ્રી સદાગમ અને શ્રી સમ્યગ્‌દર્શનને વિસરી ગયો.

સુલોચને ! આ ક્રમથી અસંખ્ય વાર શ્રી સદાગમ મળ્યા અને પાછા ગયા. એ રીતે શ્રી સમ્યગ્‌દર્શન પણ અસંખ્યવાર[1] આવ્યા અને ચાલ્યા ગયા. મારા રખડવાના અનેક સ્થળો બની ગયા.[2]

રખડવામાં હું જ્યારે શ્રાદ્ધધર્મ પામતો કે સાધુધર્મ સ્વીકારતો ત્યારે મહત્તમ શ્રી સમ્યગ્‌દર્શન મારા જોવામાં આવતા હતાં. જ્યાં સમ્યગ્‌દર્શન હોય ત્યાં સદાગમ તો હાજર હોય જ.

સમ્યગ્‌દર્શનની વિદ્યમાનતામાં ગૃહિધર્મ પણ ઘણી વખત

---

૧ ક્ષયોપશમ સમ્યક્‌ત્વની વાત છે.

૨ આત્માની કેવી દશા થાય છે એ વિચાર કરવા જેવો છે.

ઉપસ્થિત થયો હતો, પણ એ સામાન્ય રૂપથી. કોઇકોઇ વાર સમ્યગ્દર્શન વિના પણ ગૃહિધર્મને (દ્રવ્યથી ગૃહિધર્મને) મેં જોયા હશે.

આ રીતે શ્રી સમ્યગ્દર્શન, શ્રી સદાગમ અને શ્રી ગૃહિધર્મ એ ત્રણે બન્ધુઓને અનેકવાર જોયા છે. આ ત્રણે હિતસ્વી બન્ધુઓ હતા. આ ત્રણે ઘણું સુખ આપતા હતા. છતાં મેં એમનો વચ્ચે વચ્ચે ઘણીવાર બહિષ્કાર કર્યો છે.

એકલા સદાગમને મેં અનંતીવાર નજરે નિહાળ્યાં છે. પરન્તુ સમ્યગ્દર્શનને એકલા જોવાનો પ્રસંગ જ નથી આવ્યો. જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં સદાગમ તો હોય જ, પણ સદાગમ હોય ત્યાં સમ્યગ્દર્શન હોય અને ન પણ હોય.

જ્યારે જ્યારે મને સમ્યગ્દર્શનનો ભેટો થયો છે ત્યારે ત્યારે મારો મિત્ર પુણ્યોદય પણ મને સુખ આપતો હતો. કદિ વાંકો ચાલ્યો નથી.

પરન્તુ મહામોહ, મિથ્યાત્વ, પરિગ્રહ વિગેરે ભાવ શત્રુઓની તાકાત વધી જતી, એ લોકો સામનો કરવા સમર્થ બનતા, ત્યારે પુણ્યોદય પણ ચાલ્યો જતો. પુણ્યોદયના જવાના પ્રતાપે ડગલે પગલે મારે દુઃખો જ ભોગવવા પડ્યા છે. સુખની સહેજ શીળી છાયા પણ ન જોઇ શકતો.

કોમલાંગિ ! વધુ શું જણાવું ? એક અગત્યની વાત જણાવી દઉં. ઘણીવાર મહામોહે મિથ્યાદર્શનના જોરથી સમ્યગ્દર્શનને મારી હઠાવ્યા છે. જ્ઞાનસંવરણ રાજાએ સદાગમને ભગાડી મૂક્યા છે.

પરન્તુ હું જ્યારે સમ્યગ્દર્શનના પક્ષમાં જતો ત્યારે સમ્યગ્દર્શનના ભયથી મિથ્યાદર્શન નાશી છૂટતો હતો અને મહાત્મા શ્રી સદાગમની તરફેણ કરતો ત્યારે જ્ઞાનસંવરણ ભયભીત બની સંતાઈ જતો. આવી હાર-જિત ઘણે ઠેકાણે ઘણીવાર થયા કરી છે.[૧]

વિભૂષણ :

અગૃહીતસંકેતે ! મારી પત્ની ભવિતવ્યતાએ મને એક નવીન ગૂટિકા આપી. એના જોરે મારે માનવાવાસ નગરમાં જવાનું થયું.

માનવાવાસમાં "સોપારક" નામનું સુંદર નગર હતું. ત્યાં અતિ ધનાઢ્ય ધનપતિ શ્રી "શાલિભદ્ર" નામનો વણિક રહેતો હતો. એને કનકવર્ણી "કનકપ્રભા" સુપત્ની હતી. હું એમનાં ત્યાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. "બિભીષણ" મારું નામ રાખવામાં આવ્યું.

એક વખત હું "શુભકાનન" ઉદ્યાનમાં ગયો. ત્યાં મને પૂ૦ શ્રી૦ "સુધાભૂતિ" નામના આચાર્ય ભગવંતનો સત્સંગ થયો. એમને મેં વંદના કરી અને સદુપદેશ સાંભળ્યો. ત્યાં

---

૧ આત્માના વિકાસ અને હાનિનો આ સાક્ષાત્ ચિતાર રજુ કરવામાં આવ્યો છે. દરેકે પોતાના આત્માની દશાનો વિચાર કરવો જરૂરી છે આત્મા સ્વપૌરૂષથી હીણો બને છે ત્યારે અંધકાર તરફ ઢસડાઈ જાય છે અને સ્વપુરૂષાર્થનો ઉપયોગ કરે તો એ પ્રકાશ તરફ વળે છે. આત્માના પુરૂષાર્થની પરિસ્થિતિ પ્રમાણે ઉન્નતિ-અવનતિ થયા કરે છે. મોક્ષે જતાં અગાઉ અનંતીવાર આવું બને છે.

મેં મારા હિતસ્વી શ્રી સદાગમ મહાત્મા અને સમ્યગ્દર્શન વડાધિકારીના દર્શન કર્યા.

પુણ્યશીલે ! ગુરૂદેવના ઉપદેશથી મને તત્ત્વશ્રદ્ધાન થયું. તત્ત્વો ઉપર આંતરિક અભિરુચિ થઇ. ગુરૂદેવના આગ્રહને આધીન બની મેં સંયમનો સ્વીકાર કર્યો. પણ મારામાં ભાવવિરતિ ન આવી. હું દ્રવ્યસાધુ થયો. સમ્યગ્દર્શન તો નિર્મળ હતું.

સાધુવેષમાં એકદા કર્મોએ મારા ઉપર જોરથી આક્રમણ કર્યું. ફરી હું વિભાવદશામાં ગબડી પડ્યો. આત્મરમણતામાંથી દૂર થઈ ગયો. મહામોહ મિથ્યાત્વ વિગેરે પાછા સબલ બની ગયા.

મહામોહાદિના સબલ થવાના લીધે હું સકારણ કે નિષ્કારણ પરનિંદા કરવા લાગ્યો. પરનિંદા એ મારૂં વ્યસન બની ગયું. સાધુ હોય, તપસ્વી હોય, ગુણશીલ હોય, સુધર્મી હોય પણ હું બધાની નિંદા જ કરવા લાગ્યો. તે એટલે હદ સુધી કે મેં સંઘના અવર્ણવાદ બોલવાનું પણ ન છોડયું અને પરમ તારક જગતના ઉદ્ધારક શ્રી તીર્થંકર પરમાત્માના પણ પેટ ભરી અવર્ણવાદ બોલવાનો રસિયો બની ગયો. સુશાસ્ત્રોની પણ નિંદા કરી. ગણધરોને પણ બાકી ન રાખ્યા.

મારો બાહ્યવેષ સાધુનો હતો પણ સાધુતાના અંશો ન હતા. ગુણી આત્માઓની નિંદા કરવાથી મારામાં પાપોના ખડક ખડકાણા. મહામોહને આધીન બની જઇ હું મહામિથ્યાત્વી બની ગયો. મિથ્યાદર્શનનું ગાઢ અંધકાર મારા ઉપર આવરણ ભૂત બની ગયું. સમ્યગ્જ્ઞાનની જ્યોતિ સર્વથા તિરોહિત બની ગઇ.

હે અગૃહીતસંકેતા ! મારી પત્નીની આજ્ઞાથી ભવચક્રનું ભ્રમણ ચાલુ થઇ ગયું. એમાં દુઃખો ભોગવતાં ભોગવતાં અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ મારો ચાલ્યો ગયો. હું ખૂબ રખડ્યો, આથડ્યો, કુટાયો, મરાયો, હેરાન પરેશાન બની ગયો.

ઉપસંહાર :

સંસારીજીવ પોતાની દર્દભરી કહાણી કહી રહ્યો હતો તે વખતે અગૃહીતસંકેતાને મનમા થયું કે આ કથાના ભાવને પોતે કાંઇક સમજી રહી છે. એનું મન કથા સાંભળતા ખૂબ વિસ્મય પામતું હતું.

વિશાલ બુદ્ધિના સ્વામિની શ્રી પ્રજ્ઞાવિશાલાએ સંસારી-જીવની દર્દ કથા સાંભળી એટલે એના મનમાં પરમ સંવેગ પ્રાપ્ત થયો. એનું હૃદય ગદ્ગદિત બની ગયું. હૃદયમાં એ ભાગ્યવતી વિચાર કરે છે કે—

અહો ! સંસારીજીવને ઘણાં પાપો વળગેલા છે. એમાં વધુ ભયંકરતાવાળા કોઇ હોય તો મહામોહ અને પરિગ્રહ જ મહાશત્રુ છે. એના કરતા જગતમાં બીજું કોઈ પાપ ચડીયાતું નથી.

જ્યારે સંસારીજીવ ગુણહીણો હતો ત્યારે ક્રોધ વિગેરેએ એની દર્દભરી દશા કરી પણ સમ્યગ્દર્શન મહાત્મના મિલન પછી પણ મહામોહ અને પરિગ્રહ એની અવનતિ જ કરાવતા રહ્યા. સમ્યગ્દર્શનને મલ્યા પછી પણ મહામોહની અસરના લીધે સમ્યગ્દર્શનને આ પામર વિસરી જતો અને દુઃખમાં સબડતો.

વળી મોહ સર્વમય છે. અર્થાત્ જ્યાં મોહ હોય ત્યાં ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, અસત્ય, સ્તેય, મૈથુન, પરિગ્રહ, ઇર્ષા, અસૂયા વિગેરે બધાજ કુટુંબીજનો સાથે જ હોય છે, પરિગ્રહ અને લોભ બન્ને એક બીજાના પૂરક મિત્રો જેવા છે.

આત્માના સર્વગુણોનો વિનાશ કરવાની જો કોઇની શક્તિ હોય તો માત્ર મહામોહ અને પરિગ્રહમાં જ છે. આ બંને શત્રુસૈન્યના મૂળનાયકો છે. એ વિના બીજા શત્રુઓની શક્તિ નથી કે આત્મા ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી શકે.

આવી પરિસ્થિતિમાં પણ સંસારીજીવ મહામોહ અને પરિગ્રહના સકંજામાંથી છૂટી શકતો નથી. સદાગમ અને સમ્યગ્દર્શનનું કથન સદા માટે સ્વીકારી શકતો નથી, તે ભારે આશ્ચર્યની બીના છે.

શ્રી કોવિદાચાર્યે શ્રુતિને પણ ખરાબ વર્ણવી છે, છતાં મોહાધીન આત્માઓ એમાં રંગાઈ જાય છે.

પ્રજ્ઞાવિશાલાને ગાઢ વિચારમાં ગરકાવ જોઇને ભવ્યપુરૂષ–સુમતિએ પૂછયું, માતા ! આપ શું વિચાર કરી રહ્યા છો ?

ઉત્તરમાં પ્રજ્ઞાવિશાલાએ કહ્યું, ભદ્ર ! તને પછી બધું સમજાવીશ. તું સંસારીજીવની કથાને એકવાર સંપૂર્ણ સાંભળી લે. તું હાલ અધીરો અને ઉતાવળો ન થા. ધાવ માતાનો ઉત્તર સાંભળી ભવ્યપુરૂષ–સુમતિરાજકુમાર મૌન રહ્યો, એટલે સંસારીજીવે કથા ચાલુ કરી.

ભદ્રિલપુરમાં :

ભદ્રે અગૃહીતસંકેતા ! મારી પત્ની મને ગૂટિકા આપી માનવાવાસના ભદ્રિલપુરમાં લઇ ગઇ.

ભદ્રિલપુરમાં "સ્ફટિક" રાજા રાજ્ય કરતા હતા અને વિમળ હૃદયા "વિમળા" નામના મહારાણી હતા. એમના ત્યાં હું "વિશદ" નામનો પુત્ર થયો.

બીજના ચંદ્રની જેમ હું ઉન્નતિ પામતો પામતો તરૂણ અવસ્થામાં આવ્યો. એ વખતે મને "સુપ્રબુદ્ધ" મુનીશ્વરનો સત્સમાગમ થયો. ત્યાં મને મારા હિતસ્વી મહાત્મા શ્રી સદાગમ, મહાત્મા શ્રી સમ્યગ્દર્શન અને શ્રી ગૃહિધર્મ યુવરાજની પ્રાપ્તિ થઇ. મેં વ્રત નિયમો સ્વીકાર્યા અને સૂક્ષ્મ તત્ત્વોની સમજુતી મને થઇ. અંતરના ભાવથી મેં ગૃહિધર્મની આરાધના કરી.

પુણ્યોદયના પ્રતાપે મને ભવિતવ્યતા ત્રીજા દેવલોકમાં લઈ ગઇ. ત્યાં અનેક વૈષયિક સુખો મલ્યાં. એ સુખો ભોગવવામાં સાત સાગરોપમનો સમય પસાર થઇ ગયો.

અંતિમ વાત :

ટુંકમાં કહું તો એ મારા ત્રણે ઉપકારી મિત્રોના પ્રતાપે હું બારે દેવલોકમાં અનુક્રમે જઇ આવ્યો. ત્યાંની સુખ-સમૃદ્ધિ અવર્ણનીય હતી. માત્ર ભૌતિક વિલાસોના સાધનો જ અગણ્ય હતાં. અપાર અને અમાપ હતા.

ભદ્રે ! ત્યાર પછી તે ભવિતવ્યતાએ બારમાં દેવલોકમાંથી મને માનવાવાસ તરફ પ્રસ્થાન કરાવ્યું.

અંતિમ મંગલ :

હે મહાનુભાવો ! જો તમારે મોક્ષનગર ભણી જવા ઇચ્છા હોય તો મહાકટુ ફળ દેનારા મહામોહનો નાશ કરો. પાપી પરિગ્રહને હાંકી કાઢો અને રાગજન્ય શબ્દો સાંભળવાની ઇચ્છાને નવગજના નમસ્કાર કરો.

એ માટે આ પ્રસ્તાવમાં આવેલા ધનવાહન અને બાલિશના દૃષ્ટાંતને નજર સન્મુખ રાખો. તેથી તમને મહામોહ અને પરિગ્રહ મુંઝવશે નહિ અને મધુર શબ્દો પ્રતિ રાગ થશે નહિ.

इति श्री देवेन्द्रसूरिविरचिते उपमिति-भवप्रपञ्चकथासारोद्धारे
मोहपरिग्रहश्रवणेन्द्रियविपाकवर्णनो नाम
सप्तमः प्रस्तावः समाप्तः



શ્રી
ઉપમિતિ ભવપ્રપંચા કથા–
સારોદ્ધાર

પ્રસ્તાવ–આઠમો

ગુજરાતી

અવતરણ

આઠમા પ્રસ્તાવના પાત્રો

સપ્રમોદ–નગરનું નામ.
મધુવારણ–સપ્રમોદ નગરના રાજા.
સુમાલિની–મધુવારણની રાણી.
ગુણધારણ–મધુવારણનો પુત્ર (સંસારી જીવ.)
કુલંધર–ગુણધારણનો મિત્ર.
સાહ્લાદમંદિર–ઉદ્યાનનું નામ.
ગંધસમૃદ્ધ–વૈતાઢ્યનું નગર.
કનકોદર–ગંધસમૃદ્ધના રાજા.
કામલતા–કનકોદરની રાણી.
મદનમંજરી–કનકોદરની પુત્રી.
લવલિકા–મદનમંજરીની સખી.
ધવલિકા–કામલતાની દાસી.
ચટુલ–કનકોદરનો ગુપ્તચર.
કંદમુનિ–ગુણધારણના ઉપદેશક.
નિર્મળસૂરિજી–કેવલી ભગવંત.
જનતારણ–ગુણધારણનો પુત્ર.

卐 દશ રાજકન્યા પરિચય–અંતરંગ પાત્રો 卐

૧ ક્ષાંતિ–ચિત્તસૌંદર્યનગરના શુભ પરિણામ અને નિષ્પ્રકંપતાની પુત્રી.
૨ દયા–ચિત્તસૌંદર્યનગરના શુભપરિણામ અને ચાકૃતાની પુત્રી.
૩ મૃદુતા–શુભમાનસનગરના શુભાભિસંધિ અને વરતાની પુત્રી.
૪ સત્યતા–શુભમાનસનગરના શુભાભિસંધિ અને વર્મતાની પુત્રી.
૫ ઋજુતા–વિશદમાનસનગરના શુદ્ધાભિસંધિ અને શુદ્ધતાની પુત્રી.
૬ અચૌરતા–વિશદમાનસનગરના શુદ્ધાભિસંધિ અને પાપભીરૂતાની પુત્રી.
૭ બ્રહ્મરતિ–શુભચિત્તપુરના સદાશય અને વરેણ્યતાની પુત્રી.
૮ મુક્તતા–શુભચિત્તપુરના સદાશય અને વરેણ્યતાની પુત્રી.
૯ વિદ્યા–સમ્યગ્દર્શનની પુત્રી.
૧૦ નિરીહતા–ચારિત્રરાજ અને વિરતિદેવીની પુત્રી.

સિંહપુર–નગરનું નામ.
ગંગાધર–મહેન્દ્ર અને વીણાનો પુત્ર (સંસારીજીવ)
સુધોષાચાર્ય–ગંગાધરના ઉપદેશક.
શંખનગર–નગરનું નામ.
મહાગિરિ–શંખનગરના રાજા.
ભદ્રા–મહાગિરિના રાણી.
સિંહ–મહાગિરિનો પુત્ર.
ધર્મબંધુ–સિંહના ગુરૂ.



ક્ષેમપુરી–સુકચ્છ વિજયની રાજધાની.
યુગન્ધર–ક્ષેમપુરીના રાજા.

નલિની–યુગન્ધરની રાણી.

અનુસુંદર–યુગન્ધરનો પુત્ર. સંસારીજીવ–ચક્રવર્તી.

❁ ❁ ❁

શંખપુર–નગરનું નામ.

ચિત્તરમ–શંખપુરનું ઉદ્યાન.

મનોનંદન–મંદિર.

પુરંદર–અનુસુંદર ચક્રીનો પુત્ર.

❁ ❁ ❁

હરિપુર–નગરનું નામ.

ભીમરથ–રાજાનું નામ.

સુભદ્રા–ભીમરથની રાણી.

સમન્તભદ્ર–ભીમરથ રાજાનો પુત્ર. **સદાગમ**

મહાભદ્રા–ભીમરથ રાજાની પુત્રી. **પ્રજ્ઞાવિશાળા**–કંદમુનિનો જીવ.

❁ ❁ ❁

રત્નપુર–નગરનું નામ.

મગધસેન–રત્નપુરનો રાજા.

સુમંગળા–મગધસેનની રાણી.

સુલલિતા–મગધસેનની પુત્રી. **અપૃહીતસંકેતા**–મદનમંજરીનો જીવ.

❁ ❁ ❁

શ્રીગર્ભ–શંખનગરનો રાજા.

કમલિની–શ્રી ગર્ભરાજાની રાણી. મહાભદ્રાની માસી.

પુંડરીક– શ્રીગર્ભ-કમલિનીનો પુત્ર. **ભવ્યપુરૂષ**–**સુમતિ**–સમન્તભદ્રની પાટનો વારસ.

卐 ચોર સંબંધી રચના 卐

(૧) **અકુશળ**–ચોરીનો માલ.
(૨) **કર્મમલ**-શરીરે વિલેપનની રાખ.
(૩) **રાજસ**–સોનાગેરૂના હાથા.
(૪) **તામસ**–કાળીસાહીના ટપકા.
(૫) **રાગકલ્લોલ**–કણેરની માળા.
(૬) **કુવિકલ્પ સંતતિ**-શરાવળાની માળા.
(૭) **પાપાતિરેક**–ખોપરી–ઠીકરૂં.
(૮) **અકુશલ**–ગળે ચોટેલો માલ.
(૯) **અસદાચાર**–ગધેડો બેસવા માટે.
(૧૦) **દુષ્ટાશય**–રાજપુરૂષો.
(૧૧) **વિવેકીલોકો**–પાપની ઘૃણા કરનાર.
(૧૨) **કષાય**–તોફાની છોકરાઓ.

---

૧ કેટલાક અંતરંગ પાત્રો આગલા પ્રસ્તાવમાં આવી ગયા છે તેથી અત્ર ફરી લખ્યા નથી.

પ્રકરણ પહેલું.

ગુણધારણ અને મદનમંજરી

ગુણધારણ જન્મ :

વિશાળ માનવાવાસમાં "સપ્રેામદ" નામનું એક નયન-મનેાહર નગર હતું. એ લક્ષ્મીનું વાસભુવન જેવું ગણાતું. આનંદી અને ઉત્સાહી માનવેા આ નગરમાં રહેતા હતા.

સપ્રમેાદ નગરના માનવેા સાત્વિક ગુણેાથી ધનાઢ્ય હતા. રાજા તરફથી પણ એમના ગુણરત્નેા અને ધનરત્નેા વૃદ્ધિ પામતા હતા. અહીંના વસનારા સૌભાગ્યશીલ હતા. દીનતાને તેા દેશનિકાલ થયેલેા હતેા. દીન-હીન શેાધ્યેા ન મળતેા.

આ નગરની રાજ્યસત્તા શ્રી "મધુવારણ" રાજવી ભેાગવતા હતા. તેઓ મહા સમર્થ રાજવી હતા. મદ ઝરતેા ઉન્મત્ત ગજરાજ મહાવનના મહાવૃક્ષેાને ઉખેડી નાખે એમ મધુવારણ રાજવી સમર્થ દુશ્મનને ઉખેડી દેવા મહા સમર્થ હતા.

સુરગિરિ મેરૂપર્વત જેમ શીતરશ્મિ ચંદ્ર અને ઉષ્ણરશ્મિ સૂર્ય દ્વારા સેાહમણેા લાગે, એમ આ રાજવી શાંત યશઃપ્રભા અને તેજસ્વી પ્રતાપથી સુવર્ણકાંત ઓજસ્વી જણાતા હતા.

લજ્જા, ચતુરતા, દાક્ષિણ્ય, શીલ વિગેરે નૈતિક સુપુષ્પોની માળાથી શોભતા "સુમાલિની" નામના મહારાણી મધુવારણ રાજવીને હતા, સુમાલિની પતિને મન સુ-માલા જ હતી. ફુલ-માળાની જેમ હૃદયમાં એનું સુંદર સ્થાન હતું.

હે અગૃહીતસંકેતે! ભવિતવ્યતાએ મને સુમાલિની રાણીની કુક્ષીમાં સ્થાન આપ્યું. પુણ્યોદય મિત્રને પણ સહાયક તરીકે મોકલ્યો. ગર્ભકાળ પૂરો થતાં પુણ્યોદયની સાથે મારો જન્મ થયો. માત-તાતને ઘણો હર્ષ થયો. એમણે મારો જન્મ ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો.

માત તાતે "ગુણધારણ" નામ મારૂં રાખ્યું. મારી માવ-જતમાં પાંચ ધાવમાતાઓ રાખવામાં આવી. બીજના ચંદ્રની જેમ દિન પ્રતિદિન મોટો થવા લાગ્યો.

મારા પિતાને એક સગોત્રીય રાજા મિત્ર હતા. એમનું નામ "વિશાળ" હતું. એ વિશાળ રાજવીને "કુલંધર" નામનો એક પુત્ર હતો. અમે બંને સમવયસ્ક હતા. અમને પરસ્પર ઘણો સ્નેહ હતો. અમે સાથે રમતા ખેલતા મોટા થવા લાગ્યા. ભણ્યા પણ અમે સાથે અને યુવતિજનને આનંદદાયી યૌવનમાં અમારો પ્રવેશ પણ સાથે થયો.

આહ્લાદ મંદિર ઉદ્યાનમાં :

એક દિવસે અમે નગરથી દૂર રહેલા "આહ્લાદમંદિર" ઉદ્યાનમાં ફરવા ગયા. આ ઉદ્યાનમાં અમે ઘણી વખત આનંદ પ્રમોદ ખાતર ફરવા આવેલા. આ સ્થળ ઘણું રળિયામણું અને ખુશનુમા ભર્યું હતું. હૈયું હળવું ફુલ બની જતું.

એક વખતે અમો બગીચામાં વિરામ કરી રહ્યા હતાં. અમારાથી દૂરના એક આમ્રવૃક્ષની નીચે બે કોઈ અજાણ યુવતિઓ બેઠેલી હતી. એ અમારા જોવામાં આવી. એના રૂપલાવણ્ય આગળ રતિદેવી પણ ઝાંખા જણાતા હતા. રૂપેરી રૂપની મૂર્તિ જણાતી હતી.

મૃગનયને ! એ નમણી નારી નયનોના કટાક્ષ બાણ દ્વારા મારા ઉપર પ્રહારો કરતી હતી. એના નયનબાણો મારા હૃદયમાં પ્રવેશી જતા હતા. પ્રેમના નવનીતથી છલકતી એ રૂપવતીને જોઇ હું વિચારે ચડ્યો. અરે ? આ શું લક્ષ્મીદેવી છે ? શું મદન-પત્ની રતિદેવી છે ? આ શું દેવાંગના તો નહિ હોય ? આ કોણ સૌભાગ્યવતી હશે ? અપ્સરા હશે ?

હું એ અજ્ઞાત નારી ઉપર અત્યન્ત મોહ પામી ચૂકયો હતો. મારા નયન અને મુખના પરાવર્તનથી મારા હૃદયની વાત કુલંધર સમજી ગયો હતો. મને શરમ થવા લાગી. મેં મારા ભાવોને દાબવા પ્રયત્ન કર્યો ત્યાં કુલંધર કુમારે કહ્યું, મિત્ર ! રમત–ગમતમાં આપણો ઘણો સમય પસાર થઇ ગયો છે, હવે આપણે ઘરે જઇશું ?

મેં કહ્યું, જેમ તને ગમે એમ કરીએ. અમે બન્ને ઘરે ગયા. દૈનિક કાર્યક્રમોનો નિકાલ કરી રાત્રે શયનખંડમાં ગયા. મેં એ રાત મહામુશીબતે પૂરી કરી. એક રાત સો રાત કરતા મોટી થઈ પડી. વિયોગીની રાત કેમે જતી નથી.

સવારે ઉઠી મિત્ર કુલંધરને સાથે લઇ હું ઉદ્યાનમાં આવ્યો. મનમાં ગયા દિવસે જોએલી યુવતિને જોવાની અતિ

ઉત્કંઠા હતી. એ ઉત્કંઠાના લીધે જ વહેલો વહેલો અહીં આવેલો પણ એ યુવતી જોવામાં ન આવી. એને મેં ઘણી ઘણી શોધી પણ એ જોવામાં ન જ આવી. મને અત્યંત ઉદ્વેગ થયો. હું ઉત્સાહ અને આનંદ વગરનો બની ગયો. થાકીને લોથપોથ બની ગયો. વિરહની વ્યથા વધુ વધી ગઇ.

હું એ આમ્રવૃક્ષ તરફ વારંવાર જોતો હતો. આખરે થાકીને એ આમ્રતળે હું અને કુલંધર બેસી ગયા. એટલામાં ઝાડીમાંથી કોઇના આવવાનો પગરવ સંભળાયો. અલ્પ સમયમાં બે નારીઓ અમારા ભણી આવતી જોઈ. એમાં ગઈ કાલે જોએલી એક નારી હતી અને બીજી કોઇ નવીન હતી. એ નવી નારી મધ્યમ વયની અને શોભના હતી. પણ મેં જેની આતુરતા રાખેલ એ ન હતી.

અમારી પાસે એ બંને આવી. અમે બંને ઉભા થઈ ગયા અને એ નારીઓને આવકાર આપ્યો. એમણે અમને આશીષ આપી. મધુરા અવાજે કહ્યું, હે વરાનનો ! અમારે આપ બંનેને કાંઇક વાત જણાવવી છે. આપ અહીં બેસો. શાંતિથી અમારી વાત સાંભળો.

અમે સૌ વૃક્ષતળે બેસી ગયા. મધ્યમ વયની નારીએ મારા તરફ નજર કરી અને બોલી. વત્સ આપ ધ્યાનથી અમારી વાત સાંભળો. અમને અને આપને લાભ થશે.

મદનમંજરી :

અનેક વિદ્યાધરોના નગરોથી સુશોભિત "વૈતાઢ્ય" પર્વત છે. તે વૈતાઢ્ય ઉપર "ગંધસમૃદ્ધ" નામનું સુંદર નગર છે.

"કનકોદર" નામના વિદ્યાધર ચક્રવર્તીનું શાસન એ નગર ઉપર ચાલે છે. હું એ વિદ્યાધરરાજની "કામલતા" નામની પત્ની છું. અનેક માનતાઓ અને ઘણા પરિશ્રમ પછી અમને એક પુત્રી થઇ. અમે એનું "મદનમંજરી" નામ રાખ્યું છે.

શ્રી કનકોદર રાજાને "નરસેન" સૈનીક ઉપર ઘણો પ્રેમ હતો. નરસેનને "વલ્લરિકા" પત્ની હતી. એને એક પુત્રી થઇ. એનું "લવલીકા" નામ રાખ્યું. લવલીકા અને મદનમંજરી પ્રિય સખીઓ બની. એ બંનેએ કળાનો સુંદર અભ્યાસ કર્યો.

મદનમંજરીએ યૌવનવયમાં પ્રવેશ કર્યો. રૂપસૌંદર્ય અને વિદ્યાભ્યાસમાં અજોડ બની. એણીને પોતાના સમોવડીયો વર જોવામાં ન આવ્યો એટલે પુરૂષદ્વેષિણી બની ગઇ. મદનમંજરીને પુરૂષજાત પ્રતિ નફરત છૂટી.

લવલીકા દ્વારા આ સમાચાર મને અને મંજરીના પિતાજીને મલ્યા. પુત્રીના મનને કેમ મનાવવું એ ચિંતાથી અમે ઉદાસ બની ગયા. પરન્તુ રાજાજી પ્રત્યુત્પન્નમતિ હતા. એમને એક વિચાર આવ્યો અને સ્વયંવર મંડપ બનાવ્યો.

સારા સારા વિદ્યાધરોને અને વિદ્યાધરકુમારોને આમંત્રિત કર્યા. પરન્તુ મંજરીને એમાંથી કોઈ ન ગમ્યા. વિદ્યાધરોની પ્રશંસા સાંભળી મંજરીનું માથુ સખત દુઃખવા લાગ્યું. સારા સારા વિદ્યાધરોની એ પ્રશંસા પણ ન સાંભળી શકી.

મંજરીને એક પણ વિદ્યાધર ન ગમ્યો તેથી વિદ્યાધરો વિલખા થયા. બધાના મુખ ઝાંખાઝબ થઇ ગયા. રાજા ઉપર દ્વેષ જાગ્યો. વિદાયગિરી ન આપી છતાં વગર રજાએ એક જ દિશા તરફ સૌએ ચાલતી પકડી.

સ્વપ્નદર્શન :

અમારા શોકનો પાર ન હતો. ઘણા જ ઉદ્વિગ્ન બની ગયા. મહામુશીબતે દિવસ તો પૂરો કર્યો. રાજાને ચિન્તાની ઘેરી અસરના કારણે રાતે પણ જરાય નિદ્રા ન આવી. શય્યામાં આળોટી આળોટી રાત પૂરી થવા આવી ત્યારે મળસ્કે અલ્પ નિદ્રા આવી.

રાતનો અન્તિમ પ્રહર હતો. વાતાવરણ શાન્ત અને ખુશનુમાં ભર્યું હતું. અને એમાં રાજાની આંખ મળતાં એક સોહામણું સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં બે પુરૂષો જોયા અને બે સન્નારીઓ જોઇ. રાજાને સ્વપ્નમાં પણ અવ્યક્ત આનંદ થયો.

એ ચારે વ્યક્તિઓએ કહ્યું: "હે રાજેન્દ્ર ! આપ ઉદાસીનતાને ત્યજી દો. અમે પહેલેથી મદનમંજરીનો વર શોધી રાખ્યો છે, આપ બીજા વરની શોધ ન કરો. અમારો શોધેલો વર જ મંજરીનો પતિ થશે. વિદ્યાધરોને અમે જ દ્વેષીલા બનાવ્યા છે. આપ નિશ્ચિત રહેજો" આમ કહી ચારે જણા અદૃશ્ય બની ગયા. બીજી તરફ એજ વખતે મંગલપાઠકે સુભાષિત લલકાર્યું.

विषादहर्षौ मा कृढवमुदयादिक्रमो ह्यसौ ।
सर्वसामान्य इत्येष, शंसतीवोदयन् रविः ॥

હે માનવબન્ધુઓ ! હર્ષ અને વિષાદ ન કરો. ઉન્નતિ અને અવનતિનો ક્રમ અથવા ઉદય અને અસ્તનો ક્રમ એ સર્વ સામાન્ય વાત છે. હાલમાં ઉદયાચલ ઉપર આરૂઢ થએલા સૂર્ય આપણને એવું જ જણાવી રહ્યા લાગે છે.

આ સુભાષિત સાંભળતાં રાજાની નિદ્રા દૂર થઇ. પરોઢીએ જોએલ સ્વપ્ન અને મંગલપાઠકના સુભાષિતના અર્થનો વિચાર કર્યો. પરિણામે રાજાની ઉદાસીનતા ઉડી ગઇ. ચિંતા ચાલી ગઈ.

વરની શોધમાં :

મદનમંજરી અને લવલીકા એકાંતમાં બેઠા વાતો કરતા હતા. લવલીકાએ ધીરેથી પૂછયું, અલી મંજરી ? તેં લગ્ન માટે શો વિચાર કર્યો છે ? આવું કયાં સુધી નભશે ? એકલવાયું કેમ ગોઠશે ?

મંજરીએ કહ્યું, સખી ! જો માતા પિતા રજા આપે તો આપણે વિશ્વની સફર કરીએ. એમાં હું વરની શોધ કરું. યોગ્ય વર જણાશે તો લગ્ન કરીશ.

લવલીકાએ એ વાત મને જણાવી. મેં મંજરીના પિતાને એ વાત કહી. આ વાત સાંભળી રાજાએ વિચાર કર્યો કે છોકરીએ સારી યોજના રજુ કરી છે.

દેવતાએ જણાવેલા વરની પ્રાપ્તિ આ ઉપાયથી સંભવિત લાગે છે. ભલે એ દેશાટન માટે જાય. આવો વિચાર કરી રાજાએ અનુમતિ આપી.

પિતાજીની આજ્ઞા મળવાથી મદનમંજરી પોતાની પ્રિય-સખી લવલીકાને સાથે લઈ વરની શોધમાં વિશ્વનું અવલોકન કરવા ચાલી નિકળી.

વિશ્વનું અવલોકન કરતાં કરતાં કેટલા દિવસો પસાર થયા. એક દિવસે લવલીકા ઉદાસ બની અચાનક અમારી પાસે આવી. એણીએ રાજાને અને મને કહ્યું.

હે રાજેશ્વર ! આપની પાસેથી નીકળી અમે રળિયામણા ગામો, નગરો, ઉદ્યાનો, ઉપવનો, નદીઓ, સરોવરો અને અન્ય દર્શનીય સ્થળો જોતા જોતા " સપ્રમોદપુર " નગરે પહોંચ્યા. એ નગરની બહાર " આહ્લાદમંદિર " નામનું ઉપવન હતું. આકાશમાંથી અમે એની સુશોભા જોઇ રહ્યા હતા.

વનશોભા જોતા જોતા દેવકુમારો જેવા એ રાજકુમારો અમારા જોવામાં આવ્યા. એમાંથી એક કુમારને જોઇ મારી સખી મંજરી રાગવશ બની ગઇ. એ રાજકુમાર એના હૈયામાં વસી ગયો.

અમે આકાશમાર્ગેથી પૃથ્વી ઉપર ઉતરાણ કર્યું. આમ્રવનના એક દૂરના આમ્રવૃક્ષ નીચે અમે બેઠક લીધી. દૂર હોવા છતાં પેલા કુમારો અમને જોઇ શકે એ જાતની આમ્રવનની વૃક્ષરચનાઓ હતી.

પ્રિયસખી મદનમંજરી એ રાજકુમારના મુખ તરફ એક નજરે જોઈ રહી હતી. મુખચંદ્રના પીયૂષને પીતા એ ધરાતી ન હતી. એટલામાં એ મનગમતા રાજકુમારે પણ મંજરી તરફ જોયું. એ નજરમાં ખૂબ જ માદકતા હતી. ખૂબ જ અસરકારકતા હતી. મંજરીના હૃદય ઉપર એ નજરે કામણ કરી દીધું.

પોતાના ઉપર પ્રિયની નજર પડવાથી મંજરી આનંદિત બની ગઇ. અમૃત સિંચાએલી વેલડીની જેમ એ હર્ષનો અને સુખનો અનુભવ કરવા લાગી. સુખના સરોવરમાં તરવા લાગી. એના હર્ષના અને આનંદના ભાવો અનેક રીતે મુખ ઉપર મદભર્યું વાતાવરણ સર્જી જતા હતા.

આ પ્રસંગ જોઇ મને પણ આનંદ થયેા. મને થયું કે કેાઇ પણ રાજકુમારને જોઇ મંજરી કદી પ્રસન્ન બનતી ન હતી. આને પ્રસન્ન કરવું સહેલું ન હતું. છતાં આવી દુષ્કરતેાષાને આ રાજકુમારે પ્રસન્ન બનાવી દીધી છે. ધન્ય છે આ રાજકુમારને.

અહાહા ! આ રાજકુમારનું રૂપ કેવું સુંદર છે. લાવણ્ય કેવું મઘમઘી રહ્યું છે ? શરીરની સુડેાળતાએ તેા કમાલ કરી છે. ધન્ય છે વિધાતાને. જાણે નિરાંતના સમયે એણે આ રાજકુમારને કંડારેલેા લાગે છે.

અમારી આ મંજરીનેા અને આ રાજકુમારનેા યેાગ સંબંધ થાય તેા ઘણું સરસ લેખાશે. કામદેવ અને રતિ જેવી સુયેાગ્ય જોડી જામશે. વિધાતાએ સમય લઇને આ યુગલ ઘડી કાઢયું લાગે છે. આ બંનેની નજરેા મલી ગઇ છે. એક બીજાના પ્રેમની આપ-લે થઇ ગઇ છે. ચાલેા, આપણે જે કાર્ય માટે સફરે નિકળેલા તે કાર્ય પાર પડયું.

હું વિચારેા કરતી હતી એટલામાં મનમાન્યેા રાજકુમાર અને એનેા મિત્ર બંને ઉભા થયા. એ ઉપવનની બહાર ચાલ્યા ગયા. મંજરીનું નિધાન છીનવાઇ ગયું હેાય, સર્વસ્વ ચાલ્યું ગયું હેાય એવી એ વિહ્વળ બની ગઇ. મન વિનાની એ બની ગઇ. જલવિનાની મીન જેવી એની દશા બની ગઈ.

મેં કહ્યું, બહેન મદનમંજરી ! તને આ રાજકુમાર ગમી ગયેા લાગે છે. આપણે માત-પિતા પાસે જઇએ. આ વાત જણાવીએ. એએા જરૂર અનુમતિ આપશે જ. આ રાજકુમાર સપ્રમેાદપુરના રાજા શ્રી મધુવારણના સુપુત્ર જ હેાવા

જોઇએ. એ વિના આવું રૂપસૌંદર્ય અને દેહપ્રભા ન સંભવે. પિતાજી પોતે જ વિના વિલંબે તારા લગ્ન કરાવી દેશે.

મંજરીએ કહ્યું, પ્રિય લવલીકે ! આ કુમાર મને ગમી ગયો છે. મારાં અંતરમાં વસી ગયો છે. પરન્તુ એક વાતની મને શંકા છે. હું એને ગમી હોઇશ કે નહિ ? જો હું એને ગમી ગઈ હોત તો એ આ સ્થાન છોડી તરત જ પાછા કેમ જતા રહે ? કેમ અહીં ન બેસે ?

મેં કહ્યું, અલી સખી ! આવું તું ન બોલ. શું એ કુમારે પ્રેમથી તારા તરફ નથી જોયું ? શું તને જોઇને એને તારા તરફ આકર્ષણ નથી થયું ? અરે ! એ પણ તારા ભણી ખૂબ જ આકર્ષાઈ ગયો છે. એ ગયો એમાં પણ હોશીયારી છે. તું એને ખુબજ ગમી ગઈ છો. વ્હાલી બેન ! તું આ શંકા તજી દે. સ્વસ્થ થા. મેં તને જે કહ્યું તે તું અમલમાં મૂક. તારી મનગમતી વાતમાં હું સહાયક બનીશ. આપણે માત-પિતા પાસે જઇએ.

મારી વાતો સાંભળી મંજરીને કંઇક શાંતિ મળી. એણીએ મને કહ્યું, પ્રિયસખી ! મારૂં શરીર અસ્વસ્થ છે. હું આ ઉપવનને તજી શકું એમ નથી. હું તારી સાથે નહિ આવી શકું. તું માત-તાત પાસે જા. અને આ મારૂં કાર્ય જલ્દી સિદ્ધ થાય એવી કાર્યવાહી કર. તારો આભાર માનીશ.

મંજરીનો વધુ પડતો આ માટેનો આગ્રહ હતો. હું એના આગ્રહને ન ઠેલી શકી. મેં એક મોટા વૃક્ષની કોટરમાં

સુકોમળ અને શીતળ નવપલ્લવનોની શય્યા બનાવી અને ત્યાં મંજરીને મૂકી હું અહીં આવી છું.

અહીં આવતાં પહેલાં મેં એ મંજરીને સોગંદ લેવરાવ્યા છે. તારે અમારા આવ્યા પહેલા નવાજુની કરવી નહિ. તેમજ આ સ્થળ તજી બીજે કયાંય જતાં રહેવું નહિ. એણીએ એ બધું માન્ય રાખ્યું છે.

માતાનું આગમન :

લવલીકા પાસેથી વાત સાંભળી પતિદેવે મને કહ્યું. દેવી ! તમે જલ્દી જાઓ. આપણી દીકરીને આશ્વાસન આપો. હું થોડા સમય પછી બધી તૈયારી કરીને આવી પહોંચું છું.

મારા મનમાં એક વાતની શંકા છે. સ્વયંવર મંડપમાંથી પેલા વિદ્યાધરો ગુસ્સે થઇને ચાલ્યા ગયા હતા. એ ગુસ્સે ભરાએલા કાંઇક નવાજુની કરે એવી ધાસ્તી છે. એ માટેની બાતમી લાવવા અને દેખભાળ રાખવા મેં "ચટુલ" ને નિમેલો છે. એટલે દરેક જાતની પહેલેથી તૈયારી કરીને અને દાયજામાં-ભેટણામાં આપવા યોગ્ય વસ્તુઓ લઇને તમારી પાછળ હું આવી પહોંચીશ. તમે જલ્દી જાઓ.

રાજાની આજ્ઞાને સ્વીકારી હું લવલીકા સાથે આવી છું. મારી દાસી લવલીકાને પણ લેતી આવી છું. અમે ખૂબ જ ઝડપથી ઉપવનમાં આવ્યા. મદનમંજરી યોગિની જેમ પ્રિયતમના ધ્યાનમાં લયલીન બની ગઈ હતી. પોતાની જાતને ભૂલી ગઈ હતી. અમે આવ્યા અને એની શીતળ પુષ્પશય્યામાં બેસી ગયા. પરન્તુ એ વાતનો પણ ખ્યાલ મંજરીને ન રહ્યો.

લવલીકાએ કહ્યું, અરે મદનમંજરી ! તું આમ કેમ બેઠી છે ? અરે ! જોતો ખરી, આ માતાજી પધાર્યાં છે. આટલું કહ્યા પછી એને અમારા આવ્યાનો ખ્યાલ આવ્યો. એ એકદમ સભ્રમ પૂર્વક ઉભી થઈ ગઇ અને મારા ચરણોમાં ઝુકી પડી.

મેં એને આશીર્વાદ આપ્યા. ત્યાર પછી પ્રેમથી બાથમાં લઈ ભેટી પડી. મારા બોળામાં શાંતિથી વહાલ પૂર્વક બેસાડી. એના ગાલે ચુંબન કર્યું અને કહ્યું, પુત્રી ! તું શોક તજી દે. જરાય ચિંતા કરવાની જરૂર નથી. તારું મનગમતું કાર્ય થઇ જ ગયું તું માની લે. તારા પિતાજી હમણાં જ આવ્યા માની લે. ઘડી બે ઘડીમાં તારા ધારેલા કાર્યની સિદ્ધિ થઈ જશે. તું આનંદિત બન. શોક તજી દે.

રાત્રિનું આગમન :

મારા એવા ભાગ્ય કયાં છે કે આ પુણ્યવાન્ કુમાર મારો સ્વીકાર કરે ? ધીરેથી આ વાકયને બોલી અને મારી પુત્રી નીચે જોવા લાગી.

મારી પુત્રી મંજરીને શરમાતી જોઇને રવિ પણ અસ્તાચલ ભણી રવાના થઈ ગયો. રાત્રિના બોળા વિશ્વ ઉપર પથરાયા. મેં મંજરીને સારી સારી વાર્તાઓ દ્વારા આનંદિત રાખવાનો પ્રયત્ન કર્યો. પ્રિયકથાઓ સંભળાવી. છતાં પણ અમારી રાત મહામુશીબતે પૂર્ણ થઈ.

લાલસુરેખ જ્યોતિથી જળહળતા બાળ સૂર્યનો ઉદય થયો. મેં લવલીકાને કહ્યું, અરે લવલીકા ! તું આકાશમાં

ઉપર જા અને પતિદેવ હજુ કાં ન આવ્યા એની તપાસ કર. મોડું કેમ થયું ? આટલો સમય કયાં પસાર કર્યો ?

લવલીકા આકાશમાર્ગે ઉડી અને અલ્પ સમયમાં આનંદ-વિભોર બનતી પાછી આવી. મેં પૂછ્યું, તું એકદમ ખુશખુશાલ કેમ બની ગઇ ? શું રાજાજી પધારી ગયા છે ?

રાણીબા ! રાજા સાહેબ નથી પધાર્યા પણ ગઇ કાલે ઉપવનમાં આવેલા રાજકુમારો આજે પાછા ઉપવનમાં આવ્યા છે. મારી સ્વામિનીના પુત્રીના દર્શનની ઇચ્છાથી એમણે ઉપવનના ખૂણેખૂણા જોઇ લીધા, પણ આપણે સૌ ગુપ્ત સ્થળે છીએ તેથી તેઓ જોઈ શકયા નથી.

મંજરીનો પ્રિયકુમાર મંજરીને ન જોતા ઉદાસીન બની ગયો છે. એનો હૃદયવલ્લભ ચિંતાતુર થઇ ગયો એટલે કુલન્ધરે કહ્યું, મિત્ર ! તું ઉદાસ ન બન. તેં વિકસિત કમલદલનયના અને ગુલાબી હાસ્ય વેરતી રૂપવતી યૌવનવંતી જે વૃક્ષ નીચે બેઠા બેઠા જોઇ હતી, તે વૃક્ષ નીચે બેસીએ. તારૂ ભાગ્ય સુપ્રસન્ન હશે તો એ નયહરી તને મળી જશે.

જેવી તારી ઇચ્છા. એમ જણાવી બંને મિત્રો આમ્રવૃક્ષ તળે બેસી ગયા છે. આ છે હર્ષનું કારણ. માતાજી ! આ શું પરમ આનંદનું કારણ ન ગણાય ?

મદનમંજરી બોલી, અલી લવલીકે ! તું આવું બોલીને અમને કાં છેતરે છે ? તું મારી વિરહ સ્થિતિનો શા માટે ગેરલાભ લે છે ? એક તો અત્યારે વિરહદુઃખથી દુઃખી છું અને એમાં તું આવી વાતો બનાવે છે, એ સખી તરીકે તને સારૂં લાગે ?

વ્હાલી મંજરી ! હું તું કહે તેના સોગંદ લઉ. ખરેખર એ રાજકુમારો ઉપવનમાં આવેલા છે. છતાં તને મારી વાત સાચી ન લાગતી હોય તો મારી સાથે ચાલો. એ પ્રિયકુમારના તને સાક્ષાત્ દર્શન કરાવું. માતાજી ! આપ અને મંજરી ચાલો.

માતાજીએ કહ્યું, લવલીકે ! ચાલ હું આવું છું. ધવલિકા દાસીને મંજરી પાસે મૂકી હું લવલીકાને લઇ અહીં આવી છું. કુમાર ! આ વાસ્તવિક હકીકત છે.

મારી પુત્રીના પ્રાણો આપ વિના કંઠે આવ્યા છે. એ તરફડે છે. અમારા ઉપર આપ અનુગ્રહ કરો અને મારી પુત્રીને આપનું હર્ષભર્યું દર્શન આપો. આપ એની સુરક્ષા કરો.

ગુણધારણ (સંસારીજીવ) અને કુલંધરની પાસે આટલું જણાવી મંજરીની માતા કામલતા દેવી ચૂપ રહ્યા.

મદનમંજરી સાથે મિલન :

કામલતાએ વાત પૂરી કરી એટલે મેં મિત્ર કુલંધર સામે જોયું. કુલન્ધરે કહ્યું, મિત્ર ! ચાલો. ત્યાં જવામાં આપણને શો વાંધો છે ? મિત્રનો સુંદર જવાબ સાંભળી અને મદનમંજરી હતી ત્યાં ગયા.

કામલતાએ જેવું વર્ણન કરેલું એ પ્રત્યક્ષ થયું, વિરહિણીના બધા લક્ષણો મંજરીમાં જણાયા. મેં મદનમંજરીને પ્રેમથી નીહાળી. મંજરીએ પણ મારી સામે જોયું. એના અને મારા વિરહના વાદળો વિખરાઈ ગયા. અમૃત સમા સ્નેહ-

સાગરમાં અમો તરવા લાગ્યા. નયનો નાચી ઉઠ્યા. હૈયા આનંદથી ઉછળી રહ્યા.

વત્સે ! હવે તો તને લવલીકાના કહેવા ઉપર વિશ્વાસ થયો ને ? આ પ્રમાણે કામલતા માતાએ કહ્યું એટલે શરમથી એના નયનો નીચા નમી ગયા. પણ મનમાં હરખ સમાતો ન હતો. એના ગાલોમાં ખાડા પડી પયા.

કનકોદરનું આગમન :

એટલામાં મંજરીના પિતાશ્રી કનકોદર રાજા આકાશ-માર્ગેથી આહ્લાદમંદિર ઉદ્યાનમાં ઉતર્યા. એમની સાથે ઘણા વિદ્યાધરો હતા. કેટલાક વિમાનો હતા અને એમાં અનેક મહામૂલ્યવાન રત્નસમૂહ ભરેલા હતા. એમના આગમનની સાથે અમો ઔચિત્ય જાળવવા ઉભા થઈ ગયા.

શ્રી કનકોદર મહારાજા બેઠા પછી અનુક્રમે સૌ બેઠા. મહારાજાએ પ્રેમાળ દૃષ્ટિથી ઘણા વખત સુધી જોયા કર્યું. મનથી જ એમણે માન્યું કે આજ કુમારને મારી પુત્રીએ વર તરીકે પસંદ કર્યો હશે. મને જોવામાં રાજાને પણ આનંદ થયો.

આનંદિત થઇ દેવી કામલતાને પૂછયું અને કામલતાએ સંપૂર્ણ વાતથી રાજાને માહિતગાર કર્યા. રાજા વાત સાંભળીને વધુ પ્રસન્ન બન્યા. એટલામાં ત્યાં ચટુલ આવ્યો અને રાજા-જીના કાનમાં કાંઇક સમાચાર આપ્યા.

મંજરી સાથે લગ્ન :

ચટુલની વાત સાંભળી રાજાએ મહારાણી કામલતાને કહ્યું,

લગ્નકાર્યમાં વિલંબ કરવા જેવો નથી. જલ્દી કાર્ય પતાવી લેવું યોગ્ય છે. કુલંધરની સલાહો લઇને આમારા બન્નેની ત્યાં લગ્નવિધિ કરી દેવામાં આવી. અમારા મનોરથો ફળીભૂત થયા.

લગ્નવિધિની પરિસમાપ્તિ પછી મહારાજાએ કહ્યું, કુલન્ધર ! વજ્રરત્ન, નીલમણિ, વૈડૂર્યરત્ન, પદ્મરાગ, માણેક, હંસગર્ભ, સૌગન્ધિત વગેરે રત્ન–મણિઓથી આ વિમાનો ભરેલા છે અને હું એ વિમાનો ગુણધારણ કુમારને દાયજામાં આપવા ઇચ્છું છું. આશા છે કે અમારો દાયજો સ્વીકારવામાં આવશે.

રાજેશ્વર ! આપની આજ્ઞા શિરસાવંદ્ય છે. આપે ઇચ્છા કે વિનંતિનો પ્રશ્ન ન કરવાનો હોય. વડિલો જે કાંઇ આપે તે પવિત્ર પ્રેમની ભેટો લઇજ લેવાની હોય. આવો સુંદર ઉત્તર કુલંધરે આપ્યો એટલે મહારાજા કનકોદર ઘણા જ ખુશ થયા. પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા.

મદનમંજરીને મનગમતો વર મલી જવાથી મહારાજાને અંતરમાં શાંતિ થઇ. કામલતાનો આનંદ સમાતો નથી. લવલીકા હર્ષથી ઘેલી ઘેલી થઇ જતી હતી. વાતાવરણમાં બધેજ આનંદની છોળો ઉછળતી હતી.

યુદ્ધ સ્તંભન :

આજ સમયે શ્યામલતા જેવું ઘનઘોર ઘટાદાર આકાશ બનવા લાગ્યું. સૌએ ઉપર જોયું એટલે યુદ્ધ માટે થનથની રહેલું વિદ્યાધર સૈન્ય જોવામાં આવ્યું.

મહારાજા કનકોદરે તરત જ પોતાના વિદ્યાધરોને આદેશ આપ્યો કે યુદ્ધ માટે આવેલા વિદ્યાધરોનો સામનો કરવા તૈયાર થઈ જાઓ. ચટુલે જે થોડા સમય પહેલા સમાચાર આપેલા તે આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ. એ સમાચાર તરત જ સાચા પડ્યા છે.

મારી પુત્રી મદનમંજરીના સ્વયંવર વખતે જે રાજાઓ ગુસ્સામાં આવી મંડપ છોડી ચાલ્યા ગએલા તે બધા મારા ઉપર ઇર્ષા રાખતા હતા. "મદનમંજરીના ગુણધારણ સાથે લગ્ન કરાવ્યા છે." ગુપ્તચરો દ્વારા આ વાતની જાણ થતા એ બધા ભેગા મળી યુદ્ધ માટે આવ્યા છે.

યુદ્ધ માટે આવેલા વિદ્યાધરો એમ મનમાં માને છે કે ગુણધારણ અમારા કરતાં હીન છે. અમો ઉત્તમ વિદ્યાધરો છીએ. વિદ્યાધર વિના મંજરી બીજે લગ્ન કેમ કરે ? ગુણધારણને પરણવાનો શો અધિકાર છે ? કનકોદર રાજા પોતે આવા સામાન્ય માનવીને પુત્રી કેમ આપે ? અમે આ વાત ચલાવી નહિ લઇએ. આવી એમના મનમાં મુરાદ છે.

એ લોકો આહ્લાદમંદિર ઉદ્યાન ઉપર આવી પહોંચે એ પહેલાં જ આપણે એમનો સામનો કરવાનો છે. ગરૂડ જેમ કાગડા ઉપર તૂટી પડે એમ હે વીર સેવકો ! તમે તૂટી પડો.

પોતાના સ્વામીના વચનો સાંભળી ઉપવનની ભૂમિ ઉપર રહેલા વિદ્યાધરો સામનો કરવા ઉડવાની શરૂઆત કરવા વિચાર કર્યો, ત્યાં મને થયું અરે ! આ મારા નિમિત્તે યુદ્ધ

થાય તે સારૂં નહિ. મારા લગ્નના કારણે આ વિદ્યાધરોનો પ્રલય થાય એ શું સારૂં ગણાય ?

હું કરૂણાના વિચારો કરી રહ્યો હતો, ત્યાં કોઇ અજ્ઞાત-શક્તિએ આકાશમાં રહેલાં વિદ્યાધરોને આકાશમાં થંભાવી દીધા. એ રીતે જ ભૂમિ ઉપર રહેલા વિદ્યાધરોને ભૂમિ ઉપર થંભાવી દીધા. તમામ વિદ્યાધરો માટીની મૂર્તિ જેવા જડ બની ગયા.

ક્ષમા પ્રાર્થના :

આકાશમાં રહેલા વિદ્યાધરો ચારે તરફ નજર કરવા લાગ્યા. મદનમંજરી અને મને એમણે શ્રેષ્ઠ સુવર્ણમય આસન ઉપર બેઠેલા જોયા. શ્રેષ્ઠ આસન ઉપર બેઠેલા જોઇ એઓ વિચાર કરવા લાગ્યા.

અરે ! આ રાજકુમારનું રૂપ કેવું સરસ છે ? એના દેહની પ્રભા કેવી મનમોહક છે ? કેવું ઓજસ એના મુખ ઉપર રમી રહ્યું છે ? મદનમંજરીએ જે કાંઈ કર્યું છે, તે ઘણી સમજદારી પૂર્વક કર્યું છે. એણે બુદ્ધિમત્તાનો સારો ઉપયોગ કર્યો છે.

જેણે પરીક્ષા કરીને આવો ભર્તાર બનાવ્યો છે તેણેજ પોતાના તેજથી અમને બધાને સ્તંભિત બનાવી દીધા જણાય છે. એના વિના બીજામાં આવી અપૂર્વશક્તિ ન હોઇ શકે.

જુવોને ! મદનમંજરી, કુલંધર અને પોતે એમ ત્રણે જણા છૂટા છે. એ વિનાના બધાજ બંધાઈ ચૂકેલા દેખાય છે. અમે ઘણું ખોટું કર્યું. આ નરરત્નને મારી નાખવાનો વિચાર

કર્યો એનું આ પ્રત્યક્ષ પાપ છે કે અમો જડ જેવા બની ગયા. અમારાથી ઘણી જ અયોગ્ય ભૂલ થઇ.

અમારો એ સ્વામી છે, અમે એના સેવકો બની રહેવા ઇચ્છિએ છીએ. જો આ અદૃશ્ય બંધનોથી મુક્ત બનીએ તો એના ભૃત્યપણાનો સ્વીકાર કરીએ. આવો વિચાર કરતાં કોઇએ એમને બંધન મુક્ત કર્યા.

એ મુક્ત બનેલા વિદ્યાધરો તરત જ મારી પાસે આવ્યા અને મારા ચરણોમાં ઝુકી પડ્યા. બે હાથ જોડી બોલ્યા, હે દેવ ! અમારો અપરાધ ક્ષમા કરો. અમોએ મોટી ભૂલ કરી છે. હવે અમે કદી આપનાથી વિરૂદ્ધ નહિ કરીએ. અમો આપના વફાદાર સેવક બની સેવા કરીશું.

આવો ચમત્કાર જોઇને રાજા કનકોદર અને એના સૈનિકોનો પણ ક્રોધ શાંત બની ગયો. એના પણ અદૃશ્ય બન્ધનો દૂર થઈ ગયા. એ સૌ છૂટા થઈ ગયા અને બન્ને સૈન્યના સૈનિકો પરસ્પર મળ્યા.

આનંદ ! આનંદ: !!

બન્ને સૈન્યના વિદ્યાધરોમાં આનંદ આનંદ પ્રસરી ગયો. વાતાવરણ ભીષણ હતું એ ભવ્ય અને ખુશનુમા ભર્યું બની ગયું. આનંદ આનંદ છવાઇ ગયો.

મારા પિતાજી મધુવારણ મહારાજાને આ સમાચારોની જાણ થઈ એટલે એઓ પણ હર્ષઘેલા બની ગયા. પરિવાર સાથે આહ્લાદમંદિર બગીચામાં આવી પહોંચ્યા. દૂરથી આવતા

પિતાજીને જોતા અમો સૌ ઉભા થઇ ગયા. મદનમંજરી અને વિદ્યાધરો પણ ઉભા થઇ ગયા. હું પિતાજીના ચરણોમાં નમી ગયો પછી માતાજીના ચરણે ઝુકી વંદન કર્યું.

મારી સાહ્યબી જોઈ માત–પિતા અને દરેક લોકો આનંદમાં આવી ગયા. સૌને ઘણી ખુશી થઈ. બાળકો અને નગરની સોહાગણ નારીઓ પણ ગેલમાં આવી ગઇ. બધે આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

અમારો મોટા આડંબર અને વૈભવશીલ રીતે નગરપ્રવેશ ઉત્સવ કરાવવામાં આવ્યો. મને મહા ગજરાજ ઉપર બેસાડવામાં આવ્યો. મારી બાજુમાં પિતાજી બેઠા. પાછળ મિત્ર કુલંધર અને માતાજી વગેરે બેઠા. દબદબા ભર્યો પ્રવેશ થયો.

પ્રવેશ ઉત્સવ આનંદપૂર્વક પૂર્ણ થયો પછી મારા પિતાજીએ મહારાજા શ્રી કનકોદર અને અન્ય વિદ્યાધરોનો યોગ્ય સત્કાર કર્યો. સૌને યોગ્ય સન્માન આપ્યું. પિતાજીએ સૌને ખુશ ખુશ કરી દીધા.

એ મંગળ દિવસ અમારો આનંદમાં જ પસાર થયો. મોતી વરસ્યા કહો કે અમીના મેહ વરસ્યા કહો પણ અમારો એ દિવસ કયાં ગયો એ અમને ખબર ન પડી.

રાત્રે મદનમંજરી સાથે શયનખંડમાં ગયો. દેવલોક જેવા રતિ સુખો ભોગવ્યા. પછી હું નિદ્રાધીન બન્યો અમારી રાત કયાં ગઇ તે મને ખબર ન પડી. જીવલોકના અમે સુખીયા જીવો હતા.

પ્રકરણ બીજું

રાજ્ય અને ધર્મ

કુલંધર સ્વપ્ન :

અમારી રાત્રિ આનંદમાં પસાર થઇ. પ્રભાતે મિત્ર કુલંધર મારી પાસે આવ્યો અને એણે જણાવ્યું કે મે. રાત્રે સુંદર સ્વપ્ન જોયું છે.

ભાઇ ગુણધારણ! રાતે સ્વપ્નમાં મેં પાંચ મનુષ્યો જોયા હતા. એમાં ત્રણ પુરૂષો હતા અને બે સ્ત્રીઓ હતી. સ્વપ્નમાં એ પાંચે વ્યક્તિઓએ મને કહ્યું કે હે કુલન્ધર! ગુણધારણ જે અત્યારે સુખ સાહ્યબી માણી રહ્યો છે અને ભવિષ્યમાં જે મેળવશે તે અમારા આધારે જ મેળવશે.

મિત્ર ગુણધારણ! આવા શબ્દો કહી એ સૌ અદૃશ્ય બની ગયા. ત્યાર પછી તરત જ હું જાગૃત બન્યો. પણ એ લોકો કોણ હતા એની મને ખબર ન પડી. હું ઓળખી ન શકયો.

મેં કહ્યું, મિત્ર કુલંધર! તું આ સ્વપ્નની વાત પિતાજીને કહી સંભળાવ. જેથી આ સ્વપ્નનો ભાવાર્થ સ્પષ્ટ રીતે આપણા સમજવામાં આવી જશે.

મિત્ર કુલંધર તરત જ રાજસભામાં ગયેા. ત્યાં અનેક વિદ્વાનેા વિદ્યમાન હતા. પિતાજી પણ હતા. સ્વપ્નની વાત ત્યાં સંભળાવી અને સૌ એ ઉપર વિચાર કરવા લાગ્યા. સૌએ એક મત થઈ જણાવ્યું.

રાજેન્દ્ર ! સ્વપ્નમાં આવેલ વ્યક્તિઓ કેાઇ દેવેા હેાવા જોઇએ. કુમારશ્રીને એ ઘણા અનુકૂળ છે. અને એમના પ્રતાપે જ કુમારશ્રીને મદનમંજરી તેમજ વિદ્યાધરેાનું આધિપત્ય વિગેરે મળ્યું છે. પ્રસન્ન બનેલા તેઓએ કુલન્ધરને સ્વપ્નમાં આ વાતેા જણાવી લાગે છે.

હું આ વખતે રાજસભામાં હાજર હતેા. મને વિચાર આવ્યેા કે કુલંધરે સ્વપ્નમાં પાંચ મનુષ્યેા જોયા છે. અને મારા સસરા કનકેાદર મહારાજાએ મદનમંજરીની લગ્નની ચિંતા વખતે ચાર મનુષ્યેા સ્વપ્નમાં જોએલા હતા. એમણે કનકેાદર મહારાજાને જણાવેલું કે તમે પુત્રીના વરની ચિંતા ન કરેા. અમે એનેા વર શેાધી રાખ્યેા છે.

સ્વપ્નમાં આવનારા આ બધા કેાણ દેવેા છે ? મારા માટે આટલી બધી ચિંતા કેમ કરે છે ? મારૂં ઇષ્ટ કરવામાં એમને શેા લાભ હશે ? આ વાતેામાં કાંઇ ગુપ્ત રહસ્ય લાગે છે. મને કાંઈ સમજ પડતી નથી.

કેાઈ સમર્થ જ્ઞાની ગુરૂભગવંતનેા સંયેાગ મળશે, ત્યારે હું આ સંબંધી પ્રશ્નેાના સમાધાનેા મેળવીશ. આવેા વિચાર કરી મેં એ વાત મનમાં રાખી સભામાં મેં મારી શંકા જાહેર ન કરી.

ત્યાર પછી મારા પિતાજીએ મારા સેવક તરીકે બનેલા સર્વ વિદ્યાધરોનો આદર સત્કાર કર્યો. અને સૌને સન્માનપૂર્વક વિદાય આપી. સૌ પોતપોતાના સ્થાને ગયા.

મારી દરેક મનઃકામના પૂર્ણ થઇ હતી. મદનમંજરી સાથે સુખસાગરમાં સદા સ્નાન કર્યા કરતો હતો. મંજરીમાં ગુણો ઘણા હતા. રૂપ સૌંદર્ય પણ ઘણા હતા. અમારી પ્રીતિ દિનદિન વધતી ચાલી. રાજ્ય કારભાર પિતાજી સંભાળતા હતા. મને કોઈ જાતની જરાય ચિંતા ન હતી. આનંદના સ્વૈરવિહારમાં અમે મસ્ત હતા.

કંદમુનિવર :

મારી પત્ની અને મિત્ર કુલંધર સાથે એક દિવસ હું આહ્લાદમંદિર ઉદ્યાનમાં ફરવા ગયો. ત્યાં મુનિવર શ્રી કંદ મારા જોવામાં આવ્યા. અમે સૌ એ મહાત્માશ્રીની પાસે ગયા. ભાવથી વંદન કરી એમની સામે શુદ્ધ ભૂમિ ઉપર બેસી ગયા.

મહાત્મા કંદમુનિએ અમને "ધર્મલાભ"નો આશીર્વાદ આપ્યો. પછી શુદ્ધ ધર્મદેશના આપી. દેશના સાંભળતા મને ઘણો આનંદ થયો. હે મૃગનયને ! ત્યાં સમ્યગ્દર્શન અને સદાગમ પ્રગટ થયા. બન્ને પુરૂષોને હું સારી રીતે જોઇ શકતો હતો. એમને ઓળખતા મને વાર ન લાગી.

ગુરૂદેવ શ્રી કંદમુનિવરના વચનોથી મને બોધ થયો અને મેં મારા હિતસ્વી બન્ધુ તુલ્ય સમ્યગ્દર્શન અને સદાગમનો સહર્ષ સ્વીકાર કર્યો.

બીજી તરફ વેદનીય મહારાજાનો સૈનિક "સાત"ને મારા ઉપર અત્યન્ત પ્રેમ હતો. વિબુધાલયમાં એની સાથે સારી મિત્રતા હતી. જુની મિત્રતાને યાદ કરી એ પણ આ અવસરે પ્રગટ થઇ અને ભેટી પડ્યો. જોકે પહેલાં પણ હતો ખરો, આ વખતે તે જાહેર થયો.

સાત સૈનિકના હાજર થવાથી સંસારના સ્ત્રી ધન, વૈભવ આદિના સુખો હતા, તેમાં મને વધુ સુખ જણાવા લાગ્યું. આ બધો ગુરૂદેવના દર્શન વંદનનો મહિમા હતો. પહેલાના સુખોમાં અનંતગણો વધારો થઈ ગયો.

મારી પત્ની મદનમંજરીએ અને મિત્ર કુલંધરે પણ સમ્યગ્-દર્શન અને સદાગમને પોતાના મિત્ર તરીકે સ્વીકાર્યા. મહાત્મા શ્રી કંદમુનિવરે ફરી દેશના આપવી ચાલુ કરી.

ચિત્તવૃત્તિ-અટવીમાં ખળભળાટ :

આહ્લાદમંદિર ઉપવનમાં એક નવો મંગળ પ્રસંગ બન્યો. મહામોહ વિગેરે જેઓ ચિત્તવૃત્તિ અટવીમાં પોતાનો અડ્ડો જમાવી ઘેરો ઘાલી પડ્યા હતા ત્યાં એમના સૈન્યમાં ખળ-ભળાટ મચી ગયો. મહામોહ વિગેરેએ પોતાનો ઘેરો હઠાવી લીધો અને ભયથી દૂર જઇને બેઠા.

બહેન સંકેતા ! ચારિત્ર ધર્મરાજને કાંઇક આનંદ થયો. એઓ ઉત્સાહમાં આવી ગયા. એમણે મંત્રીશ્વર સદ્બોધને બોલાવ્યા અને જણાવ્યું, મંત્રીશ્વર ! આપણો ઘેરો ઉપડી ગયો છે. આપણી અનુકૂળ તક આવી જણાય છે.

તમે કર્મપરિણામ મહારાજાને મળી પુત્રી વિદ્યાને લઈ સંસારીજીવ પાસે જાઓ. હાલમાં જવું યોગ્ય લાગે છે. ગુપ્તચરો દ્વારા મને જાણવા મલ્યું છે કે એ સંસારીજીવ ગુણધારણ તરીકે મહાત્મા શ્રી કંદમુનિ પાસે રહેલા છે. તમે મારી પુત્રી વિદ્યાને લઈ જશો તો એ અવશ્ય સ્વીકાર કરશે.

મંત્રીની માન્યતા :

વિનમ્ર ભાવે મંત્રીશ્વરે મહારાજાને કહ્યું, મહારાજા! આપની વાત અમારે શિરોધાર્ય કરવી જ જોઈએ પરન્તુ હજુ વિલંબ કરવો મને વધુ ઉચિત જણાય છે. કારણ કે એ સંસારીજીવ–ગુણધારણને સાત અને પુણ્યોદય એ બે ઘણા વહાલાં મિત્રો લાગે છે.

એ બંને મિત્રો ગુણધારણને ઘણા વિષયસુખોમાં બાંધી રાખવા માગે છે. ગુણધારણ પણ સાત અને પુણ્યોદયને વધુ અનુકૂળ છે. આવી પરિસ્થિતિમાં વિદ્યાને લઈ જવું મને સાનુકૂળ નથી જણાતું. આપણી ઈચ્છા સાત અને પુણ્યોદય પાર નહિ પામવા દે.

હમણા આપ ગૃહિધર્મ યુવરાજને મોકલો. એમના માટે વધુ અનુકૂળતાઓ છે. એઓશ્રી પોતાના પરિવાર સાથે ત્યાં જાય તો આપણને લાભ થશે.

ત્યાં જતાંની સાથે જ ગૃહિધર્મકુમારનો સહર્ષ સ્વીકાર કરવામાં આવશે. ત્યાર પછી સમયે સમયે આપણે બધા ત્યાં પહોંચી જઇશું.

મંત્રીશ્વરની માન્યતામાં મહારાજાને તથ્ય જણાયું એટલે એમણે પોતાના પુત્ર ગૃહિધર્મકુમારને મારી પાસે મોકલ્યો. તે ગૃહિધર્મકુમાર શ્રી કર્મપરિણામ મહારાજાની આજ્ઞા લઈ મારી (ગુણધારણની) પાસે આવ્યો.

ગૃહિધર્મનો સ્વીકાર :

મહાત્મા શ્રી કન્દમુનિવરે ગૃહિધર્મકુમારનું અને એના પત્ની ગુણરક્તતાનું તથા એના સૌમ્ય પરિવારનું સુંદર વર્ણન કર્યું. મિત્ર કુલંધર, પત્ની મદનમંજરી અને મેં એમ ત્રણે જણાએ ગૃહિધર્મનો સ્વીકાર કર્યો. ગૃહિધર્મને સ્વીકાર કરતા અમને ઘણો જ આનંદ થયો.

સ્વપ્ન માટે પ્રશ્ન :

અગૃહીતસંકેતે ! મેં જે પ્રશ્ન પૂછવા માટે મનમાં નિર્ણય કરી રાખેલો તે સ્વપ્નના ફળ માટેનો પ્રશ્ન પૂ. ગુરૂદેવ શ્રી કંદમુનિવરને પૂછ્યો.

મુનિવરે કહ્યું, ગુણધારણ ! અતીન્દ્રિયજ્ઞાની વિના તમારા પ્રશ્નોનું કોઇ સુખદ સમાધાન કરી શકે નહિ. મારા પરમ-તારક ગુરૂદેવ શ્રી નિર્મળાચાર્ય છે. એઓ કેવળજ્ઞાનના ધારક છે. હાલમાં દૂરદેશમાં એઓ વિચરી રહ્યા છે.

હું જ્યારે પૂજ્યપાદ ગુરૂદેવને પાદવંદન કરવા જઈશ ત્યારે તમારા સંદેહવિષયક પ્રશ્નોને પૂછી સમાધાન મેળવીશ. એઓ મહાજ્ઞાની હોવાથી સ્વપ્નનો ભાવાર્થ બરોબર સમજાવશે.

મેં કહ્યું, ગુરૂદેવ ! આપના ગુરૂદેવ અહીં આહ્લાદમંદિર

ઉપવનમાં પધારે તો સારામાં સારું ગણાશે. અમારૂં નગર પવિત્ર બનશે.

હું તમારી વિજ્ઞપ્તિ ગુરૂદેવને જણાવીશ. અને ગુરૂદેવ પણ તમારી ભાવનાને જરૂર સ્વીકારશે. અથવા તો ગુરૂદેવ સ્વયં કેવળજ્ઞાની છે. એમના જ્ઞાનમાં સંપૂર્ણ વિશ્વના દરેક પદાર્થો આવી જાય છે. એટલે તમારા હૃદયના ભાવો જાણી એઓ સ્વયં આવી જશે. આ પ્રમાણે મુનિવર શ્રી કંદમહાત્માએ મને જણાવ્યું.

વળી આગળ જણાવ્યું કે ગુરૂદેવ નિર્મળસૂરિજી ન પધારે ત્યાં સુધી સમ્યગ્દર્શન, સદાગમ અને ગૃહિધર્મનો આદર કરતા રહેશો. એમનું માન સન્માન સદા જાળવજો.

મેં એ વાતોનો સહર્ષ સ્વીકાર કર્યો અને મહાત્મા શ્રી કંદમુનિવરને નમસ્કાર કરી મિત્ર કુલંધર અને પત્ની મદનમંજરી સાથે આવાસે આવ્યો.

થોડા દિવસો પછી મારા પિતાજી શ્રી મધુવારણ મહારાજા ધર્મની આરાધના કરતા સમાધિમરણ પામ્યા. એમના મૃત્યુ પછી મને રાજ્યના સ્વામી તરીકે સ્થાપ્યો. પૌરજનોએ સરસ રાજ્યાભિષેક ઉત્સવ કર્યો. દેવતાઓનો સ્વામી ઈન્દ્ર એમ હું મનુષ્યલોકનો ઇન્દ્ર ગણાવા લાગ્યો.

મને મહારાજ્યની પ્રાપ્તિ થઇ છતાં, સમ્યગ્દર્શન, સદાગમ અને ગૃહિધર્મની સાથે ગાઢ મૈત્રી રાખવાથી એ મહારાજ્ય ઉપર મમત્વભાવ વધુ ન થયો. રાજ્યમાં આસક્ત ન બન્યો તેમ વિષયમાં પણ અતિ આસક્ત ન બન્યો.

જ્ઞાની-નિર્મળાચાર્ય :

કલ્યાણ નામનો સેવક એક દિવસે મારી પાસે આવ્યો નમન કરી વિનયપૂર્વક બોલ્યો. દેવ! આહ્લાદમંદિર ઉદ્યાનમાં અચિંત્ય પ્રભાવશાલી નિર્મળસૂરીશ્વરજી મહારાજ પધાર્યા છે. હું આપની પાસે આ મંગળ વધામણાં આપવા આવ્યો છું.

કલ્યાણની વાત સાંભળી મને ઘણોજ આનંદ અને સંતોષ થયો. એને સંતોષ થાય એટલું પ્રીતિદાન મેં આપ્યું. પરિવારની સાથે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી નિર્મળસૂરીશ્વરજીને વંદન કરવા હું ઉદ્યાનમાં આવ્યો.

આહ્લાદમંદિરની શુદ્ધ ભૂમિ ઉપર એક સુવર્ણ સિંહાસન ગોઠવેલું હતું. એ મહાર્ઘ્ય સિંહાસન ઉપર આચાર્યદેવશ્રી બિરાજમાન થએલા હતા. દેવતાઓ અને મનુષ્યો એમની સેવામાં હાજર હતા. ચારે બાજુ અનેક મુનિ ભગવંતો બિરાજેલા હતા. બરોબર મધ્યભાગમાં પૂ. નિર્મળસૂરીશ્વરજી હતા. એમને જોતાં જ મારા હર્ષનો પાર ન રહ્યો. મારા અન્તરમાં આનંદની ધારા વહેવા લાગી.

મેં રાજ્યચિહ્નોનો ત્યાગ કર્યો[1] અને દ્વાદશાવર્ત[2] વંદનથી આચાર્ય ભગવંતને વંદન કર્યું. અન્ય મુનિ ભગવંતોને પણ

---

૧ છત્ર, ચામર, તલવાર, મુગટ અને વાહન એ રાજ્ય ચિહ્નો ગણાય છે. વાહનના બદલે ઉપાનહ જુટ શબ્દ ભાષ્યમાં આવે છે. આ પાંચ વસ્તુઓનો ત્યાગ કરી દેવ કે ગુરૂને વંદન કરવા જવાય છે. મુગટમાં રાજ્યમુગટનો ત્યાગ હોય પણ બીજો મુગટ પહેરીને જતા હોય. ખુલ્લે મસ્તકે દેવ–ગુરૂ પાસે જવાય નહિ.

૨ " દ્વાદશાવર્ત " વંદનની વિધિ ગુરૂવંદન ભાષ્યમાંથી જોવી.

યથાયોગ્ય વિધિથી વંદન કર્યું. સૌ યોગ્ય સ્થળે બેઠા પછી આચાર્ય ભગંતે કર્મરૂપી ઝેરને ઉતારી દેનારી ધર્મદેશના આપી.

ધર્મદેશના સાંભળી મારા ભાવો નિર્મળ બન્યા. દેશનામાં સંવેગ અને નિર્વેદની વાતો હતી. મારા કર્મો હળવા બન્યા. મારૂં મન દીક્ષા લેવા તત્પર બન્યું.

એટલામાં મુનિવર શ્રી કંદમુનિએ ગુરૂદેવને પ્રશ્ન કર્યો. ગુરૂદેવ ! આ સંસારમાં સમય પસાર કરવો કોનો દુઃખદાયી લાગે છે ?

ગુરૂદેવ- કંદ ! જેને સંદેહ પૂછવાની ભાવના થઇ હોય એને કાળવિલંબ કઠણ થઇ પડે છે.

કંદમુનિ- ગુરૂદેવ ! જો એમ હોય તો આપ સાહેબ ! ગુણધારણ રાજાની આંતરશંકાઓનું સમાધાન આપો.

ગુરૂદેવ- બહુ સરસ. એમના સંદેહનો ખુલાસો કરીએ.

ગુણધારણ- આપે મારા ઉપર મહાકરૂણા કરી. મુનિવર શ્રી કંદમુનિએ પણ મારા ઉપર કૃપા કરી છે.

ગુરૂદેવ- રાજન્ ! આપના મનમાં એ પ્રશ્ન છે કે કનકોદર મહારાજાએ ચાર અને મિત્ર કુલંધરે પાંચ મનુષ્યો સ્વપ્નમાં જોયા એ કોણ છે ? શા માટે સ્વપ્નમાં આવેલા ? મારા ઇષ્ટ કાર્યો શા માટે એ લોકો સિદ્ધ કરે છે ? શું એ દેવતાઓ છે ? શું એ બન્ને સ્વપ્નો ખોટા છે ? ખરી હકીકત શું છે ?

ગુણધારણ- ગુરૂદેવ ! આપ કહો છો તે બરોબર છે.

ગુરૂદેવ–તમે સાવધાન થઈ સાંભળો. ગુરૂદેવે અસંવ્યવહાર નગરથી આરંભી આજસુધીનો મારો બધો ઇતિહાસ મને કહી સંભળાવ્યો અને ત્યાર પછી આગળ ચલાવ્યું.

સ્વપ્નફળ કથન :

ગુરૂદેવે કહ્યું, રાજન્! તારી ચિત્તવૃત્તિમાં અનેક ગામો અને નગરોથી સુશોભિત તારું અંતરંગ રાજ્ય છે. તું એનો સ્વામી છે. છતાં મહામોહ વિગેરે એના ધણી ધોરી થઈ બેઠા હતા. એ લોકોએ તારું આંતરરાજ્ય પડાવી લીધું હતું.

તારા કમનશીબે કર્મપરિણામ રાજા તારાથી વિરૂદ્ધ હતો. એ મહામોહને સહાય આપ્યા કરતો હતો. એ ભારે વક્ર સ્વભાવનો છે. પણ હાલમાં તે તારા માટે અનુકૂળ બન્યો છે. એણે પોતાની પત્ની કાલપરિણતિદ્વારા તારા માટે સાનુકૂળતાઓ કરી આપવા તૈયારી કરી છે.

એ રીતે જ તારી અન્તરંગ પત્ની ભવિતવ્યતા અનુકૂળ બની છે. અંગત સેવક સ્વભાવને તારી સેવા માટે આજ્ઞા કરી છે, પુણ્યોદયને ઉત્સાહિત કર્યો છે. તારા વિરોધી મહામોહાદિનો કર્મપરિણામે તિરસ્કાર કર્યો છે. ચારિત્રધર્મરાજ વિગેરેને કાંઇક આશ્વાસન આપ્યું છે. સુખનો માર્ગ તને બતાવ્યો છે.

હાલમાં તને સમ્યગ્દર્શન અને સદાગમ ઉપર સ્નેહભાવ જાગ્યો છે એમાં પણ કર્મપરિણામ તારે અનુકૂળ છે એ જ કારણ છે. એજ કર્મપરિણામે પુણ્યોદયને કહી તને આ તારી

પત્ની મદનમંજરી અપાવી છે. પુણ્યોદયની પ્રેરણા વિના બહિરંગ પ્રદેશની પત્ની મદનમંજરી તું કયાંથી મેળવી શકે ?

વળી પુણ્યોદયે કનકોદર મહારાજાને સ્વપ્નમાં કર્મપરિણામ, કાળપરિણતિ, ભવિતવ્યતા, સ્વભાવ એ ચાર મનુષ્યો બતાવ્યા હતા અને એમણે કહેલું કે હે રાજન્ ! તારી પુત્રી મદનમંજરી માટે અમે વર શોધી રાખ્યો છે. અમે દરેક ઇષ્ટકાર્યો કરનારા છીએ. તમારે ચિંતા કરવી નહિ. અમારી ઇચ્છા નહિ હોય ત્યાં સુધી મદનમંજરી કોઇને વરવા નહિ ઇચ્છે. આ કનકોદર રાજાનું સ્વપ્ન હતું.

પુણ્યોદયને કર્મપરિણામે કહ્યું, ભાઈ પુણ્યોદય ! ગુણધારણને સુખી કરનાર તું છે અને તું તારા દર્શન આપતો નથી અને અમને આગળ કરે છે એ સારૂં નથી. તારા વગર અમે કોઇને સુખી કરવા સમર્થ નથી. તારે પણ તારા દર્શન આપવા જોઇએ.

પુણ્યોદયે કર્મપરિણામ મહારાજાનો આદેશ માથે ચડાવ્યો. કુલંધરને સ્વપ્નમાં પહેલાંના ચાર અને પુણ્યોદય વધારામાં, એમ કુલ પાંચ મનુષ્યોએ દર્શન આપેલા. એમણે જણાવેલું કે અમો જ ગુણધારણને સર્વસુખો આપીએ છીએ.

હે રાજન્ ! ચાર અને પાંચ વ્યક્તિઓ સ્વપ્નામાં જોવાનું કારણ આપને સમજાઇ ગયું હશે.

ચારિત્ર ધર્મરાજાને બે સેનાપતિઓ છે. એક પુણ્યોદય અને બીજો પાપોદય. એમાં પુણ્યોદય એ એક ઘણો સમજુ

અને પરાક્રમી વ્યક્તિ છે. એની શક્તિ અમાપ છે. તું જ્યારે નંદિવર્ધન હતો ત્યારે પુણ્યોદયે કનકમંજરી સાથે સંબંધ કરાવી આપેલો. તું રિપુદારણ હતો ત્યારે નરસુંદરી સાથે મેળાપ કરાવી આપેલો. તું વામદેવ હતો ત્યારે નિર્મળગુણી વિમળ જેવા સુજન સાથે મિત્રતા કરાવી આપેલ. તું ધનવાહન હતો ત્યારે અકલંક જેવા યશસ્વી સાથે મેળ કરાવી આપેલ. એમ તને અનેક ભવમાં પુણ્યોદયે સુખના સાધનો આપેલા પણ તું એ વખતે હિંસા વિગેરેને સારા માનતો અને પુણ્યોદયની પરવા કરતો ન હતો.

તું પાપોદય સેનાપતિને વધુ અનુકૂળ હતો. એને આધારે તને દુઃખો પડતા. પુણ્યોદય સેનાપતિ ચારિત્ર ધર્મરાજને અનુકૂળ છે અને પાપોદય સેનાપતિ મહામોહરાજને અનુકૂળ છે.

હે ગુણધારણ ! પાપોદયની ખરી ઓળખાણ તારા પત્નીએ તને કદી કરાવી નહિ. તને વધુ શું કહેવું ? વિશ્વમાં તું અત્યાર સુધી સુખ પામ્યો અને ભવિષ્યમાં પામીશ એમાં પુણ્યોદયને કારણ માનવો. એમ દુઃખો થયા કે થશે એ પાપોદયના પ્રતાપે થયા અને થશે એમ માનવું.

પુણ્યોદયની પ્રેરણાથી જ મદનમંજરીના લગ્ન પછી યુદ્ધના નાદે ચડેલા પૃથ્વીપર રહેલા વિદ્યાધરોને અને આકાશમાં રહેલા વિદ્યાધરોને વનદેવતાએ થંભાવી દીધા હતા.

ગુણધારણ– ગુરૂદેવ ! સુખ દુઃખમાં શું હું કાંઇ કરી શકતો નથી ? મારો આમાં કશો ઉપાય કે ઉપયોગ નથી ?

ગુરૂદેવ– રાજન્ એવું કદી ના માનશો. સુખ દુઃખમાં તારી યોગ્યતા એ મુખ્ય કારણ છે અને પુણ્યોદય, કર્મપરિણામ વિગેરે સહકારી કારણો છે. તું મુખ્ય છે અને એ પાંચે ગૌણ છે.

ગુણધારણ– ગુરૂદેવ ! મારા કાર્ય પ્રસાધનમાં આટલા જ કાર્યસાધક કારણો છે કે એ વિના પણ બીજા કાર્યસાધક કારણો હોઇ શકે છે ?

ગુરૂદેવ– રાજન્ ! બીજા પણ અનેક કારણો છે.



પ્રકરણ ત્રીજું

ઉન્નતિ અને અવનતિ

અન્ય કારણો :

આચાર્ય ભગવંત શ્રી નિર્મળસૂરીશ્વરજીની દેશના પછી ગુણધારણ રાજાના સ્વપ્નફળ કથનમાંથી નવા નવા પ્રશ્નો ઉપસ્થિત થતા ગયા અને આચાર્ય ભગવંત એનું સમાધાન આપતા ગયા.

સુખી થવામાં માત્ર પુણ્યોદય વિગેરે કારણો છે અને દુઃખી થવામાં માત્ર પાપોદય કારણ છે કે એ સિવાય બીજા પણ કારણો છે ? આના ઉત્તરમાં ગુરૂદેવ આગળ ચલાવે છે.

ગુરૂદેવ– ભદ્ર ગુણધારણ ! આધિની આંધી, વ્યાધિના વંટોળ અરે ઉપાધિના ઉત્પાતો જ્યાં સદા માટે સર્વથા જેમાં શમી જાય છે એવી નિર્વૃતિ નગરીમાં બિરાજેલા સર્વજ્ઞ પરમાત્મા શ્રી સુસ્થિત મહારાજ છે. એમની આજ્ઞાનું પાલન સુખનું કારણ અને એમની આજ્ઞાનું વિરાધન દુઃખનું કારણ બને છે. આ પણ એક કારણ છે. આ કારણ મહત્વનુ કારણ ગણાય છે.

તેં પહેલાં એ આજ્ઞાનું ઘણીવાર ઉલ્લંઘન કરેલું તેથી તેં ઘણા દુઃખો ભોગવ્યા છે અને હમણા તું જે સામાન્ય સુખ ભોગવી રહ્યો છે તે આજ્ઞાપાલનનું અદ્‌ભુત પરિણામ છે.

ગુણધારણ–ગુરૂદેવ ! અતિપ્રિય પ્રિયતમા મને મળી છે. સુંદર અને આબાદ રાજ્ય મળ્યું છે. તેમજ સમ્યગ્દર્શન, સદાગમ અને ગૃહિધર્મનો સ્વીકાર કર્યો છે. આ બધી વસ્તુઓની પ્રાપ્તિ દ્વારા મને જે સુખ અને આનંદનો અનુભવ થાય છે તે શું સામાન્ય સુખ છે? નાનું સુખ છે? જો આને અલ્પ સુખ કહેવામાં આવતું હોય તો પરિપૂર્ણ અને અત્યંત સુખ કયાં સંભવે ?

ગુરૂદેવ– ભાઇ ગુણધારણ ! તું દશ કન્યાઓ સાથે પરણીશ અને એમની સાથે પ્રેમ થયા પછી આનંદ વિનોદ કરીશ. એમાં તને જે સુખ જણાશે એ કરતાં તારૂં વર્તમાન સુખ ઘણું નાનું અને ફીકું લાગશે. આ વર્તમાન સુખ તને સુખ જ નહિ લાગે.

ગુણધારણ– ગુરૂદેવ ! ઓ પૂજ્યપાદ ! આપ આ શું બોલો છો ? અરે ! હું તો આ વ્હાલી મદનમંજરીનો પણ ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા કરી રહ્યો છું, ત્યાં આપ વળી નવી દશ કન્યાઓ સાથે લગ્ન કરવાની વાત જણાવો છો ? એ કેમ સંભવે ?

ગુરૂદેવ– રાજન્ ! એ દશ કન્યાઓની સાથે જ તને અમે દીક્ષા આપીશું. આપ ચિંતા ન કરો.

ગુણધારણ– ભગવંત ! હું આપના વચનો સાંભળી આશ્ચર્ય પામ્યો છું. મને આપના કહેવાનો ભાવ સમજાતો નથી. આપ શું કહેવા માગો છો ?

કંદમુનિ– ગુરૂદેવ ! એ કન્યાઓ કેટલી છે ? એ સુકન્યાઓના નામો કયા કયા છે ? જે રાજાજીને આપ પરણવાનું જણાવો છો એ સુભાગી કન્યાઓનું સ્વરૂપ આપ કૃપા કરીને જણાવશો ?

ગુરૂદેવ– ભાગ્યવાનો ! સાંભળો.

દશ કન્યાઓ :

" ચિત્તસૌંદર્ય " નગર છે. ત્યાંના રાજા શ્રી " શુભપરિણામ " છે. એને " નિષ્પ્રકંપતા " અને " ચારૂતા " એ બે રાણીઓ છે. એમને અનુક્રમે " ક્ષાંતિ " અને " દયા " નામની બે સુપુત્રીઓ છે.

વળી એક " શુભ્રમાનસ " નામનું નગર છે. ત્યાંના "શુભાભિસન્ધિ " રાજાને " વરતા " અને " વર્યતા " એમ બે રાણીઓ છે. એમને " મૃદુતા " અને " સત્યતા " એમ બે પુત્રીઓ છે.

વળી " વિશદમાનસ " નગરે " શુદ્ધાભિસંધિ " રાજાની " શુદ્ધતા " અને " પાપભીરૂતા " રાણીઓને અનુક્રમે " ઋજુતા " અને " અચોરતા " ગુણવતી દિકરીઓ છે.

તેમજ " શુભ્રચિત્ત " નગરના " સદાશય " રાજા છે. એમને " વરેણ્યતા " રાણી છે. એ રાણીએ " બ્રહ્મરતિ " અને " મુક્તતા " પુત્રીઓને જન્મ આપેલો છે. સમ્યગ્દર્શનને " વિદ્યા " નામની માનસી મનમોહના કન્યા છે. વળી મહારાજા શ્રી ચારિત્ર ધર્મરાજના મહારાણી શ્રી " વિરતિદેવી "ને " નિરીહતા " નામની ગુણરત્ના સુપુત્રી છે.

આ પ્રમાણે ક્ષાંતિ, દયા, મૃદુતા, સત્યતા, ઋજુતા, અચૌરતા, બ્રહ્મરતિ, મુક્તતા, વિદ્યા અને નિરીહતા એ દશ કન્યાઓ છે.

કંદમુનિ– ગુરૂદેવ ! એ ભાગ્યવતી સુકન્યાઓ ગુણધારણને કયારે મળશે ?

ગુરૂદેવ– કંદ ! શ્રી કર્મપરિણામ મહારાજા પોતાની પત્ની કાળપરિણતિ અને અન્ય કુટુંબીઓની સંમતિ લઇ પુણ્યોદયને આગળ કરી પરણાવશે ત્યારે ગુણધારણ આ કન્યાઓને પરણી શકશે.

પરન્તુ રાજાએ એ કન્યાઓ સાથે લગ્ન કરવા હોય તો શ્રી કર્મપરિણામને અનુકુળ કરવા જોઇશે. અને એ માટે મૈત્રી પ્રમોદ વિગેરે ગુણોને જીવનમાં કેળવવા જોઇશે. એ વિના એ શકય નથી.

જો ગુણધારણ હું કહું એ પ્રમાણે છ માસ પ્રયત્ન કરશે તો અવશ્ય એ કન્યાઓ માટે સુયોગ્ય બની શકશે. છ માસના ગુણપ્રાપ્તિના પ્રયત્નથી પ્રસન્ન બની સદ્બોધ મંત્રી સ્વયં વિદ્યા નામની કન્યાને લઇ આવશે. એના ગુણધારણ સાથે લગ્ન કરાવી આપશે.

પછી સદ્બોધ મંત્રી પણ ગુણધારણ પાસે રહેશે. એ એક શાણો અને વીર મંત્રી છે. એની બુદ્ધિ ઘણી જ તીવ્ર અને કાર્યસાધક છે. જો ગુણધારણ એની આજ્ઞા માનશે તો ઘણો લાભ થશે. ગુણધારણ રાજાએ આત્મહિત ખાતર સદ્બોધ મંત્રીના કથનને માન્ય રાખવું.

ગુણધારણ– ગુરૂદેવ ! આપની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે. આપે મારા ઉપર અસીમ ઉપકાર કર્યો છે.

સદ્‌બોધનું આગમન :

ગુરૂદેવ શ્રી નિર્મળસૂરીશ્વરજી મહારાજને વંદન કરી હું નગરમાં ગયો. મારા અંતરમાં આનંદ સમાતો ન હતો. ગુરૂદેવે બતાવેલા ગુણોનો વિકાશ હું કરવા લાગ્યો. ગુણોને મેળવવાની ચાહના મારી અત્યંત વધી ગઇ.

એક રાત્રે હું ગુરૂદેવની આજ્ઞાનો તન્મયતાથી વિચાર કરતો હતો. એ વખતે હું કાંઇક ઉંઘમાં ને કાંઇક જાગૃત અવસ્થામાં હતો, એ વખતે સદ્‌બોધ મંત્રીને મારી પાસે આવેલો જોયો.

સદ્‌બોધ મંત્રીની સાથે મેં સુકન્યા "વિદ્યા"ને પણ જોઈ. એ કન્યાની મનોરમ્યતા જોઇ હું આનંદિત બની ગયો. "આસ્તિક" રૂપ એનું મુખારવિંદ હતું. "તત્ત્વાવગમ" અને "સંવેગ" રૂપ એના ગોળમટોળ કળશાકાર સ્તનો હતા. "પ્રશમ" નામના નિતંબોને એ ધારણ કરતી હતી. રૂપ લાવણ્યની એ મૂર્તિ હતી. મને એ ઘણી ગમી ગઇ.

સદ્‌બોધે એ સુકન્યાને એજ રાત્રીએ મારી સાથે પરણાવી. સદાગમ વિગેરે આ મારા લગ્નથી ઘણાં જ પ્રસન્ન બન્યા. હું સવારે પૂ. ગુરૂદેવ શ્રી નિર્મળસૂરીશ્વરજી મહારાજ પાસે ગયો. મેં પૂ. ગુરૂદેવને પૂછયું, સાહેબ ! આજે રાત્રે આટલો હર્ષ થવાનું શું કારણ હતું ?

મહામોહના સૈન્યમાં ખળભળાટ :

ગુરૂદેવ– રાજન્ ! તારા ગુણોથી આકર્ષાઈને શ્રી કર્મપરિણામ પ્રસન્ન બન્યા. એમણે તારી પાસે વિદ્યા કન્યાને લઇ સદ્બોધ મંત્રીને મોકલ્યો. એ તારી પાસે આવવા રવાના થયો.

માર્ગમાં સદ્બોધને એક અવરોધ ઉભો થયો. જ્ઞાનસંવરણ અને પાપોદય વિગેરેએ સદ્બોધનો માર્ગ રોકી લીધો. એ કારણે ભયંકર ત્યાં યુદ્ધ થયું.

તું એ વખતે સદ્ભાવનાઓમાં આગળ વધતો હતો. તેથી સદ્બોધનું સૈન્ય વધુ બળવાન બન્યું અને તેઓએ જ્ઞાનસંવરણ પાપોદય વિગેરેનો જોરથી મુકાબલો કર્યો. પરિણામે પાપોદય વગેરે હારી ગયા અને પાછા પડયા. જ્ઞાનસંવરણ રાજા તો અર્ધમૃત બની ગયો અને તેથી વિજયધ્વજ સદ્બોધને પ્રાપ્ત થયો. વિજયના હર્ષ પૂર્વક વિદ્યાને સાથે લઇ એ તારી પાસે આવ્યો. હર્ષઘેલા સદ્બોધનું આગમન એ તારા હર્ષનું કારણ છે.

છતાં તારે એક વાત ધ્યાન રાખવા જેવી છે. કારણ કે જ્ઞાનસંવરણ રાજા, પાપોદય સેનાપતિ વગેરે હજુ મર્યા નથી. એ લોકોનું બળ ઘટયું છે. તારા ઉપરનો રોષ ગયો નથી. અવસર આવે તને હેરાન કરવા પ્રયત્ન કરશે. હાલમાં ઢીલા થયા છે તેથી માથુ ઉચકશે નહિ પણ ચેતીને ચાલવું.

ગુણધારણ– ગુરૂદેવ ! આવી પરિસ્થિતિમાં મારે શું કરવું ?

ગુરૂદેવ– ગુણધારણ ! તારે સદ્બોધની આજ્ઞા માનવી એના કહ્યે ચાલવાથી તારા શત્રુઓ દૂર થશે. એની આજ્ઞા જરૂર માનજે.

ગુરૂદેવનો માસ કલ્પ પૂરો થયો એટલે એમણે વિહાર કર્યો. હું (ગુણધારણ) ગુરૂદેવની આજ્ઞા મુજબ વર્તતો હતો. વિદ્યા સાથે મારો પ્રેમ સંબંધ વધતો ગયો. હું એને ખૂબ ચાહતો. એના કહેવાથી હું ધર્માનુષ્ઠાનોમાં આગળ વધતો ગયો. સદ્‌બોધ "ચિત્તવૃત્તિ" અટવીમાં મને લઇ ગયો.

નવા પરિચયો :

સદ્‌બોધે ત્યાં બે મનુષ્યો અને ત્રણ નારીઓના દર્શન કરાવ્યા. એમનો પરિચય આપ્યો. બે પુરૂષમાં આ પુરૂષને "ધર્મ" કહેવાય છે અને બીજાને "શુકલ" કહેવામાં આવે છે. આ નરરત્નો છે. સૌને હિતકારી છે.

ત્રણ નારીઓ અનુક્રમે "પીતા પદ્મા અને શુકલા" નામોથી જાણીતી છે. એક કરતા બીજી અને એના કરતા ત્રીજી વધુ ઉત્તમ છે. ગુણોમાં ચડીયાતી અને નિર્મળ નિર્મળતર અને નિર્મળતમ છે. ખુલતા પીળા, લાલ અને શ્વેત વર્ણી છે. એઓ માતા જેવી હિતસ્વી છે.

ધર્મ અને શુકલ તમારા અતઃકરણમાં પ્રવેશ કરનારા છે. પીતા અને પદ્મા એ ધર્મની પોષણપ્રદા નારીઓ છે. શુકલા માત્ર શુકલને પોષણ આપે છે.

આપે ધર્મ, શુકલ અને પીતા, પદ્મા, શુકલાનું પોષણ કરવું. એમને પ્રસન્ન રાખવા. આપને એ દ્વારા ઘણો જ લાભ થશે.

સદ્‌બોધને મેં ઉત્તરમાં કહ્યું, આપે જે કહ્યું તે હું બધુ અમલમાં મુકીશ. આપનુ વચન મારે સર્વથા માન્ય છે.

સદ્બોધના કહેવાથી હું પીતા, પદ્મા, શુક્લા કહે એ કરવા લાગ્યો. મારી પત્ની વિદ્યાની સાથે વારંવાર હું ચિત્તવૃત્તિમાં જતો અને વિલાસો કરતો. સમ્યગ્દર્શન, સદાગમ, ગૃહિધર્મ વિગેરેનું પણ બહુમાન કરતો. ગુણો કેળવવાનો પ્રયત્ન ચાલુ જ હતો.

ગુરૂદેવને ગયાને લગભગ પાંચ માસનો સમય થઈ ચૂકયો હતો. પાંચ માસની મારી આરાધનાના પ્રતાપે કર્મપરિણામ મહારાજા પ્રસન્ન બની ગયા હતા. મનમાં પણ મારા ઉપર પ્રીતિ વધી ગઈ હતી.

કર્મપરિણામ પોતે જ શુદ્ધપરિણામ, શુભાભિસન્ધિ, શુદ્ધાભિસંધિ અને સદાગમને મળ્યા. દશ કન્યાઓ મને અપાવવાની ગોઠવણ કરી સૌને સાત્વિકમાનસ નગરે આવવા વિનંતિ કરી. મને પણ ત્યાં લઈ ગયા. પુણ્યોદય અને શુભપરિણામ વગેરે મને ત્યાં મળી ગયા. સૌનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો. સૌ ભેગા મળ્યા અને મને કન્યાઓ કયારે આપવી એ માટેના જોષ જોવરાવી લગ્ન દિવસ નક્કી કર્યો.

મહામોહના ત્યાં ગરબડ :

ક્ષાંતિ વગેરે કન્યાઓ સાથે મારા લગ્ન નિશ્ચિત થઈ ગયાના સમાચારો મહામોહના રાજ્યમાં પણ પહોંચી ગયા. વિષયાભિલાષ મંત્રીએ ત્યાંની રાજ્યસભામાં જણાવ્યું કે જો સંસારીજીવ-ગુણધારણ ક્ષાંતિ વગેરે કન્યાઓ સાથે લગ્ન કરશે તો આપણા ઉપર મોટી આફત ઉતરશે. એ માટે યુદ્ધ કરીને પણ

આપણે આ લગ્ન ન થવા દેવું જોઇએ અને જેમ બને તેમ વહેલી તકે એમાં ભંગાણ પાડવું જોઇએ.

મહામોહ રાજાએ આ વાતને સમર્થન આપ્યું અને પોતાના શૂરા સૈનીકોને યુદ્ધ માટે સાબદા થવાનું ફરમાન કરી દીધું. સૌ યુદ્ધ કરી લેવા હોંશમાં તૈયાર થઇ ગયા. પણ ભવિતવ્યતાની સલાહ માગી.

ભવિતવ્યતાએ જણાવ્યું, હે મહામોહ રાજવી! હાલ યુદ્ધમાં ઉતરવું તમારે માટે સારૂં નથી. સમયની રાહ જુવો. મારા પતિ સંસારીજીવને કર્મપરિણામ મહારાજા અનુકૂળ છે. વળી શુભોદય વિગેરે મોટા ચાર રાજા એના પક્ષકાર બન્યા છે. આ રીતે બે બાજુની મદદ એ મેળવી ચૂકેલ છે. છતાં અવસર આવશે ત્યારે હું તમને જણાવીશ.

ભવિતવ્યતાની વાત સાંભળી સૌ વિચારમાં પડી ગયા. મહામોહ વિગેરેનો ક્રોધ હળવો બન્યો. તાત્કાલિક યુદ્ધનો વિચાર પડતો મૂકયો અને ચૂપ થઇ બેસી ગયા.

એ છતાં પણ મહામોહના લુચ્ચા સૈનીકો મારી ચિત્ત-વૃત્તિ અટવીમાં પ્રવેશી ગયા. યોગશક્તિથી મારા વિચારોમાં ગરબડ ઉભી કરવા લાગ્યા મને વિચારો આવવા લાગ્યા કે–

" હું ક્ષમા વિગેરે કન્યાઓ સાથે લગ્ન કરીશ એટલે આચાર્ય શ્રી નિર્મળસૂરીશ્વરજી મને દીક્ષા આપશે અને દીક્ષા તો ઘણી દુષ્કર છે. સાધુતાની ક્રિયા જીવન પર્યન્ત કરવાની હોય છે. મારૂં શરીર કમળ સુકોમળ છે. ત્યાંના કષ્ટો કઇ રીતે

સહન થાય ? વળી મદનમંજરી બીચારી કેળ જેવી કોમળ કાયાવાળી છે. એ કાચી ઉમરની છે. દીક્ષાથી વિયોગ થશે. એને મારા કારણે દીક્ષા લેવી પડે " વિગેરે વિગેરે વિચારોના તોફાનો ચાલુ થયા. વૃદ્ધાવસ્થામાં દીક્ષાનો વિચાર રાખ્યો.

સદ્‌બોધ આવ્યો ત્યારે મેં મારા વિચારો જણાવ્યા. એ સાંભળી સદ્‌બોધ તો સજ્જડ બની ગયો. એણે જણાવ્યું, દેવ ! આપનો આ નિર્ણય જરાય બરોબર નથી. આ વિચારો તમારા નથી પણ મહામોહના આપેલા વિલાસી તરંગોના વિચારો છે.આપ જો એમાં ફસાયા તો ભૂક્કા બોલાઈ જશે. હું આપને ખાત્રીથી કહું છું કે આપનો નિર્ણય સર્વથા ભૂલ ભરેલો અને મહાહાનિકર છે.

સદ્‌બોધની વાત સાંભળી હું મુંઝાણો. વિચાર કરતાં જણાયું કે વાત સર્વથા સાચી છે. મારા વિચારો એ મોહના તરંગો છે. મેં સદ્‌બોધને પૂછ્યું, મારે આવી પરિસ્થિતિમાં શું કરવું ?

સદ્‌બોધે કહ્યું, આ બધા વિલાસી તરંગોને ચોળી નાખો. અને મેં એના કહેવા મુજબ એ વિલાસી વિચારોનો નાશ કરી નાખ્યો, પછી મને " ચિત્તસમાધાન " મંડપમાં લઈ ગયો. ચારિત્રધર્મરાજ વિગેરેને મને દેખાડ્યા. એ સૌ મને જોઈ આનંદિત થયા. મેં સૌને માન આપ્યું. એ લોકોએ મારી આધીનતા સ્વીકારી.

મહામોહરાજા અને વિષયાભિલાષ મંત્રીને એ સમાચારો મળતાં નાશી છૂટયા. ચારિત્રધર્મરાજ વિગેરેને મેં આજ્ઞા કરી

કે દુશ્મનો અને દુશ્મનોના સ્થળોનો નાશ કરો. એ પ્રમાણે કરવામાં પણ આવ્યું. ચિત્તવૃતિ અટવી સાફ કરવામાં આવી.[૧] એમાંના ઘણા નાશી ગયા અને ઘણાનો નાશ થયો. દુશ્મનના નગરો ખલાસ કરાયા.

લગ્ન સમારંભ :

અત્યંત હર્ષના વાતાવરણમાં મારા વિવાહનો મહોત્સવ ચાલુ થયો. આ મંગલ પ્રસંગને જોઈ મારા આંતરબન્ધુઓને ઘણો જ આનંદ થયો.

સૌ પ્રથમ આઠ માતાઓનું સ્થાપન કરવામાં આવ્યું.[૨] એમની યથાવિધિ પૂજા કરવામાં આવી. ઈર્યા સમિતિ, ભાષા-સમિતિ, એષણા સમિતિ, આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ આઠ માતાઓના નામ હતા.

નિષ્પૃહતા વેદિકા બનાવવામાં આવી. ચારિત્રધર્મરાજે મોટો અગ્નિકુંડ બનાવ્યો. તેજો, પદ્મા અને શુકલા નારીઓએ વધૂકર્મ કર્યું. મને પીઠી ચોળવામાં આવી. સ્નાન વિલેપન

---

૧ આ સ્થળે આત્માના કેટલાક કર્મોનો ક્ષય થાય છે. કેટલાક કર્મોનો ઉપશમ થાય છે. ઉપશમ પામેલા કર્મો ઢાંકેલા અગ્નિ જેવા હોય છે. કયારે ભડકો થાય એ ન કહી શકાય.

૨ જૈનવિધિ પ્રમાણેના લગ્નમાં આ આઠ માતાઓની સ્થાપના કરવામાં આવે છે. "જૈનલગ્નવિધિ" અને આચારદિનકરમાં આ વાત સવિસ્તર છે.

અંગરાગ કરી વસ્ત્રાભૂષણ પહેરાવવામાં આવ્યા. સામંતરાજાઓએ પણ આમાં ભાગ લીધો.

વિવાહની શુભશરૂઆતમાં સદ્‌બોધ મંત્રી પોતે ગોરપુરોહિત બન્યા. કર્મરૂપ લાકડાઓ એ અગ્નિકુંડમાં નાખવા ચાલુ કર્યા. સદાગમે જોષી મહારાજનું સ્થાન લીધું. એમની હાજરીમાં વૃભષ લગ્નના વર્ગોત્તમ નવમાંશમાં અમારો હસ્તમેળાપ કરાવ્યો. ક્ષાંતિ કન્યા સાથે લગ્ન થયાં અને ત્યાર પછી દયા વિગેરે આઠ કન્યાઓ સાથે મારા લગ્ન થયા. એમના માતા પિતાઓને ઘણો હર્ષ થયો. યોગ્ય વરની પ્રાપ્તિથી સૌનો આનંદ માતો ન હતો.

આ રીતે દશ કન્યાઓ સાથે લગ્ન થયા. સૌ પ્રથમ વિદ્યા સાથે લગ્ન થએલા પછી ક્ષાંતિ, દયા વિગેરે નવ કન્યાઓ સાથે. એમ દશ સાથે લગ્નજીવનનો આનંદ કરતો રહેવા લાગ્યો.

શુભપરિણામ રાજાને નિષ્પ્રકંપતા રાણીથી બીજી પણ દીકરીઓ થએલી. ધૃતિ, શ્રદ્ધા, મેધા, વિવિદિષા, સુખા, મૈત્રી, પ્રમુદિતા, કારૂણ્યતા, ઉપેક્ષા, અને વિજ્ઞપ્તિ વિગેરે નામો હતા.

આ બધી કન્યાઓ સાથે મારા લગ્ન કરાવવામાં આવ્યા. હું આ બધી કન્યાઓનો નાથ બન્યો. એમની સાથે હું આનંદથી દિવસો વિતાવતો હતો. અત્યંત નિશ્ચિતપણે અમો વિહરવા લાગ્યા. એ નવી નારીઓ સાથેના સંસર્ગમાં સુખાનુભવ કરવા લાગ્યો.

એક વખતે મને વિચાર આવ્યો કે પહેલાં આચાર્ય ભગ-

વંત શ્રી નિર્મળસૂરીશ્વરજીએ જે જાતના સુખનું વર્ણન કરેલું તેનો સાક્ષાત્ અનુભવ થઇ રહ્યો છે.

સંયમનો સ્વીકાર :

આચાર્ય ભગવંત શ્રી નિર્મળસૂરીશ્વરજી મહારાજા વિચરતા વિચરતા આહ્લાદમંદિર ઉદ્યાનમાં પધાર્યા. એ સમાચારો મને મળ્યા કે તરત જ હું પરિવાર સાથે ગુરૂદેવને વંદન કરવા આહ્લાદમંદિર ઉદ્યાનમાં ગયેા. એમને વંદન કર્યું. ગુરૂદેવને મેં વિનંતિ કરી.

ગુરૂદેવ ! આપશ્રીની આજ્ઞા મુજબ મેં અત્યાર સુધી આરાધના કરી છે. આપની આજ્ઞા અમલમાં મુકી છે. કૃપા કરી આપ મને ભવતારણી દીક્ષા આપેા.

ગુરૂદેવ– રાજન્ ! તેં ભાવથી દીક્ષા અંગીકાર કરેલી જ છે. માત્ર તને વ્યવહાર દૃષ્ટિએ દ્રવ્યદીક્ષા આપવાની છે. વ્યવહાર એ નિશ્ચયનું સાધન છે. દ્રવ્ય એ ભાવનું કારણ છે.

મેં કહ્યું, ગુરૂદેવ ! આપનેા મહા ઉપગાર. ગુરૂદેવને વંદન કરી હું નગરમાં ગયેા. મારા પુત્ર જનતારણને રાજ્યગાદી ઉપર બેસાડ્યો. દીક્ષા યેાગ્ય દરેક કાર્યો કર્યા.

મદનમંજરી અને મિત્ર કુલંધરને સાથે લઇ હું ગુરૂદેવ પાસે આવ્યેા. ગુરૂદેવને દીક્ષા આપવા વિનંતિ કરી. ગુરૂદેવે સર્વ સમક્ષ અમને દીક્ષા આપી. હું આચાર્ય શ્રી નિર્મળસૂરીશ્વરજીનેા શિષ્ય બન્યેા.

આચાર્ય ભગવંતના ચરણે આવ્યા પછી ક્રિયાનેા અભ્યાસી બન્યેા. ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષાનેા અભ્યાસ

કર્યો. આ કારણે સદાગમને મારા ઉપર ખૂબ જ પ્રેમ થયો. અંગ ઉપાંગનો અભ્યાસી બન્યો. સમ્યગ્દર્શનનો પ્રેમ મારા ઉપર સુસ્થિર બન્યો.

પ્રમત્તતા નદી વિગેરે દુશ્મનોના સ્થળોનો ભાંગીને ભૂક્કો બોલાવી દીધો. ચિત્તવૃત્તિ અટવી સુનિર્મળ બનાવી દીધી. સ્વચ્છ અને આકર્ષક બની ગઇ.

પ્રથમ ગ્રૈવેયકે :

ગુરૂદેવના ચરણ કમળમાં વિચરતાં ઘણો કાળ વ્યતીત કર્યો. આયુષ્યના અન્તિમ સમયે વિવિધપૂર્વક અણુસણનો સ્વીકાર કર્યો. અણુસણમાં ઘણો જ સમભાવ રાખ્યો. આ કાર્યથી મારી પત્ની ભવિતવ્યતા ખૂબ પ્રસન્ન બની અને એણીએ જણાવ્યું કે આપે હવે પ્રથમ ગ્રૈવેયકે જવાનું છે.

ભવિતવ્યતાએ એક ગુટિકા આપી. આ ગુટિકા અત્યંત તેજસ્વી હતી. એ ગુટિકાના પ્રતાપે હું કલ્પાતીત દેવોમાં પ્રથમ ગ્રૈવેયકે ગયો.

પ્રમથ ગ્રૈવેયકમાં હું ત્રેવીશ સાગરોપમ કાળ સુધી રહ્યો. ત્યાં દિવ્યસુખ અપાર અને અમાપ હતું.

પાંચે ગ્રૈવેયકે :

ત્રેવીશ સાગરોપમનો સમય પૂરો થતાં મને નવીન ગુટિકા આપી. એના પ્રતાપે હું ઐરવત ક્ષેત્રના " સિંહપુર " નગરમાં વસતા વેણી અને મહેન્દ્ર દંપતીના પુત્ર તરીકે થયો. મારૂં

નામ ગંગાધર રાખવામાં આવ્યું. અમારૂં ક્ષત્રિય કુળ હતું. ગંગાધર તરીકે મારો યશ ઘણો વિખ્યાત થયો.

યોગ્ય ઉમરનો થયો ત્યારે મને જાતિસ્મરણ જ્ઞાન થયું. "સુઘોષ" નામના આચાર્યદેવ પાસે મેં સંયમનો સ્વીકાર કર્યો. દીક્ષા સુંદર રીતે પાલન કરવાથી ભવિતવ્યતા મારા ઉપર પ્રસન્ન બની. એણે નવીન ગુટિકા આપી અને અન્તે હું બીજા ગ્રૈવેયકે ગયો. ત્યાં મારી સ્થિતિ ચોવીશ સાગરોપમની હતી.

એ રીતે અનુક્રમે હું પાંચે ગ્રૈવેયકોમાં ગયો. ત્યાં પાંચમામાં સત્તાવીશ સાગરોપમનું આયુષ્ય મારૂં હતું. વચ્ચેના ભવોમાં મનુષ્ય બની સંયમ લેતો. એક પછીના બીજા ગ્રૈવેયકોમાં સુખ વધુને વધુ વધતું જ રહેતું.

સિંહની દીક્ષા :

પાંચમાં ગ્રૈવેયકમાં સત્તાવીશ સાગરોપમ સુધી ભૌતિક સુખો ભોગવ્યા પછી ભવિતવ્યતાએ મને નવીન ગુટિકા આપી. એના પ્રતાપે હું માનવાવાસ તરફ રવાના થયો.

ધાતકી ખંડના ભરતક્ષેત્રમાં "શંખ" નામનું એક નગર હતું. ત્યાં મહાગિરિ અને ભદ્રા નામના દંપતી હતા. હું એમના ત્યાં અવતર્યો. અમે રાજવંશીય હતા. મારી બાહ્ય શરીરાકૃતિ ઘણીજ સુડોળ હતી. મારૂં નામ "સિંહ" રાખ્યું.

અનુક્રમે હું યૌવન વયમાં આવ્યો. આ અવસ્થામાં મને "ધર્મબંધુ" નામના વિદ્વાવાન્ સાધુ ભગવંતનો સંગ થયો. એમના ઉપદેશથી રાજવૈભવ તજી દીક્ષા ગ્રહણ કરી.

અભ્યાસ કરવામાં હું ઘણો આગળ હતો. થોડા સમયમાં દ્વાદશાંગીનો સંપૂર્ણ અભ્યાસ કર્યો. સદાગમને મારી ઉપર ઘણો સ્નેહ થયો. એ મારી પાસે રહેવા લાગ્યો.

સંપૂર્ણ દ્વાદશાંગીના સૂત્ર અર્થનો સારો અભ્યાસી અને યોગ્ય હોવાથી ગુરૂદેવે મને આચાર્ય પદવી આપી અને ગચ્છાધિપતિ બનાવ્યો. મારી આચાર્ય પદવીના ઉત્સવમાં દેવતાઓ પણ આવ્યા. ઉત્સવની ઉજવણી દેવતાઓએ કરી. બધા લોકોમાં મારી યશઃપ્રભા ફેલાણી.

ધીરે ધીરે મારા ગુણોની પ્રસંશા વિસ્તરતી ગઇ તેમ હું વધુ પ્રસિદ્ધ બનતો ગયો. સારા સારા સજ્જનો મારા તરફ આકર્ષાવા લાગ્યા. વાદવિવાદમાં હું સહેલાઇથી વિજય મેળવતો હતો. મારા વ્યાખ્યાનમાં અજબનું આકર્ષણ હતું. એથી શ્રોતાઓનો સમુહ ઘણાં જ વધુ પ્રમાણમાં રહેતો. રાજાઓ પણ મારા ભક્તો બન્યા. શિષ્યોની સંખ્યા સારી થઇ ગઇ. યશોગાથા તો અધિક અધિક ફેલાતી ગઇ.

મારી વિદ્વત્તા અને સાધુતાના કારણે મારો નિર્મળ યશ ઘણો ફેલાતો જોઇ ભવિતવ્યતાના પેટમાં તેલ રેડાયું. ઇર્ષાની ઉધેહી એના અન્તરને કોરી ખાવા લાગી. એ મારી ઋધિ સિદ્ધિ અને માન સન્માન ન સાંખી શકી. એને ભારે અદેખાઈ થઇ આવી.

મહામોહાદિની સભા એણે ભરાવી અને જણાવ્યું કે સંસારીજીવ અત્યારે સિંહ નામનો આચાર્ય બની બેઠો છે. તમે એના ઉપર હલ્લો કરો તો તમારો વિજય થશે. મંત્રણાઓ

ચાલી. વિષયાભિલાષ મંત્રી સાથે ગુપ્ત વિચારણાઓ થઈ.

શત્રુની યોજના :

આખરે નિર્ણય કરવામાં આવ્યો કે હાલમાં "જ્ઞાનસંવરણ" રાજા "મિથ્યાદર્શનને" લઈ સંસારીજીવ પાસે જાય. "શૈલરાજ" ગૌરવત્રય સાથે જાય. બરોબર એની પાછળ સુસજ્જ બની "રૌદ્રાભિસન્ધિ"એ ગમન કરવું અને ત્યાર બાદ "આર્તાશયે" જવું. એ પછી "કૃષ્ણા, નીલા, કાપોતા" પરિચારિકાઓ આપમેળે ત્યાં આવી પહોંચશે. આપણે સૌએ પ્રમત્તતાનદીના તીરે અડ્ડો જમાવી યુદ્ધ માટે તૈયાર રહેવું.

મહામંત્રી વિષયાભિલાષના નિર્ણયને સૌએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધો. અને એનો અમલ પણ થાલુ કરી દીધો.

પ્રમત્તતાના પ્રવાહમાં :

મહામોહના મોકલેલા સૈનીકો મારી પાસે આવતા ગયા તેમ મારા વિચાર તરંગોમાં પરાવર્તન થવા લાગ્યું.

મને થવા લાગ્યું, શું મારૂં જ્ઞાન ? શું મારો યશ ? મારા જેવી વિદ્વત્તા છે કયાંય ? જુવોને ! ભલભલા પંડિતો મારી પાસે મોમાં આંગળા નાખી જાય છે. હાલમાં હું યુગપ્રધાન છું. શૈલરાજ અને જ્ઞાનસંવરણે મારા ઉપર આધિપત્ય મેળવ્યું. અભિમાનમાં આવી પ્રમાદી બન્યો. ભણેલું ભૂલતો થયો. ઉપરના સાડાચાર પૂર્વ સર્વથા ભૂલી ગયો.

હું અજ્ઞાન બનવા લાગ્યો. અજ્ઞાન થાય એટલે મિથ્યાત્વ

આવે જ. તેથી મિથ્યાદર્શનને આધીન બન્યો. મારી આંતરચેતના મૂઢ બની ગઇ. પ્રમત્તતા નદીમાં તણાવા લાગ્યો.

ઋદ્ધિ ગૌરવે મને હડફેટે લીધો. એના લીધે મને મારા શિષ્યો, ભક્તો, માન, સન્માન વિગેરેમાં મમત્વ વધતો ગયો. ભક્તવર્ગની બહુલતાના કારણે સરસ રસવાળા પદાર્થો મળતા ગયા એટલે એના સ્વાદમાં લપટાયો. સુંદર સંથારા, આસનો વસ્ત્રો મળતા ગયા અને હું મૃદુસ્પર્શનો શોખીન બની ગયો. મેં ઉગ્ર વિહારો ત્યજ્યા. આરામી બન્યો. શિથિલતાએ મને પોતાના ભરડામાં લઇ લીધો. આ રીતે મારા અધઃપાતના પગરણ મંડાતા ગયા.

નિગોદમાં :

શ્રી કર્મપરિણામ મારા ઉપર આવા વર્તનથી ઘણા જ નાખુશ બન્યા. પાપોદયને મારી પાસે ધકેલ્યો. પાપોદયની સાથે મહત્તમ "તીવ્રમોહોદય" અને "અત્યન્ત અબોધ" સેનાપતિ આવ્યા. આ ત્રણેએ મને સંકજામાં લીધો. ભવિતવ્યતાએ ક્રોધિત બની એક ગુટિકા આપી અને હું એના પ્રતાપે વનસ્પતિના પ્રથમ મહોલ્લામાં પહોંચી ગયો. હું હવે નિગોદમાં ગયો.[૧]

મારો જીવનક્રમ બદલાઇ ગયો. આ નિગોદ અપવરકમાં નવી નવી ગુટિકાઓ મળતી ગઈ અને ભવ ઉપર ભવ મારા

ચૌદપૂર્વના અધ્યયન અને સાધુતાની પ્રાપ્તિ પછી પણ મોહ અને પ્રમાદ આત્માની કેવી કરૂણ દશા સર્જે છે એનો ચિતાર આ પ્રકરણમાં છે. ઉન્નતિ પછી અવનતિ તે આનું નામ.

થતા ગયા. એમ ત્યાં અને એકાક્ષનિવાસ, વિકલાક્ષનગર વિગેરેમાં ભટકવાનું રહ્યું. એમ કરતાં ઘણા સમયના વહેણ વહી ગયા પછી પંચાક્ષપશુ સંસ્થાનમાં લઇ જવામાં આવ્યો.

વિબુધાલયે :

પંચાક્ષપશુ સંસ્થાનમાં મારી ભાવના કાંઇક વિશુદ્ધ બની. ત્યાંથી વિબુધાલયમાં ગયેા. પાછેા વળી પંચાક્ષપશુ સંસ્થાનમાં કેટલીવાર ગયેા. વળી વ્યંતરમાં ગયેા. પાછેા પંચાક્ષપશુ સંસ્થાનમાં કેટલીકવાર ગયેા. વળી વ્યંતરમાં ગયેા. પાછેા પંચાક્ષપશુ સંસ્થાનમાં ગયેા. અકામનિર્જરાના પ્રતાપે સૌધર્મ દેવલેાકે ગયેા. એમ આઠ દેવલેાક સુધી મારૂં ગમનાગમન થતું.

માનવાવાસે ગયેા. ત્યાંથી વળી દેશવિરતિ ધર્મના દ્વારા કર્મનિર્જરા કરી નવ, દશ, અગ્યાર અને બારમાં દેવલેાકે જતેા અને પાછેા માનવાવાસે આવતેા. એમ ઘણીવાર ક્રમ ચાલ્યા કર્યો.

માનવાવાસમાં આવી ભાવગતી દીક્ષા ગ્રહણ કરી તપથી દેહ દમન કરતેા, ધ્યાન અને અભ્યાસમાં ઉદ્યમશીલ રહેતેા. ક્રિયાઓમાં અપવાદ ચલાવતેા નહી છતાં જિનેશ્વદેવના કેાઇ વાકય કે શબ્દ ઉપર મને શ્રદ્ધા ન થતી. એટલે હું આવી ભાવ વિહૂણી દીક્ષા દ્વારા નવેનવ ગ્રૈવેયકેામાં જઇ આવ્યેા.

હે અગૃહીતસંકેતા ! આ રીતે મારૂં ભવભ્રમણ ચાલ્યા કર્યું એનું કારણ તું સાંભળ. હું " સિંહ " નામનેા મહાન આચાર્ય બનેલેા એ વખતે પ્રમાદમય દુષ્ટવિચાર દ્વારા

શિથિલ બની ગયેા. એ શિથિલતાના પ્રતાપે મારે આ ભવ-ભ્રમણ કરવું પડયું છે. આમાં મારા જ દુશ્ચરિત્રેા કારણ હતા.

અગૃહીતસંકેતાએ કહ્યું, ભદ્ર સંસારીજીવ ! મારી દૃષ્ટિએ તારા ભવભ્રમણનું શું કારણ છે એ સાંભળી લે. જો કે દુશ્ચેષ્ટાએા કરી અને દુઃખ પામ્યેા એ વાત બરાબર છે, પણ તેં શ્રી સુસ્થિત મહારાજની આજ્ઞાનું પાલન ન કર્યું એ મુખ્ય કારણ છે. જો આજ્ઞાપાલન કર્યું હોત તેા તારૂ ભવભ્રમણ ન થાત.

ભદ્રે ! તારૂં નામ જ અગૃહીતસંકેતા છે પણ હવે તત્ત્વજ્ઞાનને સમજતી થઇ ગઇ છેા. તું હવે ભાવથી "વિચક્ષણા" છે.



પ્રકરણ ચોથું

ચક્રવર્તી ચોર.

અનુસુંદર જન્મ

સંસારીજીવ તસ્કર પોતાની વીતક કથા કહી રહ્યો છે. ઉન્નતિ અને અવનતિના કારણો દર્શાવ્યા. આગળ અગૃહીતસંકેતાને જણાવે છે.

ચાર્વાંગી ! તું હવે મારી વાત ધ્યાનથી આગળ સાંભળ. હું શાથી ભયંકર ચોરની દશાને પામ્યો એના કારણો તારી પાસે રજુ કરું છું.

નવમા ગ્રૈવેયકેથી મારી સ્ત્રી ભવિતવ્યતાએ મને ઉપાડ્યો અને માનવાવાસની "ક્ષેમપુરી" નગરીમાં લઇ આવી. આ નગરી વિશાળ બજારરૂપ "મહાવિદેહ" હટ્ટમાર્ગમાં આવેલી છે. આ વાત તને આગળ હું જણાવી ગયો છું. આપણે જ્યાં બેઠા છીએ એ "સુકચ્છ" નામનો પ્રદેશ છે. સુકચ્છ એ બત્રીશ વિજયમાંની એક વિજય ગણાય છે. આ ક્ષેમપુરી સુકચ્છ વિજયની એક નગરી છે.

ક્ષેમપુરીમાં શ્રી "યુગન્ધર" રાજાનું રાજ્ય છે. એઓ સૂર્ય જેવા ઉજ્જ્વલજ્યોતિર્ધર છે. મહાપ્રતાપી અને મહાપરાક્રમી

ગણાય છે. એમની પટ્ટરાણી શ્રી " નલિની " દેવી છે. એમનું મુખ ખીલેલા કમળના કુલની સ્પર્ધા કરે તેવું છે.

એક રાત્રીએ શ્રી નલિનીદેવીને ચૌદ સ્વપ્નો આવ્યા. પત્ની ભવિતવ્યતાએ મને નલિનીદેવીની કુક્ષીમાં પ્રવેશ કરાવ્યો.

ગર્ભકાળ પરિપૂર્ણ થયો ત્યારે મારો જન્મ થયો. પુણ્યોદય પણ મારી સાથે જન્મ્યો. " પ્રિયંકરી " દાસીએ " યુગન્ધર " મહારાજાને જન્મના વધામણા આપ્યા. માત–પિતાએ જન્મોત્સવ ઉજવ્યો. જન્મોત્સવ ઘણાંજ ઠાઠ પૂર્વક ઉજવાયો. એક માસના અન્તે મારા નામકરણનો વિધિ કર્યો. "અનુસુંદર" મારૂં નામ રાખવામાં આવ્યું.

ચક્રવર્તિત્વ :

આનંદ પ્રમોદ પૂર્વક હું મોટો થતો ગયો. શૈશવ અવસ્થામાં મેં અભ્યાસ ચાલુ કર્યો. બહોંત્તેર કળાઓમાં નિપુણ બન્યો. આખરે મદઝર યૌવનમાં મારો પ્રવેશ થયો. પિતાજીએ મને યુવરાજ બનાવ્યો. થોડા સમય પછી માત અને તાત મૃત્યુ પામ્યા.

પિતાજીના મૃત્યુ પથી હું છ ખંડ સાધવા નિકળ્યો. મારી આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું હતું. એને આગળ કરી અમે કૂચ ચાલુ કરી. અલ્પસમયમાં હું વિજયી બની ચક્રવર્તી બન્યો. તળાવના કાદવમાં સુવ્વર મસ્ત બની પડયો રહે, તેમ હું વિષય સુખોના તળાવના કાદવમાં મસ્ત બની ગયો. એ રીતે વિષયનો કીડો બની મેં લગભગ ચોરાશી લાખ

પૂર્વનો કાળ પસાર કર્યો. મહારાજ્યનો હું મહામાલિક હતો. વિષયસુખોના સાધનોની કમીના ન હતી.

કંદમુનિવરનો મેળાપ :

મને મારા પ્રદેશોની મુલાકાત લેવાની ઈચ્છા થઇ. હું મોટા રસાલા પૂર્વક મારા તાબાના પ્રદેશો જોતો જોતો આગળ વધવા લાગ્યો. " શંખપુર " નગરે આવ્યો. ત્યાંથી આ ચિત્ત-રમ ઉદ્યાનમાં આવ્યો.

હે અગૃહીતસંકેતા ! તને યાદ હશે કે ગુણધારણ તરીકે હું હતો. ત્યારે મારી પત્ની મદનમંજરી હતી. મિત્ર કુલંધર હતો. કંદ ધર્મોપદેશક મુનીશ્વર હતા.

ભવિતવ્યતાએ એ બધાને ભવચક્રમાં ભ્રમણ કરાવ્યું. એમાં કંદમુનિએ કયાંક માયાને જીવનમાં અપનાવી. માયાના કારણે ભવિતવ્યતા એ મુનિને આ વિજયમાં લઇ આવી.

આ સુકચ્છ વિજયમાં " હરિપુર " નામનું એક નગર છે. ત્યાં " ભીમરથ " રાજા રાજ્ય કરતા હતા. એમને "સુભદ્રા" નામની મહારાણી હતી. એ રાજારાણીને " સમન્તભદ્ર " નામનો એક પુત્ર હતો. માયાના કારણે કંદમુનિ ત્યાં પુત્રી રૂપે અવતર્યા. " મહાભદ્રા " એનું નામ રાખવામાં આવ્યું.

રાજકુમાર શ્રી સમંતભદ્રને આચાર્ય શ્રી સુઘોષસૂરિજીનો પરિચય થયો. ધર્મદેશના સાંભળી વૈરાગી બન્યો. માતપિતાની આજ્ઞા મેળવી દીક્ષા ગ્રહણ કરી. યુવાની છતાં દીક્ષા માટે સુયોગ્ય નિવડયો.

બુદ્ધિધન હતો. સર્વશાસ્ત્રોનો જ્ઞાતા બન્યો. ગુણગણના સ્વામી ગુરૂદેવે સુયોગ્ય અને સુમતિધન જાણી પોતાના પદે સમંતભદ્રને સ્થાપ્યો. હવે એ ગણનાયક " સમન્તભદ્રાચાર્ય " કહેવાયા.

કન્દમુનિનો જીવ કે જે મહાભદ્રાકુમારી બનેલ તે યુવા-અવસ્થાને પામી. માતપિતાએ રાજા રવિપ્રભ અને પદ્માવતીના પુત્ર દિવાકર સાથે પરણાવી દીધી. અકસ્માત્ દૈવયોગે દિવાકર મૃત્યુ પામ્યો.

સંસાર અવસ્થાના ભાઇ શ્રી સમન્તભદ્રાચાર્યે પોતાના સંસાર અવસ્થાના ભગિની મહાભદ્રાને પ્રતિબોધ કર્યો. મોક્ષ-માર્ગની આરાધના કરવાનો ઉપાય દર્શાવ્યો. મહાભદ્રાની જ્ઞાનજ્યોતિ ખીલી ગઇ. એણે ગુરૂદેવ પાસે સંયમનો સ્વીકાર કર્યો.

વિદ્વાન્ ભાઈની ભગિની પણ વિદુષી બની. સાધ્વીઓમાં એ ગીતાર્થ બની. યોગ્ય સંચાલક અને શક્તિધરા જાણી આચાર્ય ભગવંતે મહાભદ્રા સાધ્વીજીને પ્રવર્તની પદે સ્થાપી. એ સાધ્વીઓની નાયક બની.

સુલલિતા :

વિચરતા વિચરતા સાધ્વીજી શ્રી મહાભદ્રા એકદા "રત્ન-પુરે" આવ્યા. ત્યાં " મગધસેન " નામના રાજા રાજ્ય કરતા હતા. સર્વ રાણીઓમાં " સુમંગલા " રાણી શ્રેષ્ઠ અને પ્રિય હતી.

ભવિતવ્યતાએ મદનમંજરીને આ રાજા-રાણીની પુત્રી તરીકે જન્મ આપ્યો. એનું નામ "સુલલિતા" રાખવામાં આવ્યું.

સુલલિતા લલિતયૌવનમાં આવી પહોંચી. લગ્નની વય થઇ ગઇ છતાં એ પરણતી ન હતી. પુરૂષમાત્ર પ્રતિ એને નફરત હતી. સુયોગ્ય વરે લગ્ન નહિ કરવાના કારણે એના માત-પિતાને ઘણો ખેદ થયો હતો.

રત્નપુરમાં મહાભદ્રા સાધ્વીજી પધાર્યાં છે એ શુભ સમાચાર રાજા-રાણીને પણ મળ્યા. પોતાની પુત્રી સુલલિતાને સાથે લઇ રાજા-રાણી હર્ષોલ્લાસ પૂર્વક મહાભદ્રા સાધ્વીજીને વંદન કરવા ગયા.

વંદન કરીને સૌ એમની સન્મુખ યોગ્ય સ્થળે બેઠા. સાધ્વીજી શ્રી મહાભદ્રાએ રાજા-રાણી અને સુલલિતાને ઉદ્દેશી ધર્મદેશના આપી. દેશના મધુર, આકર્ષક અને કલ્યાણકર હતી.

સાધ્વીજી મહાભદ્રાની દેશના ઘણી સરલ સ્પષ્ટ અને હળવી હતી, છતાં સુલલિતા એના ભાવાર્થને સમજી શકતી ન હતી. એ ભોળી અને સરળ હતી. પૂર્વભવના સ્નેહરાગના કારણે એને સાધ્વીજી મહાભદ્રા ઉપર સ્નેહ થયો.[1]

---

૧ મહાભદ્રા એ કંદમુનિનો જીવ છે. સુલલિતા એ મદનમંજરીનો જીવ છે. મદનમંજરી જ્યારે ગુણધારણની પત્ની હતી ત્યારે એમના ધર્મોપદેશક કંદમુનિ હતા તેથી એ ભવમાં સ્નેહ હતો. તે સંસ્કારો તાજા થયા છે.

સ્નેહ હદથી વધારે થયેા. સુલલિતાએ માતપિતાને કહ્યું કે મારે હવે સાધ્વીજી શ્રી મહાભદ્રાના ચરણકમળમાં રહેવું છે. આપ અનુજ્ઞા આપેા. હું એમની સાથે દેશ વિદેશ વિચરીશ.

પ્રેમાળ પુત્રીની આવી માગણી સાંભળી માતા સુમંગલા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. રાજાએ કહ્યું, દેવી ! આવું રૂદન કેમ કરેા છેા ? પુત્રીને જે રીતે આનંદ થાય એ એને કરવા દેા. આ રીતે એના મનને સુખશાંતિ થશે. તમે રડેા નહિ. ધીરજ ધરેા.

મારેા વિચાર છે કે એ સાધ્વીજી શ્રી મહાભદ્રાજી પાસે ભલે રહે. ભલે સાથે વિચરે, પણ સુલલિતાએ ગૃહસ્થપણે ત્યાં રહેવું. અમને પૂછયા વિના દીક્ષાનું નામ પણ લેવું નહિ. પિતાજીની આજ્ઞાનેા સુલલિતાએ સ્વીકાર કર્યો. માત તાતનેા ઉપકાર માન્યેા.

પિતાજીની આજ્ઞાથી સુલલિતા સાધ્વીજી શ્રી મહાભદ્રાજીની નિશ્રામાં રહે છે. પૂર્વના સ્નેહને કારણે એણીને ત્યાં ગેાઠતું પણ હતું. દેશેાદેશમાં એ વિચરવા લાગી.

સુલલિતાનું જ્ઞાનાવરણીય કર્મ તીવ્ર હતું. એને સારી રીતે ભણાવવાનેા પ્રયત્ન કરવામાં આવતેા છતાં એ ભણી શકતી ન હતી. સાધુ સાધ્વીના આચારેા કે શ્રાવકેાના કર્તવ્યેા પણ ખ્યાલમાં રહેતાં નહિ. સૂત્ર કંઠસ્થ કરવાની તેા વાત જ કયાં રહી ? અર્થજ્ઞાન પણ થતું ન હતું.

ફરતા ફરતા સાધ્વીજી શ્રી મહાભદ્રા “ શંખપુર ” નગરે

આવ્યા. સુલલિતા શ્રાવિકા સાથે હતી. સાધ્વીજી નંદશેઠના ઘરમાં ધંધશાળાએ ઉતર્યાં.[૧]

પુંડરીક :

આ શંખપુર નગરમાં "શ્રીગર્ભ" રાજવી રાજ્ય કરતા હતા. એ મારા (અનુસુંદરના) મામા થતા હતા. એમને "કમલિની" રાણી હતી. એ રાણી સાધ્વીજી મહાભદ્રાના માસી થતા હતા.

ઘણો સમય લગ્ન કરે થયો છતાં રાજા રાણીને એક પણ સંતાન ન થયું એટલે કમલિની રાણીએ અનેક માનતાઓ કરી. અનેક ઔષધો અને બીજા અનેક પ્રયત્નો કર્યા. પુત્રવિહુણી નારી શા શા પ્રયત્ન કરતી નથી?

ગુણધારણના ભવનો મારો મિત્ર કુલંધર ઉત્તરોત્તર પુણ્યકાર્ય કરીને ભવિતવ્યતાની આજ્ઞાથી રાણી કમલિનીની કુક્ષીએ આવ્યો. એ વખતે કમલિનીને એક સ્વપ્ન આવ્યું.

એક સુલક્ષણો સુંદર પુરૂષ સ્વપ્નમાં આવ્યો. મુખદ્વારા શરીરમાં પ્રવેશ કર્યો. વળી બહાર નીકળી કોઇ પુરૂષની સાથે ચાલ્યો ગયો. કયાં ગયો એ ખ્યાલમાં ન આવ્યું.

કમલિની રાણીએ સ્વપ્નની વાત પોતાના પતિદેવને જણાવી. પતિદેવ શ્રીગર્ભ રાજાએ કહ્યું કે તારે એક સુલક્ષ-

---

૧ ધંધશાળા : ઘરમાં શ્રાવકો સામાયિક પૌષધ કરવા માટે એક સ્થળ, ઓરડો વિગેરે રાખે તે. અથવા ઘરની બાજુમાં એવું મકાન રાખે તે. સાધુધર્મની પરિભાવના માટે કે આત્મચિંતવન માટે ખાસ ઓરડો રખાય તે ધંધશાળા.

ગુણવંત પુત્રરત્ન થશે પણ ગુરૂદેવનો સમાગમ થતાં એ દીક્ષા ગ્રહણ કરશે. આ છે સ્વપ્નનો ફળાદેશ.

સ્વપ્નફળ સાંભળી કમલિની રાણી હર્ષિત થઈ. ગર્ભ રહ્યા પછી ત્રણ માસ થતાં એણીને ધર્મકૃત્યોના દોહલા ઉત્પન્ન થયા અને રાજાએ એ દોહલા પરિપૂર્ણ પણ કર્યા.

પૂર્ણ સમયે મહારાણી કમલિનીએ પુત્રરત્નનો જન્મ આપ્યો. રાજા-રાણીને અપાર આનંદ થયો. રાજ્ય વ્યાપી પુત્રજન્મોત્સવની ઉજવણી કરવામાં આવી. નામકરણ દિવસે એનું " પુંડરીક " નામ રાખવામાં આવ્યું.

સમન્તભદ્રાચાર્યશ્રીનું આગમન :

આચાર્યદેવ શ્રી સમન્તભદ્રને વિચરતા વિચરતા કેવળ-જ્ઞાન થયું હતું. એઓશ્રી શંખપુર નગરે પધાર્યા. " ચિત્તરમ " ઉદ્યાનમાં એમણે સ્થિરતા કરી.

નગરના નાગરીકો વંદનાર્થે ઉમટયા. સાધ્વીજી મહા-ભદ્રાને આચાર્યશ્રીના આગમનની જાણ થતાં એઓ પણ વંદનાર્થે ગયા. સુલલિતાને એ વાતની કાંઈ પડી ન હતી. મહાભદ્રા સાધ્વીજી વંદન કાજે ગયા એ પણ સુલલિતાના જાણ-વામાં ન આવ્યું.

સૌએ વંદન કરી કેવળીભગવંત શ્રી સમંતભદ્રની અમૃતસી મીઠી દેશના સાંભળી સૌ પોતપોતાના સ્થળે ગયા. સાધ્વીજી મહાભદ્રા હજુ ત્યાંજ હતા. બધા ગયા ત્યારે કેવળી સમન્તભદ્રે કહ્યું કે–

આર્યે ! ગુણશીલ રાજપુત્ર પુંડરીક યોગ્ય વયે મારો શિષ્ય બનશે. એ નાનો છતાં ઘણું જ ગુણો એનામાં છે. પુણ્યશાળી આત્મા છે. તમારે રોજ રાજભવને જવું. એમના માતપિતાને રાજી રાખવા. એથી ઘણો લાભ થશે.

"આપની આજ્ઞા મારે શિરસાવંદ્ય છે." એમ સાધ્વીજી શ્રી મહાભદ્રાએ જણાવ્યું. ત્યાર બાદ પોતાની વસતીમાં આવ્યા અને રોજ રાજભવને જવા આવવાનું રાખ્યું. ગુરૂ-દેવની આજ્ઞાનો અમલ ચાલુ કર્યો.

સુલલિતાનો સંદેહ : અને સમાધાન :

રાજકુંવરી સુલલિતા ફરતી ફરતી કુતુહળથી એક વખતે ચિત્તરમ ઉદ્યાનમાં આવી ગઈ. એવામાં કેવળી ભગવંત શ્રી સમન્તભદ્ર જોવામાં આવી ગયા. દેશના ચાલતી હતી એમાં નાગરીકોમાંથી કોઇએ પ્રશ્ન કરેલો કે હે ભગવંત ! અમારા રાજાનો પુત્ર શ્રી પુંડરીક કુમાર કેવો થશે ?

કેવળી ભગવંતે કહ્યું, પુણ્યવાનો ! જેમ જેમ એ મોટો થતો જશે એમ એ ગુણવાન બનતો જશે. રત્નોનો આધાર રત્નાકર છે તેમ આ પુંડરીક ગુણરત્નોનો આધાર ગુણાકર છે.

શુભકર્મપરિણામ મહારાજા અને શુભકાલપરિણતિ મહારાણીનો એ પુત્ર થાય છે. એમણે જ આ ગુણશીલ પુત્રને ઉત્પન્ન કર્યો છે. આ પુત્ર સ્વયં ભવ્યપુરૂષ છે. પોતે જ સુમતિ છે. તેથી અનુક્રમે સર્વગુણોનું એ સુમતિ-પુંડરીક કેન્દ્ર સ્થાન બનશે.

તમને સૌને મારે વધુ શું કહેવું ? અરે આ પુંડરીક થોડા વખતમાં જ મારા જેવો ગુણી–કેવળી બનશે અને તમારા સૌનો નયનાનંદ લાડકવાયો બનશે એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

આચાર્યદેવશ્રીની વાણી સાંભળી સભાજનોને ઘણો જ હર્ષ થયો. પણ રાજકુમારી સુલલિતા આશ્ચર્યમાં ગરકાવ બની ગઈ. એના હૈયામાં વિસ્મયનું ઉફાન થઇ આવ્યું. એ વિચારે છે.

અરે ! આ મહાપુરૂષ સર્વજ્ઞની જેમ ભવિષ્યમાં બનનારી બીનાઓ રજૂ કરે છે. આ કોણ પુરૂષવર છે ? આ પુરૂષે પુંડરીકના માતા પિતા કમલિની અને શ્રીગર્ભના બદલે કાલ-પરિણતિ અને કર્મપરિણામ બતાવ્યા છે. આવો વિરોધાભાસ કેમ દેખાય છે ? રાજકુમારનું નામ પુંડરીક છે છતાં આમણે ભવ્યપુરૂષ–સુમતિ નામ શાથી જણાવ્યું ?

આ બધા પ્રશ્નો " હું મહાભદ્રાને પૂછીશ." એ પણ વિદુષી અને સર્વ વિષયોની શ્રેષ્ઠ વ્યાખ્યાતા છે. આવા વિચારો કરી રાજકુમારી સુલલિતા ઉપાશ્રયે આવી. એણીને મનમાં થએલા દરેક સંશયો જણાવ્યા અને સમાધાનો આપવા જણાવ્યું. સુલલિતાનું આશ્ચર્ય હજુ સમતું ન હતું.[૧]

---

૧. વાચકવર્ગે અત્ર પૂર્વની કેટલીક વાતો સ્મરણમાં લઇ લેવી ઘટે છે. એમ થાય તોજ આ પાત્રોનો મેળ મળતો લાગશે. ધીરજ અને શાંતિથી સમજવું. આ માટે ભાગ ૧–પ્રસ્તાવ બીજો ફરી વાંચી જવો, મહાભદ્રા એ જ પ્રજ્ઞાવિશાલા છે. સુલલિતા એ અગૃહિતસં–કેતા છે. પુંડરીક એ જ ભવ્યપુરૂષ–સુમતિ છે. સમન્તભદ્રાચાર્ય એ જ સદાગમ છે. અનુસુંદર ચક્રવર્તી એ પોતે તરકર છે અને વધ્ય સ્થળે લઇ

સધ્વીજી મહાભદ્રાને વિચાર આવ્યો કે આ ભોળી સુલલિતાને શ્રી જિનાગમ ઉપર પ્રીતિવાળી બનાવવા માટે આ ઉપાય અને સમય સારો છે. એને શ્રી જિનાગમ ઉપર પ્રીતિ થાય એવો માર્ગ હું લઉં. એમ વિચારી એમણે જણાવ્યું.

હે સુલલિતે! આજે તું ચિત્તરમ ઉદ્યાનમાં ગઇ લાગે છે. અને ત્યાં તે ભગવાન શ્રી સદાગમ સમન્તભદ્રના દર્શન કર્યા લાગે છે.

પદ્મલોચને! તું ત્યાંથી જ આવી અદ્‌ભુત વાણી સાંભળીને આવી લાગે છે. એ મહાત્મા ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની ઘટનાઓને રજુ કરવામાં સર્વ શક્તિમાન છે. તેં આજે એ મહાપુરૂષના દર્શન કર્યા એ બદલ તને ધન્યવાદ ઘટે છે. હું તને તારી શંકાઓના સમાધાન આપું છું. તું સ્વસ્થ હૃદયે સાંભળ.

કેવળી ભગવંતે કર્મપરિણામ અને કાલપરિણતિને પુંડરીકના માત-પિતા જણાવ્યા તે યુક્તિસંગત છે. જો કે પ્રાણીઓને બાહ્ય માત–પિતા પણ હોય છે. તો પણ વાસ્તવિક માત–પિતા કાલપરિણતિ અને કર્મપરિણામ સિવાય વિશ્વમાં કોઈ માત–પિતા નથી.

કાલપરિણતિ અને કર્મપરિણામ વિના કોઇની તાકાત નથી કે

જવાતો વ્યકિત છે. આ પાત્રોને મગજમાં બરોબર સ્થિર કરી વાંચવામાં આવશે તો મજા આવશે અને વસ્તુભાવાર્થ સમજાશે. ત્યાં કર્મપરિણામની પત્ની કાળપરિણતિને પુત્ર અવતર્યો ત્યારે આ ફળાદેશ એના પતિદેવે કહેલો.

વિશ્વમાં અવનવું કરી શકે. દરેક વસ્તુ પદાર્થોનો એજ સર્જનહાર વિધાતા છે. વાસ્તવિકતાએ પુંડરીકના માત-પિતા એ જ ગણાય. કમલિની અને શ્રીગર્ભ તો બાહ્યદૃષ્ટિએ માત-પિતા છે.

એનું બાહ્યજગતમાં પુંડરીક નામ છે પણ મોક્ષગમનની યોગ્યતા ધરાવતો હોવાથી એ "ભવ્યપુરૂષ" કહેવાય છે. સન્મતિ ધારક હોવાથી "સુમતિ" કહેવાય છે. ભવ્યપુરૂષ અને સુમતિ એ એના ગુણવાચક નામો છે. એ મૂળ હકીકત કેવળી ભગવંતે જણાવી છે.

તેં સાક્ષાત્ આજે મહાપુરૂષ શ્રી સદાગમના દર્શન કર્યા તેથી તું ધન્યા છે. હે કલ્યાણી! તને ધન્યવાદ આપું છું. શ્રી સદાગમ કે જેઓ વિશ્વના કલ્યાણ માટે આધારસ્તંભ છે. એમના દર્શન મહાપુણ્યે જ થાય છે. એમના દર્શનનો લાભ આજે તને મળ્યો.

હે મહાભાગિની! આજે હું જે કાંઇ જ્ઞાન વિગેરે પામી છું, એ આ મહાપુરૂષના પુણ્યપ્રતાપના આધારે જ. એમના ચરણકમળોની સેવા કરી એ પુણ્યપ્રતાપે જ હું વિદુષી બની. ગચ્છનાયિકા પ્રવર્તિની બની. એ પુણ્યપુરૂષની સેવા મહાદુર્લભ છે.

આ તો વિશ્વના સર્વ પ્રાણીઓના પરમબન્ધુ છે. માતા, પિતા, બન્ધુ, સખા, પ્રભુ, ગુરૂ છે. એ મહાપુરૂષને આપણે જે માનીએ તે આપણે માટે ઓછું છે. એ ગુણનિધિનું વર્ણન મારા માટે શકય નથી. એ આપણા સર્વસ્વ છે.

સદાગમ પરિચય :

મહાભદ્રાની વાતો સાંભળી રાજકુમારી સુલલિતાને સમન્તભદ્રકેવળી તરફ પ્રીતિ થઈ તેથી બોલી. હે પૂજ્યે ! એ પૂજ્ય સદાગમનો પરિચય મને પણ કરાવો ને ? મને પણ એમની વાતો અને એમના ઉપદેશને સાંભળવાનું મન થયું છે.

"ઘણું સારૂં, ઘણુ સારૂં, તને ધન્યાવાદ છે." એમ સાધ્વીજી શ્રી મહાભદ્રાએ કહ્યું અને તરત જ બન્ને કેવળી ભગવંત સમન્તભદ્ર-સદાગમ પાસે ગયા. વંદના કરી એમની સન્મુખ બેઠક લીધી.

કેવળ ભગવંતની સૌમ્યાકૃતિ જોઇને રાજપુત્રી સુલલિતા આનંદિત બની ગઈ. એમની દેશના સાંભળતાં જ હૈયામાંથી હર્ષ ઉભરાવા લાગ્યો. સદાગમ પ્રતિ ખૂબ જ સ્નેહાળ બની ગઇ. એના હૈયામાં સદાગમ વસી ગયા. સુલલિતાએ સાધ્વીજી મહાભદ્રાને કહ્યું:

પૂજ્યે ! આપ કૃતાર્થ છો. મહાપુણ્યવાન છો. અને પુણ્યસમૂહના ઉદયના લીધે જ આપને આવા પુણ્ય પુરૂષનો પવિત્ર પરિચય થયો છે. આપની જેટલી પ્રશંસા કરૂં તેટલી ઓછી છે.

હું મંદભાગ્યા છું. મેં મારા આ નયનોથી ત્રણ લોકના બન્ધુને જોયા નથી તેથી મારા જેવી કમનશીબ વ્યક્તિ કોણ હશે ? આર્યે ! આપ પણ સ્વર્થી નીકળ્યા. આટલા દિવસો સુધી મને આ પુણ્યપુરૂષના શા માટે દર્શન ન કરાવ્યા ? હું વર્ષોથી આપની સાથે છું છતાં આવો ભેદ કેમ રાખ્યો ? આવું તે સ્વાર્થીપણું હોય ? ખેર ? હવેથી તો રોજ એ પુણ્યપુરૂષના

મને દર્શન કરાવવા. એ પ્રતાપી પુરૂષના પ્રભાવે હું પણ આપના જેવી ઉચ્ચદશાને પામી શકું. આદર્શ વિદુષી અને આદર્શ સાધ્વી બનું.

સાધ્વીજી શ્રી મહાભદ્રાએ કહ્યું. સારૂ.

આ દિવસથી સાધ્વીજી મહાભદ્રાની સાથે રાજકુમારી સુલલિતા પૂ. સમન્તભદ્રજીની દેશના સાંભળવા અને પરિચય સાધવા જતા હતા. એમની યોગ્ય સેવા કરતા હતા. સુલલિતાને શ્રી સદાગમની સેવામાં અતિઆનંદ થતો હતો.

વિહાર :

કેવળી ભગવંત શ્રી સમન્તભદ્રાચાર્યને અત્ર રહેતા માસકલ્પ પૂર્ણ થવા આવ્યો એટલે એમણે સાધ્વીજી મહાભદ્રાને કહ્યું, મહાભદ્રા ! તમારૂં જંઘાબળ ક્ષીણ થયું છે, તમારી કાયા વિહાર કરવા અસમર્થ છે, માટે તમે શંખપુરે જ રહો. તમારે અહીં રહેવું યોગ્ય છે.

અમે હવે અન્યત્ર વિહાર કરીશું. અવસરે પાછા ક્ષેત્રસ્પર્શના હશે તો તમારી ચિત્તસમાધિ માટે આવીશું. અમે અહીં રહ્યા એમાં તમારા લાભનો ઉદ્દેશ હતો. તમારી જાગૃતિ અને હિતચિંતા ખાતર અમે અત્ર માસકલ્પ[1] કર્યો છે. સાધ્વીજી જ્યાં

---

૧. માસકલ્પઃ સાધુઓએ મહત્વના કારણ વિના શેષકાળમાં કોઇ પણ ક્ષેત્રમાં એક માસથી વધુ ન રહેવું તે. આ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં નિયત છે.

(સુબોધિકા.)

માસકલ્પ રહ્યા હોય ત્યાં મહત્વના કારણ વિના સાધુ કદિ માસકલ્પ ન કરી શકે. તમારી આત્મજાગૃતિ માટે જ રહ્યા હતા.

તમારે અહીં રહી એક વાતનો ખ્યાલ રાખવો. પુંડરીક ઉપર નજર રાખ્યા કરવી. એનું આકર્ષણ તમારા તરફ રહે એવી રીતભાતથી રહેવું. હું મારો જ્ઞાનભાર તેને સોંપી અને ગચ્છ-નાયક બનાવી નિવૃત્ત થવા ઇચ્છું છું.

આ પ્રમાણે ભલામણ કરીને સમન્તભદ્રે વિહાર કર્યો. સાધ્વીજી મહાભદ્રા આજ્ઞા પ્રમાણે રાજકુળમાં રોજ જતા આવતા અને એ રીતે પુંડરીકનું મન પોતાના પ્રતિ આકર્ષી લીધું. બાળક પુંડરીકને સાધ્વીજી પ્રતિ હેત થઇ આવ્યું. મા કરતા સાધ્વીજી વધુ ગમવા લાગ્યા.

અનુક્રમે યુવાન થવા સાથે એ ગુણવાન પણ બન્યો. સમન્તભદ્રાચાર્યે જે ગુણો ગણાવ્યા હતા તે બધા જ પુંડરીક કુમારમાં જળહળતા દેખાયા. સાધ્વીજી મહાભદ્રા ઉપર પુંડરીકને સ્નેહ હતો, એથી એના સંસર્ગે ગુણવિકાસ સારો થયો.

પુનરાગમન :

સમંતભદ્રજી વિચરતા વિચરતા આ નગરે પુનઃ પધાર્યા. સાધ્વીજી મહાભદ્રા પુંડરીકને સાથે લઇ વંદનાર્થે ગયા. રાજ-કુમાર પુંડરીક ભવ્યપુરૂષ અને સુમતિધન હતો તેથી સંમત-ભદ્રજીને જોતા ઘણોજ આનંદ થયો. એમાં દેશના સાંભળ્યા પછી તો આનંદ હૈયામાં માતો ન હતો.

પુંડરીકે પૂછયું, આર્યે ! આ મહાપુરૂષ કોણ છે ?

પુંડરીક રાજકુમારની પ્રીતિ જૈનાગમ ઉપર વધુ સુદૃઢ બને એવા ઉત્તમ આશયથી મહાભદ્રાજીએ ઉત્તર આપ્યો, હે ભદ્ર સુમતિ ! તત્ત્વજ્ઞો આ પુણ્યપુરૂષને શ્રી સદાગમ કહે છે અતીંદ્રિય જ્ઞાનના નિધિ છે. દેવો અને દાનવો એમના ચરણોની ભાવપૂર્વક સેવા કરતા હોય છે.

જ્યોતિષવિદ્યાના વિશારદો આકાશમાં રહેલા તારાઓને ગણવા સમર્થ બની શકે પણ બૃહસ્પતિ આ પુરૂષોત્તમ મહાત્માના ગુણો ગુણી શકવા અસમર્થ થાય. અગણિત ગુણોના આ ભંડાર છે.

રાજપુત્ર પુંડરીકે કહ્યું. આર્યે ! પૂજ્યે ! રાત-દિવસ આ પુણ્યપુરૂષ પાસે હું આગમોનો અભ્યાસ કરવા ઈચ્છુ છું. આગમોનો અર્થ એમના દ્વારા ગ્રહણ કરવા મન થયું છે.

સાધ્વીજી મહાભદ્રાએ એ વાતને હર્ષથી અનુમોદન આપ્યું અને જણાવ્યું, ભદ્ર પુંડરીક ! તારે આ તારી ઈચ્છા માત પિતા પાસે જલ્દી રજુ કરવી જોઇએ. રાજકુમારે પણ એ વાતનો અમલ કર્યો.

માત-પિતાને એ વાત સાંભળી હર્ષ થયો. એમણે પોતાના પુત્રને આગમ અભ્યાસ માટે શ્રી સદાગમ પાસે જઇ સોંપી દીધો. સોંપતી વેળા હૈયામાં હર્ષ અને ભક્તિ હતા.

રાજકુમાર પુંડરીક શ્રી સદાગમ પાસે અધ્યયન માટે રહી ગયો. સુમતિધન કુમાર ગૃહસ્થ યોગ્ય સિદ્ધાન્ત તત્વોનો અભ્યાસ આનંદપૂર્વક કરે છે.

અનુસુંદર ચોર :

એક વખતે આ જ "મનોનંદન" ચૈત્યમાં સંઘની મધ્યમાં બેસી આચાર્યભગવંત દેશના આપી રહ્યા હતા. મહાભદ્રા, સુલલિતા અને પુંડરીક એમની સન્મુખ બેઠેલા હતા. એઓ પણ દેશના સાંભળી રહ્યા હતા.

એ જ વખતે મારા સૈન્યમાં ખળભળાટ થવા લાગ્યો. સભાજનોનું ધ્યાન કોળાહળ તરફ ગયું. બધાના કાન કૌતુકથી ઉંચા થઇ ગયા. સુલલિતાએ મહાભદ્રાને પૂછયું, અરે ? આ બધી શાની ગરબડ ઉભી થઈ છે ? આ કોલાહલ શાનો છે ?

મહાભદ્રાએ જણાવ્યું, સુલલિતે ! મને એ સંબંધી કંઇ ખબર નથી.

સુલલિતા અને પુંડરીકને બોધ આપવા સમન્તભદ્રાચાર્યે આ પ્રસંગ ઝડપી લીધો. તેઓ બોલ્યા, અરે પ્રજ્ઞાવિશાલા ! તમે શું બાળક જેવું બોલો છો ? તમને ખબર નથી કે—

"આ તો મનુજગતિ નામની પ્રસિદ્ધ નગરી છે. આપણે જ્યાં બેઠા છીએ તે એ નગરીનો "મહાવિદેહ" નામનો મહાબજાર છે. અહીંનો રાજા કર્મપરિણામ છે અને એ ઘણો પ્રસિદ્ધ છે; "કાલપરિણતિ" એના મહારાણી છે; સંસારીજીવ નામનો ચોર મુદ્દામાલ સાથે પકડાયો અને દુષ્ટાશય વિગેરેએ રાજાને એ સોંપ્યો. રાજાએ એના વધની આજ્ઞા કરી.

દુષ્ટાશય વિગેરે દંડપાશિકો સંસારીજીવ તસ્કરને વધ માટે આ રાજમાર્ગદ્વારા "પાપિપંજર" નામના વધ્યસ્થાને લઇ

જઈ રહ્યા છે. આ કોલહલ એનો છે. બાળકોની કીકીયારીઓએ એમાં ઘણો જ વધારો કરી મૂકયો છે.

સુલલિતા તો આ સાંભળી સજ્જડ બની ગઇ. એને તો ભારે આશ્ચર્ય થતું હતું. એણીએ મહાભદ્રા પ્રતિ જોયું અને કહ્યું કે આપ તો મહાભદ્રા નહિ પણ પ્રજ્ઞાવિશાલા છો.

અરે! આ તો શંખપુર નગર છે. કાંઈ મનુજગતિ નગરી નથી. આપણે તો ચિત્તરમ ઉદ્યાનમાં છીએ. આ કાંઇ મહા-વિદેહ બજાર નથી. અહીં તો શ્રીગર્ભ મહારાજા છે, નહિ કે કર્મપરિણામ મહારાજા. કમલિની રાજરાણીનું નામ છે. કાલ-પરિણતિ નામ નથી. આ ભગવંત શું કહી રહ્યા છે? મને કાંઇ સમજાતું નથી. બધું જ નવું નવું લાગે છે. ભગવંતના બોલ મને સમજાતા નથી.

સમંતભદ્રજીએ જણાવ્યું, વત્સે! તું વાસ્તવિક ભાવોને સમજી શકતી નથી. તું ખરેખર અગૃહીતસંકેતા છે. તું જરા ધીરી થા. તને પણ તારા આ પ્રશ્નોના સમાધાનો થઈ જશે.

સુલલિતા પોતાનું નામ આચાર્યશ્રી સમંતભદ્રજી દ્વારા બીજું સાંભળી એના આશ્ચર્યમાં વધુ ઉમેરો થયો. અરે! ભગવંતે તો મારૂં નામ પણ બદલી નાખ્યું.

આર્યા મહાભદ્રા સમન્તભદ્રજીના કહેવાના તાત્પર્યને સમજી ગઇ હતી. એણીને ખ્યાલ આવી ગએલો કે ભગવંત કોઇ નરકે જનાર પાપી આત્માની વાત કહી રહ્યા છે. નરકગામી જીવની

---

૧ જુવો ભા. ૧. પૃ. ૭૧.

વાત જાણી મહાભદ્રાના હૈયામાં કરૂણા જાગી અને ભગવંતે પ્રશ્ન કર્યો.

ભગવંત ! આ તસ્કરને કોઈ રીતે બચાવી શકાય ખરો ? એના છૂટકારાનો કોઇ ઉપાય છે ? કે અશકય છે ?

ભગવંતે જણાવ્યું, આર્યે ! તારા દર્શનથી અને મારી પાસે આવવાથી એનો છૂટકારો અવશ્ય થશે.

ભગવંત ! હું એની સન્મુખ જાઉં ?

આર્યે ! તું ખુશીથી જા.

ભગવંત શ્રી સમન્તભદ્રજીના કહેવાથી એ મારી (સંસારી-જીવ–અનુસુંદર) પાસે આવી. મને એણીએ કહ્યું, હે ભદ્ર ! તું આ મહાત્માશ્રી સદાગમની શરણાગતિ સ્વીકાર. આ પ્રમાણે જણાવી મને સદાગમની પાસે લઈ આવી. આખી સભાએ ચોર તરીકે મને જોયો. મેં એ મહાપુરૂષની શરણાગતિ સ્વીકારી.

ભગવંતે મને આશ્વાસન આપ્યું. મને શાન્ત્વના મળી. રાજપુરૂષો નાશી છૂટયા. તેં જે વૃત્તાંત પૂછયો એ મેં તને કહી સંભળાવ્યો.

આચાર્ય શ્રી સમન્તભદ્રજીને તો આ વાતની જાણ હતી જ. તારી જાણકારી માટે સંભળાવ્યો છે. તને વિશ્વાસ થાય કે આ તસ્કર જે કહે છે તે સર્વથા સત્ય છે. એમ થાય તો જ મારી બીજી બાબતો ઉપર પણ શ્રદ્ધા થાય. મારા કથનમાં તને વિશ્વાસ આવ્યો છે કે નથી આવ્યો ?

ચોર થવાના કારણો :

અનુસુંદર ! તમે જે વાત રજુ કરી એની અનુભૂતિ મેં પણ કરી છે. એટલે વિશ્વાસ તો થાય જ. પણ તમે અનુસુંદર ચક્રી છો તે ચોર કઇ રીતે માની શકાય ? તમે ચોરનો આકાર શા માટે ધર્યો ?

અનુસુંદર ચક્રી ઉત્તર આપતા બોલ્યા, ભદ્રે ! તારા અને ભવ્યપુરૂષ સુમતિના પ્રતિબોધ માટે મેં બહારથી પણ ચોરનો આકાર ગ્રહણ કર્યો. છે.

તમારી આગળ સમંતભદ્રજીએ સંસારીજીવ તસ્કરની વાત કરી એ મારા આન્તરજીવનને અશ્રયીને કરી છે. મહાભદ્રામા રી સન્મુખ આવી. એના દર્શન થતાં મને જ્ઞાન થઇ આવ્યું. મેં વિચાર કર્યો કે —

મારૂં આન્તર તસ્કર સ્વરૂપ આ પ્રજ્ઞાવિશાળા અને ભગવાન શ્રી સમન્તભદ્રજી જાણે છે. મહાભદ્રાજીની પ્રજ્ઞા વિશાળ છે એટલે એમને પ્રજ્ઞાવિશાલા કહી શકાય.

સુલલિતા ! તું આ વાતની ગન્ધને પણ જાણતી નથી. એટલે હજુ સુધી તું અગૃહીતસંકેતા કહેવાય છે. સંકેતોને અર્થાત્ તાત્પર્યાર્થને જાણી શકતી નથી, ગ્રહણ કરી શકતી નથી.

વળી મારૂં ચક્રવર્તીરૂપ જોઇને તને સદાગમજીના વચનમાં વિસંવાદ જેવું ન લાગે, એમની વાત અસંબદ્ધ ન લાગે, વળી આ પુંડરીક ભવ્યપુરૂષ અને સુમતિ હોવાથી એને જ્ઞાન પણ આ પદ્ધતિથી થાય, આવો મનોમન વિચાર કરીને આન્તરસ્વ-

રૂપને જણાવતા આ તસ્કરરૂપને વૈક્રિયલબ્ધિ દ્વારા બનાવ્યું છે. મારો આત્મા ચોર છે અને આ બાહ્યરૂપ એવું જ બનાવ્યું છે. આટલું બોલી અનુસુંદર મૌન રહ્યા.

અન્તરંગ ચૌર્યસ્વરૂપ :

ભોળી સુલલિતાને વળી નવો પ્રશ્ન જાગ્યો અને તરત જ પ્રશ્નો કરી લીધો. ભોળા આત્માઓનો આવોજ સ્વભાવ હોય છે.

અરે અનુસુંદર ! અન્તરંગ ચોરી વળી કેવી હોય ? એ ચોરી કરવામાં આટલી અસહ્ય વિડંબનાઓ શાથી ભોગવવી પડે છે ? તમે તમારા અને બીજાઓના ચરિત્રોને કેવી રીતે જાણી શકો છો ? આના સમાધાનો આપશો ? મને તો હવે તમારી વાતમાં રસ પડતો જાય છે.

અનુસુંદરે જણાવ્યું કે એવી ઇચ્છા હોય તો ધ્યાન પૂર્વક સાંભળો.

હું (સંસારીજીવ) નવમા ગ્રૈવેયકથી ચવ્યો અને સુકચ્છ-વિજયની ક્ષેમપુરી નગરીમાં યુગન્ધર રાજા અને નલિની રાણીના પુત્ર તરીકે અવતર્યો. અનુસુંદર મારું નામ રાખવામાં આવ્યું.

આ બાજુ ભવિતવ્યતાએ મહામોહ વિગેરેની સભા બોલાવી અને પ્રોત્સાહિત કરતા બોલી. હે મહામોહ રાજવી ! અનુસુંદરથી સમ્યગ્દર્શન હમણાં ઘણો દૂર છે અને ત્યાં સુધી તમારે તમારો સ્વાર્થ સાધવો હશે તો સિદ્ધ થશે. જે પ્રયત્નો કરવા જેવા લાગે તે કરવા લાગી જાઓ.

તમે ગફલતમાં રહ્યા તો એ અનુસુંદર પોતાના સૈન્યનું પરિબળ અને તાકાત વધારી દેશે અને તમારા લોકો માટે પહેલાની જેમ ઘણો જ વિઘ્નભૂત થશે. આળશમાં રહેવા જેવું નથી.

મોહની મૂંઝવણ :

ભવિતવ્યતાની વાત સૌએ વધાવી લીધી. મહામોહ વિગેરે સૌએ મને બાળવયમાં જ ઝડપથી ઘેરી લીધો. હું એ વખતે અણસમજુ બાળક હતો. મારા સારા સારા બન્ધુઓને હું ભૂલી બેઠો. મહામોહાદિ સાથે હું એકાકાર તન્મય બની ગયો. પાપાચરણ કરવા લાગ્યો.

કુમાર અવસ્થામાં, યૌવન કાળમાં અને ચક્રવર્તી પણામાં મેં માંસાહાર કર્યો છે. સુરપાનો પીધા છે. અનેક કુમારીકાઓ અને પરનારીઓ સાથે રતિક્રીડાઓ કરી છે. વેશ્યાઓ અને વિધવાઓ સાથે યુવાનીમાં છેડતીઓ કરી છે; શિકારનો પણ શોખીન બન્યો. વૈભવ, વિલાસ અને વનિતામાં હું મૂર્ચ્છિત બની ગયો.

મારા આવા વર્તનદ્વારા પૂર્વની વાતો બધી ભૂલી જઇ ભાવશત્રુઓને ફરીથી બન્ધુ તરીકે માનવા લાગ્યો. મહામોહાદિ મારા બેહાલ કરશે અને હું પરેશાન થઇશ, આ લોકો માારું આન્તરરાજ્ય પડાવી લેશે, એ વિગેરે વાતો સર્વથા ભૂલી ગયો.

મહામોહાદિ દુશ્મનોને ફાવટ આવી ગઇ. ચિત્તવૃત્તિમાં મનફાવતી રીતે ફરી શકતા હતા. મારી ચિત્તવૃત્તિને એ લોકોએ મેલી દાટ કરી નાખી. ચારિત્રધર્મરાજના સૈન્યને

ચોતરફથી ઘેરી લીધું. એઓ ઘેરાઇ ગયા. ક્ષમા વિગેરે આન્તર અન્તઃપુર ગુપ્ત બની ગયું. ત્યાંની ક્ષમા, આર્દવતા વિગેરે સ્ત્રીઓ મારી અણમાનીતી બની.

મહામોહના રાજ્યની પુનઃ સ્થાપના થઇ. પાપોદય હાજર થઇ ગયેા. એની તાકાત વધી ગઇ. મહામોહરાજાનું સૈન્ય વધારે ગેલમાં આવી ગયું. પોતાના નગરેા વિગેરેની નવરચના કરી. પ્રમત્તતા નદી પૂરજોશમાં વહેતી ચાલુ થઇ ગઇ. તદ્વિલસિત દ્વીપ, ચિત્તવિક્ષેપમંડપ, તૃષ્ણા વેદિકા, વિપર્યાસ સિંહાસન વિગેરે દરેકનેા પુનરુદ્ધાર કરવામાં આવ્યેા. વધુ શું જણાવું ? દરેક વસ્તુઓ મહામોહરાજાએ અને એના સેનાનીઓએ નવરચનાદ્વારા ઉભી કરી દીધી.

આ પછી અંદરોઅંદર વિચારણાઓ ચાલી. મહામંત્રી વિષયાભિલાષે પોતાના રાજવીઓને જણાવ્યું. હે રાજા-મહારાજાઓ ! આપ સૌ મારી વાત ધ્યાનપૂર્વક સાંભળેા અને એના ઉપર શાન્ત ચિત્તે વિચાર કરેા.

આપણે સૌએ પહેલા સજ્જડ હાર ખાધી હતી. ઘેાળે દિવસે તારા જોવાનેા વખત આવી ગયેા હતેા. હું એ વાતની એટલા માટે યાદ આપી રહ્યો છું કે આ વખતે આપણને ભૂલથાપ ખાવી ન પડે. કેાઈ વાતમાં ઉપેક્ષા કે ગફલત રાખવી અનુચિત છે. કેાઇ વાતમાં ઢીલ રાખવી નહિ.

તમે હારેલા તેા છેા જ. આ વખતે એવું યુદ્ધ કરજો કે આપણું રાજ્ય પાછું આપણને જ મળે. તમારા જોશભર્યા યુદ્ધથી

આપણને વિજયધ્વજ મળવો જ જોઇએ. રાજ્ય નિષ્કંટક બને અને આપ સૌ આપનું રાજ્ય ભોગવી શકો.

બધા રાજાઓ એક સાથે બોલી ઉઠ્યા, હે મંત્રીરાજ ! તમારી વાત બીલકુલ સાચી છે. તમારી વાત અમને ગમી છે. અમે એ વાતને હર્ષથી વધાવીએ છીએ. આ અવસરે અમારે શું કરવું જોઇએ એ આપ બતાવો.

મહામંત્રી શ્રી વિષયાભિલાષે એ માટે શું શું કરવું એ બધી યોજનાબદ્ધ વાતો જણાવી દીધી.

એ લોકોએ મને ઉત્સાહિત કર્યો. એ ક્ષેત્રમાં રહેલું કર્મ-પરિણામ મહારાજાનું કાર્મવર્ગણાઓમાંથી બનેલું " અકુશળ " નામનું દ્રવ્ય સારા પ્રમાણમાં ગ્રહણ કર્યું. એ અકુશળ દ્રવ્ય (પાપ) જેટલું ભેગું થાય તેટલું ભેગું કર્યું.

આ મહામોહાદિ લોકોએ કર્મપરિણામરાજા પાસે મને ચોર તરીકે જાહેર કર્યો. રાજાએ તરત જ આજ્ઞા આપી કે આ અનુસુંદરને અનેક વિડંબનાઓ આપી છેલ્લે પાપપિંજરમાં લઇ જાઓ. ત્યાં એને ખૂબ ત્રાસ આપજો અને મારી નાખજો.

" ક્રૂર રાજાજ્ઞા સાંભળી મહામોહાદિ અધમ રાજાઓ-લોકો ઘણા ગેલમાં આવી ગયા. મને પકડીને આખા શરીરે " કર્મ " નામની રાખ ચોપડી. " રાજસી " સોનાગેરૂના છાપા મારા શરીરે લગાવ્યા. " તામસી " શાહીના કાળા ચાંલ્લા મારા શરીરે ચીતર્યા. " રાગકલ્લોલ " નામની કણેરના ફુલની માળાઓ મને પહેરાવવામાં આવી. વળી " કુવિકલ્પ-સંતતિ " રૂપ કોડીયાઓની માળા ગળે નાખી. " પાપાતિરેક "

રૂપ બોખરૂં પાત્ર વળગાળવામાં આવ્યું. મેં ચોરેલું "અકુશલદ્રવ્ય" મારા ગળામાં લટકાડવામાં આવ્યું. "અસદાચાર" રૂપ મોટા ગધેડા ઉપર બેસાડવામાં આવ્યો. "દુષ્ટાશય" વિગેરે મોહરાજાના સેવકો ઘેરો ઘાલી વિંટળાયેલા હતા. "કષાય" નામના બાળકોનો મહા કોલાહલ થઈ રહ્યો હતો. "શબ્દાદિ" વિષય ભોગો રૂપ વિચિત્ર વાજીંત્રોનો વિચિત્ર અવાજ મારી ચારે તરફ કરવામાં આવતો હતો. બાહ્યલોકના "વિલાસ" રૂપ તોફાની માણસોના હાસ્યથી વાતાવરણ ભયંકર હતું. જાણે આવી આકૃતિમાં મને મારો દેશ બતાવવાનો ન હોય, એવા બહાનાથી મહામોહાદિ વધ્યભૂમિ તરફ મને લઇ જતા હતા.

આવી હાલતમાં ગધેડા ઉપર બેસાડી મને લઇ જવામાં આવતો હતો ત્યાં આ વિભાગમાં આવ્યો એટલે તમે સૌએ સૈન્યનો મહાકોલાહલ સાંભળ્યો. તરત જ સાધ્વીજી શ્રી મહાભદ્રાજી મારી સામે આવ્યા.

આ વખતે હું મારા સૈન્યને પાછળ મૂકી આનંદની બાતર ચિત્તરમ ઉદ્યાનમાં આવ્યો. મારી સાથે માત્ર થોડા રાજકુમારો હતા. વનશોભા નિહાળવાનું મન થયું એટલે હું મારા ગજરાજ ઉપરથી ઉતર્યો અને સામેથી આવી રહેલા સાધ્વીજી શ્રી મહાભદ્રાજીને જોયા.

પૂર્વભવના પ્રેમસંસ્કારો હતા એ તાજા થયા. મને કુદરતી એ સાધ્વીજી તરફ પ્રેમ જાગ્યો. એઓ સાધ્વીજી હતા. નિઃસ્નેહ

હતા છતાં પૂર્વના સંસ્કારોના કારણે મારા તરફ પણ એમને પ્રેમ થયો.[૧]

મેં એ સાધ્વીજીને નમસ્કાર કર્યા અને એમણે મને "ધર્મલાભ" આશીર્વાદ આપ્યો. ત્યારબાદ વૈરાગ્યમય સુંદર ધર્મોપદેશ આપ્યો.

જાતિસ્મરણ :

મહાભદ્રાજી મને જોઇને કાંઇ યાદ ન કરતાં હોય એમ વિચારવા લાગ્યા અને એ રીતે ત્યાંજ જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાન થયા પછી અધ્યવસાયો ઘણા વિશુદ્ધ થવા લાગ્યા અને અવધિજ્ઞાન થયું.

અવધિજ્ઞાન દ્વારા એમણે મારા ભવો જાણી લીધા. પૂ. આ. શ્રી નિર્મળસૂરિજીના વખતની દેશનાઓ, મારી ધાર્મિક શ્રદ્ધા, સમ્યગ્દર્શન, સદાગમ તથા ચારિત્ર ઉપરની પ્રીતિ, ક્ષમા વિગેરે કન્યાઓ સાથેના લગ્ન, મારો આન્તર પરિવાર વિગેરે સંબંધી જોરદાર ઉપદેશ આપ્યો.

સમ્યગ્દર્શન અને સદ્બોધ હાલમાં દૂર રહ્યા હતાં. જો કે એમને મારી પાસે આવવા મન તો હતું પણ મહામોહના સૈન્યે એમને ઘેરી લીધા હતા. પણ મારા પરિણામો સુધરતા જોઈ એમને સંબલ મળ્યું. શત્રુ સૈન્યને વેરવિખેર કરી મારી પાસે આવી પહોંચ્યા.

---

૧. મહાભદ્રા એ કંદમુનિ હતા. એ વખતે આ ચક્રી અનુસુંદર ગુણધારણ હતો. મહાભદ્રા અને પ્રજ્ઞાવિશાલા બંને એકજ વ્યક્તિના નામ છે. સુલલિતા એ મદનમંજરી હતી. એ ગુણધારણની પત્ની.

હે અગૃહીતસંકેતે–સુલલિતે ! સમ્યગ્દર્શન અને સદ્બોધ મારી પાસે આવ્યા એટલે મને પણ તર્ક–વિતર્ક થવા લાગ્યા. હું કોઈ ઉંડા વિચારમાં તન્મય બની ગયો.

એમ કરતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું. એ જાતિસ્મરણ જ્ઞાનદ્વારા મને ગુણધારણના ભવસુધીના ભવો સુસ્પષ્ટ દેખાતા હતા. ગુણધારણના ભવની બધી વાતો સ્મૃતિપટ ઉપર તરવરવા લાગી.

મારા અધ્યવસાયો વિશુદ્ધ બનતા ગયા. હું કર્મોના આવરણોનો નાશ કરતો ગયો. પરિણામે અવધિજ્ઞાન પોતાના વિરોધિઓને જિતીને મિત્ર સદ્બોધની પાસે આવતો રહ્યો. હું અવધિજ્ઞાની બન્યો.

આ અવધિજ્ઞાનના બળે મેં અસંખ્યાતા દ્વીપો જોયા. અસંખ્યાતા સમુદ્રો નજરે ચડયા. જ્યારે હું સિંહાચાર્ય હતો એ વખતની વાતો અને જ્ઞાન પણ સ્મૃતિપટ ઉપર આવી ગયા. પૂ. આ. શ્રી નિર્મળસૂરીશે વર્ણવેલા "સંસાર સ્વરૂપ" નો ખ્યાલ આવી ગયો. "સંસાર વિસ્તારની" વાતો તાજી થઇ ગઇ. સંસારનું સ્વરૂપ મારા ખ્યાલમાં આવી ગયું.

ઉપર જણાવી ગએલા કારણોને લઇ ચોરનું રૂપ ધારણ કરી સાધ્વીજી મહાભદ્રાજીની સાથે આ સભામાં હું આવ્યો.

હે સુલલિતે ! તું પોતે મદનમંજરી છે એ જાણીને તારા ઉપર મને સ્નેહ થયો, તેથી અને તું પરમ રહસ્યોને સમજી શકતી નથી તેથી કરૂણા આવવાના કારણે તારા બોધ ખાતર

અને તને શ્રી સદ્ધાગમ ઉપર પ્રેમ જાગે એ ખાતર આ વર્ણન કર્યું છે.

પ્રભુ શ્રી સદ્ધાગમના પ્રતાપે આ બધું જ્ઞાન મને થયું છે અને આ મારી કથા છ માસ ચાલે એટલી લાંબી છે છતાં એ જ મહાત્માના પ્રતાપે માત્ર ત્રણ પ્રહરમાં કહી સંભળાવી છે. આ છે મારા ભવપ્રપંચની મહાકથા.

હું તારી આગળ મારું અંતરંગ ચૌર્ય અને તેની વિડંબનાઓ કહી ગયો. હું ગુરૂદેવની કૃપાથી મારી અને પારકાઓની આંતરકથાઓને જાણતો હોઉ છું. આ છે મારો હેવાલ



પ્રકરણ પાંચમું

અનુસુંદરનું ઉત્થાન

સુલલિતા, મહાભદ્રા, સમંતભદ્ર અને પુંડરીક સમક્ષ અનુસુંદર ચક્રવર્તીએ ત્રણ પ્રહરમાં પોતાનો ભવપ્રપંચ કહી સંભળાવ્યો. સુલલિતાની શંકાઓ દૂર કરી સંસારીજીવે જે કહેવાનું હતું એ અહીં પૂર્ણ થાય છે. સુલલિતાને આ વાત સાંભળી ભારે આશ્ચર્ય થઇ રહ્યું હતું. પુંડરીક કુમાર થોડું થોડું સમજવા લાગ્યો હતો. એણે ચોરરૂપધારી અનુસુંદરને પૂછ્યું.

ચિત્તવૃત્તિ :

આર્ય ! આપના હૃદયમાં હાલમાં કયા ભાવો પ્રવર્તી રહ્યા છે ? આપનું માનસિક વહેણ કઇ બાજુ છે ?

ભદ્ર ! ધ્યાનથી તું સાંભળઃ

મેં તમારી પાસે વૈરાગ્યથી મારો હેવાલ રજુ કરવાનો પ્રારંભ કર્યો, એ વખતે શ્રી ચારિત્રધર્મરાજને થયું કે હમણા અમારો અનુકૂળ સમય છે. એટલે એ રાજરાજેશ્વર સાહેબ પોતાના વિશાળ સૈન્યની સાથે મારા તરફ આવવા રવાના થયા.

રસ્તામાં સૌ પ્રથમ " સાત્વિકમાનસ " પુર આવ્યું. ચારિત્ર-ધર્મરાજના મંગલ આગમનથી આ નગર આનંદમાં આવી ગયું. " વિવેક " પર્વતને નિર્મળ કરવામાં આવ્યો. " અપ્રમત્તત્વ " શિખર તેજસ્વી જ્યોતિપુંજ જેવો રોનકદાર બનાવી

દેવામાં આવ્યો. જૈનપુર, ચિત્તસમાધાન મંડપ, નિષ્પૃહતા વેદિકા, જીવવીર્ય સિંહાસન વિગેરે વેર વિખેર બની ગયા હતા. તે બધા નવેસરથી સાફસુફ કરી સ્થિર કરવામાં આવ્યા. નવું વસાવી દીધું. નાકાબંધી અને સંરક્ષણના ચાંપતા પગલા ગોઠવી દીધા. દરેક યોજનાઓની ગોઠવણી કરી મારી સન્મુખ આવવા નિકળ્યો.

આગળ વધતાં રસ્તામાં રાજરાજેશ્વર શ્રી ચારિત્રધર્મરાજને મહામોહ રાજેશ્વરનો ભેટો થઇ ગયો. એ બેનું પરસ્પર ત્યાં યુદ્ધ થયું. ખૂનખાર મરણીઓ એ જંગ જામ્યો. આ ભીષણ યુદ્ધ મેં પ્રત્યક્ષ જોયું. સમ્યગ્દર્શન સદ્બોધની સાથે મેં ચારિત્ર-ધર્મરાજને પૂર્ણ સહકાર આપ્યો. મારો પૂર્ણ સહયોગ હોવાના કારણે ચારિત્રરાજનો વિજયધ્વજ ફરકયો. મોહરાજા અને એના સેનાનીઓ, સૈનીકો પાછા હઠ્યા. કેટલાક યુદ્ધ ભૂમિમાં જ ખપી ગયા.

ક્ષાંતિ, દયા, મૃદુતા, વિગેરે સ્ત્રીઓવાળું મારૂં અન્તઃપુર કબજે મેળવ્યું. શ્રી ચારિત્રધર્મરાજ પ્રસન્ન બની મારા તરફ આવ્યા. એમનો પરિવાર પણ સાથે જ હતો. મહામોહ વિગેરે સૌ મારી ચિત્તવૃત્તિ અટવીમાં જ કયાંક સંતાઇ ગયા. પણ એ અર્ધમૃત જેવી દયનીય દશામાં હતા.

ભદ્ર સુમતિ પુંડરીક ! હાલમાં મારી ચિત્તવૃત્તિમાં આવી વિચારધારાઓ ચાલી રહી છે. શત્રુઓ અલોપ બન્યા છે. મિત્રો આનંદમાં આવી ગયા છે. વળી મારે મારા આંતર બન્ધુવર્ગના પાલન પોષણ અને સંવર્ધન માટે જગત્વંદ્ય શ્રી જિનેશ્વર પરમાત્માએ બતાવેલી દીક્ષા ગ્રહણ કરવી છે.

અનુસુંદર દીક્ષા:

પોતાની ચિત્તવૃત્તિના ભાવો જણાવી અનુસુંદર ચક્રવર્તીએ વૈક્રિય રીતે ચોરનું રૂપ બનાવેલું તેનો ઉપસંહાર કરી લીધો. એ માયા સંકેલી લીધી. પોતાનું સહજ ચક્રવર્તીરૂપ હતું તે ધારણ કર્યું. ચોરના રૂપને બતાવતી ચીજો અલોપ થઇ ગઇ. શરીર પરના કાળા–લાલ છાપાઓ, કણેર–ઠીકારાની માળાઓ વિગેરે કયાંય જતું રહ્યું. સાક્ષાત્ સોહામણું ચક્રવર્તી બની ગયા.

એજ સમયે એમના મંત્રી, સેનાપતિ, સર્વસેના વિગેરે હાજર થઈ ગયા. મંત્રી, સેનાપતિ સામન્તો વિગેરે ચક્રવર્તીની આજુબાજુ ગોઠવાઇ ગયા.

અનુસુંદરના અન્તઃકરણ ઉપર ચારિત્રધર્મરાજનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. બાહ્ય કોઇ પણ વસ્તુ ઉપર સ્નેહરાગ ન હતો. એણે પોતાનો અભિપ્રાય મંત્રી વિગેરેને જણાવ્યો અને સૌને એ વાત સુયોગ્ય પણ લાગી.

તરત જ પોતાના પુત્ર પુરન્દરની રાજ્યગાદી ઉપર સ્થાપના કરી. જિનેશ્વર પરમાત્માની પૂજાદિ વિધિઓ પૂર્ણ કરી. એટલામાં શ્રીગર્ભ રાજા પોતાના અન્તઃપુર સાથે ત્યાં આવ્યા.[1] એમણે સર્વનો યથોચિત વિનય વિગેરે કર્યો. અને પર્ષદા પુનઃ મળી. સર્વત્ર આનંદ આનંદ છવાઇ રહ્યો હતો. બધે જ મહોત્સવનું વાતાવરણ ગાજતું હતું.

---

૧. શ્રીગર્ભ રાજા એ શંખપુરના રાજા અને પુંડરીકના પિતા છે. એમના નગરની બહાર ચિત્તરમ ઉદ્યાનમાં આ બનાવ બન્યો છે. આ વાતમાં એ હાજર ન હતા. હાલમાં જ તે આવ્યા છે.

સુલલિતાને પ્રતિબોધ :

ભોળી સુલલિતા આવો અદ્‌ભુત પ્રસંગ જોઇને એને ઘણું આશ્ચર્ય થતું હતું. એને તો બધી વાતોમાં નવાઇ જ લાગતી હતી.

ચક્રવર્તી અનુસુંદરે પૂજ્ય ગુરૂદેવશ્રી સમંતભદ્રજી પાસે દીક્ષાની માગણી કરી અને ગુરૂદેવ દીક્ષા દેવા માટે તૈયાર થયા. આ વખતે ફરી ચક્રીના હૃદયમાં વધુ કરૂણા ઝળકી અને સુલલિતાને કહ્યું.

સુલલિતે ! તારા હૈયામાં આ બોધની કાંઇ અસર થઇ જણાતી નથી, એવું મારૂં માનવું છે. હે મુગ્ધે ! તું હજી આમતેમ જોયા કરે છે એનો અર્થ એ જ કે મારા કહેવાના ભાવો તું સમજતી નથી.

હે ભદ્રે ! તને બોધ આપવાના ઉદ્દેશથી મેં મારો આદિથી અંત સુધીનો " ભવ પ્રપંચ " તારી સન્મુખ કહી સંભળાવ્યો છે. અન્ય પ્રાસંગિક વાતો પણ તને કહી છે.

મહાનિર્વેદને ઉત્પન્ન કરી દે એવો આ મારો " ભવ પ્રપંચ " સાંભળવા છતાં તને બોધ ન થાય એ એક આશ્ચર્ય છે. જો આ વૃત્તાન્તથી તને બોધ ન થતો હોય તો બીજો એકે ઉપાય નથી કે જેના દ્વારા તને બોધ કરી શકાય.

તારૂં હૈયું શું વજ્રપાષાણથી બનેલું છે ? કે પછી તારૂં હૈયુ કોરડા મગ જેવું છે ? જો એમ ન હોય તો ભવરૂપી જેલખાનામાં તને મહાભયંકર " ભવપ્રપંચ " સંભળાવ્યો છતાં

એની અસર કાં ન થઇ ? તને વૈરાગ્ય કેમ થતો નથી ? તું વાસ્તવિક અગૃહીતસંકેતા છે.

ભદ્રે ! તું હજુ સમજ. હજુ બોધ પામ. તું જ મદનમંજરી હતી. પુણ્યોદયે તારો અને મારો મેળ કરાવી આપ્યો હતો. કંદમુનિ અને શ્રી નિર્મળાચાર્યની દેશના યાદ કર. તને આ બધા પ્રસંગો ફરી ફરી યાદ દેવરાવું છું, છતાં તને કેમ જરાય અસર થતી નથી ? તેં પણ શ્રી નિર્મળાચાર્ય પાસે મદનમંજરીના ભવમાં દીક્ષા લીધી હતી. એ તારો વૈરાગ્ય આજે ક્યાં ગયો ? તું ઉંડો વિચાર કર. તને કાંઈક ખ્યાલ આવે. તું મુંઝા નહિ. તું ધર્મારાધનામાં વિલંબ ન કર. જો તું વૈરાગી બનીશ તો હું મારા આ પરિશ્રમને સફળ માનીશ.

પુંડરીકને દીક્ષાના પરિણામ :

અનુસુંદર ચક્રવર્તી દીક્ષા લેવા તૈયાર થયા હતા. એમાં વચ્ચે સુલલિતાના બોધ માટે વાત કરતા હતા. એ વાત રાજકુમાર પુંડરીક સાંભળતો હતો. વાત સાંભળતાં પુંડરીક રાજકુમારને મૂર્છા આવી અને જમીન ઉપર ઢળી પડયો. આ પ્રસંગથી એના માતા-પિતા અને સભાજનો આકુળ વ્યાકુળ થઈ ગયા.

તરત જ શીત ઉપચારો કરવામાં આવ્યા. પંખાની હવા નાંખવામાં આવી. પરિણામે થોડા સમયમાં પુંડરીકની મૂર્છા ઉતરી. એની ચેતના સ્વસ્થ થઈ. એના મુખ ઉપર આનંદની રેખાઓ ઉપસી આવી હતી. નયનો હર્ષ વ્યક્ત કરી રહ્યા હતા. એણે પિતાજી શ્રી શ્રીગર્ભને કહ્યું. મારી વાત આપ સાંભળો.

પિતાજી ! આપ જ્યારે આ સ્થળે આવ્યા એ અગાઉ ચોરના રૂપને ધારણ કરી આ ચક્રવર્તીએ સંપૂર્ણ "ભવ પ્રપંચ" કહી સંભળાવ્યો છે. એ ભવપ્રપંચની વાતોમાં મને ઘણું સમજાતું ન હતું. કેટલીક વાતો વિરૂદ્ધ જેવી પણ જણાતી હતી.

જે વાતોને હું સમજી શકતો ન હતો એ માટે મેં એવો વિચાર કરેલો કે આ વાર્તા સાંભળ્યા પછી હું મહાભદ્રાજીને કથાનો ભાવાર્થ પૂછીશ અને વસ્તુસ્થિતિના રહસ્યને સમજી લઇશ.

એટલામાં આપ પણ અત્ર પધાર્યા. સભા મળી. દીક્ષા ગ્રહણ કરવાની તૈયારીમાં અનુસુંદર ચક્રીએ બોધ માટે સુલલિતાને કહેવું ચાલુ કર્યું. એ વાત સાંભળવામાં મને ઘણો રસ પડ્યો. મને ખૂબ મજા આવી. એમાં જાતિસ્મરણ જ્ઞાન થઈ આવ્યું. આ મૂર્ચ્છા જાતિસ્મરણ જ્ઞાનની હતી.

હું પોતે કુલંધર હતો. અનુસુંદર જ્યારે ગુણધારણના ભવમાં હતા ત્યારે હું એમનો મિત્ર હતો. નિર્મળસૂરિજી પાસે મેં પણ દીક્ષા લીધી હતી, નિર્મળાચાર્યનો ઉપદેશ આજે પણ મારા હૃદયમાં છે. પૂ. નિર્મળસૂરિજી પાસે "ભવપ્રપંચ" સાંભળેલ તે સ્મૃતિમાં આવી ગયો છે. મારે જે મહાભદ્રાજીને પૂછવાનું હતું તે હવે સમાધાન થઇ ગયું છે. ભવથી-સંસારના સુખોથી મારૂં મન વિરક્ત બન્યું છે. આપ મને રજા આપો. હું અનુસુંદર ચક્રવર્તીની સાથે દીક્ષા લઈ પવિત્ર બનું.

પિતાજી પાસે દીક્ષાની અનુમતિની વાત રજુ કરતા પુત્રને જોઇ મહારાણી કમલિની ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા.

માતાનો મોહ અને રાજાની સમજાવટ :

શ્રીગર્ભ રાજાએ પત્નીને ઉદ્દેશીને કહ્યું, દેવી ! તમે રડો નહિ. તમે યાદ કરો. તમને સ્વપ્નમાં એક દિવ્યપુરૂષે દર્શન આપ્યા હતા. એ મુખમાંથી પ્રવેશ કરી બહાર નિકળી કોઇ અજ્ઞાત વ્યક્તિ સાથે ચાલ્યા ગએલા એ આજ પુંડરીક છે.

આ પુત્ર મહાત્મા થશે. ગુણસંપન્ન છે. ધર્મનો ઉદ્યોત કરનારા મહાસમર્થ બનશે. ધર્મનો મહાસાધક બનશે. એવા ગુણશીલ પુત્રને સંસારમાં રાખવો ઉચિત નથી. પરન્તુ આપણે પણ એ પુણ્યવાન પુત્રની સાથે દીક્ષા ગ્રહણ કરવી જોઇએ. એના માર્ગે આપણે પણ જઇએ. એ જ નિષ્કામ પ્રેમનું લક્ષણ છે. ખરો પ્રેમ આ રસ્તે જ વ્યકત થશે.

જેની અવસ્થા ભોગસુખો માટે યોગ્ય આપણે માનીએ છીએ એવો બાળક જો ધર્મની સાધના માટે દીક્ષા ગ્રહણ કરતો હોય તો શું ભવબન્ધનવાળા સંસારરૂપ જેલમાં સબડતા રહેવું આપણે માટે શોભારૂપ જણાય છે ? બાળક દીક્ષા લે અને આપણે સંસારમાં રહીએ એ શું સારૂં ગણાય ?

રાજારાણીનો દીક્ષાનો નિર્ણય :

મહારાણીએ ઉત્તર આપતાં જણાવ્યું. આપે ઘણું સરસ યાદ અપાવ્યું. આપણે પણ પનોતા પુત્ર સાથે પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરીએ, પુંડરીકને દીક્ષાની રજા આપીએ અને આપણે પણ દીક્ષા લેવા તૈયાર થઇએ. પુંડરીક, શ્રીગર્ભ-રાજા અને મહારાણી કમલિની દીક્ષા લેવા માટે તૈયાર થયા.

સુલલિતાની દશા :

અનુસુંદર ચક્રવર્તીની હૃદયંગમ વાણીથી સુલલિતાનું હૈયું ભીંજાણું અને પુંડરીક, શ્રીગર્ભરાજા અને કમલિની મહારાણીને દીક્ષાના ભાવ જાગ્યાનો પ્રસંગ જોઈ મુંઝવણમાં પડી ગઇ. અને શું કરવું, શું ન કરવું એ સમજાયું નહિ. હૈયામાં ખેદ થવા લાગ્યો.

હાથ જોડી એ મહાભદ્રા તરફ બોલી. હે ભદ્રે! હે પૂજ્ય! મેં એવા શા પાપો કર્યા છે કે હું આવી થઇ. ધન્ય છે આ કુમળા કુમાર પુંડરીકને, કે જે માત્ર સ્વભાવિક અહીં બેઠો હતો. છતાં એને અસર થઇ બધા ભાવાર્થોને એ સમજી ગયો. સમજવામાં એને સમય પણ ન લાગ્યો. આ કથા સાક્ષાત્ મને કહેવામાં આવતી હતી. એ તો માત્ર કથાપ્રસંગ સમજી સાંભળવા બેઠો હતો. હું પશુ જેવી કાંઇ સમજતી નથી અને આ પુણ્યવંત કુમાર સમજી ગયો. હે પૂજ્યઆર્યા! શા મારા પાપ મને નડી રહ્યા છે? સાક્ષાત્ આ ભવપ્રપંચ મને કહેવામાં આવી રહ્યો છે છતાં એનો ભાવાર્થ કેમ સમજાતો નથી?

હે મહાભાગ મહાભદ્રા! આપ મને ભાવાર્થ નહિ સમજમાં આવવાના કારણો જણાવો અથવા આપ સદાગમને પૂછી મને કારણ જણાવો. આ મને કચા ભવના પાપો નડી રહ્યા છે. ઓ પૂજ્યે! મને જલ્દી સમાધાન આપો.

સુલલિતાના નયનોમાંથી આંસુઓની ધારા વહી જતી જોઇ કરૂણાઘન-અનુસુંદરે જણાવ્યું. હે સુલલિતે! તને તારા પાપો જાણવાની ઇચ્છા થઇ હોય તો હું તને એ જણાવું. તું આદર પૂર્વક એ હકીકત સાંભળ.

તેં મદનમંજરીના ભવમાં દીક્ષા ગ્રહણ કરી હતી. તારા ભાવ ઘણા સારા હતા. દીક્ષાની આરાધના તેં વિધિપૂર્વક કરી હતી. પાલનમાં જરાય કચાસ રાખી ન હતી. ક્રિયા કરવામાં તું શિથિલ ન હતી.

પણ ત્યાં તને એક દુર્બુદ્ધિ થઇ આવી. જે કરવાનું હોય તે કરે રાખે. આ બધો હોળો કરવાની શી જરૂર છે ? આવી ઝંઝટ શા કામની ? આવા વિચારોના પરિણામે તને સ્વાધ્યાયનો અવાજ ગમતો ન હતો. વાચના ગમતી ન હતી. કોઈ કાંઇ ધર્મ બાબતનો પ્રશ્ન કરે, તો એ તને ગમતું ન હતું. અભ્યાસ ઉપર ઉદ્વેગ હોવાથી તને મૌન રાખવું ગમતું અને મસ્ત થઇ ઉંઘવાનું પ્રિય લાગતું.

જો કે તને મૌન કે નિદ્રાનો તીવ્ર અભિનિવેશ યાને વધુ પડતો આગ્રહ ન હતો એટલું સારું હતું. જેથી તને જ્ઞાન અને જ્ઞાનીઓ ઉપર દ્વેષ ન જાગ્યો અને એમની વિરોધી તું બની નહિ. તું ગુરૂની દ્વેષી પણ ન હતી.

પરિણામે તેં નાની શ્રુત આશાતના કરવા દ્વારા જે કર્મ બાંધ્યુ એનું આ પરિણામ છે. એ લઘુ આશાતનાના પ્રતાપે તું આટલો સમય સંસારમાં રખડી. અસંખ્ય કાળ તારો સંસારમાં ભમતાં ભમતાં ચાલ્યો ગયો. તું જે હાલમાં જડબુદ્ધિ બની છે તે પણ એ ભવની લઘુ શ્રુતઆશાતનાનું ફળ છે.

વળી તું મદનમંજરીના ભવમાં પુરૂષદ્વેષિણી હતી. એ સંસ્કારો તને આજે પણ છે અને એના કારણે આ ભવમાં

પણ તને પુરૂષ જાતિ ઉપર દ્વેષ, તિરસ્કાર અને ઘૃણા છે. પૂર્વ ભવના કેટલાક સંસ્કારો સાથે સાથે જ રહેતા હોય છે.

તારી બહેનપણીઓએ જોયું કે તને બ્રહ્મચર્ય ઉપર પ્રેમ છે. તું પુરૂષો ઉપર પ્રેમ રાખતી નથી એટલે તને બ્રાહ્મણી કહે છે. તને આ વિષયમાં હવે સત્યતા જણાય છે ? એ માટેનું કારણ તારી સમજમાં આવે છે ?

સુલલિતાએ ઉત્તર વાળ્યો, હે મહાપુરૂષ ! આપ કહો એમાં મેળ ન મળે એવું હોય જ ક્યાંથી ? આપની બધી વાતો સુઘટિત જ હોય છે. આપની બધી વાતો સુસ્પષ્ટ છે. પણ હું મંદભાગ્યા છું. હું ભાવથી અંધ છું. મારા અન્તઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ થતો નથી.

ઓ, મહાપુરૂષ ! મારૂં શું થશે ?

આવા શબ્દો બોલી સુલલિતા ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. એના નયનોમાંથી નીર વહી જતા હતા. પાપના પશ્ચાત્તાપ રૂપ પાવકથી પાપોને પ્રજ્વાળતી હતી. એના આત્માની જ્યોતિ પ્રકાશિત બનતી ગઇ. રડતી સુલલિતા પ્રતિ અનુસુંદર બોલ્યા.

હે સુભગે ! તું વિષાદ ન કર. જરા ધીરી થા. તારૂં એ અજ્ઞાનજનિત કર્મ લગભગ ક્ષય થવા આવ્યું છે. હે પુણ્યવતી ! તું ભગવાન શ્રી સદાગમની ભક્તિમાં લાગી જા. તું એમની તનમનથી આરાધના કર. આ શ્રી સદાગમજી અજ્ઞાન રૂપ અન્ધકારનો નાશ કરવામાં તેજસ્વી સૂર્ય સમા છે. તને એ પુણ્યપુરૂષના દર્શન થયા એટલે તું પુણ્યવતી છો.

પવનના સુસવાટાથી વનદવ એકદમ જોરમાં આવી જાય એમ મહાશય શ્રી અનુસુંદરના પ્રેરક શબ્દોરૂપ પવન દ્વારા સંવેગરૂપ અગ્નિ એકદમ પ્રજ્વલિત બની ગયો. સુલલિતાના અન્તરમાં સંવેગનો અગ્નિ ભડકે બળતો થઇ ગયો.

સુલલિતાને જાતિસ્મરણ :

સુલલિતાને ખ્યાલ હતો કે સદાગમ એ સમન્તભદ્રજી પોતે જ છે એટલે તરત જ એમના ચરણો આગળ ઝુકી પડી. ગદ્‌ગદિત સ્વરે બોલવા લાગી.

હે જગન્નાથ ! ઓ સદાગમજી ! હું અજ્ઞાનરૂપ કાદવમાં રગદોળાઇ ચૂકી છું. હું પુણ્યહીના છું. અજ્ઞાન અને પાપ મારામાં ખદબદી રહ્યા છે. આ અજ્ઞાન કાદવમાંથી બહાર કાઢવા માટે આપજ સમર્થ છો. અહો ભાગ્યવંત ! આપશ્રી મુજ જીવનના શરણ છો. અરે ! આપ મારા સ્વામીનાથ છો. પિતા છો. ઓ તારણહારા ! આ આપના ચરણે ઝૂકેલા સેવકને નિર્મળ કરો. પવિત્ર કરો. ઉદ્ધાર કરો.

આ પ્રમાણે આન્તરવાચાથી બોલતી સુલલિતાના કર્મોના આવરણો એકદમ દૂર થવા લાગ્યા. કર્મના ઘણા વિભાગો તૂટી તૂટી આત્મપ્રદેશોથી અળગા થવા લાગ્યા. પૂ. શ્રી સમન્તભદ્રજીને નમસ્કાર કરતાં કરતાં જ જાતિસ્મરણ જ્ઞાન થઈ ગયું. એના આનંદનો અવધિ ન રહ્યો. તરત જ ત્યાંથી ઉભા થઇ અનુસુંદરના ચરણોમાં નમી પડી.

અરે સુલલિતા ! આ શું કરે છે ?

હે અનુસુંદર ! પૂજ્ય ! પ્રભુની અને આપની કૃપાથી મને જાતિસ્મરણ જ્ઞાન થયું છે. આપે જે જે વાતો કહી એ બધી મને આત્મગોચર થાય છે. એ આપની વાતો સર્વથા સત્ય છે. નિઃશંક છે. હવે સંસાર-કારાગૃહથી મારૂં મન ઉભગી ગયું છે આપે મારા ઉપર મહાકૃપા વરસાવી દીધી છે.

અનુસુંદરે જણાવ્યું, બાળા ! આ મહાત્મા શ્રી સદાગમ પોતાના ભક્તો ઉપર ઉપકાર કરે છે. એ અકારણવત્સલ પુરૂષ છે. જોને ! હું ભાવચોરી કરવા દ્વારા સપડાઇ ગએલો, મહામોહના સૈનિકો મને નરક તરફ લઇ જઇ રહ્યા હતા, ત્યાં આ પુણ્યપુરૂષે મને સંરક્ષણ આપ્યું છે, મને બચાવ્યો છે એ તેં સાક્ષાત્ જોયું છે.

વળી તારે એવો વિચાર ન કરવો કે "હું મહામુશ્કેલીથી બોધ પામી છું. હું ભાગ્યહીના છું." એવું દુર્ધ્યાન તારે ન કરવું. આ પૂર્વેના ભવોમાં મારામાં ઘણાં પાપોનો કચરો હતો ત્યારે અકલંક વિગેરેએ મને માર્ગે લાવવા ઘણાં જ પ્રયત્નો કરેલા છતાં મને જરા પણ બોધ થયો ન હતો. મને એની જરા પણ અસર થએલી ન હતી.

જ્યારે મારા પાપકર્મો હળવા થયા અને ત્યાર પછી સુનિમિત્તાદિ મળતાં એ બોધની અસર તરત જ થઇ.

કાળ વિગેરે કારણોનો યોગ થાય ત્યારે પ્રાણીઓના પાપો હળવા બને છે. પાપો હળવા થયા પછી એને બોધ થાય છે. ગુરૂદેવ તો એમાં સહકારી કારણ બને છે. એ તો માત્ર નિમિત્ત છે.

આર્ય! અનુસુંદર! આપ કહો છો એ વાત હવે મારા હૃદયમાં બરોબર સુદૃઢ થઇ ગઇ છે. માત્ર એક વાતની મુશ્કેલી એ છે કે "મેં અગાઉ નિર્ણય કરેલો હતો કે માત-તાતની અનુમતિ વિના દીક્ષાનું નામ પણ લેવું નહિ." એ વિષયમાં મારે શું કરવું?

સુલલિતે! તું એ વાતની ભીતિ હવે ન રાખ. તારા માતા પિતા અહીં આવી જ રહ્યા છે. એટલામાં તો સુલલિતાના માતા-પિતા પરિવાર સાથે અહીં આવી પહોંચ્યા.

દીક્ષા માટે અનુમતિ:

સુલલિતાના પિતા શ્રી મગધસેન અને માતા સુમંગલાએ સૌ પ્રથમ મનોનંદન નામના જિનમંદિરમાં જિનેશ્વરદેવને નમસ્કાર કર્યા. ત્યાર પછી અનુક્રમે આચાર્ય ભગવંતને, સાધુ-મહારાજાઓને, અનુસુંદર ચક્રવર્તીને યથોચિત વંદન નમસ્કાર કર્યા. સુલલિતાએ માત-પિતાનું અભિવાદન કર્યું. મગધસેન રાજવી યોગ્ય સ્થળે બીરાજમાન થયા.

સુમંગલા મહારાણીએ પણ દરેક ઔચિત્ય ક્રિયાઓ કરી. પુત્રી સુલલિતાને ભેટી અને તેની બાજુમાં બેસી ગઇ. પુત્રીને કહ્યું, વત્સે! તને ઘણા દિવસથી જોઈ ન હતી એટલે તને જોવાની ઇચ્છાથી અમે બન્ને રાજ્ય છોડીને અહીં આવ્યા છીએ.

વ્હાલી પુત્રી! તારૂં હૃદય કેવું કઠોર બની ગયું છે? આજ સુધી તેં અમને તારા કશાએ સમાચારો ન મોકલ્યા. તારા ઉપરના સ્નેહને લઇને અમે તારી રોજ ચિંતા કરતા

હતા. છતાં તને તો કાંઇ સમાચારો મોકલવાનું પણ મન ન થયું ને ?

માતાજી ! હું આપને વધુ શું જણાવું ? આપનો મારા ઉપર કેટલો અને કેવો પ્રેમ છે, તેનો હમણાં જ ખ્યાલ આવી જશે. જો આપ પરમ પાવની દીક્ષા લેતા અટકાવશો નહિ અને આપ બન્ને મારી સાથે દીક્ષા લેવા તૈયાર થશો તો હું માની લઇશ કે આપનો મારા ઉપર વાસ્તવિક સ્નેહ છે.

માત પિતાની દીક્ષા ભાવના :

પુત્રી સુલલિતાનો ઉત્તર સાંભળી મગધસેન મહારાજાએ સુમંગલાને કહ્યું, દેવી ! સુપુત્રીનો ઉત્તર સાંભળ્યો ને ? એણે તો આ ઉત્તર આપીને આપણા મોઢા બાંધી દીધા છે. આપણી પુત્રી હવે પહેલા જેવી ભોળી રહી નથી. એ પણ પરમાર્થોને સમજતી બની ગઈ લાગે છે. નહિ તો આવો સરસ ઉત્તર એ ન આપી શકે.

એણે જે કાંઇ કહ્યું છે એ વિચારીને જ જણાવ્યું લાગે છે. એ ભલે દીક્ષા ગ્રહણ કરે અને આપણે પણ એની સાથે દીક્ષા લઇએ. આ રીતે આપણે આપણો વાસ્તવિક સ્નેહ બતાવ્યો ગણાશે અને આપણે પરિપક્વ વયના છીએ એટલે દીક્ષા દ્વારા આત્મ કલ્યાણ સાધી શકાશે.

સુમંગલાએ કહ્યું, જેવી આપની આજ્ઞા.

માત-તાતની વાત સાંભળતાં પુત્રી સુલલિતાના અંતરમાં અત્યન્ત આનંદ ઉભરાવા લાગ્યો. માતપિતાના ચરણોમાં

ઝુકી પડી. ત્યાર બાદ અનુસુંદર ચક્રવર્તી સાથે થએલી વાતો ટૂંકમાં જણાવી.

માતા પિતા એ વાત સાંભળી ઘણાં હર્ષિત બન્યા. એમની દીક્ષાની ભાવનામાં ઘણી અભિવૃદ્ધિ થઇ અને પૂ૦ આચાર્ય ભગવંત પાસે દીક્ષાની માગણી કરી.

સાત મહાનુભાવોની દીક્ષા :

અનુસુંદર ચક્રવર્તી, શ્રી ગર્ભરાજા, કમલિની રાણી, પુંડરીકકુમાર, મગધસેન રાજા, સુમંગલા રાણી અને પુત્રી સુલલિતા આ સાત મહાનુભાવો દીક્ષા લેવા તૈયાર થયા.

આ અવસરે મનોનંદન ઉદ્યાન સુશોભિત બની ગયું. દેવ દેવી અને નરનારીઓથી એ ઉદ્યાન ઉભરાવા લાગ્યું. મોટા મહોત્સવ ચાલુ થઇ ગયા.

મગધસેન રાજાએ રત્નપુરનું રાજ્ય અને શ્રીગર્ભ રાજાએ શંખપુરનું રાજ્ય અનુસુંદર ચક્રીના પુત્ર પુરન્દરને આપી દીધું. એ સમયને યોગ્ય દરેક કાર્ય ઘણીજ સ્ફૂર્તિથી પાર કરવામાં આવ્યા.

આચાર્ય ભગવંતે સાતેને વિધિપૂર્વક દીક્ષા આપી.

દીક્ષા આપ્યા બાદ ગુરૂદેવે સંયમના સ્થિરીકરણ માટે સુમધુર ભાષામાં દેશના આપી. સર્વેને દેશના સાંભળતાં ઘણોજ આનંદ થયો. પછી સૌ પોતપોતાના સ્થળે ગયા. સાધ્વીજી શ્રી મહાભદ્રા પણ ગુરૂદેવની આજ્ઞા લઇ દરેક સાધ્વીઓ સાથે પોતાના ઉપાશ્રયે ગયા.

અનુસુંદરની આરાધના :

ગગનવિહારી શ્રી સૂર્યદેવતાએ આ ભવ્ય દીક્ષા પ્રસંગ જોયો અને ગુરૂદેવની દેશના સાંભળી પણ "હું આ ભગીરથ કાર્ય કરવા સમર્થ નથી" એમ વિચારી બીજા દ્વીપે ચાલ્યા ગયા. અર્થાત સૂર્યાસ્ત થયો.

સંધ્યા સમયે દરેક સાધુ ભગવંતો આવશ્યક ક્રિયાઓ કરવા લાગ્યા. મુનિ અનુસુંદરની પરિણતિઓ ઘણી સ્વચ્છ બનતી ગઇ. લેશ્યાઓ ઉજ્જવળ ઉજ્જવળતર બનવા લાગી. રાત્રીના સમયે ઉપશમ શ્રેણીએ ચડવા લાગ્યા. ઉપશાંતમોહ ગુણસ્થાનકે આવી ગયા.

આચાર્ય ભગવંતે અન્ય સાધુ ભગવંતોને જણાવ્યું કે મહામુનિ અનુસુંદરનો અન્તિમ સમય છે. સૌ એ મુનિ પાસે આવી બેઠા. નિર્ઝામણા–અણસણવિધિ કરાવવા લાગ્યા. શુભ અધ્યવસાયોમાં એમનું આયુષ્ય પૂર્ણ થયું. દેહપિંજરને તજી અનુસુંદરનો આત્મા સર્વાર્થસિદ્ધ વિમાનમાં જઈ પહોંચ્યો. ત્યાં તેત્રીશ સાગરોપમનાં આયુષ્યવાળા મહર્ધિક દેવ બન્યા. આત્મ-હિત લગભગ સાધી ચૂકયા.

સવારે એ સમાચારોની જાણ થતાં શ્રીસંઘ ભેગો થયો. વિધિપૂર્વક મહામુનિ શ્રી અનુસુંદર રાજર્ષિના મૃતશરીરનો સંસ્કારવિધિ કર્યો. દેવોએ અને મનુષ્યોએ એમની પૂજા કરી.

સુલલિતાને શોક :

સુલલિતાને આ સમાચારો મલતાં ઘણું જ દુઃખ થયું અરે! મારા ધર્મના દાતા ચાલ્યા ગયા ? વળી એના પૂર્વ

ભવોના સ્નેહના તંતુઓ હજુ ચાલ્યા આવતા હતાં. આજ સુધી એ તૂટ્યાં ન હતાં. એમાં દીક્ષાની પહેલી રાત્રે જ કાળધર્મનો બનાવ બન્યો એટલે સુલલિતાને ઘણો જ આઘાત થયો હતો. એને અપાર મનોવ્યથા થતી હતી.

શાન્ત્વના :

શોકગ્રસ્ત સુલલિતા સાધ્વીજીને ઉદ્દેશી આચાર્ય ભગવંતે જણાવ્યું, આર્યે ! મહાભાગ શ્રી અનુસુંદરની પાછળ શોક કરવો યોગ્ય નથી. એ વ્યક્તિ શોક કરવા યોગ્ય નથી. એક દિવસના ટુંકા ગાળામાં એ રાજર્ષિએ આત્મહિત ઘણું જ સાધી લીધું છે. સ્વપ્રયોજન સિદ્ધ થઈ ગયું છે.

એ પાપો કરીને નરકે ગયા હોત તો શોક કરીએ તે બરોબર, પણ એવું નથી બન્યું. એ મહાભાગે પોતાના ઘણા જ પાપોને ધોઈ નાખ્યા છે. હાલમાં એ સર્વાર્થસિદ્ધ વિમાનમાં બીરાજે છે. શું એ શોક કરવા યોગ્ય ગણાય ?

વળી તેત્રીશ સાગરોપમના આયુષ્ય પછી એ પુણ્યપુરૂષ પુષ્કરાવર્ત ક્ષેત્રના ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરીના અધિપતિ ગન્ધારરાજા અને મહારાણી પદ્મિનીના પુણ્યવાન્ પુત્ર થશે. એમનું " અમૃતસાર " નામ રાખવામાં આવશે. શું એની પાછળ શોક કરવો ઠીક લાગે છે ?

એ મહાસંપત્તિશીલ બનશે. મનુષ્યલોકમાં પણ ઉત્તમ સુખોને પામશે, યૌવનવયમાં " વિપુલાશય " આચાર્યના સમાગમમાં આવી દીક્ષા ગ્રહણ કરશે. મહાન્ તપ કરશે. સુતપસ્વી બનશે.

એની ચિત્તવૃત્તિમાં ક્ષાંતિ, દયા, વિગેરે અન્તઃપુરીઓ પ્રગટ થશે. ચારિત્રધર્મરાજનું સૈન્ય સેવામાં હાજર થઇ જશે. એ સૈન્યનું સંવર્ધન અને સંરક્ષણ કરશે. પોતાના સામ્રાજ્યનો કબજો મેળવશે. મહામોહાદિ શત્રુઓને હણશે. ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ તે કેવળજ્ઞાનની જ્યોતિને પામશે.

આયુષ્ય પૂર્ણ થવા આવશે ત્યારે એ વીરરત્ન સમુદ્‌ઘાત[૧] કરશે. શૈલેશીકરણ[૨] કરશે. અન્તરંગ જે કોઇ રહ્યા સહ્યા દુશ્મનો હશે તેને વીણી વીણી નાશ કરશે. અન્તમાં નિર્વૃતિ નગરીમાં જઇ પહોંચશે. ત્યાં પોતાના આત્મબન્ધુઓને મળી જશે. અનન્ત જ્ઞાનનો ધણી થશે. અનંત દર્શનનો સ્વામી થશે. અનંત આનંદમાં ઝુલશે. અનંત વીર્યનો ભોક્તા બનશે. આ રીતે શાશ્વત અને સદાનંદના ફળો એ આરોગશે. એ એના સુરાજ્યના અમાપ સુખોના ફળો મેળવશે. સુલલિતે ! શું એ મહામાનવનો શોક કરવો યોગ્ય છે ?

બીજી તરફ અનુસુંદરની પત્ની ભવિતવ્યતા છે, એનો એ અનુસુંદર મહાત્મા ત્યાગ કરશે. મહામોહનું બળ ક્ષય થએલું જોઇ કલ્પાંત કરશે. એ રોકકળ કરશે. એ કહેશે કે " અરે ! મને કાં એવી દુર્બુદ્ધિ સૂઝી કે હું હંમેશા મહામોહરાજાનો જ પક્ષ કરતી રહી. અરે ! મારા મનના મનોરથો ભાંગીને ભૂક્કા થઈ ગયા. હું નાથ વિહૂણી વિધવા બની. મહામોહ તો અધ્રુવ હતો છતાં મેં એનો આદર કર્યો. ધ્રુવનો તિરસ્કાર કર્યો. મેં સ્થિર પદાર્થોનો વિચાર ન કર્યો.

૧-૨ સમુદ્‌ઘાત અને શૈલેશીકરણ ગુરૂગમથી સમજવા.

અરે ! એમાં મારા પણ શું દોષ છે ? આ રૂઢિ માર્ગ છે. આવું તો જગતમાં ચાલ્યા કરે. સર્વ માણસો પોતાને માથે આવે ત્યારે મુંઝાઇ જાય છે, એમ હું પણ મુંઝાઇ ગઈ. મારે આમાં મુંઝાવું ન જોઇએ એમ માનીને ભવિતવ્યતા કુભાર્યા હોવાથી બીજા લોકોની સાથે કામમાં જોડાઈ જશે.

અરે સુલલિતે ! આવી પરિસ્થિતિમાં તારે અનસુંદર માટે શોક કરવો ઉચિત નથી. એ મહાત્મા છે. મહાત્માઓનો શોક કરાય નહિ.

સમંતભદ્ર આચાર્ય મહારાજા પાસેથી મહાત્મા અનુસુંદરની વાત સાંભળી સુલલિતાનો શોક ચાલ્યો ગયો. પુંડરીક વિગેરે સાધુ મહાત્માઓ પણ ઘણા ખુશી થયા. સૌએ મહાત્મા અનુસુંદરની આરાધનનાની પ્રશંસા કરી.[1]

---

૧ અનુસુંદર એ સંસારીજીવ છે. નિગોદથી નિકળી મોક્ષે ગયા. એ રીતે આ કથા સંસારીજીવની પૂર્ણ થાય છે. દરેક જીવનો વિકાશક્રમ પ્રાયઃ આવો હોય છે.



પ્રકરણ છઠ્ઠું

મોક્ષગમન :

સાધ્વીજી શ્રી સુલલિતાનું મન હવે સંવેગમય બની ગયું હતું. પોતાના આત્માની શુદ્ધિ ખાતર અનેક જુદા જુદા તપોની આરાધના કરવા લાગી. ગુરૂઆજ્ઞા એમાં મુખ્ય હતી. રત્નત્રયીની આરાધનામાં એને કરણત્રયી પરોવી દીધી.

પુંડરીકનો પ્રશ્ન :

બાળ મહાત્મા પુંડરીક પણ જ્ઞાનાભ્યાસમાં સારા પ્રવર થયા. ગીતાર્થની તુલનામાં એ આવી ગયા હતા. એક દિવસે બે હાથ જોડી ગુરૂદેવને પૂછયું.

પૂજ્ય ભદન્ત ! દ્વાદશાંગીનો સાર શું છે ?

શિષ્યના પ્રશ્નના સમાધાનમાં ગુરૂદેવે કહ્યું, ભદ્ર ! સુનિર્મળ " ધ્યાનયોગ " એ આગમનો સાર છે. શ્રાવકો અને સાધુઓના મૂળ ગુણો કે ઉત્તર ગુણો જે આવે છે તે બાહ્યક્રિયાયોગ છે. એનું આચરણ ધ્યાનયોગની પ્રાપ્તિ માટે કરવાનું છે.

મુક્તિ માટે ધ્યાનસિદ્ધિની જરૂર છે. ધ્યાનસિદ્ધિ માટે

મનઃપ્રસાદ જરૂરી છે અને મનઃપ્રસાદ અહિંસા વિગેરે શુદ્ધ અનુષ્ઠાનોથી સાધી શકાય છે.

પુંડરીક–ગુરૂદેવ ! હું જ્યારે બાલ્યવયનો હતો ત્યારે મેં અનેક મતના સાધુઓને પ્રશ્ન કરેલો કે ધર્મનો સાર શું છે ? ત્યારે એ સાધુઓએ પોતપોતાના મતને આગળ કરીને " ધ્યાનયોગ " એજ સારતત્ત્વ છે એમ જણાવેલું.

એટલે " ધ્યાનયોગ " ને સાર કહેનારા એ બધા અન્યદર્શનકારો મોક્ષના સાધક ગણાય ને ? એ ધ્યાનયોગથી મોક્ષની પ્રાપ્તિ સંભવી શકે ને ?

સમન્તભદ્ર– હે પુંડરીક ! આર્ય ! તું હજુ સામાન્ય ગીતાર્થ છે. તું જિનશાસનના આંતર પરમાર્થને સમજ્યો નથી. એટલે તું આવું બોલે છે. રહસ્ય તારા સમજવામાં આવ્યું નથી.

સર્વ અન્ય મતવાળાઓ કુવૈદ્ય જેવા છે. જિન પ્રણીત સત્ય વૈદકશાસ્ત્રના એકાદ વિભાગને પકડી બેઠા છે. એ બધા અંશગ્રાહી કે પલ્લવગ્રાહી ગણાય. " સૂંઠના ગાંગડે ગાંધી " જેવું એમનું વર્તન ગણાય.

વૈદ્યકથા :

એક નગર હતું. કોઇ કારણસર ત્યાંનાં બધા લોકો મહાવ્યાધિઓના ભોગ થઇ પડેલા. ત્યાં એક મહાવૈદ્ય વસતા હતા. તેઓ સંહિતાઓના[૧] બનાવનારા હતા. એમને દિવ્યજ્ઞાન હતું.

૧ સંહિતાઃ કોઇ પણ એક વિષયના દરેક મુદ્દા ઉપર સમજમાં આવે એવી વસ્તુઓનું ટુંક વિવરણ લખાય તેવા ગ્રંથને સંહિતા કહેવાય.

રોગોને જલ્દી કાબુમાં લઈ નાશ કરી શકતા હતા. સાત્વિક-વૃત્તિવાળા હતા.

કેટલાક પુણ્યવાનો આ સુવૈદ્યની વાતોનો અમલ કરતા હતા અને કેટલાક અધન્યપુરૂષો આ સુવૈદ્યની વાત સાંભળવા જ રાજી ન હતા.

એ સુવૈદ્ય પોતાના શિષ્યોને રોજ વ્યાખ્યાન આપતા. કેટલાક ધૂર્તો ઉપશ્રુતિદ્વારા કાંઇક સાંભળી લેતા. શ્રોતાવર્ગ-માંથી કોઇ પૂછતા અને એ વાતોને સ્મૃતિમાં ધારી લેતા.

શ્રોતાઓ પાસેથી ઉપર ઉપરની વાતો સાંભળી કેટલાક ધૂર્તો વૈદ્યનો ધંધો આદરી બેઠા. એ રીતે પોતાનું માન સન્માન અને આજીવિકાનું સાધન ઉભું કરી લીધું.

કેટલાક પોતાની જાતને મહાપંડિત માનતા હતા. એમણે પોતપોતાની નવી નવી સંહિતાઓ બનાવી એમાં કોઇ કોઇ વાતો સુવૈદ્યની કહેલી અને પરંપરાએ સાંભળેલી લખી અને મોટા ભાગની વાતો પાંડિત્યના અભિમાનમાં પોતાની કલ્પિત લખી નાખી. એમાં વળી કેટલીક વાતો સુવૈદ્યના શાસ્ત્ર કરતાં ઘણીજ અસત્ય હતી.

રોગી લોકો જુદી જુદી અભિરૂચિવાળા હતા. એટલે પરિણામ એ આવ્યું કે કેટલાક રોગી કોઇ વૈદ્ય પાસે જતા તો વળી કેટલાક બીજા વૈદ્ય પાસે જતા. એમ થવાના કારણે કુવૈદ્યો પણ સારી પ્રસિદ્ધિને પામી ગયા.

એ કુવૈદ્યોએ પણ પોતાનો શિષ્યવર્ગ ઉભો કર્યો અને એમની આગળ પોતાની રચિત સંહિતાઓ શીખવાડવી ચાલુ

કરી અને એવા બણગા ફૂંકવા લાગ્યા કે કુવૈદ્યો પણ મહાવૈદ્યો તરીકે પંકાવા લાગ્યા. પરિણામે સુવૈદ્યની દરકાર ઓછી થઇ. ઘણા એને ભૂલી પણ ગયા.

સુવૈદ્યના ત્યાં રોગથી ઘણાની મુક્તિ થતી હતી. પણ જ્યારે સુવૈદ્ય મૃત્યુ પામ્યા ત્યારે એમના શિષ્યો સુવૈદ્યે બતાવેલા શાસ્ત્રો દ્વારા કાર્ય કરતા હતા અને તેથી ઘણા રોગીઓ રોગથી મુક્ત બની સ્વસ્થ બનતા હતા.

જેઓ કુવૈદ્ય હતા એમના રોગીઓ તથા એમના શિષ્યો દ્વારા જે રોગીઓના ઉપચારો કરવામાં આવતા એ ઉપચારોથી રોગીઓનો રોગ જતો ન હતો પણ રોગમાં વધારો થતો અને નવા રોગો ઉભા થતા અને દુઃખમાં સબડતા જ રહેતા.

કદી કદી કોઇને રોગ મટી પણ જતો. પરંતુ એ રોગીના રોગ મટવાનું મુખ્ય કારણ એ રહેતું કે સુવૈદ્યની વાતોનો ત્યાં અમલ બની ગયો હોય, વળી કોઇ કોઇ વાર સુવૈદ્યની વાતનો પોતાના નામે અમલ કરાવતા અને દર્દી સાજો પણ થઇ જાય.

ટૂંકમાં કહીએ તો એ સુવૈદ્ય જ વાત, પિત્ત અને કફના વ્યાધિઓની દવા જાણતા હતા. ત્રિદોષનો નાશ એ કરી શકતા હતા. પણ કુવૈદ્યોને એ વાતોનું યથાર્થ જ્ઞાન ન હતું એટલે રોગમુક્તિમાં સફળતા મેળવી શકતા ન હતા.

ભાવાર્થ યોજના :

વૈદ્યકથામાં જે નગર કહેવામાં આવ્યું તે "સંસાર"

સમજવો. સંસારના બધા જીવોને રોગી સમજવા. એ સંસારી જીવો કર્મરૂપી રોગોથી ઘણી રીતે પીડાય છે એમ માનવું.

એ નગરમા સુવૈદ્ય હતા. તે શ્રી સર્વજ્ઞ પરમાત્મા સમજવા. તેઓ સિદ્ધાન્તો સંહિતાઓના રચનારા છે. કેવળ જ્ઞાન રૂપ મહાજ્યોતિર્મય સૂર્ય સમા તેજસ્વી જ્ઞાનવાળા છે. એજ પરમાત્મા સુવૈદ્ય છે. એ કર્મરૂપી રોગોને મટાડનારા પરમ કરૂણાશીલ છે.

કેટલાક લઘુકર્મી આત્માઓ એમના વચનોને માને છે. એમના વચનો ઉપર પ્રીતિ થાય છે. અમલમાં મૂકે છે. ત્યારે ભારે કર્મી આત્માઓ એ પરમાત્માની વાતને કાને ધરવા તૈયાર નથી. અમલમાં મૂકવાની તો વાત જ કયાં કરવી ?

" સુવૈદ્ય પોતાના શિષ્યોને વ્યાખ્યાન સંભળાવતા " એમ અહીં તીર્થંકર પરમાત્મા સમવસરણમાં બેસી પોતાના શિષ્યોને શ્રોતાઓને હંમેશા મોક્ષમાર્ગનો યથાસત્ય ઉપદેશ આપતા હોય છે.

આ ઉપદેશના પ્રસંગે બીજા પણ કેટલા વ્યક્તિઓ આવ્યા હોય છે. પણ એમનાં હૃદય નિર્મળ હોતા નથી. આશય શુદ્ધ હોતો નથી. એઓ શ્રી પરમાત્માની અનેક નયમાર્ગ યુક્ત દેશના સાંભળે છે. છતાં વાસ્તવિક લાભ મેળવી શકતાં નથી.

પ્રાસંગિક દેશના સાંભળવા આવનારાઓમાં કેટલાક આસ્તિકો પણ હોય છે. સાંખ્ય વિગેરે આસ્તિકોએ ભગવંતની દેશનામાંથી દયા, દાન, યમ, નિયમ વિગેરે પદાર્થોને

લઇ શાસ્ત્રો બનાવ્યા. એમાં વચ્ચે સ્વરૂચિ અનુસાર કેટલાક વિરૂદ્ધ પદાર્થો પણ લખ્યા.

મહાપાપાત્મા "બૃહસ્પતિસુત" વિગેરે નાસ્તિકોએ તો સર્વજ્ઞપરમાત્માની વાતોથી સર્વથા વિપરીત અને અહિતકર વાતોના શાસ્ત્રો રચ્યા. વસ્તુતઃ કોઇ પણ સત્ય તત્વને જરાય સ્થાન એ લોકોએ આપ્યું નથી.

સ્વ–સ્વકર્માનુસારે લોકોની રૂચિ જુદી જુદી હોય છે અને તેથી કોઈને સાંખ્ય ગમે તો કોઇને વૈશેષિક અને કોઇને ચાર્વાક. આ રીતે જેને જે ગમ્યું એનો એણે સ્વીકાર કર્યો. લોકોના સ્વીકાર કરવાથી બીજા પણ પ્રસિદ્ધિને પામ્યા.

વૈદ્યરાજના મૃત્યુ પછી સુવૈદ્યના શિષ્યો પણ રોગ નાશનું કાર્ય કરતા હતા. એમ અહીં સર્વજ્ઞજિનેશ્વર પરમાત્માના નિર્વાણ પછી એમના શિષ્યો એમનાજ શાસ્ત્ર અનુસારે ઉપદેશ આપે છે અને એ ઉપદેશને જે પ્રાણીઓ અમલમાં મૂકે તેઓ કર્મબન્ધનથી મુક્ત બની નિરોગી બને છે. મોક્ષ પામે છે.

જેઓ સાંખ્ય વિગેરે અને એમના શિષ્યોના કથન અનુસારે ચાલે છે તેઓમાંથી કોઇકને કાંઈક લાભ થાય, પણ મોટા ભાગના આત્માઓ કર્મ રોગથી વધુ રીબાતા હોય છે. આ વાતમાં જરાય અતિશયોક્તિ નથી. કુવૈદ્યને હાથે દર્દી સાજો થાય એ અકસ્માત્ બને પણ માંદા થવું કે મરવું એ સ્વાભાવિક જ ગણાય.

કુવૈદ્ય દ્વારા કોઇ સાજો થયો હોય તો એ સુવૈદ્યના પ્રતાપે. એમ અહીં કોઈ આત્માને લાભ થાય તો તે આડકતરી રીતે જિનેશ્વર પરમાત્માના ઉપદેશ દ્વારા, એના અમલ દ્વારા જ બન્યું હોય છે. એમાં એ આત્માની લઘુકર્મિતા પણ કારણભૂત હોય છે.

કારણ કે રાગદ્વેષ અને મોહના વિરોધી તરીકે રહેલા સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રને તે તીર્થંકર પરમાત્મા જ જાણતા હોય છે. અન્યદર્શનકારોની એ જ્ઞાનશક્તિ નથી.

હે પુંડરીક ! મહા સુવૈદ્યસમા સર્વજ્ઞ શ્રી જિનદેવના ઉપદેશ દ્વારા જ મોક્ષ થઇ શકે છે. મોક્ષનું કારણ એ જિનદેવની આજ્ઞાનું પ્રપાલન છે. અન્ય મતો કુવૈદ્ય સરખા છે. એ મોક્ષનું કારણ કદાપિ બની શકે જ નહિ, જિનશાસન જ સંસારનો નાશ કરી શકે તેમ છે.

પુંડરીક–ગુરૂદેવ ! આપણે જૈનદર્શનને વ્યાપક જણાવીએ છીએ એમ અન્ય દર્શનકારો પોતાના દર્શનને પણ વ્યાપક માને છે. આ વિષયમાં આપણો શો ઉત્તર હોય ?

સંમતભદ્રજી–ભદ્ર ! રાગ, દ્વેષ અને અજ્ઞાનનો નાશ કરનારા દેવ હોય છે. આ પરમાત્મ તત્ત્વ છે. આવા દેવને દેવ કહેવાય.

ક્ષમા, મૃદુતા, નમ્રતા, દયા, શૌચ વિગેરે ધર્મો તે ધર્મતત્ત્વ છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એ તત્ત્વ છે. આત્માનો કર્મોથી છૂટકારો એ મુક્તિ છે. કર્મમુક્તતા પછી અનન્ત ચતુષ્ટય યુક્ત આત્માની સ્થિતિ હોય છે.

આ પ્રમાણે અન્યદર્શનકારો અર્થઘટન કરતા હોય તો આપણો એમની સાથે કશો જ વિરોધ નથી. કાંઇ વિવાદની વાત રહેતી નથી.

વત્સ ! વિદ્વાન્ પુરૂષો નામો જુદા હોવાના કારણે વિવાદમાં ઉતરતા નથી. મોક્ષ કહો, મુક્તાવસ્થા કહો, શૈવ કહો, જિન કહો પણ વ્યાખ્યામાં ઐકય હોય ત્યાં વિરોધ વિગેરે હોતો નથી. તું દૃષ્ટિવાદ નામનું બારમું અંગ ભણીશ ત્યારે તને એ બધી વાતોનો ખ્યાલ આવશે. અનુક્રમે તું પણ એ બધું સમજી શકીશ.

ગુરૂદેવ શ્રી સમન્તભદ્રજીના સમાધાનોથી પુંડરીકની દરેક શંકાઓ ચાલી ગઇ. એને ઘણો જ આનંદ થયો. "આપ જે કહો છો તે સત્ય છે" એમ કહી ગુરૂદેવના વચનોને માન્ય કર્યા. આત્મસંતોષ એને જણાતો હતો.

ગુરૂદેવના ચરણોમાં મુનિ શ્રી પુંડરીક સિદ્ધાન્તોનો સારો અભ્યાસ કરતા હતા. કાળક્રમે એ પણ દ્વાદશ અંગના જ્ઞાતા બની ગયા. સારા વિવેચક બન્યા.

યોગ્યતાઓનો વિકાસ થઈ ચૂકેલો એટલે ગુરૂદેવે મહા મહોત્સવ પૂર્વક પુંડરીકને આચાર્ય પદવી આપી અને ગણનાયક બનાવ્યા. પોતાનો પરિવાર એમને સોંપી દીધો. અન્તમાં સર્વ કાર્યોથી અનૃણ બની અણસણ સ્વીકારી પરમપદ મોક્ષે પધાર્યા.

પુંડરીક મોક્ષ :

મહામુનિ પુંડરીક આચાર્યપદ પ્રાપ્ત થયા પછી વિશુદ્ધ લેશ્યા વિગેરેને કારણે એમને અવધિજ્ઞાન થયું. ત્યાર પછી

વધુ નિર્મળ ભાવો થવાથી મનઃપર્યવજ્ઞાન થયું. જિનશાસનના એ દિવ્યજ્યોતિર્ધર દીપક બન્યા. જિનશાસનના સોહ મણા શણગાર બન્યા.

ભૂતળ ઉપર વિચરીને ઘણા કાળ સુધી એ મહાત્માએ ઉપકાર કર્યો. અન્તમાં એમણે "ધનેશ્વર" નામના મુનિને આચાર્યપદવી આપી ગચ્છાદિ એમને સોંપવામાં આવ્યું.

પર્વતમાળાની કોઇ ગિરિકંદરામાં આચાર્યદેવ શ્રી પુંડરીક ગયા. સંલેખના વિધિ કરી. શુદ્ધ નિર્જર્વ શીલા ઉપર પોતે "પાદપોપગમ" અણુસણનો સ્વીકાર કર્યો.

સમાધિભાવમાં સ્થિર બન્યા. કેવળજ્ઞાનની ત્યાં પ્રાપ્તિ થઇ. દેવતાઓએ એમની પૂજા કરી. આયુઃકર્મની પરિસમાપ્તિ થતાં સર્વકલેશો રહિત એવા પરમપદ મુક્તિસ્થળને પામ્યા.

મહાભદ્રા અને સુલલિતાનો મોક્ષ :

સાધ્વીજી શ્રી મહાભદ્રા અને સાધ્વીજી શ્રી સુલલિતાએ સંયમની ઘણી સુંદર આરાધના કરી. કર્મોના આવરણો એક પછી એક દૂર કરતા ગયા. નિરતિચાર ચારિત્રનું પાલન કર્યું. અન્તમાં ભક્તપરિજ્ઞા અણુસણનો સ્વીકાર કર્યો અનુક્રમે ઘાતી કર્મો ક્ષય થતાં કેવળ જ્ઞાનને પામ્યા અને આયુષ્ય વિગેરે અઘાતી કર્મોનો ક્ષય થતાં મોક્ષ પામ્યા.

શ્રીગર્ભરાજા, સુમંગલા રાણી વિગેરેએ દીક્ષા ગ્રહણ કરેલી તે બધા પણ સુંદર ચારિત્રની આરાધના કરી આયુ પૂર્ણ થયા પછી દેવલોકમાં ગયા.

ઉપસંહાર :

આ ગ્રંથમાં જે વૃત્તાન્ત રજુ કરવામાં આવ્યો છે તે સર્વ જીવોના જીવનમાં લાગુ પડતો છે. અસંવ્યવહાર નગરથી પ્રારંભી અનુસુંદરના જીવનમાં જે બનતું આવ્યું તેવું લગભગ બધાના જીવનમાં બનતું હોય છે.

આચાર્ય ભગવંત શ્રી સમન્તભદ્રસૂરિજીને આ ભવપ્રપંચ પ્રત્યક્ષ હતો. એમને કેવળજ્ઞાન દ્વારા સાક્ષાત્ હતું.

પરંતુ મહાભદ્રા આગળ સંસારી જીવ અનુસુંદરે ભવપ્રપંચનું વર્ણન કર્યું, ત્યારે એ મૂળ હકીકત જાણી શકી.

અર્થાત્ જિનાગમમાં તો આ વાત સુપ્રસિદ્ધ છે. જિનેશ્વર પ્રણીત આગમોમાં ભવપ્રપંચ વર્ણવેલો છે જ, પણ જ્યારે એનું વ્યાખ્યાન સુસાધુઓ સાંભળે ત્યારે એમને તરત જ આ વાતનો ખ્યાલ આવે છે. કારણ કે એમની પ્રજ્ઞા વિશાળ હોય છે. એમની બુદ્ધિ તીક્ષ્ણગ્રાહી હોય છે. આવા સાધુ ભગવંતો "ભવપ્રપંચ" બીજાની આગળ વર્ણન કરવા માટે સમર્થ બની જાય છે.

અનુસુંદર ચક્રવર્તી સુલલિતાને ઉદ્દેશી ભવપ્રપંચ જણાવી રહ્યા હતા પણ એમાં પુંડરીક સહજ રીતે મૂળતત્વોને સમજી જાય છે. કારણ કે એ લઘુકર્મી આત્મા હતો.

એમ આ "ભવપ્રપંચ" કોઇ એકને કહેવાતો હોય છતાં પ્રસંગાત્ બીજા કોઇને બોધ થઈ શકે છે. પુંડરીકે અનુપ્રસંગે વાત સાંભળી અને પોતે દીક્ષા લીધી. એમ તમે આ

"ભવપ્રપંચ" સાંભળો અને સાંભળીને એ મુજબ આત્મોન્નતિ ખાતર બોધને અમલમાં મૂકો.

એ બોધને અમલમાં મૂકતા તમને પણ સુમતિ પ્રાપ્ત થાય અને તમારૂં ભવ્યત્વ ખીલખીલાટ ખીલી ઉઠે.

જો તમે સુમતિ ભવ્યપુરૂષ જેવા લઘુકર્મી આત્મા ન હો, તો જેમ સુલલિતાને વારંવાર પ્રેરણા કરવામાં આવે છે અને આખરે એ બોધને પામે છે એમ તમે પણ વારંવાર ભવપ્રપંચનો વિચાર કરી પ્રતિબોધ પામો.

એ પ્રમાણે પણ તમો બોધ પામશો તો અગૃહીતસંકેતા જેવા આત્મામાં તમારી ગણના થશે. એ અગૃહીતસંકેતાને બોધ પમાડવા ગુરૂદેવને ઘણોજ કંઠશોષ કરવો પડયો હતો.

ભલે તમે મહાપરિશ્રમે બોધ પામો, પરન્તુ મહામના ગુરૂઓ તમને પ્રતિબોધ આપશે. તમારી ભવ ઉચ્છેદની અન્તરંગ ભાવના હોય તો તમારે પણ બોધ પામવોજ જોઇએ.

છેલ્લી વાત :

ભો ભો ભવ્યાઃ ! હે ભવ્યાત્માઓ ! !

અનુસુંદર ચક્રવર્તીની ભવપ્રપંચને દર્શાવતી આ અદ્‌ભુત કથા સાંભળી મહાતારક શ્રી જિનાગમનો સ્વીકાર કરો.

તમે જો જિનાગમનો સ્વીકાર કરશો તો તમો ભારે કર્મી હશો તોપણ જિનાગમની કૃપાથી અલ્પકાળમાં બધા પાપોને દૂર કરી અનશ્વર સુખના ધામ એવા મોક્ષની વિજયમાળને તમે મેળવશો.

પ્રશસ્તિ :

ગ્રંથકાર પ્રશસ્તિ

સાધુ ભગવંતોએ કર્મરૂપ વિદ્યુતના પાતના ભયથી જેનું શરણું સ્વીકાર્યું છે અને અપાર આન્તરીક લક્ષ્મીના ધારણ કરનાર એવો શ્રી "ચંદ્રગચ્છ" આ વિશ્વ ઉપર સુપ્રસિદ્ધ છે. ૧

આ ચંદ્રગચ્છની અંદર આચાર્ય શ્રી ભદ્રેશ્વર સૂરીશ્વરજી થયા છે. જેઓ ભવ્ય આત્માઓ રૂપ રાત્રીવિકાશી કમળોના વિકાશ માટે સંપૂર્ણ ગોળ અને દોષરહિત નિર્મળ પૂર્વગગનમાં સોળે કળાએ ખીલેલા ચંદ્ર જેવા હતા. ૨

આચાર્યદેવશ્રી ભદ્રેશ્વરસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી થયા છે. જેઓ પૂર્વાચલ ઉપરથી આવી રહેલા સૂર્ય સમા તેજસ્વી હતા અને વિગઈ રહિત તપને કરતા હતા. જેઓનું ચિત્ત વિકાર મુક્ત હતું, એવા મહાપુરૂષ કોને આનંદ આપનાર ન બને ? [૧] ૩

---

૧ આ મહાપુરૂષ કાયમ આયંબિલ કે નીવીનો તપ કરતા હશે. "વિકૃત્યા રહિતં" પદથી એવું સૂચન કર્યું જણાય છે. આ શ્લેષ છે.

આચાર્યદેવશ્રી હરિભદ્રસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય શ્રી શાંતિસૂરીશ્વરજી થયા છે, વાદળદળ સમુદ્ર પાસેથી પાણી લઈ પૃથ્વીને સિંચન કરે છે અને અન્ન ભરપૂર કરી નાખે એમ વાદળદળ જેવા પૂ૦ શાંતિસૂરીશ્વરજીએ પોતાના ગુરુદેવ પાસેથી જ્ઞાનરૂપ અમૃતજળ ગ્રહણ કર્યું અને ઉપદેશરૂપ વર્ષા-દ્વારા ભવ્યોની માનસપૃથ્વીને ગુણરૂપ રત્નોથી ભરપૂર બનાવી દીધી હતી. ૪

આચાર્ય દેવશ્રી શાંતિસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય શ્રી અભયદેવસૂરીશ્વરજી થયા. જેમની વાણી ગુણરત્નોથી ભરેલા અને બુદ્ધિપ્રકર્ષરૂપ ચંદ્રથી છલકતા શ્રી જિનાગમ રૂપ સમુ-દ્રમાં વેલા–ભરતી સમાન હતી. ૫

આચાર્યદેવશ્રી અભયદેવસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય શ્રી પ્રસન્નચંદ્ર સૂરીશ્વરજી થયા. આ મહાપુરૂષના ગુણો કહેવા માટે ઇન્દ્ર મહારાજા પણ અસમર્થ બન્યા અને નાગરાજ હજારમુખવાળા શેષનાગને તો લજ્જા આવી એટલે પાતા-ળમાં ચાલ્યા ગયા. ૬

આચાર્યદેવશ્રી પ્રસન્નચંદ્રસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય શ્રી મુનિરત્નસૂરીશ્વરજી થયા. જેઓએ પોતાના બુદ્ધિ વૈભ-વથી દેવેન્દ્રના ગુરૂ શ્રી બૃહસ્પતિની બુદ્ધિપ્રતિભા ઝાંખી કરી હતી. અને શાસ્ત્રોરૂપ રત્નોની ઉત્પત્તિ–પ્રકટીકરણ માટે ઉંચા અને સ્થિર રોહણાચલ પર્વત સમાન હતા. ૭

આચાર્યદેવ શ્રી મુનિરત્ન સૂરીશ્વરજીના પટ્ટધર આચાર્યશ્રી શ્રીચંદ્રસૂરીશ્વરજી થયા. જેઓ મારા (આ ગ્રંથકારના) ગુરૂ

હતા. એમના મન વચન અને કાયા સદા પ્રસન્ન રહેતા. એમનામાં કોઇ દોષ દેખાતો ન હતો. આવા પુણ્યપુરૂષ કોના હૃદયને પ્રમોદથી સભર ન કરી દે ? ૮

આચાર્યદેવ શ્રી ચંદ્રસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય શ્રી યશોદેવસૂરીશ્વરજી થયા છે. એઓ ઘણા સુપ્રસિદ્ધ પુરૂષરત્ન હતા. એમનામાં એક આશ્ચર્ય એ હતું કે એમના ચરણ કમળની પરાગથી નમસ્કાર કરનારાઓના મસ્તકો પવિત્ર બની જતા હતા. ૯

એ મહાપુરૂષના વરદ હસ્તકમળ દ્વારા જેને પદવી મળી છે અને આચાર્ય દેવશ્રી શ્રી ચંદ્રસૂરીશ્વરજીના જેઓ શિષ્ય થતા હતા એ આચાર્ય દેવેન્દ્રસૂરિએ આ "ઉપમિતિ ભવપ્રપંચ કથા સારોદ્ધાર" ગ્રંથ બનાવ્યો છે.[૧] ૧૦

ગ્રંથશોધક પ્રશસ્તિ :

બીજી તરફ ચંદ્રગચ્છીય આચાર્ય દેવ શ્રી દેવાનંદસૂરીશ્વરજી થયા છે. એમની પાટે આચાર્યદેવશ્રી રત્નપ્રભસૂરીરજી થયા છે. એમની પાટે ગુણરત્ન નિધિ આચાર્ય શ્રી કનકપ્રભસૂરીશ્વરજી થયા છે. ૧૧

---

૧ આ ગ્રંથના કર્તા આચાર્ય શ્રી શ્રીચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય હતા એમની આચાર્ય પદવી એમના વડીલ ગુરૂબન્ધુ આચાર્ય શ્રી યશોદેવ સૂરીશ્વરજીના હાથે થઈ. આચાર્ય દેવેન્દ્રસૂરીશ્વરજીએ "ઉપમિતિ ભવ પ્રપંચકથા સારોદ્ધાર" ગ્રંથ બનાવ્યો છે.

આચાર્યદેવ શ્રી કનકપ્રભસૂરીશ્વરજીના શિષ્યરત્ન આચાર્ય દેવશ્રી બાલચંદ્રસૂરીશ્વરજી થયા છે. એઓ મહાન્ કવીન્દ્ર હતા. એમના પુણ્ય હસ્તદ્વારા જેમની પદવી થઇ છે એવા આચાર્યદેવશ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજાએ આ ગ્રંથનું વિશુદ્ધીકરણ કર્યું છે. એઓ વિનયના સાક્ષાત્ મૂર્તિ હતા. ૧૨

ક્ષતિ પરિમાર્જન :

બુદ્ધિમંદતાદિ કારણે આ ગ્રંથમાં શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો આ લેખક બે હાથ જોડી જણાવે છે કે પૂજ્ય સાધુ ભગવંતો ! આપ મને એની જાણ કરશો. ૧૩

રચના કાળ :

વિક્રમ સંવત ૧૨૯૮ની શાલના કાર્તિક વદ છઠના દિવસે પુષ્યનક્ષત્રના યોગમાં આ ગ્રંથની રચના પૂર્ણ થઈ છે. ૧૪

ઉપસંહાર :

શ્રી સિદ્ધર્ષિગણીન્દ્રે ભવસમુદ્રમાં ભવ્યજીવોને તારવામાં અર્હદ્ વચનો રૂપ કાષ્ટસમૂહ દ્વારા " ઉપમિતિ ભવ પ્રપંચા કથા " રૂપ વિશાળ નૌકા બનાવી છે. એ કથા જ્યાં સુધી વિજયવંત છે ત્યાં સુધી એ મહાકથામાં રહેલાં સત્પદાર્થોના સમુહને ઉકેલવામાં-સમજાવવામાં સમર્થ એવી " ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધાર "ની કૃતિ એને અનુસરનારી નૌકા સમાન ગતિ કરો.

આ ગ્રંથના પ્રત્યક્ષરને ગણતા આ ગ્રંથનું પ્રમાણ ૫૭૩૦ શ્લોકોનું થાય છે. ૩૨ અક્ષરનો શ્લોક ગણાય છે.

અવતરણકાર પ્રશસ્તિ :

તપગચ્છના ગગનમાં સૂર્ય જેવા તેજસ્વી આચાર્ય દેવશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી થયા છે. જેઓ યોગનિષ્ઠ તરીકે ઘણી પ્રસિદ્ધિને પામ્યા હતા. અનેક ગ્રંથોની રચના એમના દ્વારા થઈ હતી.

એ આચાર્યદેવશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્યદેવશ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી થયા છે. એમની શાન્ત-મુદ્રા ભલભલા ભવ્યાત્માઓને આકર્ષે છે અને નમ્રતાના ભંડાર છે.

આચાર્યદેવશ્રી કીર્તિસાગરસૂરીશ્વરજીના પટ્ટધર આચાર્ય દેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી થયા છે. તેઓ સારા પ્રવચન-કારની ગણનામાં આવે છે. એમનું ચારિત્ર સુનિર્મળ ગણાય છે. અને ભવ્યવર્ગમાં એમની પ્રતિભા અનોડ છે. એમના હસ્તક હજારો જિનેશ્વર પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠાદિ શાસનના મહામાંગ-લિક કાર્યો થયા છે.

આચાર્યદેવશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીના શિષ્ય મુનિ ક્ષમાસાગરે ઉપમિતિ ભવપ્રપંચા કથા સારોદ્ધારનું અવતરણ લખ્યું છે. એ લખવામાં શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના ચાહું છું. પૂજ્ય વર્ગ-માંથી મને એની જાણ કરવામાં આવશેતો એની પરિમાર્જના કરી આત્મશુદ્ધિ કરીશ.

પરમ પૂજ્ય અનેક તીર્થોદ્ધારક તપાગચ્છીય આચાર્યદેવશ્રી

નીતિસૂરીશ્વરજી મહારાજા એક પરમ ત્યાગી અને સરલ આચાર્ય થયા છે.

એમના પટ્ટધર પ્રભાવક શિષ્યરત્ન ત્યાગપ્રવર આચાર્ય શ્રી હર્ષસૂરીશ્વરજી મહારાજા થયા છે. એમના શિષ્યરત્ન ઉત્કૃષ્ટ તપસ્વી પરમારાધ્ય અનુયોગાચાર્ય શ્રી મંગળવિજયજી ગણીવરની આજ્ઞા અને આશીર્વાદથી સિદ્ધગિરિરાજની શીતળ છાયામાં વિ. સંવત ૨૦૨૦ની સાલમાં વિજયાદશમીના દિવસે ગુજરાતી અવતરણના કાર્યનો પ્રારંભ કર્યો હતો.

એ વિ. સં. ૨૦૨૩ના વિજયાદશમીના (આશો શુકલા દશમીના) દિવમે શિહોર (સિંહપુર) સૌરાષ્ટ્ર મુકામે અવતરણનું કાર્ય પૂર્ણ થયું છે.

इत्याचार्य–श्रीश्रीचन्द्रसूरीश्वरशिष्यावतंसाचार्य-
श्री–देवेन्द्रसूरिविरचित–उपमितिभवप्रपञ्चकथा-
सारोद्धारः समाप्तः

इति श्री–तपागच्छीयाचार्यश्री–विजयहर्षसूरिशिष्यावतंसपं-
न्यासप्रष्ठश्रीमंगलविजयगणिवराणां सत्प्रेरणया तपागच्छीया-
चार्यश्रीबुद्धिसागरसूरिपट्टधराचार्यश्रीमत्कीर्तिसागरसूरि-
पट्टधराचार्य–श्री–कैलाससागरसूरिलघुशिष्येण
मुनि. क्षमासागरेण

कृतो गूर्जरभाषायां भावानुवादात्मकष्ष्ठ-सप्तमा–ष्टम प्रस्तावस्वरूपोऽयं
श्री–उपमितिभवप्रपञ्चकथा–सारोद्धारस्य
द्वितीयो विभागः समाप्तः

